ભાઇ કચરાભાઇ પુંજાભાઈના સ્મારક ફંડમાંથી

રાજ-જયંતિ વ્યાખ્યાનો

અને

શ્રીમદ્ રાજચંદ્રના જગત્ પ્રત્યેના સંદેશાઓ.

સંગ્રહ કરી પ્રસિદ્ધ કર્તા,

મનસુખલાલ રવજીભાઇ મેહતા.

ઝવેરી બજાર-મુંબઈ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

સંવત્ ૧૯૭૦. સન્ ૧૯૧૩.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબીલી" પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

મૂલ્ય રૂ. ૦—૮—૦.

આ પુસ્તક—

શાહ પુંજાભાઇ હીરાચંદ

માણેકચોક,

અમદાવાદ.

એ શિરનામે લખ્યાથી મળી શકશે.

સ્વ૦ **શ્રીમદ્** રાજચંદ્રની જીવનિકા (Life) લખાએલી જોવાને માટે ઘણા જિજ્ઞાસુઓ તીવ્ર જિજ્ઞાસા ધરાવે છે.

જીવનિકા લખવાને માટે જે સાધનો અત્યારે વિદ્યમાન છે તે લગભગ કાચા પદાર્થ (Raw material) ના સ્વરૂપમાં છે. તેઓના પત્રાદિ આકારે, ગ્રંથાકારે, અંગત હાથનોંધો (personal diaries) ના આકારે આભ્યન્તર અવલોકન (Introspection)ના આકારે અને કાવ્યાદિ આકારે, જે વિચારો "**શ્રીમદ્ રાજચંદ્ર**" નામક એક ભવ્ય ગ્રંથમાં સંગ્રાહાયા છે તે વિચારો પરથી તેઓના જીવનનું ઝાંખું-છાયા માત્ર દર્શન (Bird's eye-view) થાય છે ખરૂં.

જો એ વિચારોનું શાસ્ત્રીય (Scientific), ટીકાકારી (critical), તુલનાત્મક (comparative) અને માનસ શાસ્ત્રીય (psychological) પૃથક્કરણ (analysis) કરી તેના હાર્દોનું શોધન કરી, તેની, તેઓનાં અંગત (personal) અને આત્મિક (spiritual) જીવનવિભાગોની સાથે લગાવટ (application) કરવામાં આવે, અને પછી તેને મંકોડારૂપ ગોઠવી એક સળંગ સાંકળનો આકાર આપવામાં આવે, તો તેઓના ચરિત્રમાં નિવાસિત થયેલ જૂદા જૂદા પ્રકારની વિશિષ્ટતાઓ તથા નિગૂઢો (Riddles) નું ગંભાર અને વાસ્તવિક દર્શન થઇ શકે.

શ્રીમદ્ રાજચંદ્રના વિચારોના પૃથક્કરણપૂર્વક હાર્દો શોધવા માટે અને પછી તેને એક જીવનવ્રતના ઘાટમાં મૂકવા માટે તેઓના સમાગમમાં આવેલા કોઇ કોઇ સજ્જનોએ યત્નો કરી જોયા છે; તથાપિ તેઓને તે કાર્ય પોતાની શક્તિ ઉપરાંતનું અનુભવવામાં આવતાં તેઓએ પોતાના યત્નો અત્યાર સુધી તો પડતા મૂક્યા છે. ભવિષ્યમાં તેવા પ્રકારના યત્નો કરવાને કોઇ સદ્ભાગ્ય પ્રેરાય તો તેઓને જોઇતા અનેક સાધનોમાંનાં એક સહાયભૂત સાધન આપવા અર્થે આ પુસ્તકની યોજના છે. આ પુસ્તકમાં **શ્રીમદ્ રાજચંદ્ર**ની જયંતિઓ પ્રસંગે જૂદા જૂદા વિચારવાનોએ કરેલ વ્યાખ્યાનોનો સંગ્રહ કર્યો છે, અને તેની સાથે રા. **સુશીલ** નામક એક લેખકે લખેલા લેખો આપ્યા છે. શ્રીમદ્‌ના જીવનની સ્થૂલરૂપ રેખા દોરવામાં મુખ્ય સાધન તરીકે તો નહીં, પણ સહાયભૂત સાધન તરીકે તે ઉપયોગી થઇ પડવા યોગ્ય છે.

વવાણીઆ.
આશો શુદ ૨, ૧૯૬૯.

મનસુખલાલ.

શ્રીમાન્ રાજચંદ્રની જયંતિઓ પ્રસંગે થયેલાં

વ્યાખ્યાનો.

સ્વર્ગીય શ્રીમાન્ રાજચંદ્રની એક જયંતિ સંવત્ ૧૯૬૫ ના કાર્તિક શુદ ૧૫ ને રોજ મુંબઇમાં ઉજવવામાં આવી હતી. બીજી જયંતિ પણ સંવત્ ૧૯૬૬ ના કાર્તિક શુદ ૧૫ ને રોજ મુંબાઇમાંજ ઉજવાઈ હતી. આ સ્થળે બન્ને જયંતિઓ પ્રસંગે થયેલાં વ્યાખ્યાનોમાંથી જેટલાં મળી શકયાં તેટલાં આપીએ છીએ. પ્રથમ જયંતિ પ્રસંગે થયેલાં વ્યાખ્યાનોમાંથી શ્રીયુત માણેકલાલ ઘેલાભાઇ અને મર્હુમ શ્રીયુત ગોવિંદજી મૂળજી મેપાણી બી. એ. નાં વ્યાખ્યાન મળી શક્યાં છે. અન્ય વિવેચકોનાં વ્યાખ્યાનો મળી શકયાં નથી. બીજી જયંતિ પ્રસંગનો સંપૂર્ણ અહેવાલ "જૈન" પત્ર ઉપરથી તેના અગ્ર લેખ સાથે લીધો છેઃ—

૧ લી જયંતિ.

શ્રીયુત માણેકલાલ ઘેલાભાઇ ઝવેરીનો નિબંધ.

મહાશય પ્રમુખ સાહેબ, બ્હેનો અને ભાઇઓ;

આજે દેવ દીવાળીનો માંગલિક દિવસ છે. જૈન શાસનનો પરમઉદ્યોત કરનાર સમર્થ મહાત્મા હેમચંદ્રાચાર્યનો આજે જન્મ દિવસ છે. આવા એક શુભ દિવસે આપણે અહીં એકત્ર થયા છીએ. એકત્ર થવાનું કારણ એ છે કે, માત્ર સાતજ વર્ષ ઉપર આપણામાંથી અવિદ્યમાન થયેલા એક જૈન ફિલસુફની આજની જન્મતીથિ છે. તેની જયંતિ ઉજવવાની છે. જે જૈન ફિલસફની જન્મતીથિ દેવદીવાલીની છે તે જૈન ફિલસુફના નામથી અહિં એકત્ર થયેલા સમાજમાંથી ઘણા ખરા અને ખાસ કરી સુશિક્ષિત ભાઇઓ અને બ્હેનો પરિચિત છે. સુશિક્ષિત વર્ગમાં શ્રીમાન્ રાજચંદ્રના નામથી, ગુજરાતી ભાષા બોલનાર એવા કાઠિયાવાડ, કચ્છ અને ગુજરાતમાં 'કવી' ના નામથી વ્યાપારી વર્ગને વિષે રાયચંદભાઇના નામથી અને

સાધુ મુનિરાજોમાં "રાયચંદજી" ના નામથી ઓળખાતા જૈન ફિલસુફનો જન્મ સંવત્ ૧૯૨૪ ના કાર્તિક શુદી ૧૫ ને રવીવારને રોજ એટલે કે આજથી ૪૧ વર્ષ ઉપર કચ્છ અને કાઠિયાવાડને સાંધનાર એવા વવાણીઆ બંદર નામના નાના ગામમાં થયો હતો. તેમનો જન્મ દેવદીવાળીને દિવસ હોઈ, કોઇ વિલક્ષણ રીતે તેઓની માતુશ્રીનું નામ દેવબાઇ છે. શ્રીમાન્ રાજચંદ્રની જયંતિ ઉજવવાનો આજે જે પ્રસંગ લીધો છે તે પ્રસંગને અનુસરી તેઓના જીવનચરિત્રનો કાંઇક ખ્યાલ આપવાનું મેં માથે લીધું છે; કારણકે લગભગ ૧૫ વર્ષનો અને તેમાં પણ મોટો ભાગ તેઓની સાથેજ રહી મને તેમનો જાતિ અનુભવ મળવાનો યોગ મળ્યો છે. જાતિ અનુભવવાળા માણસથી જેવી હકીકત આવી શકે તેવી હકીકત ભાગ્યેજ બીજે કોઇ સ્થળેથી મળી શકે. શ્રીમાન્ રાજચંદ્રના જીવનચરિત્રનો કાંઇક આપને ભાસ આપવાનું શરૂ કરૂં તે પહેલાં આપનું લક્ષ એક બાબત ઉપર ખેંચવાનું મને ધ્યાનમાં આવતાં તે તક અહીં લીધા વિના રહી શકતો નથી. આ બાબત,

આજના પ્રમુખપદ સંબંધી-

ની છે. શ્રીમાન્ રાજચંદ્ર ગૃહસ્થ દશાએ હતા; અને તેની જયંતિ ઉજવવાના પ્રસંગે, આજની સભાના પ્રમુખપદે ત્યાગી પુરૂષ બીરાજેલા જોઈ ઉદાર અને ઉચ્ચ વિચાર વાતાવરણનો લાભ પ્રાપ્ત કરી શક્યા નથી તેવા પુરૂષોને આશ્ચર્ય લાગશે; પરંતુ જેઓ તે લાભ પ્રાપ્ત કરી શક્યા છે તેઓને સમજાશે કે, આજે પ્રમુખપદે બીરાજેલા મુનિમહારાજ શ્રી ચારિત્રવિજયજીએ તેમ કરવામાં પૂર્વ પૂરૂષોનું અનુકરણ કર્યું છે; અને ગુણાનુરાગની હાલમાં આપણામાં મંદ થયેલી પ્રકૃતિ પોતાને વિષે સંપૂર્ણપણે વિદ્યમાન છે એમ બતાવી આપ્યું છે. મુનિ મહારાજ શ્રી ચારિત્રવિજયજીનું અહીં લગભગ બે વર્ષ થયાં પધારવું થયું છે. તે દરમ્યાનમાં તેઓએ પોતાની પ્રૌઢ વકતૃત્વ કળાથી અને લેખોથી બતાવી આપ્યું છે કે, આપણામાં થઇ ગયેલ સંકુચિત વિચાર વાતાવરણને આધીન થયેલા જીવોમાંના તેઓ એક નથી. પોતે મારા ધારવા પ્રમાણે અંગ્રેજી ભાષાથી પરિચિત નથી. છતાં તેઓએ મુંબઇમાં પધારી જે જે વિચારો બતાવ્યા છે તે એટલા બધા ઉદાર અને ઉચ્ચ છે કે, તે પશ્ચિમ ભણીના ઉદાર વિચારવાતાવરણને ભૂલાવી દીધા વિના ન રહે. ઘણું કરી ભાગ્યેજ આપણો હાલનો ત્યાગી વર્ગ ગૃહસ્થ દશાએ ઉત્તમ શ્રેણિએ પહોંચેલા પુરૂષ પ્રત્યે આદર બુદ્ધિથી જોવાને ઇચ્છાવાન હશે. આવી આપણા સમાજની સ્થિતિ છે, તેમાં જ્યારે એક ત્યાગી પુરૂષ એક ઉત્તમ દશાએ પહોંચેલા એવા

સંસાર વેષમાં રહેલા પુરૂષની શક્તિ અને દશાના ગુણગ્રામ કરવામાં અગ્રેસર ભાગ લે તે બે વાત સિદ્ધ કરે છે; એક તો એવા અગ્રેસર ભાગ લેનાર ત્યાગી પુરૂષનું ઉદાર વિચારવાતાવરણ અને ગુણાનુરાગ અને બીજી આપણી દશાનું એક શુભ ચિન્હ. મેં ઉપર કહ્યું કે, આજના અધ્યક્ષ મહાશયે, આજનો પ્રસંગ જે પુરૂષ નિમિત્તે લેવામાં આવ્યો છે તે પ્રસંગનું અધ્યક્ષ સ્થાન સ્વીકારવામાં પૂર્વ પુરૂષોનું અનુકરણ કર્યું છે તે નીચેના બે ત્રણ દાખલાથી જણાશે. જેઓ જૈન ઇતિહાસ અને જૈન સાહિત્યથી પરિચિત હશે તેઓએ ધનંજય અને ધનપાળ નામના મહાકવિઓનાં નામ સાંભળ્યાં હશે. મહાકવિશ્રી ધનપાળ, ગૃહસ્થ દશાએ હતા છતાં જૈનાચાર્ય શ્રીમાન્ રાજશેખરજીએ તેઓની એટલે કે ધનંજયની શક્તિના સંબંધમાં નીચે પ્રમાણે પ્રશંસા કરી છે:—

द्विसंधाने निपुणता सतां चक्रे धनंजयः ।
यया जातं फलं तस्य, सतां चक्रे धनंजयः ॥
प्रमाणतकलं कस्य पूज्यपादस्य लक्षणम् ।
द्विसंधानकवेः काव्य रत्नत्रयं मकटकम् ॥

શ્રીમાન્ રાજશેખરજી એક ત્યાગી મહાત્મા હતા; છતાં તેઓમાં ગુણાનુરાગ હોવાથી તેઓએ એક સમર્થ ગૃહસ્થની સ્તુતિ કરવાનું કર્યું છે. એ પૂર્વ પુરૂષોની યોગ્યતાનું એક મહાન્ ઉદાહરણ છે. આજના પ્રસંગમાં ત્યારે મુની મહારાજ શ્રી ચારિત્રવિજયજીએ અધ્યક્ષ તરીકેનો ભાગ લઈ પૂર્વ પુરૂષોનું અનુકરણ કરવાની પોતાની યોગ્યતા બતાવી છે એમાં પ્રશ્નજ ક્યાં રહે છે?

આપ સર્વ કોઈ જાણો છો કે શ્વેતામ્બર સંપ્રદાયની માનીનતા એવી છે કે પંદર પ્રકારે જીવ સિદ્ધ થઈ શકે છે. આ પંદર પ્રકારમાં એક ગૃહસ્થ લિંગે સિદ્ધ થઇ શકવાનો પ્રકાર છે. આગમાનુસાર જો ગૃહસ્થ લિંગે સિદ્ધ થઇ શકવું થાય છે તો પછી જે સમયે ગૃહસ્થ લિંગે સિદ્ધની પદવી પ્રાપ્ત કરી શકે તેવા ગૃહસ્થલિંગધારી પુરૂષ બીરાજતા હશે તે સમયે ત્યાગી પુરૂષ તેના ગુણગ્રામ કરે કે નહીં? આ દૃષ્ટાંતથી એમ બતાવવાનો હેતુ છે કે, જૈન મહાત્માઓએ માત્ર ત્યાગી વેષનુંજ એકાંત મૂલ્ય ગણ્યું નથી; પરન્તુ આંતર્ દશાનું મૂલ્ય ગણ્યું છે. શ્રીમાન્ રાજચંદ્રની આંતર્ દશા વિષે સમાજમાં પુષ્કળ બોલાય છે. તે દશા કેવા પ્રકારની હતી તે આજના જેવા સંમેલનથી જાણવાનું બની શકે તેવા હેતુથી તેમજ જો તેઓની ઉચ્ચ આંતર્ દશાની પોતાને પ્રતીતિ થાય તો તેની સ્તુતિ કરવાની

આજની સભાના અધ્યક્ષ મહાશયે આજે તક લીધી છે તે કેવળ જૈનશાસ્ત્રની પવિત્ર વાણીનો અમલ કરવાની મહારાજશ્રીની વૃત્તિ દાખવે છે. અધ્યક્ષ મહાશયે આજની સભાનું પ્રમુખસ્થાન સ્વીકારવાની જે હેતુઓએ કૃપા કરી છે તે, મને જે પ્રમાણે ધ્યાનમાં આવ્યા તે બતાવી હવે આજે જે પુરૂષની જયંતિ ઉજવવાને આપણે એકત્ર થયા છીએ તેઓનું **જીવનચરિત્ર આલેખવામાં નડતી મુશ્કેલીઓ** સંબંધી મારે પ્રથમથીજ થોડુંક કહેવું પડશે.

મહાશય, અધ્યક્ષ, અને સભાજનો, આપને હું હવે પછી જે વિગતો જણાવીશ તે પરથી વિદિત થશે કે, **શ્રીમાન્ રાજચંદ્ર**, જાહેર પ્રજાએ સ્વીકારેલ એક અસાધારણ શક્તિના પુરૂષ હતા, તેમજ જેઓ, તેઓના પરિચયમાં આવેલા છે તેઓ, તેમજ જેઓએ તેઓના પ્રકટ થયેલા વિચારો અભ્યાસ્યા હશે તેઓ જાણે છે, તે એક આધ્યાત્મીક પુરૂષ હતા. હાલના સમયે જવલ્લેજ જે અસાધારણ શક્તિઓ જોવામાં આવે તે શક્તિઓને ગમે તેવી સાદામાં સાદી રીતે બતાવવાનો પ્રયત્ન કરવામાં આવે, તોપણ એવી શક્તિઓના અનુભવની ગેરહાજરીએ, આપણને તે અતિશયોક્તિ લાગ્યા વિના ન રહે. આપની સમીપ મારે જે કહેવાનું છે તે અતિશયોક્તિરૂપ ન લાગે, અને વસ્તુ સ્થિતિ યોગ્યાકારે દર્શાવાય એવા પ્રકારે કામ લેવાનું મારે માટે મને ઘણું મુશ્કેલ લાગે છે. વળી તેઓની દશા અધ્યાત્મ સંબંધીની હોઇ તે સંબંધી જે કાંઈ કહેવું તે આજના જડવાદને વશ થવાની અણિ ઉપર આવતા જતા જમાનામાં કલ્પિત જેવું લાગ્યા વિના ન રહે. અંગ્રેજીમાં The map of Life અર્થાત્ '**જીવનનો આદર્શ**' એ નામનો ગ્રંથ પ્રસિદ્ધ લેખક અને ઇતિહાસકાર મી૦ **લિકેએ** બનાવ્યો છે. આ ગ્રંથમાં "પ્રાચીન અને અર્વાચીન ભાવનાઓ વચ્ચેનો તફાવત" બતાવવામાં આવ્યો છે. પ્રાચીન સમય એ નિવૃત્તિની ભાવનાનો ઇચ્છક હતો; જ્યારે અર્વાચીન સમય પ્રવૃત્તિની ભાવનાનો ઇચ્છક થતો જાય છે; એમ બતાવતાં તેઓએ પ્રાચીન અને અર્વાચીન સમયની ભાવનાનું સ્વરૂપ ગેટી નામનો સમર્થ પાશ્ચાત્ય કવિ જે પ્રમાણે કહે છે તે પ્રમાણે ટાંકે છે. કવિ ગેટી કહે છે કે "પહેલાં પાપની નિવૃત્તિ ઉપર વિશેષ લક્ષ આપવામાં આવતું હતું. સંસારી વસ્તુઓ ઉપરની આસક્તિ મટાડવી; અને વિરક્ત અવસ્થા ભોગવવી એ સાધુ પુરૂષનાં લક્ષણ મનાતાં. પ્રવૃત્તિ માર્ગનો ત્યાગ કરી ઇશ્વિર ચિંતનમાં દિવસ નિર્ગમન કરવા, સંસારની જંજાળથી દૂર રહેવું; સ્ત્રી પુત્રાદિ ઉપર પ્રીતિના મોહપાશથી બંધાવું નહિ; ઐહિક સુખ તરફ ઉદાસીનતા દર્શાવવી; અને પારલૌકિક સુખને પરમ પ્રાપ્તવ્ય સમજવું એ આ

પ્રાચીન જમાનાના ઉત્તમ પુરૂષોનાં ઉત્તમ વ્રત હતાં; તેમજ મનોવૃત્તિઓના બહારના વિષયો ઉપરના વ્યાપાર બંધ કરી તેમને અંતરાભિમુખ વાળવામાં આવતી; અને અધ્યાત્મ વિદ્યાની પ્રાપ્તિ કરવાની ખાતર પ્રવૃત્તિમય કર્તવ્યના માર્ગ બંધ પડતાં ઉપાધિનો ત્યાગ કર એટલે તને ઇષ્ટની પ્રાપ્તિ થશે. તૃષ્ણાનો ત્યાગ કર એટલે શાન્તિ પ્રાપ્ત થશે. આપ્તવર્ગ ઉપર આપણે જેટલી આસક્તિ રાખીએ છીએ, તેટલી ઐશ્વરી પ્રીતિમાં ન્યૂનતા રહે છે; જ્યાં સુધી આસક્તિ મટતી નથી ત્યાં સુધી ઇશ્વિર ચિંતનમાં ચિત્તની એકાગ્રતા થઈ શકતી નથી, આવા ઉપદેશવાળાં વાક્યો તે જમાનામાં ઘણાં મળી આવે છે." પ્રાચીન સમયના જમાનાની કેવા પ્રકારની ભાવના હતી એ વાત આ રીતે બતાવી, સીધી રીતે નહીં પણ આડકતરી રીતે કેમ જાણે તે પ્રાચીન જમાનાનો માર્ગ ભૂલભરેલો હતો એવું બતાવી હાલનો એટલે કે અર્વાચીન જમાનો યોગ્ય માર્ગે જાય છે એવું અવ્યક્ત રીતે દર્શાવવાનો હેતુ રાખી અર્વાચીન જમાનાની ભાવના કેવા પ્રકારની છે તે નીચેના વચનોમાં તેજ લેખક કવિ ગેટી બતાવે છે. "નિરર્થક અને અફળ વિમર્શનો ત્યાગ કરવો; અજ્ઞેય, અનિવાર્ય અને અપ્રતિહત કાર્ય બાબતોના વિચાર ઉપરથી મનને પાછું ખેંચી લેવું; આપણા વિચારોને પ્રાપ્ત અને સમીપવર્ત્તી કર્ત્તવ્યના ચિંતનમાં એકાગ્ર કરવા; હદ ઉપરાંતના અંતરાવલોકનમાં, પોતાની જાતની અતિશય અવજ્ઞા કરવામાં, તથા વારંવાર તેના દોષ દર્શનમાં નૈતિક સામર્થ્યનો મિથ્યા વ્યય કરવો નહીં...પ્રયત્ન પ્રવૃત્તિ એ બે કર્ત્તવ્ય અને સુખમાં મુખ્ય અંગ છે એમ સમજી ચાલવું. દુનિયાના ગૂઢ પ્રશ્નોનું નિરાકરણ કરવા આપણે જન્મ્યા નથી." તાત્પર્ય કે અર્વાચીન જમાનાની આ ભાવના પશ્ચિમભણીની વિચારસૃષ્ટિની છે. હજુ સદ્ભાગ્યે આપણા જૈન સમાજમાં પ્રવૃત્તિ માર્ગમાંજ કર્ત્તવ્ય આવી સમાય છે એવો સંપૂર્ણ ખ્યાલ દાખલ થયો નથી; પરંતુ હવે દાખલ થતો જાય છે. આજના ચરિત્ર નાયકનું જીવન નિવૃત્તિ માર્ગ ભણીનું હોઈ તેઓનો લક્ષ્ય અર્વાચીન જમાનાની પરાંગમુખ છે, એટલે કે કવિ ગેટી અંતરાત્માવલોકનને સામર્થ્યનો મિથ્યા વ્યય કરવાનું કહેછે તેને શ્રીમાન રાજચંદ્ર યોગ્ય વ્યય ગણેછે. કહેવાનો આશય એવો છે કે, અર્વાચીન જમાનાને એમ લાગેછે કે, આ પૃથ્વીપર કેમ જાણે એકજ વખતને માટે જન્મ થયો ન હોય; અને આ જન્મમાં ઐહિક પ્રાપ્તિ કરવા શિવાય આત્માદિનું શોધન કરવું એ મનુષ્ય જાતની માત્ર કલ્પના છે. આવી ભાવનાવાળો જે અર્વાચીન જમાનો તેમાં એક પ્રાચીન ભાવનાવાળા પુરૂષનું જીવન આલેખવું એ અર્વાચીન ભાવનાવાળા જમાનાને કલ્પનાઓ વડે રમવા

જેવું લાગે. બની શકે તેટલું તેમ ન લાગે એવો પ્રયત્ન કરવાની મુશ્કેલી મને આજનું કાર્ય કરવામાં ઓછી લાગતી નથી. હું ગમે તેવો પ્રયત્ન કરીશ, અથવા બીજાઓ ભવિષ્યમાં તેમ કરે; પરંતુ જ્યાં અર્વાચીન ભાવનાઓ ઘર કરીને રહી હશે ત્યાં તે પ્રયત્ન ફળીભૂત કેટલો થાય છે તે જોવાનુંજ રહેશે. એક તરફથી મારે આ આધ્યાત્મિક જીવનનો સંક્ષેપ કહેતાં આ વાત ધ્યાનમાં રાખવાની છે; અને બીજી તરફથી તેઓના જીવનમાં, સાધારણ મનુષ્યો કરતાં શું વિશેષતા હતી તે વિશેષતા એવી રીતે બતાવવાનું લક્ષ્ય રાખવાનું છે કે, વિશેષતાના તત્ત્વમાં કાંઈ ન્યૂનતા ન થવા દેવી; અને અતિશયોક્તિ કે કલ્પના છે એમ લાગવા ન દેવું.

કાર્લાઇલ નામના પાશ્ચાત્ય પંડિતે કહ્યું છે કે, "મનુષ્યોની વીરપૂજા વિધિ એ તેમના જીવનના ઉંડામાં ઉંડા રહસ્ય દર્શાવે છે; અને તેની સાથે અન્ય વસ્તુઓનું પણ નિર્માણ કરે છે." અન્ય દેશોમાં ભલે સંસાર વૈભવીઓ અથવા લડવૈયાઓનાં કાર્યોને વીરતા કહેવામાં આવે; પરંતુ હિંદુસ્થાનમાં ખરેખરી વીરતા ધર્માચરણનેજ વાસ્તવિક રીતે ગણવામાં આવે છે; અને આ પ્રકારનીજ વીરતા પૂજાય છે; અર્થાત્ પ્રસંશાય છે અને અનુસરાય છે. એક યુરોપ્યન ગૃહસ્થના શબ્દોમાં આર્યોનાં ખાસ લક્ષણો જોઇએ. તો આ પ્રમાણે છે. "હિંદુસ્થાનના અને પૂર્વ દેશના લોકોમાં ધર્મ ભાવના અતિ પ્રાચીન કાળથી પરમ માન અને પ્રશંસાને પાત્ર ગણાઇ છે; અને એ ભાવનાનુસાર ધર્માચરણ કરવું એજ ખરેખરી વીરતા મનાઇ છે. આ ધર્મભાવના પશ્ચિમની વ્યાપારજન્ય ભાવનાઓથી સર્વ રીતે ભિન્ન છે. પશ્ચિમના દ્રવ્યલોભી પુરૂષોનાં મન હિંદના વૈભવવાળા રાજાઓ તરફ તથા તેમના જંગલી ઠાઠમાઠ તરફ મોહથી કેવાં આકર્ષાય છે? પરંતુ હિંદુસ્થાનના લોકોની નજરમાં તો ચિરંકાલથી સાધુઓનાં જીવન વિશેષ માનને પાત્ર ગણાયાં છે. એક સાધુ કે જેણે સંસારની ક્ષુદ્ર વાસનાઓનો ત્યાગ કર્યો છે, જે શાંત, પવિત્ર અને અનાસક્ત રહી કેવળ ધર્મમય જીવન ગાળે છે તેના તરફ અતિ પ્રાચીન કાળથી હિંદ પ્રજા જેટલી સંમાન વૃત્તિથી જુએ છે તેટલી સંમાન વૃત્તિ તેણે બીજા કશા તરફ બતાવી નથી. આ વાત હિંદુઓની અધ્યાત્મ વિદ્યા ઉપરની પ્રીતિની સચોટ સાક્ષી પૂરે છે."

ભાઇઓ અને બહેનો, આજે આપણે પ્રાચીન આર્ય ભાવનાઓથી અંકિત એવા પુરૂષનું ધર્માચરણ અથવા જેને ઉપરોકત યુરોપ્યન ગૃહસ્થ હીંદની ખરેખરી વીરતા કહે છે, તેને પ્રશંસવા અથવા કાર્લાઇલના શબ્દોમાં પૂજાવિધિ કરવા અત્રે એકઠા થઇએ છીએ. શ્રોતાજનો, જે પુરૂષની વીરતા

આજે આપણે પ્રશંસવી છે તે પુરૂષ એક મહાન્ વીરતાવાળા પરમ પુરૂષને અનુસરવાના પ્રયત્નવાન્ છે. આ મહાન વીરતાવાળા પરમ પુરૂષ ક્યા તેની તમે કલ્પનાઓ કરી લીધી હશે; કદાચ ન કરી હોય તો એક સમય માત્ર વિચાર કરો; અને તેનો તમને ખ્યાલ આવશે. ભગવાન્ મહાવીર એ સંપૂર્ણ ધર્માચરણવાન્ પુરૂષ હોઇ તેઓના ધર્માચરણને મહાન વીરતાની સાથે સરખાવતાં તેઓશ્રીનું નામ મહાવીર થયું છે. આવી મહાન્ વીરતાવાળા પરમ પુરૂષને અનુસરનાર એવા પુરૂષનું ધર્માચરણ અથવા વીરતા ગાવાના આજના પ્રસંગનો હેતુ છે. ભગવાન્ મહાવીરે જગતને વિષે અનન્ય વૈરીઓ એવા રાગદ્વેષનો જય કરી, વીરતા મેળવી તે કારણે તેઓ પાર્શ્વનાથાદિક પરમ પુરૂષોની પેઠે શ્રીજિન કહેવાય છે. આવા જે સંપૂર્ણ વીરતાવાળા જિનેશ્વરો તેઓના પ્રત્યે આજના ચરિત્રનાયકનું કેવું શ્રદ્ધાન માત્ર વીશ વર્ષની વયે હતું તે તેઓના નીચેના શબ્દોથી જણાશે. પોતાના પરિચયમાં આવેલ એક સુશીલ ગૃહસ્થ પ્રત્યે શ્રીમાન્ રાજચંદ્રે લખ્યું હતું કે, "જે પુરૂષ પર તમારો પ્રશસ્ત રાગ છે તેના ઇષ્ટદેવ પરમાત્મા જિન મહા યોગેંદ્ર પાર્શ્વનાથાદિકનું સ્મરણ રાખજો; અને જેમ બને તેમ નિર્મોહી થઈ મુક્ત દશાને ઇચ્છજો. જીવિતવ્ય કે જીવન પૂર્ણતા સંબંધી કંઈ સંકલ્પવિકલ્પ કરશો નહીં. ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પ વિકલ્પને ભૂલી જજો. પાર્શ્વનાથાદિક યોગીશ્વરની દશાની સ્મૃતિ કરજો, અને તેજ અભિલાષા રાખ્યા રહેજો. એજ તમને પુનઃ પુનઃ આશીર્વાદપૂર્વક મારી શિક્ષા છે. આ અલ્પજ્ઞ આત્મા પણ તે પદનો અભિલાષી અને તે પુરૂષના ચરણકમળમાં તલ્લીન થયેલો દીન શિષ્ય છે. તમને તેવી શ્રદ્ધાનીજ શિક્ષા દે છે. વીર સ્વામીનું બોધેલું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સર્વસ્વરૂપ યથાતથ્ય છે એ ભૂલશો નહીં. તેની શિક્ષાની કોઇ પણ પ્રકારે વિરાધના થઇ હોય, તે માટે પશ્ચાત્તાપ કરજો."

પાર્શ્વનાથાદિ પરમ પુરૂષોની વીરતાના અનુસરનાર જે પુરૂષની જયંતિ ઉજવવાને આજે આપણે અહીં એકઠા થયા છીએ, તેઓનું મુંબઇની પ્રજાને જાહેર ઓળખ આજથી લગભગ બાવીશ વર્ષ ઉપર થયું હતું. શ્રીમાન્ રાજચંદ્ર આજથી બાવીશ વર્ષ પહેલાં ઓગણીશ વર્ષની વયે મુંબઇમાં આવ્યા હતા; અને પોતાની સ્મરણ શકિત અને શીઘ્ર કાવ્યશકિતથી જાહેર પ્રજાને પરિચિત કરી હતી. તે સમયે જાહેર પ્રજાએ તેઓની શકિતઓના સંબંધમાં કેવા પ્રકારનો અભિપ્રાય બાંધ્યો હતો, તેનો વિસ્તાર અહીં ન કરતાં તે સમયના એકાદ બે જાહેર વર્ત્તમાનપત્રોના અધિપતિઓ તરફના મુખ્ય લેખો અહીં રજુ કરીશ. "મુંબઈ સમાચાર" પત્ર એક ગંભીર અને શોધક વિચા-

રવાન્ પત્ર ગણાય છે. આ પત્રે સને ૧૮૮૬ ના ડીસેમ્બર માસની ચોથી તારીખે પોતાના એક મુખ્ય લેખમાં શ્રીમાન્ રાજચંદ્રની શક્તિઓના સંબંધમાં નીચે પ્રમાણે વિચારો દર્શાવ્યા હતા.

અદ્ભુત સ્મરણશક્તિ તથા કવિતાશક્તિ ધરાવનાર એક જવાન હિંદુની અત્રે પધરામણી; અને તેના તરફથી થતા શતાવધાનના પ્રયોગ.

"મોરબીથી કવિશ્રી રાયચંદ્રજી રવજીભાઇ નામનો માત્ર ઓગણીશ વર્ષની વયનો એક હિંદુ ગૃહસ્થ અત્રે આવી સ્મરણશક્તિ તથા કવિતાશક્તિનાં જે અદ્ભુત કૃત્યો કરી દેખાડે છે, તેનાથી વાંચનારાઓને અમો વાકેફ કરતા જઇએ છીએ. એવી મહાન્ શક્તિના પુરૂષો એકથી વધારે આવી ગયા છે; અને ખુદ મુંબઇમાં શીઘ્રકવિ પંડિત ગટુલાલજી તેવી શક્તિ ધરાવનાર તરીકે જાણીતા છે; પણ હમણાં આવેલો સદરહુ પુરૂષ તેઓ કરતાં ચ્હડતી શક્તિનો કહેવાય છે; એટલે બીજાઓ જ્યારે અષ્ટાવધાન એટલે એક વેળા આઠ પ્રકારના પ્રયોગ કરી બતાવે છે, ત્યારે આને શતાવધાની એટલે એકસો પ્રયોગ કરી દેખાડનારો સમજવામાં આવે છે. તેમનામાં રહેલી શક્તિની મોટી ખુબી એ છે કે, તેઓ એકી વેળા અનેક બાબત પોતાના મનમાં યાદ રાખી તથા રચી શકે છે; અને તે બાબત જેમ સહેલી તેમ કવિતા, ગણિત, અને ભાષાના સરખી અઘરી પણ હોય છે. ગમે એવા કઠણ છંદમાં તેઓ બોલ બોલતાં કવિતા રચે છે, ગમે એવી અજાણી અને પારકી ભાષામાં કહેલા ઉલટપાલટ શબ્દોનાં વાક્યોને સરખાં ગોઠવી આપેછે; અને તે સઘળું એક બીજાની સાથે વચ્ચે વચ્ચે કરેછે. એ શક્તિઓ ખરેજ અદ્ભુત અને અસાધારણ છે; અને તે કેમ ખીલેછે તથા કામે લાગેછે તેની તપાસ કરી તેનો લાભ લેવાની તજવીજ કરવી જોઇએ છે. આટલું તો ખરૂં છે કે એવી શક્તિ કુદરતની એક બક્ષિશ માત્ર છે; અને તે કોઇજ ભાગ્યશાળી ગૃહસ્થને અર્પણ થયેલી હોય છે, પણ તે ખીલી કે વધી શકે કે નહીં અને માણસ જાતના કારોબાર તથા વહેવારમાં આવી શકે કે નહીં તે નક્કી કરવાની જરૂર છે. કેટલીક તરફથી એવું માનવામાં આવે છે કે તે તેવા ઉપયોગમાં આવી શકે નહીં. અને જો લેવા માગે તો તેનું બળ ઓછું થતું જાય. આમાં કેટલી સચ્ચાઇ છે તે પણ શોધી કાઢવું જોઇએ. જો એ શક્તિ એવા ઉપયોગમાં આવી શકે નહીં; તો પછી તે માત્ર જોવાની અને નવાઇનીજ થઇ પડે; પણ આપણે તેમ એકદમ માનીશું નહીં. માણસ જાતમાં ઇશ્વરે મેલેલી દરેક શક્તિઓ ખીલવીને વધારી શકાય છે, તેમ ઉપલી અદ્ભુત શક્તિઓના સંબંધમાં

પણ થવું જોઇએ; અને જો તેમ હોય તો પછી આવા ચમત્કારિક પુરૂષોને ઉત્તેજન આપી તેમની શકિત ખીલવવા અને લોક ઉપયોગી કામમાં ઉપયોગમાં આણવાની કોશેશ કરવાથી આપણે પછાત પડવું જોઈતું નથી. આ ખેદકારક છે કે, એવી શકિતના જે પુરૂષ મળી આવે છે તેઓ ઘણું કરી મુફલેસ હાલતના હોય છે. એવા પુરૂષો મુફલેસ હાલતમાં રહી જાય એ જેમ તેમના કમનસીબની વાત છે, તેમ દેશીઓની કદર પીછાણવાની શક્તિ વિષે નરસું લગાડનારી પણ છે. એવા પુરૂષો જો યુરોપ કે અમેરિકામાં હોય તો તેઓ મોટાં માન અને દોલતે પોશાય; તથા પ્રજા અને સરકાર તેમને ઉત્તેજન આપી આગળ વધાર્યા વિના રહે નહિ. અત્રે પણ તેમજ થવું જોઇએ છે. અને તેમ થશે તોજ એવા નામીચા પુરૂષોનો આપણામાં વધારો થશે. આ વાત પણ તપાસવા જોગ છે કે, એવા પુરૂષો અત્યાર સુધી હિંદુ કોમમાંથીજ મળી આવે છે. મોહમેદન, પારસી વગેરે કોમમાંથી તેઓ મળી આવતા નથી એનું કારણ શું ? શું એવા પુરૂષો ચોકસ જાતમાંજ જન્મ પામે છે, અથવા વંશપરંપરા ઉતરે છે? એ સર્વે બાબતોની તપાસ કરતાં અગત્યના ખુલાસા મળશે, અને તેથી એવા પુરૂષો ઉત્પન્ન થવાનો કાંઈ નિયમ જણાવા જોડે તેમની વૃદ્ધિ બની પ્રજાને ફાયદો થશે."

મી૦ મલબારીના "ઇંડીયન સ્પેકટેટર" પત્રના તા૦ ૨૮ મી નવેમ્બર ૧૯૦૬ ના અંકમાં શ્રીમાનના સંબંધમાં નીચે પ્રમાણે લેખ છેઃ-

"કચ્છ અને મોરબીની મધ્યમાં આવેલા વવાણીઆનિવાસી એક તરૂણ (પ્રૉડીજી)—મહા આશ્ચર્ય ઉપજાવે તેવી શક્તિ ધરાવનાર પુરૂષ—શતાવધાની કવિશ્રી રાયચંદ્ર રવજીભાઇનો અમને સમાગમ થયો હતો. મી૦ રાયચંદ્ર વણિક જ્ઞાતિના છે; જન્મથી કવિ છે, અને જન્મથી શતાવધાની છે એટલે કે જેની માનસિક સ્મરણશક્તિ એકજ સમયે ભિન્ન ભિન્ન ૧૦૦ કાર્ય કરી શકે છે. તેઓ માત્ર ગુજરાતી ભાષા જાણે છે, છતાં તેઓ પોતાની અદ્‌ભુત શક્તિઓનો જૂદી જૂદી સોળ ભાષાઓ ઉપર એકી વખતે ઉપયોગ કરી શકે છે. જિજ્ઞાસુઓને તેઓનું ઓળખ કરાવવા અમે ખુશી થઈશું."

"ટાઇમ્સ ઑફ ઇંડિયા" ના તા૦ ૨૪, જાન્યુઆરી ૧૮૮૭ ના અંકમાં નીચે પ્રમાણે જણાવવામાં આવ્યું છેઃ-

"અદ્‌ભુત સ્મરણ તથા માનસિક શક્તિઓનું પ્રદર્શન. રાજચંદ્ર રવજીભાઇ નામના ઓગણીશ વર્ષની વયના એક યુવાન હિંદુની અદ્‌ભુત સ્મરણ તથા માનસિક શક્તિઓનું પ્રદર્શન નિરીક્ષણ કરવા અર્થે, ગયા શનિવારે સાંજે ફ્રામજી કાવસજી ઇન્સ્ટીટયુટમાં દેશી ગૃહસ્થોનો એક ભવ્ય મેલાવડો કરવામાં

આવ્યો હતો. આ પ્રસંગે ડૉક્ટર **પીટર્સને** અધ્યક્ષપદ લીધું હતું. ભિન્ન ભિન્ન જાતિઓની દશ ગૃહસ્થોની એક મંડળી પ્રેક્ષક મંડળીમાંથી બનાવવામાં આવી હતી; અને તે સર્વે તેટલીજ ભાષાના ૭ ૭ શબ્દોનાં બનાવેલાં દશ વાક્યો લખી આવ્યા હતા. સહજ વખતમાં તે યુવાન હિંદુએ પોતાના પ્રેક્ષક મંડળના સાનંદાશ્ચર્ય વચ્ચે પોતાની સ્મૃતિમાંથી સક્રમ તે વાક્યો સંપૂર્ણપણે કહી બતાવ્યાં હતાં. આ યુવાન પુરૂષ અલૌકિક સ્પર્શેન્દ્રિય તથા મનેન્દ્રિય ધરાવતા જોવામાં આવ્યા હતા. તેઓને પ્રથમ એક ડઝન જેટલાં જૂદાં જૂદાં કદનાં પુસ્તકો બતાવવામાં આવ્યાં હતાં; અને તેઓને તેનાં નામ જણાવવામાં આવ્યાં હતાં. ત્યાર પછી તેઓની ચક્ષુઓ પાટા વડે બંધ કરવામાં આવી હતી, અને તેઓએ તેઓના હાથમાં જેમ જેમ (પુસ્તકો) મૂકવામાં આવતાં ગયાં, તેમ તેનાં નામ (પુસ્તકોને) હસ્ત વડે સ્પર્શ કરી કહી દીધાં હતાં. ડૉક્ટર **પીટર્સને** આ યુવાન હિંદુને, આ ચમત્કારિક સ્મરણ અને માનસિક શક્તિથી વિભૂષિત થવા માટે અભિવંદન આપ્યું હતું; અને જૈન કોમની વતી એક સુવર્ણ ચાંદ અર્પણ કર્યો હતો. ”

આ પ્રકારે **શ્રીમાન્ રાજચંદ્રનું** ઓગણીશ વર્ષનું વય હતું ત્યારે મુંબઈની પ્રજાને તેઓનું ઓળખ થયું હતું. તે સમયના હાઈકોર્ટના ચીફ જસ્ટીસ **સર ચાર્લ્સ સારજંટને** તેઓની આ શક્તિઓથી ઘણો હર્ષ થતાં **સર ચાર્લ્સ** સાર્જંટે શ્રીમાનનો સારો સમાગમ કર્યો હતો; અને સાંભળવા પ્રમાણે તેઓએ **શ્રીમાન્ રાજચંદ્રને** પોતાની સાથે ઇંગ્લંડ આવવા આગ્રહ કર્યો હતો. **શ્રીમાન્ રાજચંદ્ર સર ચાર્લ્સની** ઇચ્છાને અનુકૂળ થયા ન હતા.

સર ચાર્લ્સની ઇચ્છાને અનુકૂળ ન થયા હોય તેનું કારણ તેઓના અનુભવીઓ તો જાણે તેમ છે; પરંતુ જેઓને તેઓનો મુદ્દલ પરિચય નહોતો થયો તેઓને માટે તેઓના પ્રકટ થયેલા લેખો કારણ શોધવાનું એક સારૂં સાધન પૂરૂં પાડે છે. **શ્રીમાન્ રાજચંદ્રે** લગભગ આજ સમયમાં પ્રકટ કરેલ મોક્ષમાળા નામના ગ્રંથમાં પોતાના જીવનનો **સામાન્ય મનોરથ** વિચાર્યો છે. તે જોતાં જણાય છે કે તેઓની વૃત્તિઓ કોઈ બીજાજ પ્રવર્ત્તન તરફ દોડતી હતી. તે સામાન્ય મનોરથ આ પ્રમાણે છેઃ—

મોહિનીભાવ વિચાર અધીન થઈ,
ના નિરખું નયને પરનારી;
પથ્થર તુલ્ય ગણું પર વૈભવ,
નિર્મળ તાત્વિક લોભ સમારી.
દ્વાદશ વ્રત અને દીનતા ધરી,

સાત્વિક થાઉં સ્વરૂપ વિચારી;
એ મુજ નેમ સદા શુભ ક્ષેમક,
નિત્ય અખંડ રહો ભવહારી.
તે ત્રિશલાતનયે મન ચિંતવી,
જ્ઞાન વિવેક વિચાર વધારૂં;
નિત્ય વિશોધ કરી નવ તત્વને।,
ઉત્તમ બોધ અનેક ઉચ્ચારૂં.
સંશય બીજ ઉગે નહિ અંદર,
જે જિનનાં કથને। અવધારૂં;
રાજ્ય સદા મુજ એજ મનોરથ,-
ધાર થશે અપવર્ગ ઉતારૂં.

તેઓના આ મનોરથ ઉપરથી જણાય છે કે, તેઓનું ચિત્ત સ્વ અને પરનું આત્મકલ્યાણુ કરવા માટે તત્પર હતું. આ પદનાં પ્રથમ બે ચરણ ઉપરથી જણાય છે કે, તેઓ ગૃહસ્થ દશાને માટે શ્રી જિનોએ પ્રતિપાદિત કરેલ નિયમપૂર્વક રહેવાની ઇચ્છામાં આ સમયે હતા. કેમકે પરદારા અને પર-વૈભવ પ્રત્યે જે નિષેધતા બતાવી છે તે તેથી પ્રતિકૂળ ઈચ્છાનું પ્રતિપાદન કરે છે. આત્માર્થઇચ્છિક ગૃહસ્થ દશા ઉત્તમ પ્રકારની ભોગવવા સાથે સ્વકલ્યાણુની ઈચ્છા તે પછીના ચરણો ઉપરથી જણાય છે; તેની સાથે શ્રી જિનના કથ-નાનુસાર જ્ઞાન વિવેકાદિને। ઉત્તમ પ્રકારને। બોધ સમાજને આપવાની ઉગ્ર અભિલાષા બતાવી છે.

આવા પ્રકારને। જેને। મનોરથ વર્તતો હતો તે પુરૂષની ઇચ્છા સ્વા-ભાવિક રીતે પ્રવૃત્તિ અર્થે ઇંગ્લંડાદિ દેશોભણી જવાની નજ હોવી જોઇએ, અને તે કારણથીજ તેઓએ સર ચાર્લ્સ સાર્જટને ના પાડી હોય એ સં-ભવિત લાગે છે.

ઓગણીશ વર્ષની વય પહેલાં સ્વ અને પરના આત્મકલ્યાણુ કરવાની મહાત્વાકાંક્ષા, આ પ્રમાણે જ્યારે પ્રકટ રીતે બતાવવામાં આવેલ છે ત્યારે સ્વાભાવિક પ્રશ્ન એ થવા યોગ્ય છે કે, એવી મહાત્વાકાંક્ષા બાંધવા પહેલાં તેઓ એવો વિચાર કરી શકવાની સ્થિતિમાં કઈ રીતે આવ્યા હશે ? આ પ્રશ્નનું સમાધાન શી રીતે કરવું એ એક ખાસ મુશ્કેલી જેવુ છે. ઉપર ટાંકેલ મનોરથના પ્રથમ ભાગ ઉપરથી જણાય છે કે તેઓની પ્રથમ ઈચ્છા નિજ આત્મહિત કરવાની હતી; અને બીજી ઇચ્છા નવતત્વને। વિશેષ શોધ કરી સમાજને વિષે ઉત્તમ પકારને। જિનને। બોધ આપવાની હતી. જેઓએ

Psycological Science (માનસ શાસ્ત્ર) નો અભ્યાસ કર્યો હોય તેઓ જાણે છે કે કોઈ પ્રકારના વિચારો કોઈ પણ મનુષ્યને વિષે ઉત્પન્ન થવા માટે પ્રથમ તેવા પ્રકારના વિચાર વાતાવરણમાં રહેવાની તેમજ તેવા વિચારના અભ્યાસ અને અવલોકનની જરૂર છે. અર્થાત્ કોઈ પણ વિચાર મનને વિષે આવવા પહેલાં તે વિચાર જે વિષય સંબંધીનો હોય તે વિષયનું દર્શન થવાની જરૂર છે. આપણને એક ભવ્ય મંદિર કરાવવાનો વિચાર ત્યારેજ થાય કે જ્યારે આપણને તેવા ભવ્ય મંદિરના આકારનું પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે દર્શન થયું હોય. પ્રત્યક્ષ દર્શન તે છે કે, જે સ્વદૃષ્ટિએ જોઈ શકાય. પરોક્ષ દર્શન એ છે કે, જે સ્વદૃષ્ટિએ જોયું ન હોય; પણ બીજા દ્વારાએ સાંભળવા રૂપે દર્શન થયું હોય. આ બે પ્રકારના દર્શનમાંથી એક પણ પ્રકારનું દર્શન થયા વિના કોઇ પણ વસ્તુ કે વિષયનો વિચાર—જ્ઞાન—ન થઇ શકે. જેમ ભવ્ય મંદિરની આકાંક્ષા થવા પૂર્વે તેના પ્રત્યક્ષ અથવા પરોક્ષ દર્શનની જરૂર છે તેમજ વિચારરૂપી ભવ્યમંદિરની અપેક્ષા થવા પૂર્વે તેવા વિચાર રૂપી ભવ્યમંદિરના પ્રત્યક્ષ અથવા પરોક્ષ દર્શનની જરૂર છે. આપણી સાદી ભાષામાં કહીએ, તો કોઇ પણ પ્રકારના વિચાર ત્યારેજ આવે કે જ્યારે તેવા પ્રકારના વિચાર વાતાવરણમાં મનુષ્યનું મન કેળવાયું હોય. શ્રીમાન્ રાજચંદ્રની આ મહાત્વાકાંક્ષા હતી. આ મહત્વાકાંક્ષા બંધાવા પહેલાં તે પ્રકારના વિચારનું પ્રત્યક્ષ અથવા પરોક્ષ દર્શન ક્યારે થયું તે એ એક સવાલ છે. આજે હિંદમાં જેટલી કેળવણી અપાય છે તેના કરતાં આજથી ૩૦ વર્ષ પહેલાં ઘણા ઓછા પરિમાણમાં અપાતી હતી. તેમાં પણ કાઠિયાવાડ કે જ્યાં હજી તો શાળાઓ થવાની શરૂઆત હતી ત્યાં આગળ બે હજાર માણસની વસ્તિવાળા એક નાના ગામડામાં માત્ર ગુજરાતી સાત ચોપડી શિવાય જેનું વિશેષ શિક્ષણ નહોતું; જેણે ઓગણીશ વર્ષની વય સુધીમાં મુંબઇ આવવા પહેલાં મોરબી, રાજકોટ, ભુજ કે તેવાં એકાદ બે સ્થળ શિવાય બીજાં સ્થળો પણ જોયાં નહોતાં, તેણે સત્તર અઢાર વર્ષની વયે પ્રકટ રીતે પોતાનો આવો મહત્વાકાંક્ષા દર્શાવનારો મનોરથ બહાર પાડયો; તેવી મહત્વાકાંક્ષાવાળો મનોરથ પોતાને વિષે ઉત્પન્ન કરાવનાર નિમિત્તો–માનસશાસ્ત્રની દૃષ્ટિએ જોતાં કયાં અને ક્યારે મળ્યાં તે સમજવું મુશ્કેલ થઇ પડે છે. લગભગ તેર વર્ષની વય સુધીમાં તો પોતાની જન્મભૂમિના નાના ગામમાંથી ઘણું કરી ક્યાંય વિચાર ઉત્પાદક વાતાવરણવાળા સ્થળે પગ પણ નહોતો મૂકયો; ત્યારબાદ ત્રણ કે સાડા ત્રણ વર્ષે 'મોક્ષમાળા' ગ્રંથ પોતે લખવાનો વિચાર કર્યો.

તે પહેલાં ઘણું કરી મોરબી, રાજકોટ, વઢવાણ, ભુજ, જામનગર અને એકાદ બે તેવાં નાનાં નાનાં ગામ શિવાય બીજાં સ્થળો પણ જોયાં નહોતાં તેમજ આ જે નાનાં નાનાં શહેરો જોયાં હતાં ત્યાં પણ જે માણસોનો તેઓને પરિચય થયો હતો તે બધાં તેમના પ્રત્યે તેમની શક્તિ વિશેષના કારણે માન દૃષ્ટિએ જોનારાં હતાં; અર્થાત્ કોઇ એવાં નિમિત્તો નહોતાં મળ્યાં કે જે તેમના વિચારોના વિકાસ કરવામાં ઉપકારક થયાં હોય; પણ ઉલટાં એવા મનુષ્યોનો તેમને પરિચય થયો હતો કે, જેઓ તેમની એટલે શ્રીમાન્ રાજચંદ્રની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવનારા હતા.

આ વાતનો ખુલાસો મેળવવા માટે આપણે કેટલીક વીગતમાં ઉતરવું પડશે. તેર વર્ષની ઉમર થઈ ત્યાં સુધી વવાણીયામાંથી બહાર પગ દીધો નહોતો. ચૌદ કે પંદર વર્ષની વય પછી મોરબી ગયા હતા. ત્યાં અષ્ટાવધાની શીઘ્રકવિ શંકરલાલજીએ અષ્ટાવધાનના પ્રયોગો કર્યા હતા. તે જોઈ પોતે તેવા કરવાની ઇચ્છા કરી; અને બીજેજ દહાડે તેઓએ તેવા પ્રયોગ કરી બતાવ્યા. લગભગ સત્તર વર્ષની વયે તેઓએ જામનગરમાં સોળ અવધાન કરવાનું કર્યું; અને તે સમયે એટલે સંવત ૧૯૪૧ ના જેઠ માસમાં કાઠિયાવાડમાં પ્રકટ થતા "ધર્મદર્પણ" નામના પત્રમાં તેઓના સંબંધમાં નીચે પ્રમાણે લેખ આવ્યો. "પુનર્જન્મ નહિ માનનાર પુરૂષોને આ શીઘ્ર કવીશ્વરની અદ્‌ભુત શક્તિ પુનર્જન્મ છે, એમ મનાવવાને માટે પ્રત્યક્ષ અને સબળ પુરાવો છે. આપણા આ શીઘ્ર કવીશ્વરની દિવ્ય ને સ્વાભાવિક શક્તિ માટે આપણા ભરતખંડી આર્યોએ અભિમાન ધરવા જેવું છે. ધન્ય છે એમની જન્મ ભૂમિને, અને ધન્ય છે એમની જનેતાને! એ ભારતભૂષણ રમણીય રત્ન મહાત્મા શીઘ્ર કવીશ્વરને શતાવધાન સુધી પહોંચવા ઉત્સાહ છે."

"ધર્મદર્પણ" નો આ લેખ પ્રકટ થયો તે પહેલાં લગભગ એક વર્ષે એટલે તેઓએ પોતાની સોળ વર્ષની ઉમરે "મોક્ષમાળા" નામના ગ્રંથોની શ્રેણી કાઢવા વિચાર કર્યો. આ શ્રેણીમાં હાલમાં તેઓનું લખેલું "ભાવનાબોધ" નામક પુસ્તક પ્રકટ થયું છે. તે પ્રથમ સોળ વર્ષ અને પાંચ માસની ઉમરે લખ્યું. આ "ભાવનાબોધ" નામનું પ્રકટ થયેલું પુસ્તક એ પ્રથમ મોક્ષમાળા ગ્રંથના આકારે મોટા વિસ્તારમાં લખવા ધાર્યું હતું; પરંતુ તે શૈલી વાચક વર્ગને ગહન પડશે, એમ ધારી હાલમાં મોક્ષમાળા છે તે આકારે લખવાનું કર્યું; અને પ્રથમની શૈલીના લખાયેલ મોક્ષમાળાનો જેટલો ભાગ ભાવનાબોધને આકારે છપાયો છે તે બહાર પડયો. આ "ભાવના બોધ" ગ્રંથની બહાર પડેલી રચના જોવાથી તેઓની વિચાર દશા તે

સમયે કેવી હશે તેનો આભાસ આવશે. વિસ્તારનો ભય છે છતાં તે **ભાવનાબોધના** ઉપોદ્ઘાતમાંથી નીચેનો ભાગ ઉતારી લઉં છું; જે ઉપરથી આપને તે સમયની તેઓની વિચારદશાનો કાંઇક ખ્યાલ આવી શકશેઃ—

"ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્વળ આત્માઓનો સ્વતઃ વેગ વૈરાગ્યમાં ઝંપલાવું એ છે. બાહ્યદૃષ્ટિથી જ્યાં સુધી ઉજ્વળ આત્માઓ સંસારના માયિક પ્રપંચમાં દર્શન દે છે, ત્યાં સુધી તે કથનની સિદ્ધતા ક્વચિત્ દુર્લભ છે; તોપણ સૂક્ષ્મદૃષ્ટિથી અવલોકન કરતાં એ કથનનું પ્રમાણ કેવળ સુલભ છે; એ નિઃસંશય છે."

"એક નાનામાં નાના જંતુથી કરીને એક મદોન્મત્ત હાથી સુધીનાં સઘળાં પ્રાણીઓ, માનવિયો અને દેવદાનવો એ સઘળાંની સ્વાભાવિક ઇચ્છા સુખ અને આનંદ પ્રાપ્ત કરવામાં છે. એથી કરીને તેઓ તેના ઉદ્યોગમાં ગુંથાયાં રહે છે; પરંતુ વિવેકબુદ્ધિના ઉદય વિના તેમાં તેઓ વિભ્રમ પામે છે. તેઓ સંસારમાં નાના પ્રકારનાં સુખનો આરોપ કરે છે. અતિ અવલોકનથી એમ સિદ્ધ છે કે તે આરોપ વૃથા છે. એ આરોપને અનારોપ કરવાવાળાં વિરલાં માનવિયો વિવેકના પ્રકાશવડે અદ્ભુત પણ અન્ય વિષય પ્રાપ્ત કરવા કહેતાં આવ્યાં છે. જે સુખ ભયવાળાં છે તે સુખ નથી પણ દુઃખ છે. જે વસ્તુ પ્રાપ્ત કરવામાં મહા તાપ છે; જે વસ્તુ ભોગવવામાં એથી પણ વિશેષ તાપ રહ્યા છે; તેમજ પરિણામે મહાતાપ, અનંતશોક અને અનંતભય છે તે વસ્તુનું સુખ તે માત્ર નામનું સુખ છે. વા નથીજ. આમ હોવાથી તેવી અનુરક્તતા વિવેકીઓ કરતાં નથી."

આ **ભાવનાબોધ** અથથી તે ઇતિ સુધી આપને સૂક્ષ્મદૃષ્ટિએ અવલોકવા સજ્જનો! મારી વિનંતિ છે. તે અવલોકી તેના લેખકની વૃત્તિઓ સંબંધી વિચાર કરજો. **મોક્ષમાળા** ગ્રંથ સત્તરમા વર્ષે લગભગ લખાયો છે. આ **મોક્ષમાળાના** ત્રણ ભાગ કરવાની **શ્રીમાન્ રાજચંદ્રની** ઇચ્છા હશે એવું છપાઇ બહાર પડી ચૂકેલ બાલાવબોધ **મોક્ષમાળા** પરથી જણાય છે. બાલાવબોધ **મોક્ષમાળાની** પ્રસ્તાવનામાં લખ્યું છે કે, "આ યોજના બાલાવબોધ રૂપ છે. વિવેચન અને પ્રજ્ઞાવબોધ ભાગ ભિન્ન છે." જેઓએ બાલાવબોધ **મોક્ષમાળા** અવલોકેલ હશે તેઓ જાણતા હોવા જોઇએ કે, તે વીતરાગ માર્ગની પ્રવેશિકારૂપ છે. તેમાં બતાવેલા વિચારો લખનારનું જૈન અને અન્ય દર્શનોનું જ્ઞાન, તથા જગત્‌ના સ્વરૂપનું અવલોકન કેવું હશે તે બતાવી આપે છે. મને અત્યારે એમ થઈ આવે છે કે કેમ જાણે અત્યારે આપની સમીપે

ભાવનાબોધ અને મોક્ષમાળા લઇ તેનું પૃથક્કરણ કરી કર્ત્તાપુરૂષની આ વખતની શક્તિનો આપને ખરેખરો ખ્યાલ આપું; પરન્તુ તેમ બની શકે તેવું નહિ હોવાથી એ બાલાવબોધ મોક્ષમાળામાંથી તેઓની વિચારશ્રેણી અને અવલોકનબુદ્ધિની પરીક્ષા કરવા માટે અહીં નીચેના વિચારો ઉતારી લઉં છું:—

"આ જગત્‌માં અનેક પ્રકારથી ધર્મના મત પડેલા છે. આવા મતભેદ અનાદિ કાળથી છે એ ન્યાય સિદ્ધ છે; પણ એ મતભેદો દેશ કાલાદિ યોગે કંઈ કંઇ રૂપાંતર પામ્યા જણાય છે. કેટલાક પરસ્પર મળતા અને કેટલાક પરસ્પર વિરૂદ્ધ છે. કેટલાક કેવળ નાસ્તિકના પાથરેલા પણ છે. કેટલાક સામાન્ય નીતિને ધર્મ કહે છે. કેટલાક જ્ઞાનનેજ ધર્મ કહે છે. કેટલાક અજ્ઞાન એજ ધર્મ છે એમ કહે છે. કેટલાક ભક્તિને, કેટલાક ક્રિયાને, કેટલાક વિનયને અને કેટલાક શરીર સાચવવું એને ધર્મ કહે છે. એ ધર્મમત સ્થાપકોએ એમ બોધ કર્યો જણાય છે કે, અમે જે કહીએ છીએ તે સર્વજ્ઞવાણીરૂપ અને સત્ય છે. બાકીના સઘળા મતો અસત્ય અને કુતર્કવાદી છે. તેથી પરસ્પર તે મતવાદીઓએ યોગ્ય કે અયોગ્ય ખંડન કર્યું છે. વેદાંતના ઉપદેશક એજ બોધે છે. સાંખ્યનો પણ એજ બોધ છે; બૌદ્ધ, ન્યાય મતવાળા, વૈશેષિક, શક્તિપંથી, વૈષ્ણવાદિક, ઈસ્લામી, ક્રિશ્ચિઅન અને એજ રીતે પૃથ્વીપરના સઘળા ધર્મમતો કહે છે કે, આ અમારૂં કથન તમને સર્વ સિદ્ધિ આપશે. ત્યારે આપણે હવે શું વિચાર કરવો? વાદી પ્રતિવાદી બન્ને સાચા હોતા નથી; તેમ બન્ને ખોટા હોતા નથી. બહુ તો વાદી કંઇક વધારે સાચો; અને પ્રતિવાદી કંઇક ઓછો ખોટો હોય. કેવળ બન્નેની વાત ખોટી હોવી ન જોઇએ, એ એક આશ્ચર્યકારક વાત છે. સર્વને સત્ય કેમ કહી શકાય? જો સર્વને અસત્ય કહીએ, તો આપણે નાસ્તિક ઠરીએ; અને ધર્મની સચ્ચાઇ જાય. આ તો નિશ્ચય છે કે ધર્મની સચ્ચાઈ છે; તેમ જગતપર તેની આવશ્યકતા છે; એક ધર્મમત સત્ય અને બાકીના સર્વ અસત્ય એમ કહીએ, તો તે વાત સિદ્ધ કરી બતાવવી જોઇએ. સર્વ સત્ય કહીએ તો તો રેતીની ભીંત જેવી વાત કરી; કારણ કે એમ હોય તો આટલા બધા મતભેદ શા માટે પડે? જો કંઇ પણ મતભેદ ન હોય તો પછી સર્વ પોતપોતાના મતો સ્થાપવા શા માટે યત્ન કરે? એમ અન્યોન્ય વિરોધાભાસ વિચારથી થોડીવાર અટકવું પડે છે. ઉપરના સંબંધમાં હું યથામતિ કંઇ ખુલાસો કરૂં છું. એ ખુલાસો સત્ય અને મધ્યસ્થ ભાવનાનો છે. એકાંતિક કે મતાંતિક નથી, પક્ષપાતી કે અવિવેકી નથી; પણ ઉત્તમ અને વિચારવા જેવો છે. દેખાવે એ સામાન્ય લાગશે; પરંતુ સૂક્ષ્મ વિચારથી

બહુ ભેદવાળો લાગશે. આટલું તો તમારે સ્પષ્ટ માનવું કે, ગમે તે એક ધર્મ આ જગતપર સંપૂર્ણ સત્યતા ધરાવે છે. હવે એક દર્શનને સત્ય કહેતાં બાકીના ધર્મમતને કેવળ અસત્ય કહેવા પડે; પણ હું એમ કહી ન શકું. શુદ્ધ આત્મજ્ઞાનદાતા નિશ્ચય નયવડે તો તે અસત્ય રૂપ ઠરે; પરંતુ વ્યવહાર નયે તે અસત્ય ઠરાવી શકાય નહિ. એક સત્ય અને બાકીનાં અપૂર્ણ અને સદોષ છે એમ હું કહું છું. તેમજ કેટલાક કુતર્કવાદી અને નાસ્તિક છે, તે કેવળ અસત્ય છે; પરંતુ જેઓ પરલોક સંબંધી કે પાપ સંબંધી કાંઇ પણ બોધ બતાવે છે તે જાતના ધર્મમતને અપૂર્ણ અને સદોષ કહી શકાય છે. એક દર્શન જે નિર્દોષ અને પૂર્ણ કહેવાનું છે તે સંબંધી વાત હમણાં એક બાજુ રાખીએ. હવે તમને શંકા થશે કે, સદોષ અને અપૂર્ણ એવું કથન એના પ્રવર્ત્તકે શા માટે બોધ્યું હશે? તેનું સમાધાન થવું જોઇએ. એ ધર્મમતવાળાઓની જ્યાં સુધી બુદ્ધિની ગતિ પહોંચી ત્યાંસુધી તેમણે વિચારો કર્યા. અનુમાન, તર્ક અને ઉપમાદિક આધાર વડે જે કથન સિદ્ધ જણાયું તે પ્રત્યક્ષ રૂપે જાણે સિદ્ધ છે એવું તેમણે દર્શાવ્યું. જે પક્ષ લીધો તેમાં મુખ્ય એકાંતિક લીધો. ભક્તિ, વિશ્વાસ, નીતિ, જ્ઞાન કે ક્રિયાઓમાંના એક વિષયને વિશેષ વર્ણવ્યો; એથી બીજા માનવા યોગ્ય વિષયો તેમણે વર્ણવ્યા તે સર્વ ભાવ ભેદે તેઓએ કાંઈ જાણ્યા નહોતા, પણ પોતાની મહા બુદ્ધિ અનુસારે બહુ વર્ણવ્યા. તાર્કિક સિદ્ધાંત દૃષ્ટાંતાદિકથી સામાન્ય બુદ્ધિવાળા આગળ કે જડભરત આગળ પોતાનો મત તેઓએ સિદ્ધ કરી બતાવ્યો. કીર્તિ, લોકહિત કે ભગવાન્ મનાવાની આકાંક્ષા એમાંની એકાદી પણ એમના મનની ભ્રમણા હોવાથી અતિ ઉગ્ર ઉદ્યમાદિકથી તેઓ જય પામ્યા. કેટલાકે શૃંગાર અને લોકેચ્છિત સાધનોથી મનુષ્યનાં મન હરણ કર્યાં. દુનિયા મોહમાં તો મૂળે ડુબી પડી છે એટલે એ ઇચ્છિત દર્શનથી ગાડર રૂપે થઇને તેઓએ રાજી થઇ તેનું કહેલું માન્ય રાખ્યું. કેટલાકે નીતિ, ગુણ, તથા કંઈ વૈરાગ્યાદિ દેખી તે કથન માન્ય રાખ્યું. પ્રવર્ત્તકની બુદ્ધિ તેઓ કરતાં વિશેષ હોવાથી તેને પછી ભગવાનરૂપજ માની લીધા. કેટલાકે વૈરાગ્યથી ધર્મમત ફેલાવી પાછળથી કેટલાંક સુખ શીલીઆં સાધનનો બોધ ખોશી દીધો. પોતાનો મત સ્થાપન કરવાની મહાન્ ભ્રમણાએ અને પોતાની અપૂર્ણતા ઈત્યાદિક ગમે તે કારણથી બીજાનું કહેલું પોતાને ન રૂચ્યું એટલે તેણે જૂદોજ રાહ કાઢયો. આમ અનેક મતમતાંતરની જાળ થતી ગઇ. ચાર પાંચ પેઢી એકનો એક મત પળાયો એટલે તે કુળધર્મ થઇ પડયો; એમ સ્થળે સ્થળે થતું ગયું."

આ વિચારો સાંભળી તે વિચારો ઉપર અભિપ્રાય બાંધવા માટે મેં આપની આગળ કહ્યા નથી. તે વિચારો પરથી આજ જે પુરૂષની જયંતિ છે તે પુરૂષના સંબંધમાં અભિપ્રાય બાંધવા માટે મેં તે આપની સમીપ કહ્યાં છે. ઉપર હું કહી ગયો કે, આ વચનો બાલાવબોધ મોક્ષમાળા ઉપરથી લીધા છે; અને શ્રીમાન્ રાજચંદ્રની ઇચ્છા સત્તર અઢાર વર્ષની વયે પ્રજ્ઞાવબોધ અને વિવેચન બોધ એ બે બીજા ભાગ મોક્ષમાળાના લખવાની હતી. આ બાલાવબોધ મોક્ષમાળામાંથી લીધેલા વિચારોને બાળ જીવોને માટે લખ્યા છે તે આવા ગંભીરતા દર્શક છે; તો પછી પ્રજ્ઞાવબોધ અને વિવેચન બોધ એ બે વિભાગમાં જે વિચારો લખવાનો તેમનો ઇરાદો હતો તે કેટલા મહત્વવાળા હોવા જોઇએ ? કોઈ પણ વિષયના લેખકમાં લેખન શક્તિ આવવા પૂર્વે તે વિષયના પ્રકારનું જ્ઞાન એટલું બધું થવું જોઇએ કે, જે પોતે સમજી, બીજાને સમજાવવા માટેની લખવાની શક્તિ સ્ફુરાવે. બાળ જીવો માટે આવા ગંભીરતાવાળા જેણે વિચારો લખ્યા છે તે પ્રજ્ઞાવબોધ અને વિવેચનબોધના વિભાગમાં બાલાવબોધની સરખામણીએ કેટલા વિશેષ જ્ઞાનમય થવા જોઈએ; અને તેવા જ્ઞાનમય વિચારો બીજાને સમજાવવા માટે લખવાનું કાર્ય કરવા માટે પોતાને વિષે કેટલું જ્ઞાન હોવું જોઇએ, એનો વિચાર કરવાથી આપણને શ્રીમાન્‌ની આ વખતની દશાના જ્ઞાનનો ખરો ખ્યાલ આવશે.

તેઓના જ્ઞાનનો ખરો ખ્યાલ આપણને મળે તે કરતાં તેઓની શક્તિની સ્ફુર્ણા કેવી રીતે થઇ હતી તેનો વિચાર કરાવવાની વધારે જરૂર છે. હાલમાં એકવીશ વર્ષની વય જેટલી ઉમરે આપણે માણસોને સીવીલીઅન થતા જોઇએ છીએ; એ ઉપરથી કોઈ કહે કે આટલી નાની ઉમરે જો સીવીલીઅન જેટલો વિદ્યાભ્યાસ કરી શકે છે તો શ્રીમાન્ રાજચંદ્રની તમે વિશેષતા શું બતાવો છો ? આનો ઉત્તર આ પ્રમાણે હું આપું છું; નાની ઉમરમાં વિશેષ વિદ્યાભ્યાસ કરવો; અને તે વિષય સંબંધીનું જ્ઞાન મેળવવું એ જૂદી વસ્તુ છે; અને પોતે સ્વતઃ વિચાર દર્શાવવા એ જૂદી વસ્તુ છે. વિદ્યાભ્યાસ એ પોતાની પહેલાં થઈ ગયેલા વિદ્વાનોની કૃતિને સ્મૃતિમાં રાખી તેનો માત્ર અમલ કરવાનો છે; જ્યારે એક નાની બાબત પર પોતાનો સ્વતંત્ર વિચાર બાંધવો એ ગહન કામ છે. ઘણી ઉંચી હદમાં વિદ્યાભ્યાસ કરવામાં જેટલી શક્તિ જોઇએ છે તેના કરતાં નાની બાબતમાં સ્વતંત્ર વિચાર ઉદ્ભવવો તેમાં ઘણા મોટા પ્રમાણમાં શક્તિ જોઇએ છે. સીવીલીઅન થવું તે બીજા વિદ્વાનોના વિચારોને સ્મૃતિમાં રાખવા બરોબર છે; જ્યારે પૃથ્વીપર ધર્મમતસ્થાપકોએ ધર્મમત કેવી રીતે સ્થાપ્યા હોવા જોઇએ એ શોધવાનો

પ્રયત્ન કરવો એમાં પોતાની મૂળ વિચારશક્તિની જરૂર છે. વળી સીવીલીઅન થનારને બાળપણથી માંડી તે છેવટના અભ્યાસ સુધી કેવા વિશાળ વિચારવાતાવરણનો પરિચય છે; ત્યારે અહીં તો ત્રીશ વર્ષ પહેલાં જ્યારે કાઠિયાવાડમાં ગુજરાતી ભાષાને માટે શાળાઓ થવાની શરૂઆત હતી ત્યારે તેર વર્ષની ઉમર સુધીમાં બે હજાર માણુસની વસ્તીવાળા નાના ગામમાંથી બીજે ક્યાંય પગ દીધો નહોતો. ઉપરાંતમાં ગુજરાતી સાતમી ચોપડીથી બીજો વધારે વિદ્યાભ્યાસ કર્યો નહોતો. **ભાવનાબોધ અને મોક્ષમાળા** લગભગ સોળ સત્તર વર્ષે લખી હતી. ત્યારે શું ત્રણ ચાર વર્ષમાં તેઓએ એટલો બધો અભ્યાસ કરી લીધો કે જૈન અને બીજાં ગહન દર્શનોના સ્વરૂપને વિચારી તેની તુલના કરી બીજાને સમજાવવા માટે લખવાની શક્તિ આવી ગઈ? તેર અને સત્તર વર્ષ સુધીનો જે ચાર વર્ષનો આંતરો તેમાં તેઓએ એવા કોઇ પણ માણુસ પાસે અભ્યાસ કર્યો નહોતો કે જેના પરિણામે તેઓમાં તત્ત્વજ્ઞાન સંબંધીના ગ્રંથો લખવાની શક્તિ આવી જાય હા, એટલું ખરૂં કે તેઓએ જૈન અને બીજાં દર્શનો સ્વતંત્રપણે અવલોકી એવો અનુભવ મેળવી લીધો કે બીજાને બોધ આપવાને ગ્રંથો પોતે લખી શકે.

ત્યારે બન્યું શું તે જોઇએ. હું આપને બતાવી ગયો છું કે સત્તરથી તે ઓગણીશ વર્ષની વયમાં તેઓ જાહેર રીતે એક અસાધારણ શક્તિવાળા પુરૂષ ગણાયા છે. તેઓએ જ્યારે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનાં પુસ્તકો જોવા માંડયાં ત્યારથી તરતમાં તેઓને તે ભાષાઓનો પોતાની અસાધારણ સ્મરણશક્તિની મદદવડે પરિચય થઇ ગયો. ભાષાના પરિચયથી જે દર્શનો જોયાં તે દર્શનોનાં તત્ત્વો સહજમાં ગ્રાહ્ય થઇ ગયાં; અને પોતાની અસાધારણ મૂળ વિચારશક્તિના કારણે તે પરથી પોતાનાં નિર્ણયો તેઓએ કર્યા. કોઇ પણ બહારની સહાયતા વિના તેમ વિસ્તીર્ણ વિચારવાતાવરણવાળાં ક્ષેત્રમાં રહ્યા વિના આવા તત્ત્વજ્ઞાન સંબંધીના વિચારો સમાજને સમજાવવા માટે લખવાની જેનામાં ત્રણ વર્ષના સમયમાં શક્તિ જણાઇ તે શું આ જન્મમાં મેળવેલી કહેવાય? જો પશ્ચિમ ભણીની દષ્ટિએ આવા પુરૂષને નામ આપવું હોય તો Genius શિવાય બીજું અપાય નહિ, અને આપણી પૂર્વ ભણીની દષ્ટિએ તેઓની શક્તિ વિષે બોલવું હોય તો એમ કહેવાય કે, તેઓને તે પૂર્વ જન્મના સંસ્કાર હતા. આ અસાધારણ શક્તિ કાંઈ તેર વર્ષ પછી દેખાઇ એમ નહોતું થયું. બાળપણમાંજ તે જણાઇ આવી હતી. જ્યારે શ્રીમાન્ દશ અગીઆર વર્ષના હતા ત્યારે મોરબીના હાલ નામદાર મહારાજા ઠાકોર સાહેબ વવાણીએ પધારેલા; અને શાળાની પરીક્ષા લીધેલી. શાળામાં એક

નાની સ્કૉલરશીપના જેવી મોનીટરશીપ કાઢવાની હતી. શાળાના શિક્ષકે શ્રીમાન્‌ના વર્ગના બીજા એક છોકરાને તે આપવા માટે માગણી કરેલી; પણ નામદાર મહારાજા સાહેબે પરીક્ષા લીધા બાદ પોતાના હાથે વીઝીટર્સ બુકમાં લખ્યું કે "મેહેતાજીએ બીજા છોકરા માટે ભલામણ કરી છે; પણ અમને રાયચંદ સૌથી હુંશિયાર અને ચાલાક છોકરો લાગવાથી એને તે જગ્યા આપવાનો હુકમ કરીએ છીએ." શ્રીમાન્ રાજચંદ્ર પોતે પણ આને પુનર્જન્મના સંસ્કાર કહે છે. તેઓએ પોતાના એક અંગત લેખમાં કહ્યું છે કે;—

"લઘુવયથી અદ્‌ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;
એજ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ.
જે સંસ્કાર થવા ઘટે, અતિ અભ્યાસે કાંઇ;
વિના પરિશ્રમ તે થયા, ભવશંકા શી ત્યાંય?"

સભાજનો! આ વાત ઘણી લંબાણપૂર્વક મારે કહેવી પડી છે, પણ તેમ કરવા શિવાય બીજો કાંઈ ઉપાય નથી; કેમકે જો તેઓમાં અમુક અસાધારણ શક્તિઓ હતી એટલુંજ કહેવામાં આવે, તો સાંભળનારાઓને લાગે કે તેના પ્રશંસકો સ્તુતિ કરવા અર્થે અતિશયોક્તિઓ કરે છે; પરંતુ જો અસાધારણ શક્તિઓ અમુક રીતે હતી એવું બતાવવામાં આવે, તો તેની પ્રતીતિ થતાં, આપણને આત્માનું અસ્તિત્વ ત્રણે કાળ છે, અર્થાત્ પુનર્જન્મ છે એવું માનવાને એક મજબુત કારણ મળે.

જન્મવૈરાગ્ય.

સજ્જનો! આપની સમીપ પડેલ આ શ્રીમાન્ રાજચંદ્રના લેખોનો સંગ્રહ છપાયો તે પૂર્વે તે લેખો વાંચી તે ઉપરથી શ્રીમાન્ રાજચંદ્રનું જન્મચરિત્ર અંગ્રેજીમાં લખવા માટે પ્રોફેસર ઠાકોરે તે લેખો વાંચ્યા હતા. તે લેખો વાંચી તેઓએ એક ગૃહસ્થને લખ્યું હતું કે શ્રીમાન્ રાજચંદ્ર જન્મવૈરાગ્યવાન્ Born Ascetic હતા. આ અભિપ્રાય પ્રમાણે તેઓ જન્મ વૈરાગ્યવાન હતા કે નહિ તેનો ખરેખરો ખ્યાલ તો તેઓનો જેઓએ પરિચય સેવ્યો હતો તેનેજ આવી શકે તેમ છે; તોપણ પ્રોફેસર ઠાકોરના જેવા અભિપ્રાય ઉપર આવવા માટે તેઓના બાળપણથી માંડીને દેહાંત પર્યંતના વિચારોનું અવલોકન બસ થશે. આપને તેનો સહજ આભાસ આપવા માટે અહીં એકાદ બે દાખલા આપીશ.

તેઓએ ભાવનાબોધના ઉપોદ્‌ઘાતનું પ્રથમ વાક્ય એમ લખ્યું છે કે,

"ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્વલ આત્માઓનો સ્વતઃ વેગ વૈરાગ્યમાં ઝંપલાવું એ છે." હવે **શ્રીમાન્ રાજચંદ્ર**નું નિર્જીવ પ્રકારના વિષયને વિષે પ્રવેશ છતાં વૈરાગ્ય વિષે ઝંપલાવું હતું કે નહિ તે જોઇએ. **શ્રીમાન્ રાજચંદ્ર** જ્યારે અવધાન કરતા હતા ત્યારે તેઓને અવધાનની ક્રિયામાં શીઘ્ર કવિતા કરવાનું સોંપવામાં આવતું, અને તેઓ તેને તેજ સમયે કોઇ પણ વિષય આપવામાં આવતો કે તેના ઉપર ચાલતી અવધાનક્રિયા દરમ્યાન કવિતા રચી આપતા. સોળ વર્ષની વયે આવા એક પ્રસંગે તેઓને "આકાશ પુષ્પ થકી વંધ્ય સુતા વધાવી" એવા એક વિષયની પાદપૂર્તિ કરવાનું સોંપવામાં આવ્યું હતું. આવી પાદપૂર્તિ શીઘ્રપણે બનાવતાં તેઓએ એમ કહ્યું હતું કે,—

"સંસારમાં મન અરે ક્યમ મોહ પામે?
વૈરાગ્યમાં ઝટ પડયે ગતિ એજ જામે;
માયા અહો ગણી લહે દિલ આપ આવી;
આકાશપુષ્પ થકી વંધ્યસુતા વધાવી."

બીજા એક પ્રસંગે 'કાંકરા' જેવી તુચ્છ વસ્તુ ઉપર શીઘ્ર કવિતા કરવાનું સોંપવામાં આવ્યું હતું. તેના સંબંધમાં તેઓએ શીઘ્રપણે આ પ્રમાણે પદ કરી કહ્યું હતું કેઃ

"એમ સૂચવે કાંકરો, દિલ ખોલીને દેખ;
મનખા કેરા સુજ સમા, વિના ધર્મથી લેખ."

ત્રીજા પ્રસંગે 'રંગની પિચકારી' વિષે આ શીઘ્ર કવિતા કરી હતીઃ-

"બનાવી છે કેવી, સુઘડ પીચકારી સૂચવતી;
બધી જુઠી માયા, મનન કર એવું મનવતી;
નથી સારી મારી, ચટક સઉ શિક્ષા કથનમાં,
ઉરે ધારી જો જો, વિનય અરજી આ મથનમાં."

વૈરાગ્ય સંબંધીની કવિતા કરી જાણવાથી વૈરાગ્યવાન માણસ હોય એમ એકાંત કહી શકાય નહિ. ઘણા જાતે શૃંગારી હોય એવા કવિઓ પણ વૈરાગ્ય સંબંધીની કવિતાઓ બનાવે છે; પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી જોવામાં આવે તો કાવ્ય કરનારનો જે પ્રિય વિષય હોય તેનો કાંઇ પણ અંશ દૃષ્ટાંત વગેરેમાં આવ્યા વિના રહેતો નથી. આમ છતાં **શ્રીમાન્ રાજચંદ્ર**ને તેઓની કવિતા ઉપરથી આ જન્મ વૈરાગ્ય હતો એમ હું કહું છું તે વાત આપ સર્વે જરાક વિચાર કરશો તો પ્રતીત થશે. આપ જાણો છો

કે, અવધાન ક્રિયામાં જ્યારે કવિતા કે પાદપૂર્તિ કરવાનું કહેવામાં આવે છે ત્યારે જેવું કહેવામાં આવે કે તેવીજ મુખેથી કવિતા બનાવીને બોલવી પડે છે. મતલબ કે તેવા પ્રકારની કવિતા કરવા માટે વિચાર કરવાનો અવકાશ નથી હોતો. આવે સમયે ઉપર ટાંક્યા પ્રમાણેના તુચ્છ અર્થાત્ નિર્જીવ પદાર્થોના સંબંધમાં જે કવિતા કરવાની હોય તેમાં વૈરાગ્યજ શા માટે આવવો જોઇએ; અને શૃંગાર કે અન્ય વિષય નહિ? સભાજનો! વૃત્તિની પરીક્ષા કેમ થઈ શકે તે સંબંધી એક દૃષ્ટાંત "કુમારપાળ પ્રબંધ" માં આપેલું છે. આ દૃષ્ટાંત શ્રીમાન્ રાજચંદ્રની વૈરાગ્ય વૃત્તિનો નિર્ધાર કરવા માટે ઘણું ઉપયોગી થઈ પડશે. આ દૃષ્ટાંત એવા પ્રકારનું છે કે, જૂદા જૂદા ધર્મના ઉપદેશકોમાંથી કોણ ખરેખરા અહિંસાના પોષક છે તે સિદ્ધ કરવાની તકરાર ઉઠી. તેનો ન્યાય રાજસભા સમીપે આવ્યો. રાજાએ બધાની પરીક્ષા કરવા કવિતાની એક એવા મતલબની પાદપૂર્ત્તિ અપાવી કે "આગળ ફરતી એવી સ્ત્રીની કાજળવાળી આંખો હું જોઇ શક્યો નહિ." આ કવિતાની પાદપૂર્ત્તિ બધા ધર્મના ઉપદેશકોને કરવાનું કામ સોંપવામાં આવ્યું. કોઇએ એવી પાદપૂર્ત્તિ કરી કે અમારી દૃષ્ટિ સ્ત્રીના ફલાણા અવયવ ઉપર હતી, એટલે અમારી દૃષ્ટિ તેની કાજળવાળી આંખ ઉપર પડી નહિ; તો કોઇએ બીજા અવયવનું કારણ બતાવ્યું. જ્યારે જૈન સાધુએ એવા મતલબની પાદપૂર્ત્તિ કરી કે "અનેક ત્રસ સ્થાવર જંતુની રક્ષામાં અમારૂં ચિત્ત હતું અને ઇર્યા સુમતિમાં અમારી દૃષ્ટિ હતી તેથી આગળ ફરતી એવી કાજળવાળી આંખોવાળી કુલાંગના જોઈ શક્યા નહિ." રાજાએ આ પાદપૂર્ત્તિ સાંભળી એવો ન્યાય આપ્યો કે આજ ખરેખર અહિંસાના પોષક છે."

આ દૃષ્ટાંતથી બતાવવું એ છે કે, જેનો લક્ષ્ય જે વિષયમાં હોય તેને મુખેથી તેવા પ્રકારના સ્વાભાવિક ઉદ્‌ગારો નીકળે છે. શ્રીમાન્ રાજચંદ્રે રંગની પીચકારી કાંકરા આદિ સંબંધમાં અવધાન દરમ્યાન શીઘ્ર કવિતા કરતાં પોતાની સ્વાભાવિક વૃત્તિ વૈરાગ્ય ભણીની બતાવી છે. જેઓ Science ના અભ્યાસીઓ છે તેઓ જાણતા હોવા જોઇએ કે, મન જે વિષયમાં રમતું હોય તે વિષય તેની વાતમાં આવ્યા વિના રહેતો નથી. Science નો આ સિદ્ધાંત કબુલ રાખીએ, તો–અને તે આપણે સ્વાનુભવથી રાખવો પડશે. –આપણો એમ અભિપ્રાય થવો જોઇએ કે, શ્રીમાન્ રાજચંદ્રનું મન વૈરાગ્યમાં રમતું હતું; અને તેથીજ તે વૈરાગ્યનો વિષય અંતરંગમાં હતો તે માત્ર ભાષાના આકારમાં બોલવા માટે બહાર આવ્યો હતો.

શ્રીમાન્ રાજચંદ્રે પોતાના સ્વજીવન વૃત્તાંત સંબંધી એક કાવ્ય લખ્યું છે; અને તેમાં કહ્યું છે કેઃ—

ઓગણીસસેં ને બેતાલીસે,
અદ્‌ભુત વૈરાગ્ય ધાર રે;

અર્થાત્ સંવત્ ૧૯૪૨ ની સાલમાં અદ્‌ભુત વૈરાગ્ય ધારા તેઓને વિષે વહેતી હતી. આ વાતની સિદ્ધિ આ સાલમાં લખાએલ **ભાવના બોધ** ગ્રંથથી જણાય છે. આ **ભાવના** બોધમાંથી એક પદ્ય અહીં નમુના ખાતર આપને જણાવ્યા વિના રહી શકીશ નહિ—

ના મારાં તન રૂપ કાંતિ યુવતિ,
ના પુત્ર કે ભ્રાત ના;
ના મારાં ભૃત સ્નેહીઓ! સ્વજન કે,
ના ગોત્ર કે જ્ઞાત ના.
ના મારાં ધનધામ, યૌવન, ધરા;
એ મોહ અજ્ઞાત્વનાં;
રે! રે! વિચાર એમજ સદા,
અન્યત્વદા ભાવના.

આ બધી હકીકતો સાધારણ રીતે વીશ વર્ષની અંદરની ઉમરની છે. **સર ચાર્લ્સ સારજંટે** વિલાયત આવવાની કરેલી માગણીને સાનુકૂળ ન થયા બાદ તેઓનું જીવન શી રીતે વ્યતીત થયું તે ભાગ ઉપર હવે હું આવીશ. ઓગણીસ વર્ષની વયે તેઓનાં લગ્ન થયાં; અને તે નિમિત્તે તેઓ પોતાની જન્મભૂમિ તરફ રોકાયા. પાછા લગભગ સંવત્ ૧૯૪૫ માં મુંબઇ આવ્યા. આ વખતે એકાએક તેઓની વૃત્તિમાં ફેરફાર થયેલો જણાયો. આ વયે જાહેર પ્રજામાં અસાધારણ અને મહાન્ તેમજ ચમત્કારિક આદિ શક્તિઓવાન્ તરીકે જેણે માન મેળવ્યું હતું અને અનેક જાહેર સંસ્થાઓ અને અને જાહેર માણસોના પરિચયમાં જેનું આવવું થયું હતું તે પુરૂષના વિચારમાં કોઇ મોટો ભેદ પડયો. બની શકે ત્યાં સુધી કોઇ પણ માણસના પરિચયમાં ન આવવું એવી ધારણા કરી. શતાવધાનના પ્રયોગો ન કરવા એવી પ્રતિજ્ઞા કરી. ગ્રંથાદિ લખી પ્રકટ ન કરવાનો નિશ્ચય કર્યો. એમ કહીએ કે તેઓ જાહેરમાંથી અદૃશ્ય થઇ ગયા તો તેમાં કોઇ ખોટું નથી. કયા કારણે તેઓએ લોકોમાંથી અદૃશ્ય થઇ જવાનું કર્યું હશે તેનો વિચાર કરતાં હું આપને પ્રથમ તેઓનો સામાન્ય મનોરથ કહી ગયો. તે મનોરથનું પરિણામ આણવાને માટે પ્રયત્ન કરવાનું કારણ હોવાનું સંભવે છે; અને તેઓના સંપૂર્ણ જીવનના પરિચયથી તે સંભવ યથાર્થ છે એવો અનુભવ છે. સજ્જનો આપ તે મનોરથનો બરાબર અભ્યાસ કરી તેનું પૃથક્કરણ કરી જોશો, તો

જણાશે કે, તેઓની પ્રબળ ઇચ્છા સ્વ અને પર આત્મહિત કરવા-કરાવવાની હતી; સંપૂર્ણ સ્વાત્મહિતસાધના થયા પહેલાં પરહિતસાધનાપર લક્ષ્ય આપવામાં પોતાનું અને પરનું બગાડવા જેવું છે; અને સ્વાત્મહિતસાધના કર્યા બાદ પરહિત કરવા માટેનો પ્રયત્ન કરવો તે પણ ચોકસ સંજોગો મેળવ્યાથી જ થઈ શકે એવો તેઓનો અભિપ્રાય થવાથી તેઓએ જાહેરમાંથી અદશ્ય થઈ જવાનું પસંદ કર્યું.

સ્વ અને પર હિતને માટે તેઓએ પોતાનો ક્રમ આ પ્રમાણે યોજ્યો હોય એમ લાગે છે. સભાજનો, આપની સમીપે પડેલ આ ગ્રંથનું આપ અવલોકન કરશો, તો આપને જણાશે કે, તેઓની અંતરંગમાં સતત ઇચ્છા સર્વ સંગપરિત્યાગ કરવાની હતી. સ્વર્ગસ્થ વેદાન્તશાસ્ત્ર સંપન્ન સાક્ષર **શ્રી મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી**ની સાથે ચાલેલ તેઓના પત્રવ્યવહારમાંના સંવત્ ૧૯૪૫ ના શ્રાવણ શુદ ૩ ના એક પત્રમાં શ્રીમાન્ રાજચંદ્રે મનઃસુખરામભાઇને લખ્યું છે કે, " સર્વ શાસ્ત્રના બોધનું, ક્રિયાનું, જ્ઞાનનું, યોગનું અને ભાપાનું પ્રયોજન સ્વસ્વરૂપ પ્રાપ્તિને અર્થે છે; અને એ સમ્યક્ શ્રેણિઓ આત્મગત થાય, તો તેમ થવું પ્રત્યક્ષ સંભવિત છે; પણ એ વસ્તુઓ પ્રાપ્ત કરવા સર્વસંગપરિત્યાગની જરૂર છે. નિર્જનાવસ્થા, યોગ ભૂમિકામાં વાસ-સહજ સમાધિની પ્રાપ્તિ નથી. તે સર્વ સંગ પરિત્યાગમાં નિયમાવાસિત છે. દેશ (ભાગ) સંગ પરિત્યાગમાં ભજના સંભવે છે. જ્યાં સુધી ગૃહવાસ પૂર્વ કર્મના બળથી ભોગવવો રહ્યો છે ત્યાં સુધી ધર્મ, અર્થ, અને કામ ઉલ્લાસિતઉદાસીન ભાવે સેવવા યોગ્ય છે. બાહ્યભાવે ગૃહસ્થ શ્રેણિ છતાં અંતરંગ નિર્ગ્રંથ શ્રેણિ જોઇએ; અને જ્યાં તેમ થયું છે ત્યાં સર્વ સિદ્ધિ છે. મારી આત્માભિલાષા તે શ્રેણિમાં ઘણા માસ થયાં વર્તે છે. ધર્મોપજીવનની પૂર્ણ અભિલાષા કેટલીક વ્યવહારોપાધિને લીધે પાર પડી શકતી નથી; પણ પ્રત્યક્ષે સત્પદની સિદ્ધિ આત્માને થાય છે; આ વાર્ત્તા તો સમ્મતજ છે, અને ત્યાં કંઇ વય વેશની વિશેષ અપેક્ષા નથી."

આખો ગ્રંથ જોઇ જશો, તો તેમની અંતરની વૃત્તિ સંસાર પરિત્યાગ કરવાનીજ વર્ત્તતી રહી છે એમ જણાશે; તથાપિ તેઓએ સંસારત્યાગ ત્યારેજ કરવાનું યોગ્ય ગણેલું કે, જ્યારે તે ત્યાગ લોકોપકારક થઇ શકે. આપની સમીપે મહીનાઓ લઇ તેમના વિચારોનું પૃથક્કરણ કરવા બેસું ત્યારેજ તેઓની ખરેખરી વૃત્તિનો કાંઇક ખ્યાલ આપી શકું. તેઓની એવી માનીનતા હતી કે, જૈન શાસનમાં અનેક મતાંતરો પડી ગયા છે તે મતાંતરો દૂર કરી શાસનનો પુનરૂદ્ધાર અથવા પુનઃ દિગ્વિજય કરવો; અને

તેવો પુનરૂદ્ધાર ત્યાગી અવસ્થા કરવાથીજ થઈ શકે; પરંતુ ત્યાગ અવસ્થાનો ખરેખરો જગતને લાભ આપવા માટે ત્યાગ અવસ્થા ત્યારે ગ્રહણ કરવી કે જ્યારે તેની જગત્ ઉપર છાપ પડી શકે; અને આવી છાપ ત્યારે પડી શકે છે કે, જ્યારે સ્વહસ્તે પ્રાપ્ત કરેલ દ્રવ્યાદિ સંપત્તિ, સાંસારિક સુખ આદિનો ત્યાગ કર્યો હોય, અસાધારણ જ્ઞાનશક્તિ હોય, સ્વહસ્તે પ્રાપ્ત કરેલ દ્રવ્યાદિ સંપત્તિ છોડી દીધી હોય. સાંસારિક સુખ હોવા છતાં તેનો ત્યાગ કર્યો હોય ત્યારેજ જગત્ ઉપર તેવા પુરૂષના ઉપદેશની છાપ પડી શકે છે. અસાધારણ શક્તિ હોય, છતાં દ્રવ્યાદિ સંપત્તિનો કે સાંસારિક સુખનો અભાવ હોય અને ત્યાગ સ્વીકારવામાં આવે, તો કેટલાકના મન ઉપર એવા કારણોથી છાપ ન પડે કે, સ્થિતિના દુઃખે સંસાર ત્યાગ કર્યો જણાય છે. કેટલાકને વળી એમ લાગે કે, સાંસારિક સુખ નહિ હોય તેથી સંસારત્યાગ કર્યો છે. જડવાદીઓ એમ માને કે, સંસાર કે સંપત્તિના સુખનો અનુભવ હોય, તો કોઇ દહાડો સંસાર ત્યાગ ન કરે. આવાં જે જે જગત્ ઉપર પોતાના ઉપદેશની છાપ પડતી અટકાવનારાં કારણો હોય તે દૂર કરીને, અને પોતાની આત્મદશા એવી ઉચ્ચતાએ પહોંચાડીને કે જેથી ભવિષ્યમાં જગત્ના ઉપકાર અર્થે પોતાને શાસનના પુનરૂદ્ધારનું કામ કરવાની બુદ્ધિ કિંચિત માત્ર અભિમાન ન ઉત્પન્ન કરે ત્યારેજ ત્યાગાવસ્થા ધારણ કરવી.

આવા જૂદા જૂદા હેતુપૂર્વક તેઓએ એકવીશ વર્ષની વયે જાહેરમાં દેખાવ દેવો બંધ કરી દીધો; અને વ્યાપારમાં પડયા. લગભગ દશ વર્ષ સુધી શરાફી આદિનો અને ઝવેરાત વગેરેનો મોટો વેપાર ખેડયો. વ્યાપારમાં કેવી કુશળતા હતી તે, તો તેઓની સાથે વ્યાપાર સંબંધીનો પ્રસંગ પાડનારાઓથી જાણવાથી ગૃહસ્થો, અને બહેનો, તેમને તેઓની વ્યાપાર કુશળતા માટે ઘણો ઉંચો અભિપ્રાય મળશે.

એક તરફથી વિસ્તારવાળો વ્યાપાર તેઓ દ્વારા ખેડાયો જતો હતો, અને બીજી તરફથી તેઓ તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ સંબંધીના અસાધારણ પ્રયત્નો કરી રહ્યા હતા. હું આપને આ વાતનો શી રીતે ખ્યાલ આપી શકું તે, મને સૂજતું નથી. તેનો કેટલોક ખ્યાલ આપને તો આવી શકે, કે જો આપ એક તરફથી તેઓના વ્યાપારનો વિસ્તાર ચોપડાથી જુઓ, અને બીજી બાજુથી આ આપની સમીપે પડેલ તેઓના વિચારોના સંગ્રહરૂપી ગ્રંથનું સૂક્ષ્મ અવલોકન કરો. બાકી તે શિવાય બીજો ઉપાય હું પોતે, તો દેખી શકતો નથી.

સભાજનો ! શ્રીમાન્ રાજચંદ્રની સાથે મારે લગભગ પંદર વર્ષનો પરિચય હતો; તથાપિ તેમાંથી સાતઆઠ વર્ષ, તો મારો તેમની સાથે વ્યવહારમાં એક ભાગીદાર તરીકે સંબંધ રહ્યો હતો. અતિ પરિચય પરસ્પરનું મહત્વ ઓછું કરે છે એમ દુનિયાનો અનુભવ છે; તથાપિ આપને મારે જણાવવું જોઇએ કે, તેઓની દશા એવી આત્મમય હતી કે, મારો ભક્તિભાવ તેઓ પ્રત્યે દિનપ્રતિદિન વર્ધમાનતા પામતો ગયેલો. આપણામાંના જેઓ વ્યાપારી વર્ગના છીએ તેઓનો અનુભવ છે કે, વ્યાપારના પ્રસંગો એવા છે કે, ભાગીદારોના સંબંધમાં ઘણી વખત મતભેદ ઉત્પન્ન થાય છે; કેટલીક વખત પરસ્પરના હિત અથડાય છે. આનો આપણે સર્વનો અનુભવ છતાં, મારે કહેવું જોઇએ કે, શ્રીમાન્ રાજચંદ્રની સાથે મારો ભાગીદારીનો સંબંધ જેટલાં વર્ષ રહ્યો તેમાં તેઓ પ્રત્યે અતિ પરિચયથી મને તેઓના પ્રત્યે કિંચિત્ માત્ર ઓછાં મહત્વનું કારણ ન મળ્યું, કે કોઈ દિવસ એક બીજાને વ્યવહાર સંબંધી જુદાઇ ન લાગી. આનું કારણ બીજું કંઈ નહિ, પણ તેઓની ઉચ્ચ આત્મદશાની જે છાપ અમારે વિષે પડતી હતી તેજ હતું. મારી તેઓની ઉત્તમોત્તમ દશાથી કેવી પૂજ્ય ભાવના થયેલી છે તે વાત આ પ્રસંગેજ હું કહેવા નીકળ્યો છું એમ નથી. "**સ્વાનુભવ દર્પણ**" નામના ગ્રંથથી આપ સર્વે પરિચિત છો. કેમકે તે ગ્રંથથી મારે જે સહન કરવું પડયું છે તે સર્વે કોઇના જાણવામાં છે. આ "સ્વાનુભવદર્પણ" મેં શ્રીમાનને અર્પણ કરેલ છે. આ અર્પણ હું અહીં આપને જણાવીશ તેથી મારી તેઓ પ્રત્યેની પૂજ્ય ભાવના પ્રથમથીજ કેવી છે તેનો આપને ખ્યાલ આવશે. આ અર્પણપત્રિકા આ પ્રમાણે છેઃ—

પરમોપકારી પૂજ્ય શ્રીમદ્ રાયચંદ્ર રવજીભાઇ,

જેમનાથી અધ્યાત્મમાર્ગમાં મારી પ્રીતિ થઇ, જેમનો મમત્વનો આગ્રહ છૂટયો છે, જેમને સુખદુઃખપર ઉદાસીનતા રહેતી અને જેમના સત્સંગના લાભથી, અનેક મનુષ્યોએ ઘણા કાળનો દુરાગ્રહ મૂકી, રાગદ્વેષ ઘટાડવાની પ્રવૃત્તિ આદરી છે, એવા શાન્ત, દાન્ત, ધૈર્ય, ગાંભિર્યાદિ અનેક સદ્ગુણાલંકૃત અંતરાત્મત્વરૂપ, આત્મા પરમાત્માની એકયતાના રસિક, પ્રસંગમાં આવનારને શ્રી વીતરાગ પ્રણીત, યથાર્થ માર્ગ જણાવનાર એવા પૂજ્યશ્રીને મ્હારા ઉપરના અનેકાનેક ઉપકારના સ્મરણાર્થે આ યોગીંદ્ર દેવના આશયને લઇ લખેલો ગ્રંથ, નિજશ્રીના આશયોને ઘણી ઘણી રીતે મળતી આવે એવી ૧૦૮ શ્લોકરૂપી માળા નિજશ્રીને નમ્રપણે અર્પણ કરૂં છું; અને

આ માળા ઘણા કાળથી આપને કંઠે છે, છતાં શુદ્ધ બુદ્ધિથી, અર્પણ કરેલી આ માળા, જ્યાં હો ત્યાં, આપશ્રીના કંઠને પુનઃ શોભાવો એવું હું ઇચ્છું છું.

આપના વિરહથી દુઃખી, આપનો દાસાનુદાસ,

માણેકલાલ ઘેલાભાઇ.

અમારી ભાગીદારીનાં કેટલાક વર્ષ તો સાહસિક વ્યાપારના ખેડાણમાં ગયેલાં; અને તે સમયે તેઓની વ્યાપાર અને વ્યવહાર કુશળતા એવી ઉત્તમ હતી કે, અમે વિલાયતના કેટલાક વ્યાપારીઓ સાથે કામ પાડતા હતા; તેઓ અમારી કામ લેવાની પદ્ધતિથી દેશીઓની કાબેલ્યત માટે પ્રશંસા કરતા હતા. અમારા આ વ્યાપારની કુંચી રૂપ ખરૂં કહીએ તો શ્રીમાન્ રાજચંદ્ર હતા.

સજ્જનો, મેં આપને જે કહ્યું કે તેઓએ મુંબઇથી લખેલો સંવત ૧૯૫૦ ના અશાડ શુદ ૧૫ ના પત્ર પરથી જણાશે.

"અત્રે હાલમાં વ્યાપાર સંબંધી પ્રયોજન રહે છે તેથી, તરતમાં થોડા વખત માટે પણ નીકળી શકાવું દુર્લભ છે. કારણ કે પ્રસંગ એવો છે કે, જેમાં મારા વિદ્યમાનપણાનું અવશ્ય, પ્રસંગના લોકો ગણે છે. તેમનું મન ન દુભાઇ શકે, અથવા તેમના કામને અત્રેથી મારા દૂર થવાથી કોઇ બળવાન હાનિ ન થઇ શકે એવો બ્યવસાય થાય, તો તેમ કરી થોડો વખત આ પ્રવૃત્તિથી અવકાશ લેવાનું ચિત્ત છે." આવા એક કુશળ ગણાતા વ્યાપારીને વ્યાપાર અને વ્યવહારની જંજાળ છતાં અંતરંગમાં આત્મરમણ શિવાય અન્ય કાંઇ નહોતું. આવા ઉપાધિના જીવનમાં પણ તેઓનું દૃષ્ટિબિંદુ કયાં હતું તે તેઓએ લખેલા એક આત્માર્થી પરના પત્રથી જણાશે.

"અનંત કાળ થયાં સ્વરૂપનું વિસ્મરણ હોવાથી અન્યભાવ જીવને સાધારણ થઇ ગયો છે. દીર્ઘકાળ સુધી સત્સંગમાં રહી બોધ ભૂમિકાનું સેવન થવાથી તે વિસ્મરણ અને અન્ય ભાવની સાધારણતા ટળે છે; અર્થાત્ અન્ય ભાવથી ઉદાસીનપણું હોય છે. આ કાળ વિષમ હોવાથી સ્વરૂપમાં તન્મયતા રહેવાની દુર્ઘટતા છે, તથાપિ સત્સંગનું દીર્ઘકાળ સુધી સેવન, તે તન્મયતા આપે એમાં સદેહ નથી થતો. જીંદગી અલ્પ છે; અને જંજાળ અનંત છે, સંખ્યાત ધન છે; અને તૃષ્ણા અનંત છે; ત્યાં સ્વરૂપ સ્મૃતિ સંભવે નહીં; પણ જ્યાં જંજાળ અલ્પ છે; અને જીંદગી અપ્રમત્ત છે, તેમજ તૃષ્ણા અલ્પ છે; અથવા નથી અને સર્વ સિદ્ધ છે ત્યાં સ્વરૂપ સ્મૃતિ પૂર્ણ થવી સંભવે છે. અમૂલ્ય એવું જ્ઞાનજીવન પ્રપંચે વહ્યું જાય છે. ઉદય બળવાન છે!"

પોતે વ્યાપાર વ્યવહારનું કામ કરતા, પણ તે તરફ તેઓની ભાવના કેવી હતી તે શ્રીમાને લખેલા બે ત્રણ પત્રો ઉપરથી જણાય છે. ૧૯૪૮ ની સાલમાં એક પત્રમાં પોતે જણાવ્યું છે કે, "હાલ અમે વ્યવહારિક કામ તો પ્રમાણમાં ઘણું કરીએ છીએ, તેમાં મન પણ પુરી રીતે દઇએ છીએ, તથાપિ તે મન વ્યવહારમાં ચોંટતું નથી. પોતાને વિષેજ રહે છે; એટલે વ્યવહાર બોજા રૂપ રહે છે."

સંવત્ ૧૯૪૯ ના પ્રથમ અશાડ વદ નો મુંબઇથી લખાયલો એક પત્ર અમારા વ્યાપારનું તથા તેઓની તે પ્રત્યેની વૃત્તિનું કાંઇક ભાન કરાવે છે.

"ગઇ સાલના માર્ગશીર્ષ માસમાં અત્રે આવવું થયું-ત્યારથી ઉત્તરોત્તર ઉપાધિ જોગ વિશેષાકાર થતો આવ્યો છે; અને ઘણું કરીને ઉપાધિયોગ વિશેષાકાર પ્રકારે કરી ઉપયોગથી વેદવો પડયો છે. આ કાળ સ્વભાવે કરી તીર્થંકરાદિએ દુષમ કહ્યો છે તેમાં વિશેષ કરી પ્રયોગે અનાર્યપણે યોગ્ય થએલાં એવાં આવાં ક્ષેત્રો વિષે તે કાળ બળવાનપણે વર્ત્તે છે. લોકોની આત્મપ્રત્યય યોગ્ય બુદ્ધિ અત્યંત હણાઇ જવા યોગ્ય થઇ છે. એવા સર્વ પ્રકારના દુષમ યોગને વિષે વ્યવહાર કરતાં પરમાર્થનું વિસરવું અત્યંત સુલભ છે; અને પરમાર્થનું અવિસરવું અત્યંત દુર્લભ છે. આનંદઘનજીએ ચોદમા જિનના સ્તવનને વિષે કહ્યું છે તેમાં આવા ક્ષેત્રનું દુષમપણું એટલી વિશેષતા છે; અને આનંદઘનજીના કાળ કરતાં વર્તમાનકાળ વિશેષ દુષમ પરિણામી વર્ત્તે છે; તેમાં જો કોઇ આત્મપ્રત્યયી પુરૂષને બચવા યોગ્ય ઉપાય હોય તો તે એક માત્ર નિરંતર અવિચ્છિન્ન ધારાએ સત્સંગનું ઉપાસવું એજ જણાય છે. પ્રાયે સર્વ કામના પ્રત્યે ઉદાસીનપણું છે એવા અમને પણ આ સર્વ વ્યવહાર અને કાળાદિ ગળકાં ખાતો સંસારસમુદ્ર માંડ તરવા દે છે; તથા સમયે સમયે તે પરિશ્રમનો અત્યંત પ્રસ્વેદ ઉત્પન્ન થયા કરે છે, અને ઉતાપ ઉત્પન્ન થઇ સત્સંગરૂપ જળની તૃષ્ણા અત્યંતપણે રહ્યા કરે છે; અને એજ દુઃખ લાગ્યા કરે છે. એમ છતાં પણ આવો વ્યવહાર ભજતાં દ્વૈષ પરિણામ તે પ્રત્યે કરવા યોગ્ય નથી. એવો જે સર્વ જ્ઞાની-અભિપ્રાય તે, વ્યવહાર પ્રત્યે સમતાપણે કરાવે છે. આત્મા તેને વિષે જાણે કંઇ કરતો નથી એમ લાગ્યા કરે છે."

"આ જે ઉપાધિ ઉદયવર્ત્તી છે, તે સર્વ પ્રકારે કષ્ટરૂપ છે, એમ પણ વિચારતાં લાગતું નથી. પૂર્વોપાર્જિત જે વડે શાંત થાય છે, તે ઉપાધિ પરિણામે આત્મપ્રત્યયી કહેવા યોગ્ય છે. મનમાં એમને એમ રહ્યા કરે છે કે, અલ્પકાળમાં આ ઉપાધિયોગ મટી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથતા પ્રાપ્ત થાય

તો, વધારે યોગ્ય છે; તથાપિ તે વાત અલ્પકાળમાં બને એવું સૂજતું નથી; અને જ્યાં સુધી તેમ ન થાય ત્યાં સુધી, તે ચિંતના મટવી સંભવતી નથી. "

" બીજો બધો વ્યવહાર વર્તમાનમાંજ મૂકી દીધો હોય તો તે બને એવું છે. બે ત્રણ ઉદય વ્યવહાર એવા છે કે, જે ભોગવ્યેજ નિવૃત્ત થાય એવા છે. અને કષ્ટે પણ તે વિશેષ કાળની સ્થિતિમાંથી અલ્પકાળમાં વેદી શકાય નહીં એવા છે; અને તે કારણે કરી મૂર્ખની પેઠે આ વ્યવહાર ભજ્યા કરીએ છીએ. કોઇ દ્રવ્યમાં, કોઈ ક્ષેત્રમાં, કોઇ ભાવમાં સ્થિતિ થાય એવો પ્રસંગ જાણે કયાંય દેખાતો નથી. કેવળ સર્વ પ્રકારનું તેમાંથી અપ્રબદ્ધપણુંજ યોગ્ય છે તથાપિ નિવૃત્તિ ક્ષેત્ર અને નિવૃત્તિકાળને, સત્સંગને અને આત્મવિચારને વિષે અમને પ્રતિબદ્ધ રૂચિ રહે છે. તે જોગ કોઇ પ્રકારે પણ જેમ બને તેમ થોડા કાળમાં થાય તેજ ચિંતના અહોરાત્ર વર્તે છે. "

બીજો એક પત્ર કે જે શ્રાવણ વદ ૫, ૧૯૪૯ નો લખેલો છે તે ઉપરથી આપણને તેઓની વ્યાપારાદિ પ્રવૃત્તિનો વિશેષ ખ્યાલ આવવા ઉપરાંત તેમની વૃત્તિનો ખ્યાલ આવશે. " ગઈ સાલના માગશર શુદ ૬ ઠે અત્રે આવવાનું થયું હતું, ત્યારથી આજ દિવસ પર્યંતમાં ઘણા પ્રકારના ઉપાધિ જોગ વેદવાનું બન્યું છે; અને જો ભગવત્ કૃપા ન હોય તો આ કાળને વિષે તેવા ઉપાધિ જોગમાં માથું ધડ ઉપર રહેવું કઠણ થાય. એમ થતાં થતાં ઘણી વાર જોયું છે; અને આત્મસ્વરૂપ જેણે જાણ્યું છે એવા પુરૂષને, અને આ સંસારને મળતી પાણ આવે નહીં, એવો અધિક નિશ્ચય થયો છે. જ્ઞાની પુરૂષ પણ અત્યંત નિશ્ચય ઉપયોગે વર્તતાં વર્તતાં કવચિત્ પણ મંદ પરિણામ પામી જાય, એવી આ સંસારની રચના છે. આત્મસ્વરૂપ સંબંધી બોધનો જો કે નાશ ન થાય, તથાપિ આત્મસ્વરૂપના બોધના વિશેષ પરિણામ પ્રત્યે એક પ્રકારનું આવરણ થવા રૂપ ઉપાધિ જોગ થાય છે. અમે તો તે ઉપાધિ જોગથી હજુ ત્રાસ પામ્યા કરીએ છીએ; અને તે તે જોગે હૃદયમાં અને દુઃખમાં મધ્યમવાચાએ પ્રભુનું નામ રાખી, માંડ કંઈ પ્રવર્તન કરી સ્થિર રહી શકીએ છીએ. સમ્યકત્વને વિષે અર્થાત્ બોધને વિષે ભ્રાંતિ પ્રાયે થતી નથી; પણ બોધના વિશેષ પરિણામનો અનવકાશ થાય છે; એમ તો સ્પષ્ટ દેખાય છે; અને તેથી ઘણીવાર આકુળવ્યાકુળપણાને પામી ત્યાગને ભજતો હવો; તથાપિ ઉપાર્જિત કર્મની સ્થિતિને સમપરિણામે, અદીનપણે, અવ્યાકુળપણે વેદવી એજ જ્ઞાની પુરૂષનો માર્ગ છે;

અને તેજ ભજવે છે; એમ સ્મૃતિ થઇ સ્થિરતા રહેતી આવી છે; એટલે આકુળાદિ ભાવની થતી વિશેષ મુંઝવણુ સમાપ્ત થતી હતી.”

“આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહીં જાય ત્યાંસુધી સુખ રહે નહીં, એવી અમારી સ્થિતિ છે. “આત્મા આત્મા,” તેનો વિચાર, જ્ઞાની પુરૂષની સ્મૃતિ, તેના મહાત્મ્યની કથા વાર્ત્તા તે પ્રત્યે અત્યંત ભક્તિ, તેમના અનવકાશ આત્મચારિત્ર પ્રત્યે મોહ એ અમને હજુ આકર્ષ્યા કરે છે; અને તે કાળ ભજીએ છીએ. પૂર્વકાળમાં જે જે જ્ઞાની પુરૂષના પ્રસંગો વ્યતીત થયા છે તે કાળ ધન્ય છે; તે ક્ષેત્ર અત્યંત અત્યંત ધન્ય છે. તે શ્રવણુને, શ્રવણુના કર્તાને, અને તેમાં ભક્તિભાવવાળા જીવોને ત્રિકાળ દંડવત્ છે. તે આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મવ્યાખ્યાની જ્ઞાની પુરૂષની વાણી, અ-થવા જ્ઞાની કે માર્ગાનુસારી જ્ઞાની પુરૂષના સિદ્ધાંત, તેની અપૂર્વતાને પ્રણામ અતિ ભક્તિએ કરીએ છીએ. અખંડ આત્મધુનના એકતાર પ્રવાહપૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે; અને બીજી બાજુથી આવાં ક્ષેત્રો, આવા લોક પ્રવાહ, આવા ઉપાધિ જોગ અને બીજા તેવા પ્રકાર જોઇ વિચાર મૂર્છાવત્ થાય છે. ઇશ્વિરેચ્છા !”

શ્રીમાન્ રાજચંદ્રની સોળ વર્ષની વય પહેલાંથી તે તેઓનો બત્રીશ વયની યુવાન વયે દેહોત્સર્ગ થયો. ત્યાંસુધીના જેટલા જેટલા તેઓના પત્રો, કે વચનોનો સંગ્રહ, સભાજનો, તમારી સમીપે પડેલ આ પુસ્તકમાં દાખલ કરેલ છે તેનો અનુક્રમે અભ્યાસ કરવાથી જણાય તેમ છે કે, તેઓની આત્મદશા સમયે સમયે વર્દ્ધમાન થતી ચાલી છે. શ્રીમાન્ રાજચંદ્રે પોતાના પિતાશ્રી ઉપર સંવત ૧૯૫૨ ના આશો વદ ૧૨ નો લખેલો એક પત્ર અહીં ટાંકવાથી તેઓની માબાપ પ્રત્યેની ભક્તિ અને તેઓની આત્મવૃત્તિનો કાંઇક ખ્યાલ આવશેઃ—

શીરછત્ર પિતાશ્રીજી;

મુંબઇથી આ બાજુ આવવામાં ફક્ત નિવૃત્તિનો હેતુ છે. શરીરની અ-ડચણુથી આ તરફ આવવું થયેલું તેમ નથી. આપની કૃપાથી શરીર સારૂં રહે છે. તે સ્થિરતામાં આત્માને નિવૃત્તિ વિશેષ કરી રહી છે. હાલ મુંબઇમાં રોગની શાંતિ ઘણી થઇ ગઇ છે. સંપૂર્ણુ શાંતિ થયે તે તરફ જવાનો વિચાર રાખ્યો છે; આપને પ્રતાપે નાણું મેળવવાનો ઘણું કરીને લોભ નથી; પણુ આત્માનું પરમ કલ્યાણુ કરવાની ઇચ્છા છે. મારી માતુશ્રીને પાય લાગણું પ્રામ થાય.

છોરૂ રાયચંદનું પાયલાગણું પ્રાપ્ત થાય.

મહાશય પ્રમુખ સાહેબ, અને સજ્જનો, વ્યાપાર અને વ્યવહાર સેવતાં પણ તેઓનો લક્ષ્ય આત્મા ભણિ કેવો તીવ્રપણે હતો તે આ ઉપરથી આપ જોઈ શક્યા હશો. હવે હું તેઓના

તત્ત્વજ્ઞાનના અસાધારણ પરિચય

સંબંધી આપણી આગળ કેટલોક પ્રકાશ પાડવા પ્રયત્ન કરીશ. જેઓ આત્મવાદને માનનારા નથી, અથવા બીજા આકારે કહીએ તો જડવાદને માનનારા છે તેઓનું કહેવું, હું શરૂઆતમાં કવિ ગેટીના શબ્દો કહી ગયો તે પ્રમાણેનું છે કે, જગતના ગુઢ રહસ્યનો નિર્ણય આવી શકવાનો સંભવજ નથી; એટલે તે નિમિત્તે પ્રયત્નો કરવામાં સમય વ્યતીત કરવો ન જોઈએ. આ જડવાદના કહેવાનું પૃથક્કરણ કરીએ, તો તેના કહેવાનો હેતુ એવો જણાયા વિના ન રહે કે, આત્માદિ શોધન સંબંધીના પ્રયત્નમાં રહેનારાઓનો એક જાતનો ભ્રમ છે; અને એવા ભ્રમના કારણે તેઓએ આ તત્ત્વજ્ઞાન અને ધર્મજ્ઞાનની જંજાળ કરી મુકી છે. તેઓની દૃષ્ટિ પ્રમાણે આજના ચરિત્ર નાયકની ગણના પણ આ ભ્રમમાં ભૂલનારાની ગણાય; પરંતુ જો આવા જડવાદને માનનારા **શ્રી**માનનો સૂક્ષ્મ અભ્યાસ કરે: તો તેઓને લાગ્યા વિના રહે નહિ કે, **શ્રી**માન્ ભ્રમને આધીન થયા નહોતા; પણ જડવાદીઓ ભૂલમાં પડયા છે: કારણ કે જે વિચારોનું અવલંબન જડવાદીઓ લે છે તે વિચારોને **શ્રી**માને અનુભવ કર્યા બાદજ આત્મવાદને સ્વીકાર્યો છે. આપની સમીપે પડેલ આ ગ્રંથમાં **શ્રી**માનની પોતાની અંગત ડાયરીઓ પ્રગટ થઇ છે. તેનો અભ્યાસ કરવાથીજ જણાયા વિના રહેશે નહિ કે, તેઓએ જગતના દરેકે દરેક ગૂઢ રહસ્યોને વિચાર્યા બાદજ આત્મવાદ સ્વીકાર્યો છે. **શ્રી**માને સંવત્ ૧૯૪૬ ના કાર્તિક શુદ ૧૫ એટલે પોતાના બાવીશ વર્ષની પૂર્ણતાએ પોતાનું જીવન ચરિત્ર (Auto-biography) લખવાનું શરૂ કરેલું, તેમાં તેઓએ જણાવ્યું છે કે "બાવીશ વર્ષની વયમાં મેં અનેક રંગ આત્મા સંબંધમાં, મન સંબંધમાં, વચન સંબંધમાં, તન સંબંધમાં અને ધન સંબંધમાં દીઠા છે. નાના પ્રકારની સૃષ્ટિ રચના, નાના પ્રકારનાં સંસારી મોજાં, અનંત દુઃખમૂળ એ બધાંનો અનેક પ્રકારે મને અનુભવ થયો છે. સમર્થ તત્ત્વજ્ઞાનીઓએ અને સમર્થ નાસ્તિકોએ જે જે વિચારો કર્યા છે તે જાતિના અનેક વિચારો તે અલ્પ વયમાં કરેલા છે."

વળી, બીજે સ્થળે લખ્યું છે કે "નાનપણમાં નાની સમજણમાં કોણ જાણે ક્યાંયથીએ મોટી કલ્પનાઓ આવતી. તે કલ્પનાનું એકવાર એવું રૂપ દીઠું કે પુનર્જન્મ નથી, પાપ નથી, પુણ્ય નથી, સુખે રહેવું અને સંસાર

ભોગવવો એજ કૃતકૃત્યતા છે. એમાંથી બીજી પંચાતિમાં નહિ પડતાં, ધર્મની વાસનાઓ કાઢી નાખી, કોઇ ધર્મ માટે ન્યૂનાધિક કે શ્રદ્ધાભાવપણું રહ્યું નહિ. થોડો વખત ગયા પછી એમાંથી ઓરજ થયું. જે થવાનું મેં કલ્પ્યું નહોતું, તેમ તે માટે મારા ખ્યાલમાં હોય એવું કંઈ મારૂં પ્રયત્ન પણ નહોતું, છતાં અચાનક ફેરફાર થયો. કાંઈ ઓર અનુભવ થયો; અને જે અનુભવ પ્રાયે શાસ્ત્રમાં લેખિત ન હોય, જડવાદીઓની કલ્પનામાં પણ નથી, તેવો હતો. તે ક્રમે કરીને વધ્યો, વધીને અત્યારે એક "તુંહિ તુંહિ" નો જાપ કરે છે."

જડવાદીઓ આ ઉપરથી ખાત્રી કરી શકશે કે, વંશપરંપરા અથવા જન્મ પરિચિત ધર્મવાસનાનેજ આધીન થઈ શ્રીમાન્‌ની આત્મધર્મ ઉપર શ્રદ્ધા બેઠેલી નહોતી; પરંતુ પોતાની સ્વતંત્ર વિચાર શક્તિએ જડવાદ સંબંધીના પૂર્ણપણે વિચારો પણ કર્યા બાદજ તે જડવાદનું મૂલ્ય તેઓએ શૂન્યતામાં ગણ્યું હતું. આ સ્થળે કોઈ પાશ્ચાત્ય વિજ્ઞાનવિદ્યા અથવા Science નો આશ્રય લેનારાઓ એમ કહે કે તેઓએ જડવાડ સંબંધીના જે વિચારો કર્યા હતા તે પૂર્વ ભણીની શૈલીએ કર્યા હશે; પરંતુ જો પશ્ચિમ ભણીની વિજ્ઞાન વિદ્યાની શૈલીએ જડવાદનો અભ્યાસ કર્યો હોત તો તેઓને પ્રતીતિ થાત કે આત્મવાદ ભૂલભરેલો છે. આવા વિજ્ઞાનવાદીઓને મારે એ ખુલાસો કરવાનો છે કે, પશ્ચિમનું સાયન્સ એમ કહે છે કે, આ પ્રાણીરચના પરમાણુ (Matter) ની થયેલી છે; તે પરમાણુ શાસ્ત્ર સંબંધી શ્રીમાન્ રાજચંદ્રે પશ્ચિમના પરમાણુ શાસ્ત્રીઓને ખ્યાલ નથી તેવો ગંભીર પ્રકારનો વિચાર કર્યો હતો, કારણકે તેઓએ જે ધર્મનો અંતીમ આશ્રય લીધો છે તે જૈન ધર્મમાં પરમાણુશાસ્ત્રના સંબંધમાં પશ્ચિમના સાયન્સ કરતાં સહસ્ત્રગણો વિશેષ વિચાર કરેલો છે. "આત્મા" ની રચના પરમાણુથી કોઈ કાળે પણ થઈ શકવા યોગ્ય નથી. એ સંબંધમાં શ્રીમાન્ રાજચંદ્રે જે જે વિચારો કર્યા છે તે તેમના "આત્મસિદ્ધિશાસ્ત્ર" નામના પુસ્તક પરથી અને બીજા લેખો ઉપરથી જોવાથી આ જડવાદના આશ્રય લેનારાઓને પ્રતીતિ થશે.

ષડ્દર્શનોના અવલોકન પછીજ જૈન ધર્મના સિદ્ધાંતોનો સ્વીકાર.

શ્રીમાન્ રાજચંદ્રનું એક જૈન ફીલસુફ તરીકેનું જાહેરને ઓળખાણ છે. એ ઉપરથી જૈન શિવાયના અન્ય દર્શનોના અનુસરનારાઓમાંથી કોઈ એમ કહેવા નીકળે કે, તેઓનો કુળધર્મ જૈન છે, તેમજ તેઓ જૈન વિચાર

વાતાવરણમાં ઉછરેલા તેથી કરી તેઓનો અભિપ્રાય જૈનના સિદ્ધાંતો પ્રત્યે સ્થિરતા પામેલો હશે, પરંતુ જો તેઓએ અન્ય દર્શનો જોયાં હોત, તો તેમના વિચારો તેમને ફેરવવાનું કારણ મળત. આમ અન્ય દર્શનોના અનુસરનારાઓને શંકા થવા યોગ્ય છે; પરંતુ તે શંકાનું સમાધાન, સભાજનો, જ્યારે તેમની સમીપે મૂકવામાં આવશે ત્યારે તેઓ પોતાનો અભિપ્રાય અવશ્ય બદલ્યા વિના રહેશે નહિ એમ મારી ખાત્રી છે. પ્રથમમાં મારે કહી દેવું જોઇએ કે, તેઓના બાળપણમાં તેઓને જૈન ધર્મના સંસ્કારો થવાનાં નિમિત્તો નહોતાં. તેઓના પિતામહ લગભગ અઠાણું વર્ષનું વય ભોગવવા પામેલા. તેઓના પિતામહ **શ્રી** કૃષ્ણની ભક્તિ કરતા હતા; અને **શ્રી**માન્ **રાજ**ચંદ્રના બાલવયમાં તેઓને પૌરાણિક શૈલીએ **શ્રી** કૃષ્ણની ભક્તિ સંબંધમાં સંસ્કારો પડેલા. **શ્રી**માન્ **રાજ**ચંદ્ર પોતાના બાળવયના ધર્મ સંબંધીના સંસ્કારો વિષે કહે છે કે "મારા પિતામહ કૃષ્ણની ભક્તિ કરતા હતા. તેમની પાસે તે વયમાં કૃષ્ણકીર્તનના પદો મેં સાંભળ્યાં હતાં. તેમજ જુદા જુદા અવતારો સંબંધી ચમત્કારો સાંભળ્યા; જેથી મને ભક્તિની સાથે તે અવતારોમાં પ્રીતિ થઈ હતી. મેં બાળલીલામાં કંઠી બંધાવી હતી; નિત્ય કૃષ્ણનાં દર્શન કરવા જતો. વખતો વખત કથાઓ સાંભળતો; વારંવાર અવતારો સંબંધી ચમત્કારમાં હું મોહ પામતો; અને તેને પરમાત્મા માનતો; જેથી તેનું રહેવાનું સ્થળ જોવાની પરમ જિજ્ઞાસા હતી......ગુજરાતી ભાષાની વાંચન માળામાં જગત્કર્ત્તા સંબંધી કેટલેક સ્થળે બોધ કર્યો છે તે મને દૃઢ થઇ ગયો હતો; જેથી જૈન લોકો ભણી મારી બહુ જુગુપ્સા હતી. બનાવ્યા વગર કોઇ પદાર્થ બને નહિ માટે જૈન લોકો મૂર્ખ છે તેને ખબર નથી." આવા પ્રકારના સંસ્કારો હતા; એટલે એ ઉપરથી બાળપણના સંસ્કારોને લઇને જૈનધર્મ પ્રતિ તેઓનું સ્થંભીતપણું હતું એમ અન્ય દર્શનોને અનુસરનારાઓ કહી શકશે નહિ. **શ્રી**માને સર્વ દર્શનોનું કેટલું સૂક્ષ્મ અવલોકન કર્યું હતું; તેમજ વેદાંત સાંખ્યાદિ દર્શનોના સિદ્ધાંતોનું તેઓનું પ્રબળ જ્ઞાન હતું તેનો ખ્યાલ આ ગ્રંથના અભ્યાસથી આવી શકે તેમ છે. તેમાં પણ ખાસ કરી આ ગ્રંથમાં દાખલ કરેલ તેઓની ખાનગી ડાયરી અવલોકવાથી અસ્ખલિત પ્રતીતિ થવા યોગ્ય છે કે, તેઓને કોઇ પણ વેદાંતાદિ દર્શનોના સમર્થ તત્ત્વજ્ઞાનીઓ જેટલું જ્ઞાન હતું. જેમ કોઈ સ્થળે અમૂલ્ય ચીજ પડી ગઇ હોય, અને તેની શોધ કરવા માટે તે સ્થળે જવા માટે જેટલા રસ્તા હોય, તેટલા ફરી ફરીને ફેંદી નાંખીએ છીએ, તેમ **શ્રી**માને વિશ્વવ્યવસ્થાનું સત્યસ્વરૂપરૂપ અમૂલ્ય ચીજ કઇ તે શોધવા માટે વેદાંત,

જૈન, સાંખ્યાદિ દર્શનોરૂપી માર્ગોને સતત કસોટીએ ચડાવ્યા છે. સજ્જનો, તેઓની ડાયરીમાંથી નીચેનો ભાગ હું લઉં છું તે, આપ બરાબર વિચારી જોશો, તો જણાશે કે, તેઓએ જૈન તેમજ બીજાં દર્શનો બરાબર જોયા પછીજ જૈન દર્શનનો સ્વીકાર કર્યો છે. "પ્રત્યક્ષ અનેક પ્રકારનાં દુઃખને તથા દુઃખી પ્રાણીઓને જોઇને, તેમજ જગતની વિચિત્ર રચના જાણીને તેમ થવાનો હેતુ શો છે, તથા તે દુઃખનું મૂળ સ્વરૂપ શું છે, અને તેની નિવૃત્તિ કયા પ્રકારે થઇ શકવા યોગ્ય છે, તેમજ જગતની વિચિત્ર રચનાનું અંતર્સ્વરૂપ શું છે એ આદિ પ્રકારને વિષે વિચારદશા ઉત્પન્ન થઈ છે જેને એવા મુમુક્ષુ પુરૂષ તેમણે, પૂર્વ પુરૂષોએ ઉપર કહ્યા તે વિચારો વિષે જે કંઈ સમાધાન આણ્યું હતું, અથવા માન્યું હતું, તે વિચારના સમાધાન પ્રત્યે પણ યથાશક્તિ આલોચના કરી, તે આલોચના કરતાં વિવિધ પ્રકારના મતમતાંતર તથા અભિપ્રાય સંબંધી યથાશક્તિ વિશેષ વિચાર કર્યો. તેમજ નાના પ્રકારના રામાનુજાદિ સંપ્રદાયનો વિચાર કર્યો. તે આલોચના વિષે અનેક પ્રકારે તે દર્શનના સ્વરૂપનું મથન કર્યું. પ્રસંગે પ્રસંગે મથનની યોગ્યતાને પ્રાપ્ત થએલું એવું જૈન દર્શન તે સંબંધી ઘણા પ્રકારે જે મથન થયું તે મથનથી તે દર્શનની સિદ્ધિ થવા પૂર્વાપર વિરોધ જેવા લાગે છે, એવાં નીચે લખ્યાં છે તે કારણો દેખાયાં."

આ ઉપરથી સજ્જનો, આપ જોઇ શકશો કે જૈન તેમજ બીજાં દર્શનો કે સંપ્રદાયોના સ્વરૂપ સંબંધી આલોચના કર્યા બાદ તેમજ જૈન દર્શનમાં પરસ્પર વિરોધ જેવાં લાગે છે તે કારણોના યોગ્ય સમાધાન પછીજ તેઓએ જૈન ધર્મનો પણ સ્વીકાર કર્યો છે. જૈન શિવાયના અન્ય દર્શનોને અનુસરનારા જોઈ શકશે કે જૈનના વિશેષ પરિચયના કારણથીજ અથવા અન્ય દર્શનોના સ્વરૂપ નહિ અવલોકયાથી શ્રીમાન્ રાજચંદ્રે જૈન ધર્મના તત્ત્વાર્થની પ્રતીતિ કરી છે એવું કિંચિત્ માત્ર પણ નથી. આજ વાતની પુષ્ટિમાં એક અપૂર્ણ સ્થિતિમાં મળી આવેલો પત્ર અહીં મૂકું છું. જે શ્રીમાનની સર્વ દર્શનો પ્રતિ સમદષ્ટિ હતી તેમજ કોઇ પણ દર્શન પ્રતિ સહેજ પણ રાગબુદ્ધિ નહોતી, એમ જણાશે.

"અમારા ચિત્તને વિષે વારંવાર એમ આવે છે, અને એમ પરિણામ સ્થિર રહ્યા કરે છે કે, જેવો આત્મકલ્યાણનો નિર્ધાર શ્રી વર્દ્ધમાન સ્વામીએ, કે શ્રી ઋષભાદિએ કર્યો છે તેવો નિર્દ્ધાર બીજા સંપ્રદાયને વિષે નથી. વેદાંતાદિ દર્શનોનો લક્ષ આત્મજ્ઞાન ભણી અને સંપૂર્ણ મોક્ષ પ્રત્યે જતો જોવામાં આવે છે, પણ તેનો યથાયોગ્ય નિર્ધાર સંપૂર્ણપણે તેમાં જણાતો નથી;

અંશે જણાય છે; અને કંઇ કંઈ તે પણ પર્યાય ફેર દેખાય છે; જો કે વેદાંતને વિષે ઠામ ઠામ આત્મચર્યાજ વિવેચી છે તથાપિ તે ચર્યા સ્પષ્ટપણે અવિરૂદ્ધ છે; એમ હજુ સુધી લાગી શકતું નથી. એમ પણ બને કે, વખતે વિચારના કોઇ ઉદય ભેદથી વેદાંતનો આશય બીજે સ્વરૂપે સમજવામાં આવતો હોય, અને તેથી વિરોધ ભાસતો હોય; એવી આશંકા પણ ફરી ફરી ચિત્તમાં કરવામાં આવી છે; વિશેષ વિશેષ આત્મવીર્ય પરિણમાવીને તેને અવિરોધ જોવા માટે વિચાર કર્યા કરેલ છે; તથાપિ એમ જણાય છે કે વેદાંત જે પ્રકારે આત્મસ્વરૂપ કહે છે તે પ્રકારે સર્વથા વેદાંત અવિરોધપણું પામી શકતું નથી; કેમકે તે કહે છે તેજ પ્રમાણે આત્મસ્વરૂપ નથી. કોઈ તેમાં મોટો ભેદ જોવામાં આવે છે, અને તે તે પ્રકારે સાંખ્યાદિ દર્શનોને વિષે પણ ભેદ જોવામાં આવે છે. એક માત્ર શ્રી જિને કહ્યું છે તે આત્મસ્વરૂપ વિશેષ વિશેષ અવિરોધી જોવામાં આવે છે; અને તે પ્રકારે વેદવામાં આવે છે. સંપૂર્ણપણે અવિરોધી જિનનું કહેવું આત્મસ્વરૂપ હોવા યોગ્ય છે એમ ભાસે છે. સંપૂર્ણપણે અવિરોધીજ છે એમ કહેવામાં નથી આવતું, તેનો હેતુ માત્ર એટલો છે કે સંપૂર્ણપણે આત્માવસ્થા પ્રગટી નથીઃ જેથી જે અવસ્થા અપ્રગટ છે તે અવસ્થાનું અનુમાન વર્તમાનમાં કરીએ છીએ; જેથી તે અનુમાનપર અત્યંત ભાર ન દેવા યોગ્ય ગણી વિશેષ વિશેષ અવિરોધી છે એમ જણાવ્યું છે. સંપૂર્ણ અવિરોધી હોવાયોગ્ય છે. સંપૂર્ણ આત્મસ્વરૂપ કોઇ પણ પુરૂષને વિષે પ્રગટવું જોઇએ, એવો આત્માને વિષે નિશ્ચય પ્રતીતિભાવ આવે છે, અને તે કેવા પુરૂષને વિષે પ્રગટવું જોઇએ એમ વિચાર કરતાં જિન જેવા પુરૂષને પ્રગટવું જોઇએ એમ સ્પષ્ટ લાગે છે. કોઇને પણ આ સૃષ્ટિ મંડળને વિષે આત્મસ્વરૂપ સંપૂર્ણ પ્રગટવા યોગ્ય હોય, તો શ્રી વર્દ્ધમાન સ્વામીને વિષે પ્રથમ પ્રગટવા યોગ્ય લાગે છે, અથવા તે દશાના પુરૂષોને વિષે સૌથી પ્રથમ સંપૂર્ણ આત્મ સ્વરૂપ–"

વેદાંત અને સાંખ્યાદિ દર્શનો શ્રીમાન્ રાજચંદ્રે કેવી નિષ્પક્ષપાત બુદ્ધિએ અવલોક્યાં હોવાં જોઈએ તેનો તેમજ જૈન દર્શન પ્રત્યે કિંચિત્ માત્ર રાગ બુદ્ધિ ન થવા માટે તેઓની કેટલીક સૂક્ષ્મ કાળજી છે તેનો આબેહુબ ખ્યાલ જેઓ "વિચારપૃથક્કરણવિદ્યા" ના અભ્યાસીઓ છે તેનેજ આવી શકે. વેદાંત, સાંખ્યાદિ દર્શનોનો કેટલો સૂક્ષ્મ અભ્યાસ હશે. તેને વિષે ઠામઠામ આત્મચર્યાજ ચર્ચી છે તેનું સંપૂર્ણ ભાન, અને વેદાંતાદિ દર્શનો અવિરૂદ્ધપણે જોવા માટેનો તેમનો પરમ લક્ષ્ય એ વાતનો એક તરફથી વિચાર કરો, અને બીજો તેની સાથે એ લક્ષ્ય રાખો કે, શ્રી જિને કહેલું આત્મસ્વ-

રૂપ સંપૂર્ણ અવિરોધી હોવાયોગ્ય છે એમ પોતાનો અનુભવ બતાવે છે, પરંતુ સંપૂર્ણ અવિરોધી એમ પોતે કહેતા નથી, કેમકે તેઓ એમ કહે છે કે, "હજી મને સંપૂર્ણ આત્માવસ્થા પ્રગટી નથી; અર્થાત્ મને જે સ્વરૂપે શ્રી વર્ધ્ધમાન સ્વામી કે શ્રી ઋષભાદિ પરમપુરૂષોને કેવલ્યજ્ઞાન અનુભવગોચર થયું હતું તે સ્વરૂપે અનુભવગોચર થયું નથી." કહેવાનો હેતુ એવો છે કે કોઈ પણ કારણથી કિંચિત્ માત્ર જૈન અથવા અન્ય દર્શનોના સ્વરૂપનો અન્યથા અથવા વિશેષ આકારે વિચાર બાંધતાં શ્રીમાનનો આત્મા અત્યંત ડરે છે.

કોઈ એમ કહી શકે એમ તો છેજ નહિ, કે તેઓને ધર્મનો મમત્વ હતો અને તે કારણથી તેઓનું ચિત્ત જૈન ધર્મના સિદ્ધાંતોને સત્યરૂપ સ્વીકારતું હતું. જો આપ તેઓના વિચારોનો અભ્યાસ કરો, તો જણાય કે તેઓના રોમમાં પણ કોઇ ધર્મનો કિચિંત્ માત્ર મમત્વ નહોતો. તેઓએ પગલે વારંવાર એજ ચર્ચા કરી છે કે, ધર્મનો મમત્વ નજ જોઇએ. તેઓનું એક પદ કે જેનો વિષય શ્રીમાન્ રાજ્યચંદ્રના શબ્દોમાં કહીએ, તો "જગત્માં ભિન્નભિન્ન મત અને દર્શન જોવામાં આવે છે તે દષ્ટિભેદ છે." તે પદ આપની સમીપ મૂકું છું તે ઉપરથી આપ જોઇ શકશો કે, કોઈ પણ એમ કહેવાને તત્પર નહિ થાય કે, તેઓને ધર્મ સંબંધીનો મમત્વ હતો.

ભિન્ન ભિન્ન મત દેખીએ, ભેદ દષ્ટિનો એહ;
એક તત્ત્વના મૂળમાં વ્યાપ્યા માનો તેહ.
તેહ તત્ત્વરૂપવૃક્ષનું આત્મધર્મ જે મૂળ;
સ્વભાવની સિદ્ધિ કરે ધર્મ તેજ અનુકૂળ.

અર્થાત્ તેઓનો કહેવાનો આશય એવો છે કે, આત્માનો વસ્તુતઃ સ્વભાવ જે દ્વારાએ સિદ્ધ થાય તેજ ધર્મ પોતાનો અથવા પોતાને અનુકૂળ છે એમ સમજવું.

જૈનના "સ્થાનાંગ સૂત્ર"માં ધર્મ સંબંધીના જેટલા જેટલા મત અથવા અભિપ્રાયો ચાલે છે, તેનો મુખ્યપણે આઠ વાદમાં સમાવેશ કરેલો છે. આ આઠ વાદમાં જૈન, વેદાંત કે કોઇ પણ ધર્મ સંબંધી અભિપ્રાય આવી જાય છે. એક સમયે એક જિજ્ઞાસુએ શ્રીમાન્ રાજ્યચંદ્રને પ્રશ્ન કર્યો કે, (૧) સ્થાનાંગમાં આઠવાદી કહ્યા છે, તેમાં આપને તથા અમારે કયા વાદમાં દાખલ થવું? (૨) એ આઠ વાદથી કોઈ જૂદો માર્ગ આદરવા યોગ્ય હોય તો તે જાણવા સારૂ આકાંક્ષા છે? (૩) અથવા આઠે વાદીના માર્ગનો સરવાળો કરવો એજ માર્ગ છે, કે શી રીતે? અથવા તે આઠ વાદીના સરવાળામાં કાંઇ ન્યૂનાધિકતા કરી માર્ગ ગ્રહણ કરવો યોગ્ય છે અને છે તો શું?" આનો જે જવાબ

શ્રીમાન્ રાજચંદ્રે આપેલો છે તે ઉપરથી જણાશે કે તેના એક રોમ માત્રમાં પણ ધર્મવાદનો મમત્વ હતોજ નહિ; તેઓનો લક્ષ્ય તો આત્મપ્રાપ્તિમાંજ નિરંતર વહેતો હતો. તેઓએ આ પ્રશ્નોના જવાબમાં એમ લખ્યું હતું કે " આમ લખ્યું છે તે વિષે જાણવાનું કે, એ આઠે વાદોના—બીજા તે શિવાયનાં દર્શનોમાં—સંપ્રદાયોમાં માર્ગ કંઇક (અન્વય) જોડાયેલો રહે છે; નહિ તો ઘણું કરીને જૂદોજ (વ્યતિરિક્ત) રહે છે. તે વાદી, દર્શન, સંપ્રદાય એ બધાં કોઈ રીતે પ્રાપ્તિમાં કારણ રૂપ થાય છે; પણ સમ્યક્જ્ઞાની વિનાના બીજા જીવોને તો બંધન પણ થાય છે. માર્ગની જેને ઇચ્છા ઉત્પન્ન થઈ છે તેણે, એ બધાંનું 'સાધારણ જ્ઞાન' વાંચવું વિચારવું; બાકી મધ્યસ્થ રહેવું યોગ્ય છે. 'સાધારણ જ્ઞાન' નો અર્થ આ ઠેકાણે એવો કરવો કે, "બધા શાસ્ત્રમાં વર્ણવતાં અધિક જૂદાઈ ન પડી હોય તેવું જ્ઞાન."

સજ્જનો, હું આજે કહું છું તેનો આપ અભ્યાસ કરો, અને આપને માલમ પડશે કે, તેઓનો મુખ્ય બોધજ એ હતો કે, ધર્મમમત્વ એ આત્માને કર્મથી મુક્ત કરનારૂં સાધન નથી; પણ આત્માને કર્મ બંધનનું સાધન છે.

કોઇને એમ વિચાર આવે કે, શ્રીમાન્ રાજચંદ્રનો રાગ જૈનમાર્ગ પ્રત્યે હોવો જોઇએ, અને તે રાગની ચક્ષુઓને લઇને અન્ય દર્શનો કરતાં જૈન માર્ગે સ્વીકારેલું આત્મસ્વરૂપ માન્ય કર્યું હોવું જોઇએ. જેઓને આવો વિચાર આવે તેઓ પોતાનું મન સંવત્ ૧૯૪૪ ના આશો વદ ૨ ને રોજ લખાએલા એક પત્રદ્વારાએ શાંત કરી શકશે. આ કાગળમાં લખ્યું છે કે, "પાર્શ્વનાથાદિ યોગીશ્વરની દશાની સ્મૃતિ કરજો; અને તેજ અભિલાષા રાખ્યા રહેજો. આ અલ્પજ્ઞ આત્મા તે પદનો અભિલાષી અને તે પુરૂષના ચરણકમળમાં તલ્લિન થયેલો દીન શિષ્ય છે." જગતના સઘળા દર્શનની—મતની શ્રદ્ધાને ભૂલી જજો. જૈન સંબંધી સર્વ ખ્યાલ ભૂલી જજો. માત્ર (પાર્શ્વનાથાદિક) સત્પુરૂષોના અદ્‌ભૂત, યોગસ્ફુરિત ચરિત્રમાંજ ઉપયોગને પ્રેરશો. જ્યાં ત્યાંથી રાગદ્વેષરહિત થવું એજ મારો ધર્મ છે. પરમ શાંતિપદને ઇચ્છીએ એજ આપણો સર્વસમ્મત ધર્મ છે. હું કોઇ ગચ્છમાં નથી, પણ આત્મામાં છું એ ભૂલશો નહિ."

વળી કોઇને એમ પણ વિચાર આવે કે જૈન મત સંબંધી ભલે શ્રીમાન્‌ને મમત્વ ને રાગ ન હોય, પરંતુ પાર્શ્વનાથાદિ પ્રત્યે તેઓનો પ્રશસ્ત રાગ છે તેવો રાગ અન્ય દર્શનોના મહાત્મા પ્રત્યે હોત, તો તેઓને શ્રી પાર્શ્વનાથાદિ પુરૂષોનું પ્રણીત કરેલું આત્મ સ્વરૂપ યથાર્થ લાગ્યું છે તેવું અન્ય દર્શનોમાંથી કોઇકનું પણ લાગ્યા વિના રહેત નહિ. આવો જેઓ વિચાર

ધરાવે, તેઓ જ્યારે જાણશે કે, અન્ય દર્શનોના પ્રણેતાઓ ઉપરજ નહિ, પણ તે દર્શનોના ભક્ત તરફ તેઓનો અત્યંત પ્રશસ્ત રાગ હતો. હું આપની સમીપે આ સંબંધમાં કેટલાક પત્રોમાંથી ફકરાઓ ટાંકું છું. સંવત્ ૧૯૪૭ ના માગશર વદ ના એક પત્રમાં **શ્રી**માને લખ્યું છે કે–

" કણબી અને કોળી જેવી જ્ઞાતિમાં પણ માર્ગને પામેલા થોડા વર્ષમાં ઘણા પુરૂષો થઈ ગયા છે. તે મહાત્માઓની જનમંડળને **અપિછાન** હોવાને લીધે કોઇકજ તેનાથી સાર્થક સાધી શક્યું છે. જીવને મહાત્મા પ્રત્યે મોહજ ન આવ્યો એ કેવી ઇશ્વરી અદ્ભુત નિયતિ છે! એઓ સર્વ કંઇ છેવટના જ્ઞાનને પ્રાપ્ત થયા નહોતા; પરંતુ તે મળવું તેમને બહુ સમીપમાં હતું. એવા પુરૂષો પ્રત્યે રોમાંચ બહુ ઉલ્લસે છે, અને જાણે નિરંતર તેવાની ચરણ સેવાજ કરીએ; એ એક આકાંક્ષા રહે છે. જ્ઞાની કરતાં એવા મુમુક્ષુ પર અતિશય ઉલ્લાસ આવે છે; તેનું કારણ એજ છે કે તેઓ જ્ઞાનીના ચરણને નિરંતર સેવે છે; અને એજ એમનું દાસત્વ અમારૂં તેના પ્રત્યે દાસત્વ થાય છે; તેનું કારણ છે. **ભોજો ભગત, નિરાંત કોળી** ઈત્યાદિક પુરૂષો યોગી (પરમ યોગ્યતાવાળા) હતા."

શ્રીમાન્ રાજચંદ્રનો અભિપ્રાય તથા અનુભવ **શ્રી જિન** પ્રણીત વસ્તુ સ્વરૂપ યથાર્થ હોવાનો થયો હતો છતાં તેઓના વિચારોનું અવલોકન કરવામાં આવે તો જણાયા વિના ન રહે કે તેઓએ અન્ય દર્શનો પ્રત્યે જે સ્થળે ઉત્તમતા જોઈ છે ત્યાં તેનો પ્રશસ્ત રાગ દાખવ્યો છે, શ્રી પૌરાણીક શાસ્ત્રોમાં ભક્તિનું માહાત્મ્ય ગાયું છે તે અદ્ભુત છે એટલે તેનો પ્રશસ્ત રાગ તેઓએ કર્યો છે. નીચેના એક પત્ર પરથી આ વાતની પ્રતીતિ થશે, એટલુંજ નહિ પણ વૈદિક સંપ્રદાયના અનુસરનારાઓ એમ દલીલ નહિ લાવી શકે કે, **શ્રી**માન્નું જૈન સિદ્ધાંતનું અંતીમ અવલંબન હતું એટલે તેઓએ વૈદિક સંપ્રદાયોના સિદ્ધાંતોને યથાસ્થિતપણે :અવલોક્યા નહોતા. આ પત્ર વૈદિક અનુયાયીઓને પ્રતીતિ કરાવશે કે, જેણે વૈદિક વિચારોનો પરમ પ્રીતિપૂર્વક અભ્યાસ કર્યો હોય તેજ આવા વિચારો લખી શકે.

આપને મેં કહ્યો તે પત્રમાંથી નીચે પ્રમાણે ભાગ લઉં છું:—

" આજના પ્રભાતથી નિરંજન દેવની કોઇ અદ્ભુત અનુગ્રહતા પ્રકાશી છે. આજે ઘણા દિવસ થયાં ઇચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમ રૂપમાં ઉદય પામી છે. ગોપીઓ, **ભ**ગવાન વાસુદેવ (કૃષ્ણચંદ્ર)ને મહીની મટુકીમાં નાંખી વેચવા નિકળી હતી એવી એક **શ્રી**મદ્ **ભા**ગવતમાં કથા છે; તે પ્રસંગ આજે બહુ સ્મરણમાં રહ્યો છે. અમૃત પ્રવહે છે. ત્યાં સહસ્ર દળ

કમળ છે એ મહીની મટુકી છે; અને આદિ પુરૂષ તેમાં બિરાજમાન છે તે **ભગવંત વાસુદેવ** છે. તેની પ્રાપ્તિ સત્ય પુરૂષની ચિત્તવૃત્તિ રૂપ ગોપીને થતાં તે ઉપદેશમાં આવી જઇ બીજા કોઈ મુમુક્ષુ આત્મા પ્રત્યે " કોઈ માધવ લ્યો, હાંરે કોઇ માધવ લ્યો " એમ કહે છે, અર્થાત્ તે વૃત્તિ કહે છે કે, આદિ પુરૂષની અમને પ્રાપ્તિ થઈ; અને એ એકજ પ્રાપ્ત કરવા યોગ્ય છે; બીજું કશુંય પ્રાપ્ત કરવા યોગ્ય નથી; માટે તમે પ્રાપ્ત કરો. ઉલ્લાસમાં ફરી ફરી કહે છે. " તમે તે પુરાણ પુરૂષને પ્રાપ્ત કરો; અને જો તે પ્રાપ્તિને અચળ પ્રેમથી ઇચ્છો તો અમે તમને તે આદિપુરૂષ આપી દઇએ. મટુકીમાં નાંખીને વેચવા નીકળ્યા છીએ; ગ્રાહક દેખી આપી દઇએ, કોઇ ગ્રાહક થાઓ. અચળ પ્રેમથી કોઇ ગ્રાહક થાઓ. વાસુદેવની પ્રાપ્તિ કરાવીએ." મટુકીમાં નાંખીને વેચવા નીકળ્યાનો અર્થ સહસ્ત્રદળકમળમાં અમને **વાસુદેવ** ભગવાન મળ્યા છે. મહીનું નામ માત્ર છે. આખી સૃષ્ટિને મથીને જો મહી કાઢીએ, તો માત્ર એક અમૃતરૂપ **વાસુદેવ ભગવાનજ** મહી નીકળે છે. એવું સૂક્ષ્મસ્વરૂપ તે સ્થૂળ કરી **વ્યાસજીએ** અદ્‌ભુત ભક્તિ ગાઇ છે. આ વાત અને આખું **ભાગવત** એ એકનેજ પ્રાપ્ત કરાવવા માટે અક્ષરે અક્ષર ભરપુર છે, અને તે (અ) મને ઘણા કાળ પહેલાં સમજાયું છે."

આ પ્રકારના અનેક લેખો અને વિચારો, સભાજનો, આપને **શ્રી**માનના આપની સમીપ પડેલ ગ્રંથપરથી જણાશે. વૈદિક અનુયાયીઓ આ લખાણો જોયા પછી મારા ધારવા પ્રમાણે કહેવાનું મન નહિ કરે કે, **શ્રીમાન્ રાજચંદ્રનો** અભિપ્રાય જૈન માર્ગ પ્રત્યે હોઇ અન્ય સંપ્રદાયોના અભિપ્રાયો જોયા નહોતા.

હવે સજ્જનો, હું **શ્રીમાન્ રાજચંદ્રની** અધ્યાત્મદશા સંબંધમાં થોડાક વિચારો આપને જણાવીશ. હું આપને બતાવી ગયો છું કે, **શ્રીમાન્નો** અભિપ્રાય એવો હતો કે, આત્મસ્વરૂપ જે પ્રકારે **શ્રીજિને** કહ્યું છે તેજ પ્રમાણે હોવા યોગ્ય છે. વેદાંત, જૈન અને સાંખ્યાદિ દર્શનોમાંથી આત્મસ્વરૂપ કોનું પ્રરૂપેલ છે એ સંબંધીનો તેઓનો એક લેખ હું પ્રથમ આપી ગયો છું. તે લેખનું " વિચાર પૃથક્કરણ વિદ્યા " વડે જો પરીક્ષણ કરવામાં આવે તો તેઓને આત્માનુભવ થયેલો કે નહિ, અને થયો હતો તો કઇ હદ સુધી તેનો નિર્ણય થઇ શકે. તેઓએ તે લેખમાં એમ કહ્યું છે કે " વેદાંત જે પ્રકારે આત્મસ્વરૂપ કહે છે તે પ્રકારે સર્વથા વેદાંત અવિરોધપણું પામી શકતું નથી, કેમકે તે કહે છે તેજ પ્રમાણે આત્મસ્વરૂપ નથી; કોઇ તેમાં મોટો ભેદ જોવામાં આવે છે; અને તે તે પ્રકારે સાંખ્યાદિ દર્શનોને વિષે પણ ભેદ

જોવામાં આવે છે, અને તે પ્રકારે વેદવામાં આવે છે." આ ભાગ જે પત્ર ઉપરથી હું અહીં લઉં છું તે આખો પત્ર પ્રથમ આવી ગયો છે. જેમ સોનું ગાળવાની કળાવડે સોનું ગાળવામાં આવે છે તેમ વિચારપૃથક્કરણવિદ્યાવડે તેઓના વિચારો ગાળી ગાળીને જોવામાં આવે, તો જણાય કે, **શ્રીમાન્ રાજચંદ્રના** એક રોમમાં પણ વેદાંતાદિ દર્શનો પ્રત્યે સહેજ પણ ન્યૂન ભાવ રાખવાની બુદ્ધિ નથી; તેમ જૈન દર્શન પ્રત્યે સહજ પણ પક્ષપાતભાવ રાખવાની ઇચ્છાજ નથી. આ વાત કહેવાનો હેતુ એ છે કે કોઇ એ લેખ વાંચીને એવા વિચાર ઉપર ન જાય કે તેઓનો જૈન દર્શન પ્રત્યે બિન્દુમાત્ર પણ પક્ષપાત હતો. મતલબ કે ઘણા લેખોની પેઠે આ લેખ તદ્દન નિષ્પક્ષતાવાળો છે. આવો જે લેખ તેમાં તેઓ જે કહે છે કે, "વેદાંત જે પ્રકારે આત્મસ્વરૂપ કહે છે તે પ્રકારે સર્વથા વેદાંત અવિરોધપણું પામી શકતું નથી, કેમકે તે કહે છે તેજ પ્રમાણે આત્મસ્વરૂપ નથી. કાંઈ તેમાં મોટો ભેદ જોવામાં આવે છે, અને તે વેદવામાં આવે છે." તે વાતમાં બે વાક્યો ઉપર ખાસ મનન કરવા જેવું છે. પ્રથમ તો તેઓ જે એમ કહે છે કે "વેદાંતાદિ કહે છે તેજ પ્રમાણે આત્મસ્વરૂપ નથી" એમાં **તેજ** એમ કહી જે ભારવાળું વચન મૂક્યું છે તે તેઓનો તે પ્રકારનો અનુભવ બતાવે છે. જો પોતાને આ વાત અનુભવરૂપ ન થઇ ગઈ હોત તો, તેઓ **"તેજ પ્રમાણે આત્મસ્વરૂપ નથી"** એવું અનુભવસૂચક ભારવાળું વચન કોઇ દહાડો પણ કાઢત નહિ, કેમકે તેઓનો અભિપ્રાય આજ પત્ર પરથી જણાય છે કે, પોતાને જેટલો અનુભવ થયો હોય તે કરતાં વિશેષ અનુભવ થયો છે એમ તેઓ કહે તેમ નથી. જૈનના કહેલાં આત્મસ્વરૂપનો પોતાને અનુભવ થયો છે એ વાતની વિશેષ ખાત્રી એટલા ઉપરથી થાય છે કે તેઓ જૈનમાં કહેલ આત્મસ્વરૂપને વેદે છે. આ વાત એમ બતાવે છે કે, **શ્રીમાન્ રાજચંદ્રને** ચોકસ હદ સુધી જૈને કહેલ આત્મસ્વરૂપના અનુભવના આકારે પ્રકટતા થયેલી. "પોતાને વિષે સંપૂર્ણપણે આત્માવસ્થા પ્રગટી નથી; જેથી તે અનુમાનપર અત્યંત ભાર ન દેવા યોગ્ય ગણી **શ્રી જિનનું** કહેલું આત્મસ્વરૂપ વિશેષ વિશેષ અવિરોધી છે એમ તેઓએ કહ્યું છે." આ અને ત્યારપછીનો ભાગ જો બહુ મનનપૂર્વક વિચારવામાં આવે, તો જણાયા વિના ન રહે કે આખા પત્રપરથી સાર એ નીકળે છે કે **શ્રીમાન્ રાજચંદ્રને શ્રી મહાવીરાદિ** જિનોએ કહેલ આત્મસ્વરૂપનો અનુભવ પ્રત્યક્ષપણે ચોકસ હદ સુધી થયેલો; પરંતુ પોતાને મહાવીરાદિ પુરૂષોએ પ્રાપ્ત કરેલ આત્માનું કૈવલ્યજ્ઞાન સુધીનું સ્વરૂપ અનુભવરૂપે પ્રત્યક્ષ ન થયેલું. પોતાને કૈવલ્યજ્ઞાન ન થયું હોઇનેજ પોતે પોતાને સ્પષ્ટ

પ્રતીતિ થવા છતાં **શ્રી જિન**ના કહેલા આત્મસ્વરૂપને સંપૂર્ણ **અવિરોધીજ** છે એમ કહ્યું નથી. અહીં "**જ**" મૂકીને ભાર ન દીધો અને પ્રથમ જ્યારે "વેદાંતાદિ દર્શનો કહે છે તેજ પ્રમાણે આત્મસ્વરૂપ નથી" એ વાકયમાં "**જ**" મૂકીને ભાર બતાવ્યો તે શું સિદ્ધ કરે છે? **શ્રીમાન્ રાજચંદ્ર**ને વેદાંતાદિ દર્શનો કહે છે તેજ પ્રમાણે આત્મસ્વરૂપ નથી. એવો અનુભવ થયેલો. જ્યારે જૈન કહે છે તે પ્રમાણે આત્મસ્વરૂપ છે એવો ચોકસ હદ સુધી પ્રત્યક્ષ અનુભવ અને ચોકસ હદ પછી પ્રત્યક્ષ અનુભવથી કંઈક ન્યૂન એવો અભિપ્રાય થયેલો; સજ્જનો, આપને હું આગ્રહ કરૂં છું કે, આ તેમજ તેઓના સર્વ લેખોનું મનન કરી આપ આપની મેળે શ્રીમાન્ **રાજચંદ્ર**ના સંબંધમાં અભિપ્રાય બાંધશો.

જૈનમાં મોક્ષ પર્યંત પહોંચવા માટે ચૌદ ગુણ સ્થાનકરૂપી ક્રમ ગોઠવવામાં આવેલ છે. આ ચૌદ ગુણસ્થાનકમાંથી પ્રથમના ત્રણ ગુણસ્થાનકો જ્યાં સુધી હોય છે ત્યાં સુધી પદાર્થોનું અને તેને લઈને આત્મા નામના પદાર્થનું સમ્યગ્ દર્શન થતું નથી. ચોથા ગુણસ્થાનકની જ્યારે પ્રાપ્તિ થાય છે ત્યારે જગત્‌ના કારણભૂત પદાર્થની સમ્યક પ્રતીતિ અથવા સમ્યગ્દર્શન થાય છે. જૈન શાસ્ત્રોએ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યકચારિત્ર એ ત્રણ ગુણોની એકતા સંપૂર્ણપણે પ્રાપ્ત કરવી તેમાં કહેલ છે. આ ત્રણમાંથી પ્રથમ સમ્યગ્દર્શન તેના પાંચ ભેદ છે. મુખ્ય ભેદ; ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક છે. અત્યારની જૈન માન્યતા એવી છે કે, આ કાળમાં ક્ષાયિક સમ્યકત્વ હોય નહિ; આ જૈન માન્યતા જો ઉત્સર્ગપણે હોય તો **શ્રીમાન્ રાજચંદ્રે** પોતાના સ્વાત્મ વૃત્તાંતોપયોગી પદમાં લખ્યું છે કે,—

ઓગણીસસેં સુડતાલીશે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે.

તેમાં "શુદ્ધ સમકિત" નો અર્થ ક્ષાયિક સમ્યકત્વ થઈ શકે; કારણકે **શ્રીમાન્ રાજચંદ્રે** સ્પષ્ટ શબ્દોમાં કોઈ સ્થળે કહ્યું નથી કે "શુદ્ધ સમકિત" નો "અર્થ ક્ષાયિક સમકિત" છે; પરંતુ તેઓનાં સંપૂર્ણ વિચારોના અવલોકન પછી એમ માનવાને કારણ મળે છે કે, તેઓને ક્ષાયિક સમકિત હોવું જોઇએ; આ કાળમાં ક્ષાયિક સમકિત ન હોય એવી જૈન માનીનતા ઉત્સર્ગપણે હોય, અને અપવાદ માર્ગ રહી જતો હોય, તો **શ્રીમાન્ રાજચંદ્ર** ક્ષાયિક સમકિત જીવોની કોટિમાં આવી શકે. આ બાબતમાં હું લંબાણમાં ઉતરવા માંગતો નથી, કારણ કે એક તરફ જૈન શાસ્ત્રની માનીનતા ઉત્સર્ગપણે કે અપવાદપણે છે તેનો નિશ્ચય કરવો એ મુશ્કેલ છે, અને બીજી તરફથી **શ્રીમાન્ રાજચંદ્ર**ની દશા આભ્યંતર હોઈ તે સંબંધી અભિપ્રાય બાંધવાનું સાહસ કરવું

એ મારી શક્તિની બહારનું કામ છે. જૈન શાસ્ત્રની એક એવી આજ્ઞા છે કે "સમકિત (અથવા સમ્યગ્દર્શન) પ્રાપ્ત થયા પછી જો વમી નાંખવામાં ન આવે, તો વધારેમાં વધારે પંદર ભવે મોક્ષ થાય છે." શ્રીમાન્ રાજચંદ્રે પોતાના ઉપર કહેલ સ્વાત્મ વૃત્તાંતોપયોગી પદમાં પોતાને કેટલા દેહ ધારણ કરવા પડશે તે વાત ઉપર ધ્યાન ખેંચ્યું છે. આ પદમાં જે ભાગ ઉપર તમારૂં ધ્યાન હું ખેંચવા માગું છું તે ભાગ આ પ્રમાણે છેઃ—

"અવસ્ય કર્મનો ભોગ છે,
ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એકજ ધારીને,
જાશું સ્વરૂપ સ્વદેશ રે."

તેઓનું આ કથન કોઇ પ્રત્યે તેઓએ લખેલા પત્રમાં કે કોઇ ગ્રંથમાં નથી; પરંતુ પોતાના જીવનના આદર્શરૂપ તેઓની ખાસ ત્રણ અંગત હકીકતો રૂપી ત્રણ નોટો છે તેમાંથી લેવામાં આવેલ છે. આ નોટો પણ જેમ છે તેમજ આ સંગ્રહમાં મૂકવામાં આવેલ છે. આ નોટમાંથી હું તમારી આગળ થોડોક ભાગ વાંચી સંભળાવીશ કે જે ઉપરથી આપ જોઇ શકશો કે આ નોટોમાં પોતાના સર્વ ગુણ દોષો અથવા ન્યૂનાધિક દશા પ્રસંગે પ્રસંગ ચીતરવાનું કર્યું છે. જે ભાગ હું આપને સંભળાવવા માગું છું તે આ છે;

"સર્વસંગ મહાશ્રવરૂપ તીર્થંકરે કહ્યા છે તે સત્ય છે. આવી મિશ્ર ગુણસ્થાનક જેવી સ્થિતિ ક્યાં સુધી રાખવી? જે વાત ચિત્તમાં નહિ તે કરવી અને જે વાત ચિત્તમાં છે તેમાં ઉદાસ રહેવું એવો વ્યવહાર શી રીતે થઈ શકે? વૈસ્ય વેષે અને નિર્ગ્રંથ ભાવે વસતાં કોટી કોટી વિચાર થયા કરે છે. વેષ અને તે વેષ સંબંધી વ્યવહાર જોઇ લોકદષ્ટિ તેવું માને એ ખરૂં છે; અને નિર્ગ્રંથભાવે વર્તવું એવું ચિત્ત તે વ્યવહારમાં યથાર્થ ન પ્રવૃત્તિ શકે એ પણ સત્ય છે; જે માટે એવા બે પ્રકારની એક સ્થિતિ કરી વર્ત્તી શકાતું નથી, કેમકે પ્રથમ પ્રકારે વર્તતાં નિર્ગ્રંથભાવથી ઉદાસ રહેવું પડે તોજ યથાર્થ વ્યવહાર સાચવી શકાય એમ છે; અને નિર્ગ્રંથભાવે વસીએ, તો પછી તે વ્યવહાર ગમે તેવો થાય તેની ઉપેક્ષા કરવી ઘટે; જો ઉપેક્ષા ન કરવામાં આવે, તો નિર્ગ્રંથભાવ હાનિ પામ્યા વિના રહે નહિ. તે વ્યવહાર ત્યાગ્યા વિના અથવા અત્યંત અલ્પ કર્યા વિના નિર્ગ્રંથતા યથાર્થ રહે નહિ, અને ઉદયરૂપ હોવાથી વ્યવહાર ત્યાગ્યો જતો નથી. આ સર્વ વિભાવ યોગ મટયા વિના અમારૂં ચિત્ત બીજા કોઈ ઉપાયે સંતોષ પામે એમ લાગતું નથી. તે વિભાવયોગ બે પ્રકારે છે. એક પૂર્વ નિષ્પન્ન કરેલો એવો ઉદયસ્વરૂપ, અને

બીજો આત્મબુદ્ધિએ કરી રંજનપણે કરવામાં આવતો ભાવસ્વરૂપ. આત્મભાવે વિભાવ સંબંધી યોગ તેની ઉપેક્ષાજ શ્રેયભૂત લાગે છે. નિત્ય તે વિચારવામાં આવે છે. તે વિભાવપણે વર્તતો આત્મભાવ ઘણો પરીક્ષીણ કર્યો છે, અને હજી પણ તેજ પરિણુતિ વર્ત્તે છે. તે સંપૂર્ણવિભાવયોગ નિવૃત્ત કર્યા વિના ચિત્ત વિશ્રાંતિ પામે એમ જણાતું નથી; અને હાલ તો તે કારણે કરી વિશેષ ક્લેશ વેદન કરવો પડે છે, કેમકે ઉદય વિભાવ ક્રિયાનો છે; અને ઇચ્છા આત્મભાવમાં સ્થિતિ કરવાની છે. તથાપિ એમ રહે છે કે, ઉદયનું વિશેષ કાળ સુધી વર્ત્તવું રહે, તો આત્મભાવ વિશેષ ચંચળ પરિણામને પામશે; કેમકે આત્મભાવ વિશેષ સંધાન કરવાનો અવકાશ ઉદયની પ્રવૃત્તિને લીધે પ્રાપ્ત ન થઇ શકે, અને તેથી તે આત્મભાવ કંઇ પણ અજાગૃતપણાને પામે. જે આત્મભાવ ઉત્પન્ન થયો છે, તે આત્મભાવપર જો વિશેષ લક્ષ કરવામાં આવે, વા અલ્પકાળમાં તેનું વિશેષ વર્ધમાનપણું થાય, અને વિશેષ જાગૃતાવસ્થા ઉત્પન્ન થાય; અને થોડા કાળમાં હિતકારી એવી ઉગ્ર આત્મદશા પ્રગટે; અને જો ઉદયની સ્થિતિ પ્રમાણે ઉદયનો કાળ રહેવા દેવાનો વિચાર કરવામાં આવે, તો હવે આત્મશિથિલતા થવાનો પ્રસંગ આવશે, એમ લાગે છે; કેમકે દીર્ઘકાળનો આત્મભાવ હોવાથી અત્યારસુધી ઉદયબળ ગમે તેવું છતાં તે આત્મભાવ હણાયો નહોતો; તથાપિ કંઇક કંઇક તેની અજાગૃતાવસ્થા થવા દેવાનો વખત આવ્યો છે. એમ છતાં પણ હવે કેવળ ઉદયપર ધ્યાન આપવામાં આવશે, તો શિથિલભાવ ઉત્પન્ન થશે. મૌન દશા ધારણ કરવી? વ્યવહારનો ઉદય એવો છે કે, તે ધારણ કરેલી દશા લોકોને કષાયનું નિમિત્ત થાય, તેમ વ્યવહારની પ્રવૃત્તિ બને નહિ. ત્યારે તે વ્યવહાર નિવૃત્ત કરવો? તે પણ વિચારતાં બનવું કઠણ લાગે છે, કેમકે તેવી કંઇક સ્થિતિ વેદવાનું ચિત્ત રહ્યા કરે છે. પછી તે શિથિલતાથી, ઉદયથી કે પરેચ્છાથી કે સર્વજ્ઞ દૃષ્ટથી, એમ છતાં પણ અલ્પકાળમાં આ વ્યવહારને સંક્ષેપ કરવા ચિત્ત છે. તે વ્યવહાર કેવા પ્રકારે સંક્ષેપ થઇ શકશે? કેમકે તેનો વિસ્તાર વિશેષપણે જોવામાં આવે છે. વ્યાપાર સ્વરૂપે, કુટુંબ પ્રતિબંધે, યુવાવસ્થા પ્રતિબંધે, દયા સ્વરૂપે, ઉદય સ્વરૂપે એ આદિ કારણે તે વ્યવહાર વિસ્તારરૂપ જણાય છે. હું એમ જાણું છું કે, અનંતકાળથી અપ્રાપ્તવત્ એવું આત્મ સ્વરૂપ કે-**વળજ્ઞાન કેવળ દર્શન સ્વરૂપે** અંતર્મુહુર્તમાં ઉત્પન્ન કર્યું છે, તો પછી વર્ષ છમાસ કાળમાં આટલો આ વ્યવહાર કેમ નિવૃત્ત નહિ થઇ શકે? માત્ર જાગૃતિના ઉપયોગાંતરથી તેની સ્થિતિ છે, અને તે ઉપયોગના બળને નિત્ય વિચાર્યેથી અલ્પ કાળમાં તે વ્યવહાર નિવૃત્ત થઇ શકવા યોગ્ય છે; તોપણ

તેની કેવા પ્રકારે નિવૃત્તિ કરવી એ હજી વિશેષપણે મારે વિચારવું ઘટે છે; એમ માનું છું; કેમકે વીર્યને વિષે કંઈ પણ મંદદશા વર્તે છે. તે મંદદશાનો હેતુ શો ? ઉદયબળે પ્રાપ્ત થયો એવો પરિચય માત્ર પરિચય, એમ કહેવામાં કંઇ બાધ છે ? તે પરિચયને વિષે વિશેષ વિશેષ અરૂચિ રહે છે, તે છતાં તે પરિચય કરવો રહ્યો છે. તે પરિચયનો દોષ કહી શકાય નહિ, પણ નિજ દોષ કહી શકાય. અરૂચિ હોવાથી ઇચ્છા રૂપ દોષ નહિ કહેતાં ઉદય રૂપ દોષ કહ્યો છે. ”

શ્રોતાજનો, તેઓની અંગત ડાયરીઓ આ પ્રકારના પોતાના ગુણ-દોષ જોવાના દર્પણરૂપ છે; અને તેમાં ઉપર જે પોતાને કેટલા દેહધારણ કરવાપણું રહે છે તે વાત લખી છે. આ જડવાદના સમયમાં જ્યાં આત્મા જેવા પદાર્થના હોવાપણાનોજ ઇનકાર કરવામાં આવે છે ત્યાં પછી આત્માના ત્રણે કાળ નિત્યપણાને સ્વીકાર કરે એવો અવકાશજ ક્યાંથી રહે ? અને જો તેમ છે, તો પછી કોઈ પુરૂષ પોતાને હજી અમુક દેહ ધારણ કરવાનું બાકી રહ્યું છે, એવી આગાહી કરે તે તેઓ કહેતાં કે, જડવાદને અનુસરના-રાઓ (Materialists) ને એક ભ્રમ શિવાય બીજું લાગે પણ ક્યાંથી ? આ સંબંધમાં, શ્રોતાજનો, હું જડવાદને અનુસરનારાઓને કહેવા માગું છું કે, તમે આ પુરૂષને પોતાને અભ્યાસો–“ Study the man ” અને તમને ખાત્રી થશે કે, તમે જડવાદના સંબંધમાં જે જે વિચારો કર્યા હશે તેના કરતાં તેઓએ પોતાની જાહેર રીતે સ્વીકારાયેલી અસાધારણ શક્તિવડે વધારે વિચાર કર્યો છે. તેઓએ તેજ પ્રમાણે સર્વ દર્શનોનું અવ-લોકન કરેલું છે; અને પોતાના છેવટના નિર્ણય ઉપર આવ્યા છે. કેટલાક મનુષ્યોનું એવું માનવું હોય છે કે, જેઓ પોતાનો વિષય ધર્મ કરે છે તેઓને વિષે અમુક પ્રકારનો ખ્યાલ (Sentiment) ઉત્પન્ન થાય છે કે જે ખ્યાલ (Sentiment) ને લઇને તેઓ ધર્મ શાસ્ત્રોમાં કહેલી બધી વાતો માની લે છે. આવું કહેનારાઓને હું બીજું કંઇ પણ નહિ કહેતાં એટલુંજ કહીશ કે, તેઓએ તેઓના વિચારોને સૂક્ષ્મપણે અવલોકવા, અને ખાત્રી થશે કે, દુનિયામાં ગણાતા સમર્થ નાસ્તિક માણસના મન ઉપર ધર્મના ખ્યાલો જેમ કોઇ પણ પ્રકારની અસર ન કરી શકે તેમ આજના ચરિત્ર નાયકના મન ઉપર જ્યાં તત્ત્વાર્થ અથવા વિશ્વવ્યવસ્થાના કારણભૂત પદાર્થોની વાત આવે છે ત્યાં એક દોરા માત્ર પણ ધાર્મિક ખ્યાલ અસર નથી કરી શકયો. હું આપને વારંવાર તેઓના વિચારોના સંગ્રહના અવલોકનનું કહું છું; તેમ આ ફરીવાર પણ કહું છું

કે, આપ તેઓના વિચારોને જેટલી બને તેટલી કસોટીએ ચઢાવો, અને આપને ખાત્રી થશે કે, તેઓએ એક Scientist વિજ્ઞાનવેત્તા કંઇ પણ ધર્મ સંબંધના ખ્યાલ મન ઉપર રાખ્યા વિના કામ લે છે તેવી રીતે લીધું છે. **શ્રીમાન્ રાજચંદ્રને** અમુક પ્રકારે આત્માનું સ્વરૂપ અનુભવરૂપ થયું હતું, અથવા તેઓને પોતાને હવે કેટલા દેહ ધારણ કરવા પડે તેમ છે તે વાત જણાવી હું **શ્રીમાન્ રાજચંદ્રની** ખ્યાતિ કરવા માંગતો નથી. હું માનું છું કે તેવી ખ્યાતિથી તેમને હવે કિંચિત્ માત્ર લાભ હાનિ છેજ નહિ. તેમ હું તેઓના તરફ મોહ બુદ્ધિથી ખેંચાઈ કાંઈ પણ તેઓને માટે અતિશયોક્તિ કરવા માગતો નથી, કેમકે હું માનું છું કે એથી મને કર્મ બંધનનું કારણ છે. તેઓનું જે સ્વરૂપ મને અનુભવવામાં આવ્યું છે તે એટલા માટે આપની મારફતે જગત્ ઉપર મૂકવા માગું છું કે, જેઓને આ કાળમાં આત્માના હોવાપણાની તથા આત્માના અમરપણાની શંકા હોય તેઓને આ પુરૂષનો પોતાનો અભ્યાસ કરવા તરફ આકર્ષવાથી તેઓને પ્રતીતિ થશે કે, આત્માદિ પદાર્થો શ્રીજ્ઞાનીપુરૂષોએ સ્વીકાર્યા છે તે સત્ય છે; અને તે સત્યના પ્રત્યક્ષ ઉદાહરણરૂપ આ પુરૂષ હતા. આવા ઉદ્દેશ શિવાય મારા મનને વિષે કોઇ પણ અન્ય ઉદ્દેશ **શ્રીમાનના** સ્વરૂપ સંબંધીનું વિવેચન કરવામાં છેજ નહિ.

શ્રીમાન્ રાજચંદ્ર જે કહે છે તે અંધ કે ઓઘ શ્રદ્ધાથી કહેતા નથી, અથવા ધર્મ સંબંધીના વિચારવાતાવરણમાં ઉછરેલા તેને લઇને તેમાંજ તેમની શક્તિ સ્થંભિત થઇ ગઈ હતી એમ નહોતું. એમ જો તેઓને સંપૂર્ણપણે અભ્યાસવા બાદ, જેઓને આત્માદિ અસ્તિત્વમાં શંકા છે તેની ખાત્રી થાય, તો મારે તેઓનું એક વધારે વાત ઉપર ધ્યાન ખેંચવાનું છે. પહેલાં હું કહી ગયો છું કે, મોક્ષપદ સુધી પહોંચવાના ૧૪ ગુણસ્થાનકરૂપી ક્રમ છે તેમાં તેરમા ગુણસ્થાનકે આત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. **શ્રીમાન્ રાજચંદ્ર** પોતાને હજુ દેહધારણ કરવાનું સ્વીકારે છે; તેમજ તેઓ પ્રસંગે પ્રસંગે સંપૂર્ણ પદની પ્રાપ્તિ નથી થઇ એમ પણ જણાવે છે; આપણે પ્રથમ એ વાત વેદાંત અને બીજાં દર્શનોમાં **શ્રી જિને** કહેલું આત્મસ્વરૂપ વિશેષ વિશેષ અવિરોધી છે એમ કહ્યું છે ત્યાં પણ જોઇ ગયા છીએ કે તેઓ પોતાને સંપૂર્ણ આત્માવસ્થા પ્રગટયાનું કહેતા નથી. વળી તેઓએ પોતાના ગુણસ્થાનના ક્રમારોહ કરતાં પણ કહ્યું છે કેઃ—

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો;

તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઇશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.
એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તેહ સ્વરૂપ જો. અપૂર્વ૦

આ ઉપરથી જોઇ શકાય છે કે, તેઓએ પોતાને વિષે સંપૂર્ણ આત્માવસ્થા પ્રકટી છે, એમ કોઇ દહાડે કહ્યું અથવા માન્યું નથી. હા, એટલું ખરૂં છે કે, તેઓને આત્મસ્વરૂપ અમુક મર્યાદા પર્યંત અનુભવગોચર થયું છે એમ તેઓના પ્રસંગે પ્રસંગે ઉચારેલા ઉદ્‌ગારો ઉપરથી જણાય છે. આ પદોમાંજ "અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો" એ વાત ધ્યાનમાં રાખી આખા પદનું પૃથક્કરણ કરવામાં આવે, તો તેઓનું અંતરંગ માનવું તે દિશામાં હતું એમ જણાય. તેઓને અમુક મર્યાદા કહી તે શોધી કાઢવું જોઇએ. હમણાંજ તેઓની અંગત ડાયરીમાંથી એક ફકરો આપની પાસે વાંચી ગયો છું તેમાં તેઓએ જે જણાવ્યું છે કે "હું એમ જાણું છું કે, **અનંતકાળથી અપ્રાપ્તવત્ એવું આત્મસ્વરૂપ કેવળ જ્ઞાન કેવળ દર્શનસ્વરૂપે અંતર્મુહુર્તમાં** ઉત્પન્ન કર્યું છે" તેનો નિર્ણય વિચારવો એ ઉપકારક થઈ પડશે. "અનંતકાળથી અપ્રાપ્તવત્ એવું આત્મસ્વરૂપ કેવળજ્ઞાન કેવળદર્શનસ્વરૂપે" એટલે શું ? આપમાંથી જેઓ **શ્રી જિન**વાણીના પરિચિત હશો તે જાણતા હશો કે, યથાર્થ આત્મત્વ પ્રાપ્ત થવામાં બે કારણો વિઘ્નભૂત છે. એક કારણ દર્શનમોહ, અને બીજું ચારિત્રમોહ. દર્શનમોહ એનું નામ છે કે, જે વસ્તુની યથાર્થ સ્વરૂપતાની પ્રતીતિ થવા ન દે તે; જ્યારે ચારિત્રમોહ દર્શનમોહ ગયા છતાં આત્માને સ્વસ્વરૂપમાં રમણ કરવામાં અર્થાત્ સ્વરમણરૂપ આચરણ કરવામાં વિઘ્ન કરે તે. દર્શનમોહ જો જાય તો ક્રમે કરી ચારિત્રમોહ ગયા વિના રહેતો નથી. દર્શનમોહનું સંપૂર્ણપણે જવું એ શ્રીમાન્ રાજચંદ્રે વાપરેલા "કેવળજ્ઞાન કેવળદર્શનસ્વરૂપે" તેનો અર્થ ન હોઇ શકે? કેવળ દર્શન સ્વરૂપે "પ્રાપ્ત કરેલ કેવળજ્ઞાન" એ વસ્તુતઃ કેવળજ્ઞાનનું પ્રથમસ્વરૂપ ન હોય ? જ્યારે ચારિત્રમોહ ગયા બાદ જે કેવળજ્ઞાન થાય તે અંતીમ અથવા તેરમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે. આ પ્રથમ સ્વરૂપના પ્રકારનું કેવળજ્ઞાન ન સંભવી શકે ? આ

સ્થળે એ વાત સ્મૃતિમાં રહેવી જોઇએ કે, પોતાને ચારિત્રમોહ ગયા બાદ જે તેરમે ગુણસ્થાનકે વર્ત્તતું કેવળજ્ઞાન તે ઉત્પન્ન થવાનું શ્રીમાન્ રાજચંદ્રનું કહેવું જણાતું નથી. "દર્શનસ્વરૂપે" જે કહ્યું છે, તે કયા ગુણસ્થાનકે સંભવે તેનો વિચાર સિદ્ધાંતવેત્તાઓજ કરી શકે.

શ્રીમાન્ રાજચંદ્રના સંબંધમાં કરેલા આ વિચારો આભ્યંતર દશાના હોઈ તે સંબંધમાં વિશેષ બોલવું એ પોતાના ગજા ઉપરાંતની વાત લાગે છે; માટે હું તે વિષયમાં વિશેષ બોલવા માંગતો નથી. સભાજનો, હું જૈનિયોને એટલુંજ અહીં જણાવવા માગું છું કે, તમો શ્રીમાન્ રાજચંદ્ર અને તેના જીવનનો સંપૂર્ણપણે અભ્યાસ કરો; અને જો તમારી ખાત્રી થાય કે, તેઓ ભગવાન્ મહાવીરાદિ મહાત્માઓએ નિરૂપણ કરેલ આત્મસ્વરૂપને ચોક્કસ હદે પહોંચેલા હતા, તો શ્રી મહાવીરાદિ મહાત્માઓએ નિરૂપણ કરેલ આત્મસ્વરૂપ યથાયોગ્ય હોઇ આજના કાળમાં પણ તેવા સ્વરૂપને પામી શકાય છે, એવું જેઓ જૈનદર્શનના સિદ્ધાંતોથી પરિચિત નથી તેઓને તમે શ્રીમાનના ઉદાહરણથી પ્રતીત કરાવી શકશો. પણ આવી બુદ્ધિ આપણા વર્ત્તમાન જૈન સમાજને સુજે એવાં હજુ આપણાં સુભાગ્ય હોય એમ મને લાગતું નથી. તેનાં ઘણાં કારણો છે. જે કારણો હું આ નિબંધનો ઉપસંહાર કરતી વખતે બોલીશ. હવે, જૈન માર્ગની અનેક મતમતાંતરોવાળી સ્થિતિ થઈ ગઇ છે, અને તેવી સ્થિતિના કારણે ભગવાન્ મહાવીરાદિ પુરૂષોએ પ્રરૂપેલ મૂળ જૈન માર્ગથી સમાજ કેટલી દૂર થઇ ગઈ છે તેનું જૈન સમાજને ભાન કરાવી જૈન માર્ગનો પુનરૂદ્ધાર કરવા સંબંધી તેમની જે પરમ ઇચ્છા હતી તે સંબંધી થોડુંક જણાવીશ. શ્રીમાન્ રાજચંદ્ર વર્ત્તમાન જૈન સમાજની સ્થિતિ માટે કેવો અભિપ્રાય ધરાવતા હતા તે પ્રથમ જાણવું ઉપયોગી થઈ પડશે. તેઓ અત્યારની સ્થિતિનું સ્વરૂપ આ પ્રમાણે કહે છેઃ—

સ્વપર પરમોપકારક પરમાર્થમય સત્ય ધર્મ જયવંત વર્ત્તો.

(૧) આશ્ચર્યકારક ભેદ પડી ગયા છે.

(૨) ખંડિત છે.

(૩) સંપૂર્ણ કરવાનું સાધન દુર્ગમ્ય દેખાય છે.

(૪) તે પ્રભાવને વિષે મહત્ અંતરાય છે.

(૫) દેશ કાળાદિ ઘણાં પ્રતિકૂળ છે.

(૬) વીતરાગોનો મત લોક પ્રતિકૂળ થઇ પડયો છે.

(૭) રૂઢીથી જે લોકો તેને માને છે તેના લક્ષમાં પણ તે પ્રતીત જણાતો નથી, અથવા અન્ય મતને વીતરાગોનો મત સમજી પ્રવર્ત્યે જાય છે.

(૮) યથાર્થ વીતરાગોનો મત સમજવાની તેમનામાં ઘણી ખામી છે.

(૯) દૃષ્ટિરાગનું પ્રબળ રાજ્ય વર્ત્તે છે.

(૧૦) વેષાદિ વ્યવહારમાં મોટી વિટંબના કરી મોક્ષમાર્ગનો અંતરાય કરી બેઠા છે.

(૧૧) તુચ્છ પામર પુરૂષો વિરાધક વૃત્તિના ઘણી અગ્રભાગે વર્તે છે.

(૧૨) કિંચિત્ સત્ય બહાર આવતાં તેમને પ્રાણઘાત તુલ્ય દુઃખ લાગતું હોય એમ દેખાય છે.

આ પ્રમાણે વર્તમાન જૈનમાર્ગનો પુનરૂદ્ધાર કરવાની આડે વિઘ્નો છે, એમ શ્રીમાન્ રાજચંદ્ર માનતા હતા. આ કારણો, ધ્યાનમાં રાખવું કે, તેઓએ પોતાની ખાનગી ડાયરીમાં નોંધી રાખેલા હતા. પોતાની ખાનગી ડાયરીમાં આ કારણો જણાવ્યા પછી પોતે પોતાને પ્રશ્ન કરે છે કે, "ત્યારે તમે શા માટે તે ધર્મનો ઉદ્ધાર ઇચ્છો છો ?" પાછો પોતાનેજ પ્રત્યુતર આપે છે કે, "પરમ કારૂણ્ય સ્વભાવથી અને તે સદ્દધર્મ પ્રત્યેની પરમ ભક્તિથી."

તેઓની જૈનમાર્ગનો ઉદ્ધાર કરવાની આવી પ્રબળ ઇચ્છા હતી; પરંતુ તેમ કરવાનું તેઓમાં સામર્થ્ય હતું કે નહિ તે સંબંધી થોડોક વિચાર કરવો એ ઉપયોગી થઈ પડશે. એટલું તો ખરૂં છે કે, કોઇ પણ માણસ પોતે જે કાર્ય કરવાનો વિચાર કરે છે તે કાર્ય કરવાની બુદ્ધિ તેને ત્યારે સૂઝે છે કે, પોતાને વિષે તેવું સામર્થ્ય ઓછાવત્તા અંશમાં હોય. શ્રીમાન્ રાજચંદ્રની ખાનગી ડાયરીઓ આપ જોશો, તો ઘણા સ્થળે કેવા પ્રકારનો પ્રયત્ન માર્ગના ઉદ્ધાર સંબંધમાં કરવો તે સંબંધી અનેક યોજનાઓ અને વિચારો કર્યા છે. હું આપની સમીપ તેમની ખાનગી ડાયરીમાંથી એક ભાગ મૂકું છું તે ઉપરથી આપ જોઇ શકશો કે, શ્રીમાન્ રાજચંદ્ર પોતાને વિષે પુનરૂદ્ધાર કરવાની શક્તિ માનતા હતા; તેમજ જૈનમાર્ગનો ઉદ્ધાર "દર્શન" ની રીતે કે "સંપ્રદાય" ની રીતે કરવો તે સંબંધી પણ વિચાર કરતા હતા. જે ભાગ હું મૂકવા માગું છું. તે આ પ્રમાણે છેઃ—

"જેનાથી માર્ગ પ્રવર્ત્યો છે એવા મોટા પુરૂષના વિચારબળ, નિર્ભયતાદિ ગુણો પણ મોટા હતા. એક રાજ્ય પ્રાપ્ત કરવામાં જે પરાક્રમ ઘટે તે કરતાં અપૂર્વ અભિપ્રાય સહિત ધર્મસંતતિ પ્રવર્ત્તાવવામાં વિશેષ પરાક્રમ ઘટે છે. તથા રૂપ શક્તિ થોડા વખત પૂર્વે અત્રે જણાતી હતી; હાલ તેમાં વિકળતા જોવામાં આવે છે, તેનો શો હેતુ હોવો જોઇએ તે વિચારવા યોગ્ય છે. દર્શનની રીતે આ કાળમાં ધર્મપ્રવર્ત્તે એથી જીવોનું કલ્યાણ છે કે, સંપ્રદાયની રીતે પ્રવર્ત્તે તો જીવોનું કલ્યાણ છે, તે વાત વિચારવા યોગ્ય છે.

સંપ્રદાયની રીતે ઘણા જીવોને તે માર્ગ ગ્રહણ થવા યોગ્ય થાય. દર્શનની રીતે વીરલ જીવોને ગ્રહણ થાય. જો જિનને અભિમત માર્ગ નિરૂપણ કરવા યોગ્ય ગણવામાં આવે તો તે સંપ્રદાયના પ્રકારે નિરૂપણ થવો વિશેષ અસંભવિત છે, કેમકે તેની રચનાનું સાંપ્રદાયિક સ્વરૂપ થવું કઠણ છે. દર્શનની અપેક્ષાએ કોઇક જીવને ઉપકારી થાય એટલો વિરોધ આવે છે. જે કોઈ મોટા પુરૂષો થયા છે તેઓ પ્રથમથી સ્વસ્વરૂપ (નિજશક્તિ) સમજી શકતા હતા; અને ભાવી મહત્કાર્યના બીજને પ્રથમથી અવ્યક્તપણે વાવ્યા રહેતા હતા. અથવા સ્વાચરણ અવિરોધ જેવું રાખતા હતા.”

શ્રોતાજનો, આપ શ્રીમાનની આ વિચારણા ઉપરથી જોઇ શકશો કે, તેઓ પોતાને વિષે આવું પુનરૂદ્ધાર કરવાનું કાર્ય કરવાની શક્તિ હોવાનું માનતા હતા; અને તેને લઇનેજ આ વિચારણામાં જાગૃતિ દાખવી છે.

આ વિચાર તેઓને ક્યારથી થયો હોવો જોઇએ તેનો કાંઇક ખ્યાલ આપને અગાઉ આપી ગયો છું; પરન્તુ તે વાત હવે કાંઇક વિસ્તારીને અહીં કરૂં છું. જે લેખોનો સંગ્રહ અત્યાર સુધી જગતના મોઢા આગળ મૂકાયો છે તે જોવાથી તેમને વિષે આવા પ્રકારની જિજ્ઞાસા જ્યારથી તેઓએ “બાલાવબોધ મોક્ષમાળા” લખી ત્યારથી તો પ્રકટ થયેલી જણાય છે; કેમકે તેમાં તેઓએ જે “સામાન્ય મનોરથ” લખ્યો છે તે તેમની આ મહત્વાકાંક્ષાનું પ્રથમ ચિન્હ દર્શાવે છે. તેઓની આટલી નાની વયથી આવી મહત્વાકાંક્ષા છતાં તેઓએ પોતાના દેહાંત પર્યંત એ કામ કેમ ન થયું એ સ્વાભાવિક પ્રશ્ન થવા યોગ્ય છે. આનો ખુલાસો હું આપને થોડોક કરીશ. હું આપને પ્રથમ કહી ગયો છું કે તેઓની ઇચ્છા પોતાનો ઉદ્ધાર સંબંધનો પ્રયત્ન પોતાની આત્મદશાને ઘાતક ન થાય એવી જ્યાં સુધી દશા ન પમાય ત્યાં સુધી કરવા ભણી નહોતી. જ્યારે પોતાને પ્રતીતિ થાય કે, હવે તે પ્રયત્નો પોતાની આત્મદશાને ઘાતક નહિ થાય ત્યારેજ તે કાર્ય શરૂ કરવાની હતી; તેની સાથે પ્રથમ કહેવાઇ ગયું છે કે તેઓનું માનવું એવું હતું કે, સર્વસંગપરિત્યાગ કરવાથીજ આવું માર્ગઉદ્ધારનું કાર્ય થઇ શકે છે; અને સર્વસંગપરિત્યાગ ત્યારે કરવો કે જ્યારે સર્વ પ્રકારની સાંસારિક સંપત્તિઓ જાતે મેળવેલી હોય તે ત્યાગીને જવાય. આવા ક્રમપૂર્વક તેઓ ઉદ્ધારનું કાર્ય કરવાની ઇચ્છા રાખતા હતા; જો કે તેઓ “અવ્યક્તપણે” બીજ વાવ્યા જતા હતા. ઘણા માણસોએ આવા ક્રમપૂર્વક ઉદ્ધાર કાર્ય કરવાના તેમના તે નિશ્ચયથી ખસેડી ઉદ્ધારનું કાર્ય કરવાને પ્રેરણાઓ કરેલી; પણ તેઓ અડગ રહ્યા હતા. જૂદા

જૂદા માણુસોએ તેવા પ્રયત્નો કરેલા તેના થોડાક દાખલાઓ હું આપની સમીપે મૂકીશ. એક જિજ્ઞાસુએ જ્યારે આ દિશામાં દબાણુ કરેલું ત્યારે તેઓને શ્રીમાને સંવત ૧૯૪૭ ના પોશ શુદ ૧૦ મે આ પ્રમાણે લખ્યું હતું:

"આપ પરમાર્થ માટે જે પરમ આકાંક્ષા રાખો છો તે ઇશ્વરેચ્છા હશે, તો કોઈ અપૂર્વ વાટેથી પાર પડશે. જેઓને ભ્રાંતિથી કરી પરમાર્થનો લક્ષ મળવો દુર્લભ થયો છે, એવા ભારત ક્ષેત્રવાસી મનુષ્ય પ્રત્યે તે પરમ કૃપાળુ પરમ કૃપા કરશે, પરંતુ હમણા થોડો કાળ તેની ઇચ્છા હોય તેવું જણાતું નથી."

સંવત્ ૧૯૪૮ ના શ્રાવણ વદ ૧૪ ના એક પત્રમાં લખ્યું છે કે:—

"પરમાર્થ કેવા પ્રકારના સંપ્રદાયે કહેવો એ પ્રકાર જ્યાં સુધી ઉપાધિ જોગ પરિસમાપ્ત નહિ થાય ત્યાં સુધી, મૌનપણામાં અને અવિચાર અથવા નિર્વિચારમાં રાખ્યો છે; અર્થાત્ તે વિચાર હાલ કરવા વિષે ઉદાસપણું વર્તે છે." આ પ્રકારના અનેક સ્થળોએ જવાબ આપ્યા છે એટલુંજ નહિ, પણ તેઓનો એવો યત્ન હતો કે, બને ત્યાં સુધી લોક પરિચયમાં પણ ન આવવું. પોતાનું નામ ઠામ પણ કોઇને ન આપવા માટે તેઓ તેમના પરિચયમાં આવનારાં માણુસોને હમેશાં કહેતા રહેતા; તેમજ લખતા રહેતા. સંવત્ ૧૯૪૭ ના મહા વદ સાતમે લખાએલા તેઓના એક પત્રમાં જણાવવામાં આવ્યું છે કે "ગમે તેવા મુમુક્ષુઓને પણ કંઇ નામપૂર્વક જણાવશો નહિ. હાલ એવી દશાએ રહેવું અમને વહાલું છે...ને આપે પતું લખી મારૂં મહાત્મ્ય પ્રગટ કર્યું, પણ તેમ તો હાલ થવું જોઇતું નથી. તે પ્રત્યે પ્રગટ થઈ પ્રતિબંધ કરવો મને ગ્યોગ્ય લાગતો નથી."

બીજા એક પત્રથી જ્યાં સુધી પોતાને ઇચ્છિત આત્માવસ્થા પ્રગટ ન થાય ત્યાં સુધી ધર્મ માર્ગનો ઉદ્ધાર કરવાની તેઓની વૃત્તિ નહોતી એમ જણાય છે; તેમજ તેઓ પોતાનું નામ ઠામ પ્રસિદ્ધિમાં નહીં લાવવા માટે આગ્રહ કરતા જણાય છે. આ પત્રમાં લખ્યું છે કે "અભિન્ન એવું હરિપદ (આત્મપદ) જ્યાં સુધી અમે અમારામાં નહીં માનીએ ત્યાં સુધી "પ્રગટ-માર્ગ" કહીશું નહીં. તમે પણ જેઓ અમને જાણોછો તે શિવાય અધિકને નામ, ઠામ, ગામથી અમને જણાવશો નહીં."

સંવત્ ૧૯૫૦ ના અશાડ શુદ ૧૫ ના એક પત્રમાં લખ્યું છે કે "તમારી તરફ આવવાથી લોકોના પરિચયમાં જરૂર કરી આવવાનું થાય, એ સંભવિત હોવાથી, તે તરફ આવવાનું ચિત્ત થવું મુશ્કેલ છે. લોકોના

પરિચયમાં આવા (વ્યાપારનો) પ્રસંગ રહ્યા છતાં, ધર્મ પ્રસંગે આવવું થાય, તે વિશેષ અંદેશા યોગ્ય જાણી, જેમ બને તેમ તે પરિચયથી–ધર્મ પ્રસંગને નામે–દૂર રહેવાનું ચિત્ત વિશેષપણે રહ્યા કરે છે. વૈરાગ્ય, ઉપશમનું બળ વધે, તે પ્રકારનો સત્સંગ–સત્શાસ્ત્રનો પરિચય કરવો એ, જીવને પરમ હિતકારી છે. બીજો પરિચય જેમ બને તેમ નિવર્તન યોગ્ય છે.”

ભાવનગરવાળા ભાઇ કુંવરજી આણંદજીએ ભાવનગર તરફ આવવા માટે આમંત્રણ કરેલું; તેનો ઉત્તર સંવત્ ૧૯૫૧ ના કાગળમાં આ પ્રમાણે આપ્યો છે:—

“વિશેષ વિનંતિ કે, તમારૂં લખેલું પતું ૧ મળ્યું છે, તે તરફ આવવા સંબંધીમાં નીચે પ્રમાણે સ્થિતિ છે:—લોકોને અંદેશો પડે એવી જાતનો બાહ્ય વ્યવહારનો ઉદય છે, અને તેવા વ્યવહાર સાથે બળવાન નિર્ગ્રંથ પુરૂષ જેવો ઉપદેશ કરવો તે માર્ગનો વિરોધ કરવા જેવું છે; અને એમ જાણીને તથા તેના જેવાં બીજાં કારણોનું સ્વરૂપ વિચારી ઘણું કરીને લોકોને અંદેશાનો હેતુ થાય તેવા પ્રસંગમાં મારૂં આવવું થતું નથી. વખતે ક્યારેક કોઇ સમાગમમાં આવે છે, અને કંઇક સ્વાભાવિક કહેવાનું થાય છે. એમાં પણ ચિત્તની ઇચ્છિત પ્રવૃત્તિ નથી. પૂર્વે યથાસ્થિત વિચાર કર્યા વિના જીવે પ્રવૃત્તિ કરી તેથી આવા વ્યવહારનો ઉદય પ્રાપ્ત થયો છે: જેથી ઘણીવાર ચિત્તમાં શોચ રહે છે; પણ યથાસ્થિત સમ પરિણામે વેદવું ઘટે છે એમ જાણી ઘણું કરી તેવી વૃત્તિ રહે છે. આ વ્યાપારાદિ ઉદય વ્યવહારથી જે જે સંગ થાય છે, તેમાં ઘણું કરી અસંગ–પરિણામ વત્ પ્રવૃત્તિ થાય છે; કેમકે તેમાં સારભૂતપણું કંઈ લાગતું નથી. પણ જે ધર્મ વ્યવહારના પ્રસંગમાં આવવું થાય ત્યાં તે પ્રવૃત્તિ પ્રમાણે વર્ત્તવું ઘટે નહીં. તેમ બીજો આશય વિચારી પ્રવૃત્તિ કરવામાં આવે તો તેટલું સમર્થપણું હાલ નથી. તેથી તેવા પ્રસંગમાં ઘણું કરીને મારૂં આવવું ઓછું થાય છે, અને એ ક્રમ ફેરવવાનું ચિત્તમાં હાલ બેસતું નથી. છતાં તે તરફ આવવાના પ્રસંગમાં તેમ કરવા કંઈ પણ વિચાર મેં કર્યો હતો, તથાપિ તે ક્રમ ફેરવતાં બીજા વિષમ કારણોનો આગળપર સંભવ થશે એમ પ્રત્યક્ષ દેખાવાથી ક્રમ ફેરવવા સંબંધીની વૃત્તિ ઉપશમ કરવી યોગ્ય લાગવાથી તેમ કરેલ છે; આ આશય શિવાય ચિત્તમાં બીજા આશય પણ તે તરફ હાલ નહીં આવવાના સંબંધમાં છે, પણ કોઇ લોક વ્યવહારરૂપ કારણથી આવવા વિષેનો વિચાર વિસર્જન કર્યો નથી. મારા આવવા, નહીં આવવા વિષેમાં જો કંઇ વાત નહીં ઉચ્ચારવાનું બને તો તેમ કરવા વિનંતિ છે.”

જૂદા જૂદા ગૃહસ્થોએ આ રીતે શ્રીમાનને પરમાર્થ માર્ગનો પ્રકાશ કરવા વખતોવખત દબાણ કરેલું; તથાપિ, તેઓએ પોતાની અંતીમ વૃત્તિ પરમાર્થ માર્ગનો પ્રકાશ બને, તો કરવા છતાં, જ્યાં સુધી પોતે ધારેલા સંજોગોમાં મૂકાય નહીં ત્યાં સુધી તેમ કરવાની ના પાડેલી. આનો હેતુ શો હોવો જોઇએ એ વિચાર કરતાં મને તે હેતુ તેઓની ખાનગી ડાયરીમાંથી જણાયો. તેઓની ખાનગી ડાયરીમાં નીચે પ્રમાણે એક પ્રશ્નોત્તરરૂપ લેખ છે.

"પરાનુગ્રહ પરમ કારૂણ્યવૃત્તિ કરતાં પણ પ્રથમ ચૈતન્ય જિન પ્રતિમા થા ! ચૈતન્ય જિન પ્રતિમા થા ! તેવો કાળ છે ?

તે વિષે નિર્વિકલ્પ થા.

તેવો ક્ષેત્ર યોગ છે ?

ગવેષ

તેવું પરાક્રમ છે ?

અપ્રમત્ત શૂરવીર થા.

તેટલું આયુષ્યબળ છે ?

શું લખવું ? શું કહેવું ?

અંતર્મુખ ઉપયોગ કરીને જો.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:"

શ્રીમાન્ રાજચંદ્રના લેખોના આપની સમીપે પડેલા સંગ્રહના સંશોધક આ પ્રશ્નનો જે ખુલાસો કરે છે તે ઉપરથી ઘણું અજવાળું પડે છે. આ લેખનું પૃથક્કરણ રા૦ સંશોધક આ પ્રમાણે કરે છે. "પરાનુગ્રહ પરમ કારૂણ્ય વૃત્તિ કરતાં પણ પ્રથમ ચૈતન્ય જિન પ્રતિમા થા !" તેનો આશય આ પ્રમાણે સમજવા યોગ્ય છે:–'પરાનુગ્રહ પરમ કારૂણ્ય વૃત્તિ' એટલે અન્ય જીવોના અનુગ્રહ (માર્ગનો ઉદ્ધાર) કરવા રૂપ પરમ કરૂણાળુ વૃત્તિ પહેલાં પોતે જેવી જિનની ચૈતન્ય પ્રતિમા છે તેવી પ્રતિમારૂપ અર્થાત્ અડોલ દશા પ્રાપ્ત કર. બે વખત ચૈત્તન્ય જિન પ્રતિમા થા" એવા ઉદ્દગારો કાઢ્યા છે તે વિશેષ ઉલ્લાસ સૂચક છે. પ્રથમ જિનની અડોલ દશા પોતાને પ્રાપ્ત કરવા માટે, અને પછી પરાનુગ્રહ કરવા માટે સાધનો અનુકૂળ છે કે કેમ તે સંબંધી નીચે વિચારણા કરી છે. ચાર સાધનો પોતાને દષ્ટિમાં આવતાં તે સાધનો છે કે કેમ તે પોતે પોતાને પૂછે છે. અને પાછો પોતે પોતાને ઉત્તર આપે છે. વિચારવાથી જણાશે કે પ્રથમ ત્રણ પ્રશ્નોના ઉત્તર "હકાર" માં છે, જ્યારે ચોથા પ્રશ્નનો ઉત્તર "હકાર" માં કે "નકાર" માં નથી, પણ ગોપ્ય સ્થિતિમાં છે. પહેલો પ્રશ્ન જે કર્યો છે કે "તેવો કાળ છે ?" તેનો

આશય એવો જણાય છે કે, "પરાનુગ્રહ" અને "જિનની અડોલ દશાને" માટે આ 'કાળ' અનુકૂળ છે કે? તેનો ઉત્તર જે, આપ્યો છે કે "તે વિષે નિર્વિકલ્પ થા." તેનો આશય એમ સમજાય છે કે, વર્તમાનકાળ વિષે નિર્વિકલ્પ રહેવા જેવું છે, અર્થાત્ વર્તમાનકાળ બાધક નથી. બીજો પ્રશ્ન જે કર્યો છે કે "તેવો ક્ષેત્રયોગ છે?" તેનો આશય એમ જણાય છે કે, તે ઇચ્છિત સ્થિતિને માટે ક્ષેત્ર અર્થાત્ ભૂમિ સાનુકૂળ છે કે નહીં તેનો ઉત્તર જે આપ્યો છે કે "ગવેષ" અર્થાત્ "અવલોક" તે પરથી અસરળતા વિના કહી શકાય કે, ભૂમિ પોતાને પ્રતિકૂળ જણાઇ નથી. ત્રીજા પ્રશ્નમાં એમ જે કહ્યું કે તેવું 'પરાક્રમ' છે? તેનો આશય એમ જણાય છે કે, આવી ઇચ્છિત સ્થિતિ પ્રાપ્ત કરી શકે તેવું પોતાને વિષે સામર્થ્ય છે કે નહીં? તેનો ઉત્તર જે આપ્યો છે કે "અપ્રમત્ત શૂરવીર થા!" જે એમ દર્શાવે છે કે "જે પ્રમત્ત ભાવ છે તે ટાળવારૂપ શૂરવીરતા" રાખ, તો "પરાક્રમ" પણ છે. અર્થાત્ આ ત્રીજા પ્રશ્નનો ઉત્તર પણ "હકાર" આપ્યો છે. ચોથો પ્રશ્ન જે કર્યો છે કે, "તેટલું આયુષબળ છે કે" તેનો હેતુ એમ જણાય છે કે શ્રીમાન્ પોતે ઇચ્છેલી સ્થિતિ પ્રાપ્ત કરી શકે તેવું આયુષ બળ ધરાવે છે કે નહીં તે પોતાના મનમાં વિચારે છે. તેનો ઉત્તર જે આપ્યો છે કે "શું લખવું? શું કહેવું? અંતર્મુખ ઉપયોગ કરીને જો." તેપરથી એમ ન કહી શકાવા યોગ્ય છે કે તે "હકારમાં" માં અથવા "નકાર" માં છે. જે કહી શકાય તે એટલુંજ છે કે તે ઉત્તર 'ગોપ્યસ્થિતિ' માં છે. જો આ પૃથક્કરણ સત્ય હોય તો પ્રથમ ત્રણ પ્રશ્નોના ઉત્તર "હકાર" માં છે, અને ચોથો "આયુષ બળ" સંબંધીનો પ્રશ્ન ગોપ્ય સ્થિતિમાં છે, અર્થાત્ શંકાશીલ સ્થિતિ આયુષબળ સંબંધી તેઓને જણાઇ છે.

આ ઉપરથી તેઓએ કયા કયા કારણોથી શાસનનો ઉદ્ધાર કરવાનું કાર્ય હાથ ન ધર્યું. તે સારી રીતે જોઈ શકાશે.

હવે, વર્ત્તમાન જૈન સમાજનું ધ્યાન ખેંચી રહેલા એવા કેટલાક સવાલો સંબંધી હું તેઓનો અભિપ્રાય શું હતો તે માટે થોડુંક જણાવીશ; પ્રથમ જૈનના શ્વેતામ્બર અને દિગમ્બર સંપ્રદાયોની સ્થિતિ સંબંધમાં તેઓનો અભિપ્રાય શું હતો તે જણાવીશ; અને પછી વર્ત્તમાન શ્વેતામ્બર માન્ય આગમ કે જે દિગમ્બરો માન્ય કરતા નથી તેના સંબંધમાં તેઓનો અભિપ્રાય શું હતો તે જણાવીશ.

સંવત્ ૧૯૫૩ ના ભાદ્રપદ વદ ૦)) ના લખાએલા એક પત્રમાં

તેઓએ આ બન્ને સવાલો સંબંધમાં જણાવ્યું છે કે, " શરીરાદિ બળ ઘટવાથી સર્વ મનુષ્યોથી માત્ર દિગમ્બર વૃત્તિએ વર્તીને ચારિત્રનો નિર્વાહ ન થઇ શકે તેથી જ્ઞાનીએ ઉપદેશેલી મર્યાદાપૂર્વક શ્વેતામ્બરપણેથી વર્ત્તમાન કાળ જેવા કાળમાં ચારિત્રનો નિર્વાહ કરવાને અર્થે પ્રવૃત્તિ છે તે નિષેધ કરવા યોગ્ય નથી; તેમજ વસ્ત્રનો આગ્રહ કરી દિગમ્બર વૃત્તિનો એકાંતે નિષેધ કરી વસ્ત્રમૂર્ચ્છાદિ કારણોથી ચારિત્રમાં શિથિલપણું પણ કર્ત્તવ્ય નથી. દિગમ્બરપણું અને શ્વેતામ્બરપણું, દેશકાળ અધિકારી યોગે ઉપકારના હેતુ છે એટલે જ્યાં જ્ઞાનીએ જેમ ઉપદેશ્યું તેમ પ્રવર્ત્તતાં આત્મર્થજ છે. "મોક્ષ-માર્ગ પ્રકાશ" માં વર્ત્તમાન જિનાગમ કે જે શ્વેતામ્બર સંપ્રદાયને માન્ય છે તેનો નિષેધ કર્યો છે તે નિષેધ કર્ત્તવ્ય નથી. વર્ત્તમાન આગમમાં અમુક સ્થળો વધારે સંદેહના સ્થાન છે, પરંતુ સત્પુરૂષની દૃષ્ટિએ જોતાં તેનું નિરા-કરણ થાય છે, માટે ઉપશમ દૃષ્ટિએ તે આગમો અવલોકન કરવામાં સંશય કર્ત્તવ્ય નથી."

શ્રોતાજનો, હું **શ્રીમાન્ રાજચંદ્રનો** ગુણાનુરાગી હોવાથી તેમની પ્ર-સંશા કરવાની ખાતર કહેતો નથી; પરન્તુ મને વસ્તુસ્થિતિ કહેવરાવે છે કે, જ્યારથી જૈન શાસનમાં શ્વેતામ્બર અને દિગમ્બર એવા બે ભેદ પડયા છે ત્યારથી બન્ને સંપ્રદાયના પણ ગ્રંથકારે આવું સામ્યભાવવાળું સ્વરૂપ લખ્યું હોય એમ જૈન ઇતિહાસ જોતાં જણાતું નથી. બન્ને સંપ્રદાયના ઉપદેશકો પોતપોતાનાજ સંપ્રદાય રક્ષણમાં બહુધા રહ્યા છે. મારા અભ્યાસ પ્રમાણે બે હજાર વર્ષમાં આ પહેલોજ દાખલો છે કે જેમાં બંને સંપ્રદાયની માની-નતાઓ આવી નિષ્પક્ષપાત બુદ્ધિએ તપાસાઇ હોય. વળી શ્વેતામ્બરો જે આગમને માને છે તેઓને દિગમ્બરો કલ્પિત કહે છે અને દિગમ્બરો આમ માનતા હોવાથીજ દિગમ્બર **પંડિત ટોડરમલજીએ** વર્ત્તમાન શ્વેતામ્બર માન્ય આગમનો નિષેધ કર્યો છે. **શ્રીમાન્ રાજચંદ્રે**, **પંડિતરાજ ટોડરમલજીએ** કરેલા નિષેધને યોગ્ય ગણ્યો નથી.

જ્ઞાન અને ક્રિયા.

શ્રીમાન્ રાજચંદ્રે વર્ત્તમાન જૈન સમાજમાંથી આત્મત્વ પ્રાપ્તિ માટેના જ્ઞાન અને ક્રિયા એ બે મુખ્ય સાધનમાં જ્ઞાનની પરિક્ષીણતા થએલી જો-ઇને તેમ જે ક્રિયાઓ કરવામાં આવે છે, તે પણ મૂળ ઉદ્દેશો સમજાયા વિના તેમજ તેને યથાર્થ સ્વરૂપે અનુસરાયા વિના કરવામાં આવે છે તે જોઇ, તે સંબંધમાં વખતો વખત સમાજનું ધ્યાન ખેંચ્યું છે. ક્રિયા અને જ્ઞાન એ બે વસ્તુ યુગપદ છે. જો જ્ઞાન હોય અને આચરણ અર્થાત્ ક્રિયા

ન હોય, તો જ્ઞાન શુષ્ક કહેવાય છે; તેમજ ક્રિયા હોય અને જ્ઞાન ન હોય તે ક્રિયા શુષ્ક કહેવાય છે. જૈનસમાજમાં અત્યારે ઘણુંખરૂં આવી સ્થિતિ થઇ ગયેલી જોઈ શ્રીમાન્ રાજચંદ્રે તે સંબંધમાં સમાજનું ધ્યાન ખેંચવા માટે પ્રયત્ન કર્યો છે; પણ દીલગીરી, તથા આશ્ચર્ય જેવું છે કે, જેમ શ્રીમાન્ આનંદઘનજી જેવા પ્રબળ આત્મજ્ઞાનીને તે સમયના લોકોમાંથી કેટલાકે એમ માની લીધા હતા કે, આનંદઘનજી મહારાજ અધ્યાત્મી હોઇ ક્રિયાનું ઉત્થાપન કરે છે, તેમજ કેટલાકે પોતાના મતાંધપણાને લઇને તેઓને એવા ખોટા આકારમાં ચીતરવાનો પ્રયત્ન કર્યો હતો કે, આનંદઘનજી મહારાજ ક્રિયાના નિષેધક હતા; તેવીજ રીતે હમણાં શ્રીમાન્ રાજચંદ્રના સંબંધમાં કેટલેક સ્થળે કામ લેવામાં આવતું જોવામાં આવે છે. જે જોઇ દુઃખ થાય છે. જેઓને પોતાના કુળધર્મના વહિવટદારોમાંજ મમત્વ બંધાઈ ગયું છે તેઓ બિચારા તેઓને જે રીતે તેવા વહિવટદારો તરફથી ચિત્ર બતાવવામાં આવે છે, તેવું માની લે છે; પરંતુ તેઓ જોઇ શકતા નથી કે, કાંતો તેઓ પોતાને પ્રાપ્ત થયેલ લોકરૂઢ સંસ્કારોને લઇને, અને કાંતો પોતાના મહાત્મ્યમાં ઘટાડો થવાનો ભય જાણી આવું નહીં ઇચ્છિવા યોગ્ય ચિત્ર બતાવે છે. મહાશય પ્રમુખ સાહેબ, આપે શ્રીમાન્ રાજચંદ્રના વિચારો અવલોક્યા હશે, અને આપને પ્રતીતિ થઇ હશે કે, તેઓનો સંપૂર્ણ ઉપદેશ એજ છે કે જ્ઞાન અને ક્રિયા એ બન્ને યુગપદ ભાવે જોઇએ; અને તેમ છતાં જે પ્રકારના સંસ્કારો શ્રીમાન્ આનંદઘનજી પ્રત્યે થતા હતા તે પ્રકારના સંસ્કારો શ્રીમાન્ રાજચંદ્ર પ્રત્યે થવાનું કોઈ કોઇ સ્થળેથી થયું છે. આવા પ્રકારનું અન્યથા ચિત્ર બતાવવામાં આવે, તેથી હું એમ માનું છું કે શ્રીમાન્ રાજચંદ્રના આત્માને, તો કાંઇ નુકશાન નથી થયું અને નથી થવાનું, પરંતુ જે નુકશાન થાય છે તે તેવા પ્રયત્ન કરનારના આત્માને અને ધર્મવહિવટદારોની સમાજને થાય છે; કારણ કે આપ સારી રીતે માહીત હશો કે, આપણી ઉપદેશની જુની શૈલીએ ધર્મના સંસ્કારો નવી પ્રજાને આજ઼ ઘણું કરી થતા નથી; જ્યારે શ્રીમાન્ રાજચંદ્રની શૈલીથી જેઓને પશ્ચિમ ભણીના જડવાદનો પરિચય છે તેના પ્રત્યે પણ ધર્મ સંબંધીના સંસ્કારો થાય છે. મારો વિષય મારાથી ઘણો વિસ્તારવાળો થઇ ગયો છે એટલે અહીં હવે વધારે લેખો શ્રીમાન્‌ના લેખોમાંથી ટાંકવા માંગતો નથી; પરંતુ આપણા હિંદીઓની હાડમારી માટે જાતિદુઃખ ભોગવી દક્ષિણ આફ્રિકામાં જે પુરૂષ–શ્રીયુત મોહનદાસ ગાંધી બેરીસ્ટર લડત ચલાવી રહ્યા છે તેઓ પ્રત્યે શ્રીમાને લખેલા પત્રો તરફ આપનું ધ્યાન ખેંચું છું. આપ તે લેખો વાંચી જોશો, અને પછી આપ

પોતેજ વિચારી લેશો કે, આપણી જૈન સમાજમાંથી એવા કેટલાક નીકળશે કે જે એવી ઉપદેશ શૈલી વાપરી કેળવાયેલા માણસોના મન સમાધાન કરી શકે તેવા છે? મારો કહેવાનો હેતુ એ છે કે, તેઓનું સ્વરૂપ અન્યથા આકારે ચિતરી, નવી પ્રજાને ધર્મ સંસ્કારો ગ્રહણ કરતાં અટકાવવાનું જે નિમિત્ત ઉભું કરવામાં આવે છે તે દેખીતી રીતે સમાજને નુકસાન થાય છે કે નહીં તે તપાસવાની ખાસ જરૂર છે.

હવે આ વિષયનો હું ઉપસંહાર કરૂં છું. ઉપસંહાર કરતાં મારે ત્રણ કોટિઓનો લક્ષ્ય ખેંચવાનો છે. એક તો તમામ હિંદીઓનો લક્ષ્ય ખેંચવા સંબંધી છે. ઓગણીશ વર્ષની વયે જેને માટે એમ લખાયું હતું કે. "આવી મહાન્ શક્તિના પુરૂષો યુરોપ કે અમેરિકામાં હોય તો મોટાં માન અને દોલતે પોસાય તેમજ સરકાર અને પ્રજા બન્ને તેમને ઉત્તેજન આપી આગળ વધાર્યા વિના રહે નહીં," તે વાત હિંદીઓએ શું એટલા કારણથી અભિમાન લેવા જેવી નથી કે, હિંદમાં પૂર્વે અસાધારણ શક્તિઓવાળા પુરૂષો થઇ ગયા, તેના પ્રત્યક્ષ ઉદાહરણ રૂપ આ પુરૂષ હતા, એમ જગતને તેઓ બતાવી શકે? સભાજનો, પુનરૂદ્ધાર કરવા સંબંધીની મહાત્વાકાંક્ષા પૂર્ણ થયા વિના જ્યારે માત્ર બત્રીશ વર્ષની નાની વયે શ્રીમાન્ રાજચંદ્રે દેહોત્સર્ગ કર્યો ત્યારે મેં આપની આગળ જૂદી જૂદી હકીકતો કહી. તે હકીકતનો ઘણોજ સંક્ષિપ્ત સાર તેઓના પરિચયીઓએ "મૃત્યુનોંધ" તરીકે "પાયોનીયર" પત્ર ઉપર મોકલ્યો ત્યારે તે વાંચીનેજ "પાયોનીયર"ના અધિપતિને ઘણું માન ઉપજ્યું. બહારથી આવેલી "મૃત્યુનોંધ"ને પોતાના અગ્રલેખ તરીકે દાખલ કરી તેના ઉપર "Indians of today" અર્થાત્ "આજના હિંદીઓ" એવું મથાળું કરી પ્રગટ કરી. "આજના હિંદીઓ" એવું મથાળું આપવાનો એ હેતુ જણાય છે કે "પાયોનીયર"ના અધીપતિ પોતાના વાંચનારાઓને એમ દર્શાવવા ઇચ્છતા હશે કે, હાલના જમાનામાં પણ આવા (આવી અસાધારણ) શક્તિવાળા પુરૂષ થાય છે ખરા. "પાયોનીયર"ના અધીપતિને માત્ર ટુંકી હકીકતવાળા એક લખાણથી આવું માન ઉપજ્યું, તો પછી તે પુરૂષને અને તેના વિચારોને પૂર્ણપણે અભ્યાસી ખાસ હિંદીઓને કેટલું બધું માન ઉપજવું જોઇએ અને તેઓએ તેવા પુરૂષ પોતાના દેશમાં ઉત્પન્ન થાય છે તે માટે કેટલું અભિમાન ધરવું જોઇએ ?

હિંદીઓ પછી આત્મવાદીઓને શ્રીમાન્ માટે અભિમાન ઉત્પન્ન થવું જોઇએ. સમર્થ નાસ્તિકો કે સમર્થ સાયન્ટીસ્ટો ખુલાસો આપી શકશે કે ઉપલી શક્તિઓ ક્યારે અને કેવી રીતે પ્રાપ્ત થઇ? મારા માનવા પ્રમાણે

તેઓ તેવો ખુલાસો કરવાને નિષ્ફળ થવા જોઈએ. જો કોઈ પણ ફળિભૂત થાય તો તે આત્મવાદીઓજ છે; કારણ કે આત્મવાદને માનનારાઓ આત્માનું નિત્યત્વ સ્વીકારે છે, અર્થાત્ આત્મા નિત્ય હોઇ શ્રીમાન્ રાજચંદ્ર આત્મવાદનું સત્યત્વ ઠરાવવા માટે પ્રત્યક્ષ ઉદાહરણરૂપ હતા તો તે અયોગ્ય કહેવાશે? અને જો અયોગ્ય ન કહેવાય, તો હું જે કહું છું કે શ્રીમાન્ રાજચંદ્રના દૃષ્ટાંતથી આત્મવાદને માનનારાઓએ તેમને માટે અભિમાન ધરવું જોઇએ તે શું યોગ્ય નથી?

આત્મવાદીઓ પછી જૈનિયોએ અભિમાન ધરવા જેવું છે. જો ખરૂં પૂછો તો જૈનિયોએ સર્વ કરતાં વિશેષ અભિમાન ધરવા જેવું કારણ છે. તેઓ જૈન શિવાયની અન્ય સૃષ્ટિને બતાવી શકે કે, અમારે વિષે એક પુરૂષ થઈ ગયા છે કે, જે પુરૂષની શક્તિઓ જાહેર રીતે મહાન્, ચમત્કારિક, અદ્‌ભુત અને અસાધારણ હતી એમ સ્વીકારાએલ છે. તેણે સમર્થમાં સમર્થ નાસ્તિકો વિચાર બાંધે તેવા પ્રકારના વિચારોની વિચારણાથી માંડી સર્વ દર્શનોના સિદ્ધાંતોનું અવલોકન કેવળ નિષ્પક્ષપાત બુદ્ધિએ, તેમજ જૈન માર્ગમાં મમત્વ રાખ્યા વિના કરી શ્રી જિનોએ પ્રણીત કરેલ આત્મસ્વરૂપ અને વિશ્વવ્યવસ્થાનું સ્વરૂપ સ્વીકારેલ છે. શ્રી જિનના સિદ્ધાંતની વિશેષ પુષ્ટિ અર્થે શ્રીમાન્ રાજચંદ્રનું પ્રત્યક્ષ ઉદાહરણ આપવાનું જૈનિયોને એક ઉત્તમ કારણ શું નથી મળતું? અને જો મળતું હોય તો તે બાબતમાં જૈનિયોએ અભિમાન ધરવા જેવું નથી? મારી સાથે દરેક વિચારવાન માણસ કબુલ થશે કે, જૈનિયોને પોતાના માર્ગની વિશેષ દૃઢતા કરનારૂં આના કરતાં વધારે નિમિત હાલના સમયમાં ભાગ્યેજ મળે તેમ છે, પરન્તુ પ્રસિદ્ધ લેખક બર્ક કહે છે તે પ્રમાણે દુનિયા ૫૦ વર્ષ પાછળ છે; એટલે જૈનસમાજ શ્રીમાનની શક્તિની તરતમાં પીછાણુ કરશે એમ મને લાગતું નથી; મતલબ કે જે સમાજમાં જ્યારે જ્યારે કોઇ અસાધારણ પુરૂષ થાય છે અને તે તેના વિચારો સમાજને વિશેષ વિચારપૂર્વક અને સ્વતંત્ર બુદ્ધિએ બતાવે છે ત્યારે સમાજ તેને સહન કરી શકતી નથી; કારણ કે સમાજને લાગે છે કે, તે અમારા વિચારોથી બીજા કોઇ પ્રકારે પ્રતિપાદન કરે છે; પરન્તુ જો વિચાર સહિષ્ણુતા રાખી વિચારે તો જણાય કે તે પુરૂષ તમારા વિચારોથી અન્યથા કહેતો નથી; પરન્તુ તમારા વિચારોની ઉત્તમતા કેમ લાગે તેમ કરવાનો તેમનો પ્રયત્ન છે. પણ આવી બુદ્ધિ સમાજમાં ક્યારે થાય, કે જ્યારે રૂઢીબદ્ધ વિચાર વાતાવરણને બદલે સ્વતંત્ર પરંતુ પવિત્ર વિચાર વાતાવરણ સમાજમાં આવે.

આ વિષય પૂર્ણ કરતાં કરતાં શ્રીમાન્ રાજચંદ્રનું આત્મબળ બતાવનારૂં એક છેવટનું કારણુ આપને જણાવ્યા વિના રહી શકતો નથી. શ્રીમાનનું સારા આરોગ્ય વખતે દેહનું મૂળ વજન લગભગ ૧૩૮ રતલ હતું. તે ઘટી ઘટીને માત્ર ૪૩-૪૪ રતલ રહ્યું હતું. ત્યારે દેહોત્સર્ગ પહેલાં અગીઆર દિવસે નીચે પ્રમાણે શ્રી જિન માર્ગનું સ્વરૂપ બતાવ્યું હતું:—

ઇચ્છે છે જે જોગીજન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ સયોગી જિનસ્વરૂપ.
આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર.

જિનપદ નિજપદ એકતા, ભેદ ભાવ નહીં કાય;
લક્ષ થવાને તેહનો, કહ્યા શાસ્ત્ર સુખદાય.
જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિમતિ માન;
અવલંબન શ્રી સદ્ગુરૂ, સુગમ અને સુખખાણુ.
ઉપાસના જિન ચરણુની, અતિશય ભક્તિ સહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમયોગ ઘટીત.

ગુણુપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રીસદ્ગુરૂ વડે, જિન દર્શન અનુયોગ.
પ્રવચન સમુદ્ર બિંદુમાં ઉલટી આવે એમ,
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણુ પણુ તેમ.

વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણુામની વિષમતા, તેને યોગ અયોગ,
મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચારઃ
કરૂણુા કોમળતાદિ ગુણુ, પ્રથમ ભૂમિકા ધાર.
રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ.
જગત ઇષ્ટ નહીં આત્મથી, મધ્ય પાત્ર મહા ભાગ્ય,
નહીં તૃષ્ણુા જીવ્યા તણુી, મરણુ યોગ નહીં ક્ષોભ;
મહા પાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ,
આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઇ;
આવ્યે તેમ સ્વભાવમાં, મનસ્વરૂપ પણુ જાઇ.
ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહીં વાર.

સુખધામ સુસંત ચહિ, દિનરાત્ર રહે તદ ધ્યાનમંહિ;
પ્રશાંતિ અનંત સુધામય જે, પ્રણુમું પદ તે વર તે જય તે.

સજ્જનો, હું આ શ્રીમાન્ રાજચંદ્રના આધ્યાત્મિક જીવનને પૂર્ણ કરૂંછું. પૂર્ણ કરતાં મારે વિશેષ કાંઈ કહેવું નથી. એક વાત મારે એ કહેવાની છે કે, હું શરૂઆતમાં કહી ગયો હતો કે, તેઓનું જીવન એવા પ્રકારનું છે કે, ગમે તેટલું તેને સાદા આકારમાં કહેવામાં આવે, તોપણ તે બીજાઓને અતિશયોક્તિરૂપ લાગે તેમ છે. તેમજ બીજા જેઓને શ્રીમાનના સમાગમનો લાભ મળ્યો હતો તેને તો તેમની શક્તિઓ અને દશાના સંબંધમાં જે મહાત્મ્યબુદ્ધિ ઉત્પન્ન થઇ હતી તેથી એમ લાગે છે કે તેમના સંબંધમાં "જે કાંઇ કહેવું તે, મુંગાને સ્વપ્ન થયું હોય અને કહી શકે નહીં તેથી પશ્ચાતાપ કરે" તેના જેવું છે. હું આપની સમીપ કાંઇ કહી ગયો, તે આપમાંના જેઓને તેઓનો સમાગમ નહીં થયો હોય તેને કદાચ થોડુંઘણું અતિશયોક્તિરૂપ લાગશે; જ્યારે જેઓને. તેઓનો પરિચય થયો હતો તેઓને એમ લાગશે કે, મેં જગતના ડરથી તેઓની શક્તિઓ અને દશા હતી તેના કરતાં ઘણુંજ ન્યૂન કહી વિચાર સ્વાતંત્ર્ય દાખવ્યું નથી. બન્ને પક્ષો ગમે તેમ બોલે તેનો ખ્યાલ નહીં કરતાં હું કહુંછું કે, મને તેઓના સંબંધમાં વર્ત્તમાન દેશ, કાળને અનુકૂળ હોઈ સમાજ તેનો લાભ થઇ શકે તેટલું કહેવા પ્રયત્ન કર્યો છે.

છેવટે શ્રોતાજનો ! આ જયંતિ જેવા પ્રસંગને માટે તૈયાર કરેલો આ નિબંધ ઘણોજ લાંબો થયો છે; પરંતુ તે નિરૂપાયે થયો છે. આપે મારૂં કથન જે ધીરજ પૂર્વક સાંભળ્યું છે તે માટે ઉપકાર માની મારૂં સ્થાન લેવાની રજા લઉછું.

મી૦ ગોવિંદજી મૂળજી મેપાણી, બી. એ. એ આપેલું ભાષણ.

શ્રીમાન્ મુનિમહારાજ તથા ગુણાનુરાગી સજ્જનો !—આજના માંગલિક પ્રસંગે મારી પવિત્ર ફરજ બજાવવા હું આપની પાસે બે બોલ બોલવાની રજા લઉં છું. સર્વથી પહેલાં મારે જણાવવું જોઇએ, કે શ્રીમાન રાજચંદ્રના સમાગમમાં આવવા હું ભાગ્યશાળી થયો નથી; તો પછી એ મહાનુભાવ પ્રત્યે હું પૂજ્યદષ્ટિએ શા માટે જોઉં છું એ વાત મારે આપને

સમજાવવી જોઇએ; અને એજ મારૂં અત્રે બોલવાનું પ્રયોજન છે. એ માટે પ્રથમ પૂજ્યશ્રીના લેખોપરથી હું શું બોધ પામ્યો છું તે આપને નિવેદન કરીશ; અને તે પછી એમના ચરિત્રનો હું યત્‌કિંચિત્‌ ખ્યાલ આપીશ, જે પરથી એ મહાત્માને મારા ગુરૂ માનવાની બુદ્ધિ સકારણ ને વાસ્તવિક છે એ આપ સહેજે સમજી શકશો.

પૂજ્યશ્રીના લેખોનો જે થોડો ભાગ મેં વાંચ્યો છે તે પરથી તેમના ઉપદેશનો મુખ્ય સારં મને નીચે પ્રમાણે જણાયો છેઃ—

આત્મા છે, અને તે આ દેહાદિથી સદા ન્યારોજ છે, એવી દઢ પ્રતીતિ થવી એ વીતરાગમાર્ગમાં પ્રવેશ કરવાનું પ્રથમ પગથીયું છે. વર્તમાન કાળમાં એ પવિત્ર માર્ગ પામવાને અનુકૂળ સાધનોનો અત્યંત અભાવ છે, માટે વિશેષે કરીને સબળ પુરૂષાર્થ કરો. જ્યૉર્જ હરબર્ટ નામના એક કવિએ કહ્યું છે કે—

Pitch thy behaviour low
thy projects high,
So shalt thou humble,
and magnanimous be.
Sink not in spirit;
who aimeth at the sky,
Shoots higher much than
he that means a tree.

એજ ન્યાયે,—અજ્ઞાન અંધકારને લીધે આત્માની અનંત શક્તિઓમાં શંકા કરાવનાર, સર્વ જગતને પતીત કરનાર, એવા પુરૂષાર્થછેદક, impossible—'અશક્ય' શબ્દનો પરાજય કરી, શુદ્ધ અવિચળ શ્રદ્ધા અને દ્રઢ ભક્તિથી, "આ ભવિવણુ ભવ છે નહિ" એમ માની, "સર્વ પક્ષપાત છાંડી રાગદ્વેષ મોહપક્ષ વર્જીત કરી આત્માસું રઢ મંડો" તો તરતજ ભવભ્રમણનો આરો આવી જશે. હાલ સામાન્યપણે જોવામાં આવે છે તેવા તત્ત્વ સમજ્યા વિનાના ઉપયોગ શૂન્ય પ્રયત્નોથી "ભવતણા બીજનો" નાશ થવાનો નથી. તેથી ભલે પુણ્ય થાઓ. વાસ્તવિક રીતે સોનાની બેડીઓ સમ; પણ આખર બેડીરૂપ દેવતાના ભવની પ્રાપ્તિ થાઓ, પણ ઉપયોગશૂન્ય કરણીથી એક પણ ફેરો ઓછો થશે નહિ. એક પળ પણ પ્રમાદ કર્તવ્ય નથી. માટે ભાવનિદ્રાને ટાળી માનવદેહને કૃતાર્થ કરો. આત્માને તારવા ઉદ્યમવંત થાઓ.

જે માણુસ પોતાનું કલ્યાણુ કરી શકતો નથી, પોતાનું કર્તવ્ય યથાર્થ રીતે સમજ્યો નથી, જેની રહેણીકહેણી એક થઈ નથી તેનાથી અન્યનું કલ્યાણુ થઇ શકે એમ નથી એ દેખીતુંજ છે. પાંચપચીશ શાસ્ત્રના ગ્રંથો વાંચવાથી જે માણુસ પોતાને જ્ઞાની વા પારંગત વા પૂર્ણ માને છે, અને બીજાને ઉપદેશ દેવા મંડી પડે છે તે પોતાની જવાબદારી સમજી શક્યો નથી. એ સંબંધે એમના નીચેના બે પદ બહુ વિચારવા યોગ્ય છેઃ-

મુખથી જ્ઞાન કથે અને, અંતર્ ન છૂટયો મોહ,
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ.
નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ,
સબસે ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ.

આ સુધારાના જમાનામાં સુધારો કરવા વિષે ઘણુંય બોલાયું છે ને બોલાય છે, પણુ ચારિત્રબળ વિનાનું બોલવું, જોઇએ તેવું ફળ આપતું નથી. માટે તેથી આગળ વધી, દરેક શુભચિંતકે શુદ્ધ વિચાર પ્રમાણે આચાર રાખવા-જાતિ દૃષ્ટાંત બેસાડવાની જરૂર છે.

હાલ ધાર્મિક શિક્ષણુ વિષે ઘણો ઉહાપોહ કરવામાં આવે છે, પણુ ધાર્મિક શિક્ષણુ તે શુષ્ક ઉપદેશ નહિ-તેથી તો ઉલટી લાગણી બુઠ્ઠી થઈ જાય. જ્ઞાનપર અભાવ આવી દુર્લભબોધી થઈ જવાય-પણુ દેવગુરૂની આજ્ઞાનુસાર પવિત્ર જીંદગી ગુજારવી એ છે. શુષ્ક ઉપદેશ આપવા કરતાં બાળપણુથીજ વિદ્યાર્થીનું વર્તન પવિત્ર રાખવા પ્રત્યે લક્ષ આપો એમ ફ્રોબેલે પણુ કહ્યું છે. હાલની કેળવણીની એ એક મોટી ખામી છે કે, જ્યારે વિચારમાં માણુસ આગળ વધી જાય છે ત્યારે આચારમાં પાછળ રહી જાય છે. આ વિરોધ ટાળવા યોગ્ય છે.

જીવન ગાળવાની સર્વથી સહેલી ને સરળ રીત એ છે કે શાસ્ત્રાજ્ઞા પ્રમાણે જીંદગી ગુજારવી. એજ વાતનું પ્રતિપાદન મહાન શિક્ષણુવેત્તા "ફ્રોબેલે" પણુ કહેલ છે, અત્રે ફ્રોબેલેનું નામ આપવાનું કારણુ એજ કે જે વાતોને આપણે અશકય માનીએ છીએ તે અશક્ય નહિ પણુ સુશક્ય છે એમ સર્વે તત્વચિંતકોને જણાયું છે.

ત્રણે કાળમાં હોય એક, પરમાર્થનો પંથ;
પ્રેરે જે પરમાર્થને, તે વ્યવહાર સમંત.

વ્યવહાર ને પરમાર્થ વચ્ચે કદી વિરોધ હોઇ શકે નહિ. જે સામાન્ય માનીનતા પડી ગઈ છે કે પરમાર્થની વાતો વ્યવહારમાં કામ આવે નહિ

તેનું તેમણે મજબુત ખંડન કરેલ છે. એવી અનર્થકારક માનીનતાથી તો માણુસો જાણી જોઈ માર્ગથી ઉન્મુખ થાય છે. તાત્કાળિક-ક્ષણિક લાભના લોભે પવિત્ર ધર્મને હારી જાય છે. એ માત્ર તેમની અશ્રદ્ધાનું, મિથ્યા કલ્પનાનું, કાયરતાનું, ધૈર્ય રહિતપણાનું ફળ છે. હાલના કાળમાં અત્રેથી મોક્ષે જવાય તેમ નથી, આ તો કળીકાળ છે; એ વાતો ભગવંતે કાંઈ ધર્મથી પતીત થવા કે કાયર થવા કહી નથી, પણ સબળ પુરૂષાર્થ કરવાને પ્રેરવા માટેજ કહેલ છે. અને એટલા માટેજ "આ ભવ વિણ ભવ છે નહિ" એમ ધારી આગળ વધવા શ્રીમાને બોધ કરેલ છે.

ભલે અત્રથી મોક્ષે જવાતું ન હોય પણ મોક્ષ પામવાંનું અવશ્ય કારણ જે સમ્યકત્વ તે તો પ્રાપ્ત કરી શકાય તેમ છે. અને તે પામ્યા તો નિર્વિઘ્ને અજરામર સ્થાન નજીકમાં પ્રાપ્ત થશેજ એ ભગવાન્‌નું વચન છે. કોઇ પણ પ્રકારનું સમ્યકત્વ પામ્યા વિના અથવા બીજા શબ્દોમાં કહીએ તો ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા ને આસ્થા એ પાંચ ભાવ હૃદયે સ્ફુર્યા વિના, વીતરાગમાર્ગમાં પ્રવેશ કરવાને અધિકારી થવાતું નથી. ભવ-ભ્રમણમાંથી ક્યારે છૂટું એવી રૂચી પ્રકટયા વિના, કષાયો પાતલા પડયા વિના, વૈરાગ્યવૃત્તિ સ્ફુર્યા વિના, ધર્મ પામવાને યોગ્ય થવાતું નથી. અત્રે વૈરાગ્યવૃત્તિનો અર્થ તદ્દન ઘરબાર છોડી નિર્ગ્રંથ બની જવું જોઈએ એમ એકાંતે લેવાનું નથી; તેમ થાય તો પરમ કલ્યાણકારી છે. પણ નહિ તો જેમ આપણે કોઈ ધર્માદા દ્રવ્યના ટ્રસ્ટી હોઈએ અને શુદ્ધબુદ્ધિથી તે દ્રવ્યની શુભ વ્યવસ્થા કરતા હોઇએ તેમ અહંબુદ્ધિ વિના પોતાનું જે દ્રવ્યાદિ હોય તે વિષે ટ્રસ્ટીભાવ ધારણ કરી વર્તવું, મનને સંસારમાંથી વિરક્ત કરવું, એ પણ કલ્યાણમયજ છે. આપણે ઘણાં શાસ્ત્રાદિ વાંચીએ છીએ, છતાં હૃદયપર જોઈએ તેવી અસર થતી નથી, તેનું કારણ કે ઉપશમ અર્થે આપણે તેમ કરતા નથી. ઉપશમદ્રષ્ટિ વિનાનું શ્રવણ વાંચન નિષ્ફળ છે. હજારો પોથાં વાંચવાની જરૂર નથી, જો અકેકા શબ્દમાં રહેલો તમામ આશય (Connotation) આપણે યથાર્થ સમજી શકતા હોઈએ; ભગવંત જ્યારે દીક્ષા આપે છે ત્યારે માત્ર ત્રણ શબ્દો "ઉપન્નેવા, વિધનેવા, ધુવેવા,"-ઉચ્ચારે છે, છતાં તેમના ગણધરોને દ્વાદશાંગીનું જ્ઞાન સહજ પ્રાપ્ત થાય છે. એનું કારણ એજ કે, ત્યાં ગ્રહણ કરનાર હૃદય અત્યંત ઉત્સુક તથા પાત્ર છે. માટે આત્માર્થી જીવોએ એ પાત્રતા મેળવવા પરમ પુરૂષાર્થ કરવો. આ વાત પૂજ્યશ્રીનો એક દોહરો યાદ રાખવાથી સ્હેલાઇથી હરવખતે સ્મરણમાં આવી શકે તેમ છેઃ—

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતર્ દયા, તે કહીએ જીજ્ઞાસ.

અનંતો કાળ થયા ભાન વિના આપણે આથડીએ છીએ. તેમાં સામાન્ય ધર્મ કરણી પણ આપણે અનેક વાર કરી હશે. છતાં ભ્રમણ ટળ્યું નથી તેનું કારણ શું? અનાદિથી પડેલા અધ્યાસ પ્રમાણે, તત્ત્વ સમજ્યા વિના, નિજકલ્પનાએ, પોતાને ફાવે તેને ધર્મ માની સ્વચ્છંદે વર્તવું એજ.

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડયો ન સદ્ગુરૂ પાય;
દીઠા નહિ નિજદોષ તો, તરીયે કોણ ઉપાય ?
અધમાધમ અધિકો પતીત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ?

માટે આ અનાદિની મિથ્યા—અણુસમજ દૃષ્ટિ ટાળી, વીતરાગના કથન પર નિઃશંક આસ્થા આણી, નવીન દૃષ્ટિએ, ઉપર્યુક્ત જિજ્ઞાસુવૃત્તિએ, માર્ગનું આરાધન કરો.

શ્રીમાને અનેક સ્થળે ખાસ ભાર આપીને કહ્યું છે કે સદ્ગુરૂ યા સત્સંગનો યોગ થયાવિના સ્વચ્છંદ ટળી શકતો નથી,—આત્મબોધ યથાસ્વરૂપ પ્રાપ્ત થઈ શકતો નથી; અને તે કેવળ સત્ય છે. **વીર**પરમાત્માએ પણ એમજ કહ્યું છે. ખુદ નમસ્કાર મંત્રનું પણ એજ રહસ્ય છે. તેમાં પ્રથમ પદે તેરમા ગુણસ્થાનકે એવા સયોગી જિનેશ્વરને, તેઓ સદ્ગુરૂ હોઈ, પ્રથમ નમસ્કાર કરેલ છે, અને પછી સિદ્ધ પરમાત્મા નમસ્કાર કરેલ છે. આ ભેદ સમજી સદ્ગુરૂ સન્મુખ થવા તત્પર થવું એ હિતકારી છે. સદ્ગુરૂના યા સત્સંગના અભાવે યા અલાભે ઉત્તમ શાસ્ત્રમાં નિરંતર એકાગ્ર રહેવું તે પણ સત્સંગ છે. આત્માને સત્ય રંગ ચઢાવે તેજ સત્સંગ.

આ પ્રમાણે મુમુક્ષુની દૃષ્ટિએ પૂજ્યશ્રીના ઉપદેશનો ટુંક સાર આપને જણાવ્યો. હવે તેમનાં લખાણો તથા શૈલીનું કાંઈક અવલોકન કરીએ.

અત્રે તેમના સંબંધે બે પ્રસંગોની વાત સાંભળી છે તે જણાવીશ. કોઇએ પૂજ્યશ્રીને પ્રશ્ન કર્યો હતો કે મહાવીરના સર્વ કથનપર મને શ્રદ્ધા બેસે છે, પણ પૃથ્વીને તેમણે સપાટ કેમ કહી હશે? તેના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, તમને પૃથ્વી ગોળ હોય તેથી લાભ છે કે સપાટ હોય તેથી લાભ છે? પ્રત્યુત્તર, બન્નેથી નહિ. તો પછી, **શ્રી**માને કહ્યું, મહાવીર પરમ પુરૂષ હતા એવી જ્યારે તમને ખાતરી છે ત્યારે પરમપદપ્રાપ્તિના માર્ગમાં અનુપકારી એવી આ વાત વિષે વીતરાગના વચનમાં શંકા લાવી શા માટે તે પવિત્ર માર્ગથી પતીત થાઓ છો?

બીજો પ્રસંગ શ્રીકૃષ્ણના સંબંધે હતો. જૈનો તેઓ નરકે ગયાનું કહે છે, જ્યારે વેદાંતીઓ તેમને મોક્ષે ગયાનું બતાવે છે, તેના ખુલાસામાં શ્રીમાને જણાવ્યું કે, જૈનો શ્રીકૃષ્ણ સંબંધી જે હકીકત કહે છે તે પ્રમાણે જો કોઇ પણ માણસે કર્યું હોય તો ખુદ વેદાંતીઓ તેને કયા સ્થાનના પાત્ર ઠરાવે? પ્રત્યુત્તર નરકના. અને વેદાંતીઓ શ્રીકૃષ્ણ સંબંધી જે વાતો કરે તે પ્રમાણે કોઇ પણ માણસ વર્ત્યો હોય તો, તેને જૈનો કયા સ્થાનને માટે લાયક ગણે? જવાબ મોક્ષસ્થાન. તો પછી તત્ત્વગ્રાહી પુરૂષ માટે હવે વિરોધ ક્યાં રહ્યો?

ઘણીક બાબતો એવી છે કે, જેના સંબંધે કાંઈ પણ નિર્ણયપર આવવાની આપણી અપેક્ષાએ આવશ્યકતા નથી. તેથી મોક્ષના પંથે પડવામાં કાંઈ બાધ આવતો નથી. વળી બીજી કેટલીક એવી છે કે જે કેવળીગમ્ય છે, યા અમુક યમનિયમાદિનું યથાર્થ સેવન કર્યા પછી અમુક ઉચ્ચ ગુણસ્થાનકે દૃષ્ટિગોચર થઇ શકે છે; જેમ ઇંદ્રિયગમ્ય બાબતોને જાણવા માટે અમુક જડ પદાર્થોના સાધનોની અપેક્ષા રહે છે. (દાખલા તરીકે બૃહસ્પતિના ચંદ્રમાઓ જોવાં સૂક્ષ્મ દૂરબીનની) તેમ ઇંદ્રિયોથી પર એવી જે આધ્યાત્મિક વસ્તુઓ તેને જાણવાને ઇંદ્રિયો પર એવા યમનિયમ જ્ઞાનાદિ સાધનોની આવશ્યકતા હોય તો તેમાં શું અવાસ્તવિક છે? અને તેવી યોગ્યતા આપણામાં ન હોય, તેને મેળવવા કાંઈ પ્રયત્ન પણ કર્યો ન હોય તો પછી તે વાતો વાસ્તવિક છે કે નહિ, એવો કાંઈ પણ અભિપ્રાય ઉચ્ચારવા આપણને શો અધિકાર છે? માટે સર્વ વાદવિવાદ તથા ઝઘડા છાંડી, આત્માના કલ્યાણના માર્ગે ચડો, પછી યોગ્ય સમયે પોતાની મેળે તે બાબતોનો ખુલાસો થઈ જશે:—

જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ,
જ્ઞાન ત્યાં શંકા નહિ સ્થાપ.

કોઈ પણ પ્રકારનો અભિપ્રાય અમુક દૃષ્ટિએ ખરો હોય એ સ્યાદ્વાદ-દૃષ્ટિએ તદન સંભવિત છે; તો પછી અનેકાંત દૃષ્ટિએ ગચ્છભેદ મતભેદ યા પરદર્શનની નિંદા અશક્ય છે. જ્યાં આવો મતાગ્રહ હોય ત્યાં જૈન-દૃષ્ટિનો અભાવજ જાણવો. માટે સર્વ શંકા કંખાને ઝઘડાથી વિરક્ત થઈ મતાગ્રહ ટાળી, આત્માની સન્મુખ થાઓ. આમ શુદ્ધ સાત્વિક ધાર્મિક જીવન ગાળવામાં નડતા આવા ક્ષુદ્ર અંતરાયોને ટાળનાર, સર્વે વૈરવિરોધને સમાવનાર, સમદૃષ્ટિ પ્રકટાવનાર, પરમ શ્રદ્ધા ઉત્પન્ન કરનાર, રોમેરોમમાં સુદૃઢ ભક્તિરસ રેલાવનાર, શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ વિનાના જીવોના કથનથી

પ્રત્યક્ષ જુદા પડી આવતાં, આત્મા અનુભવયુક્ત તેમનાં વચનો છે.

આવી શૈલીએ એમના તમામ લેખો લખાયલા છે. **આત્મસિદ્ધિ** જુઓ. તેમાં છ દર્શનનું અવલોકન કરેલ છે, છતાં કોઈ પણ દર્શનીને અપ્રિય થાય એવો એકે શબ્દ નથી.

એમની શૈલી આ પ્રમાણે હાલની રાષ્ટ્રિય ભાવનાને સાનુકૂળ છે. જૈનદર્શન અનેકાન્તદષ્ટિવાળું હોઇ આ જગતના સર્વે જીવોને હિતકારી એવું રાષ્ટ્રિય દર્શન થવાને યોગ્ય છે, એ એમના કથનો પરથી સહજ સિદ્ધ થાય છે.

જ્યારે "વિપ્રલંભી વિષય મોહની વિપથ દોરવા મથતી હોય, જ્યારે મનગગને, વિપદ જલધરા વ્યાપી, સત્ય દૃષ્ટિને દમતી હોય," ત્યારે તેને પરિહરવા–શાંતિ પ્રસારવા–યમનિયમાંદિમાં સુદૃઢ કરવા–તેમના વચનોનું સ્મરણ માત્ર પરમ સામર્થ્યવાન છે. આ દેશકાળમાં અત્યંત ઉપકારી એવું તેમનું કથન છે.

હવે એ **ઉપદેશ ગ્રહણ કરવાની યોગ્યતા ને રીત** સંબંધી થોડુંક બોલીશ.

બેકન જેને Idola કહે છે એવા અશુદ્ધ મનોભાવરહિત થઈ, અવંચકભાવે, સવિનય માત્ર પાએક કલાક તેમના વચનો વાંચો અને આખો દિવસ પ્રસંગે પ્રસંગે તેપર મનન કરો, તેમાં રહેલા રસનું આસ્વાદન કરો, અને પછી તેમના કથનનું માહાત્મ્ય તમને પ્રત્યક્ષ જણાઈ આવશે, તેમનું કોઈ પણ કાવ્ય (દાખલા તરીકે, "હે પ્રભુ, હે પ્રભુ, શું કહું, દિનાનાથ દયાળ")–સંભારો અને તે ભાવોને અનુભવો–તેમય બનો–ને જુઓ કે તમારૂં મન કેવું શાંત શાંત થઈ જાય છે, તમારા હૃદયે કેવો ભક્તિરસ પ્રકટી નીકળે છે. ખરે, તેમના વચનો અતિશયવાળા છે. કોઇ પણ પરમભક્તનાં વચનો જોશો તો તેમનાપર આવી આત્માનુભવની છાપ પ્રત્યક્ષ દેખાઇ આવશે.

પણ મારે સાથે સાથે જણાવવું જોઈએ કે, હાલની કેળવણી લેનાર ઘણા યુવકો ઘણે ભાગે વિનયરહિતપણે ધર્મ ગ્રંથોનું વાંચન કરે છે. તેમાં અનેક ગપગોળા આદિ દોષો રહેલ છે એમ માની એ દોષોને ઉઘાડા પાડવાની વૃત્તિથી, દોષદષ્ટિએ, દરેક વચનમાં શંકા કરતા આગળ વધે છે, ને પરિણામે કાંઇ સમજી ન શકવાથી કંટાળો ખાઈ તેનો તદ્દન અનાદર કરે છે. વસ્તુનું સતસ્વરૂપ શું છે તે વિચારવામાં બેકનની 'શંકા–નિષેધ' પદ્ધતિ ભલે કોઇ અંશે ઉપયોગી હો, પણ કોઈ પણ ગ્રંથનું પરીપાઠન કરવામાં

તો તે નિરર્થક છે—નુકશાનકારી છે—એ નિઃસંદેહ છે. કોઈ પણ દર્શનના ગ્રંથકારના વિચારો સમજવા માટે પ્રથમ જે દષ્ટિથી તે જોતા હોય તે દષ્ટિથી, તે મય થઇ, તેનું મનન કરવું કર્તવ્ય છે, અને તેમ છતાં કાંઈ વિરોધ જણાય અને તેનો ખુલાસો યોગ્ય પુરૂષો તરફથી ન મળે તોજ તે વાતને વિરોધી કહેવી. આમ કર્યા વિના કર્તાપુરૂષનો આશય કદી યથાર્થ સમજી શકાય નહિ. કોઈ પણ પુસ્તકનું વાચન તેમાંથી તત્ત્વ ગ્રહણ કરવાની દષ્ટિએજ થવું જોઈએ. બાકી દોષદષ્ટિથી યા મતાગ્રહથી વા અન્ય મતના ખંડનની દષ્ટિએ કરેલ વાચન શ્રવણથી કાંઈ કલ્યાણ નથી.

અત્રે પ્રસંગોપાત આટલું ધ્યાન ખેંચવું યોગ્ય લાગે છે કે, પોતાનો પંથ પ્રવર્ત્તાવવાની પ્રાકૃત શબ્દોમાં કહીએ તો એક નવીન વાડો વધારવાની—તેમની ઇચ્છા ન જ હતી. આધુનિક સમયમાં થોડું ઘણું તત્ત્વ પામેલા ઘણા માણસોએ પોતાના પંથ પ્રવર્ત્તાવ્યા છે. તેમ કરવું એ તેમને યોગ્ય લાગ્યું નથી. આનું કારણ ખુલ્લું છે કે એ મહાપુરૂષને પૂજાવાની પ્રગટ કે ગૌણ કાંઈ પણ કામના ન હતી. ખાસ ઉપદેશક તરીકે કે એક જાહેર વક્તા તરીકે પણ બહાર પડવું એમણે વાજબી ધાર્યું ન હતું. તેમના લેખોપરથી જણાતો માર્ગ, લોકોત્તર હોઇ, ગાડરીયા પ્રવાહમાં તણાતા જીવોને કદાચ્ નવીન લાગે, પણ વાસ્તવિક રીતે વીતરાગમાર્ગથી તે કોઈ પણ અંશે જુદો નથીજ. શ્રીમાને બતાવેલો માર્ગ એજ વીતરાગ પ્રેરિત માર્ગ છે.‡

હવે પૂજ્યશ્રીના અંગત લેખોપરથી, તેમના જીવન સંબંધી જગજાહેર હકીકતપરથી, તેમના ચરિત્રનું યત્કિંચિત્ સ્વરૂપ દર્શાવીશ.

પ્રથમ સદ્ગુરૂ ગૃહસ્થાશ્રમી હોઈ શકે એ બાબત પર સહજ વિચાર કરીએ. શ્વેતાંબરોએ ગૃહસ્થલિંગે સિદ્ધ એવો સિદ્ધનો એક ભેદ માન્યો છે. પણ બીજા જૈનોથીએ પણ આ વાતની ના કેમ પાડી શકાય? અમુક તીર્થંકરો શિવાયના બધાએ થોડાઘણા કાળ સુધી ગૃહસ્થાશ્રમ પાળેલ

‡અત્રે પ્રસંગોપાત સર્વે જૈન પાઠશાળાઓના અધિકારીઓનું આ વાત પર ધ્યાન ખેંચવું યોગ્ય થશે કે, શ્રીમાન્ રાજચંદ્ર વિરચિત **મોક્ષમાળા** નામનો ગ્રંથ અદ્વિતીય છે—પ્રસાદીયુક્ત છે. હમણાં થોડા સમયમાં જૈનધર્મના શિક્ષણના અનેક ગ્રંથો પ્રસિદ્ધ થયેલા છે, પણ કોઈ પણ મોક્ષમાળાની તુલના કરી શકે તેમ નથી; તો આવા પરમ ઉપકારી તથા સર્વે જીવોને કેવળ હિતકારી, આ ગ્રંથને પોતાના હસ્તકની શાળામાં યોગ્ય વર્ગમાં દાખલ કરી, વીતરાગ માર્ગે પમાડવામાં ઉચ્છરતા બાળકોને સહાયકારી થશે. કલ્યાણના કાર્યમાં શા માટે બાળજીવોને અંતરાય પાડવો?

—ગો૰ મૂ૰ મે૰

છે. એ અવસ્થામાં તેઓ સદ્‌ગુરૂ નહતા, એમ કોઈ કહેશે નહિ. કારણ કે તીર્થંકર મતિ શ્રુત તથા અવધિજ્ઞાન સહિત જન્મ લે છે. વળી શાસ્ત્રમાં સ્થળે સ્થળે વચનો છે કે "જ્યાં આત્મજ્ઞાન ત્યાં મુનિપણું." શ્રીમાન આનંદઘનજી મહારાજે પણ કહ્યું છે કે "આત્મજ્ઞાની શ્રમણ કહાવે" શ્રીમાન્ રાજચંદ્રના લખાણો પરથી પ્રત્યક્ષ જણાય છે કે, તેમને આત્માનુભવ હતો, તો આ પરથી ફલીત થાય છે કે, તેઓ સદ્‌ગુરૂ હતા. લગ્ન એ ઘણું કરીને નિકાચિત કર્મનો ઉદય હોય છે. એ વાત લક્ષમાં રાખવી જરૂરની છે.

શ્રીમાન્‌ની કેળવણીના સંબંધમાં તપાસ કરશો તો જણાશે કે તે બહુ બહુ અલ્પ હતી. છતાં બહુ લઘુ વયમાં તેઓ શાસ્ત્રના પારંગત થયા હતા. એમને કેળવણીની અપેક્ષાજ નહતી.[૧] ઓગણીસ વર્ષની વયે મોક્ષમાળા જેવો અદ્વિતીય ગ્રંથ રચવો, શતાવધાન કરવા, સદા સર્વદા આત્મલક્ષ રાખવો, અદ્‌ભુત વૈરાગ્ય ધારણ કરવો, એ એમ સૂચવે છે કે અનેક ભવના ક્ષયોપશમે બાળવયથીજ આવા શુભ સંસ્કાર એમને હૃદયે સહજ સ્ફુરી આવ્યા હતા. એમનાં લખાણો પરથી આપને ખાતરી થશે કે તેઓ શુદ્ધ સમ્યગ્‌દૃષ્ટિ, નિર્મોહી, સદા ઉપયોગવંત તથા અપ્રમત્ત હતા. એમની છબીઓ જોશો તો જણાશે કે તેઓ ઉગ્ર તપસ્વી અઘોર તપશ્ચર્યા કરતા. એક ભવમાં સર્વે કર્મોને ક્ષય કરવા તેમણે ભગીરથ પુરૂષાર્થ આદર્યો હતો, અને અંત સમય સુધી અવિચળપણે તેમ કરવામાં મચ્યા રહ્યા હતા. વીતરાગ પરમાત્માને તેમણે આત્માર્પણ કરેલ હતા.

શુષ્કજ્ઞાન કે ક્રિયાજડતા અકલ્યાણના કારણ હોઈ તેમને અપ્રિય હતા, પણ જ્ઞાન ઉપયોગયુક્ત ક્રિયા પ્રત્યે તેમને અત્યંત આદર હતો. મોક્ષમાળામાં જિનેશ્વરની ભક્તિ તથા સામાયિક, પ્રતિક્રમણ, પચ્ચખાણાદિ સંબંધે તેમણે ખાસ પાઠો લખ્યા છે. ભક્તિમાર્ગ એ પરમક્રિયા માર્ગ છે, અને શ્રીમાન્ તો પરમાત્માના ખાસ ભક્ત હતા—વીતરાગના અનન્ય સેવક હતા. શ્રીમાન્ આનંદઘનજી મહારાજે કહ્યું છે કે "નિજ સ્વરૂપ જે કીરીયા સાધે તે અધ્યાત્મ" યા પરમ ભક્ત જીવનના ઉત્તમોત્તમ આદર્શરૂપ સત્પુરૂષ હતા. વ્યવહારમાં રહ્યા છતાં જનક વિદેહીની જેમ અલિપ્ત હતા. સત્‌ને વેદનારા હતા; એટલે કે તદ્દન નિષ્કામ વૃત્તિથી વર્તમાન સમયે જે ઉદયમાં આવે તે શાંત મને ભોગવનારા હતા. કિંબહુના ! તેમની દશા મહા અદ્‌ભુત હતી. જેનો આવો મંગળમય ગૃહસ્થાશ્રમ છે તેને કોટીવાર ધન્ય છે. આનંદાદિ શ્રાવકોને જિનેશ્વરે પણ વખાણ્યા છે.

---

૧ મહાવિર સ્વામીનું અંગ્રેજીમાં જીવન આલેખનાર રા૦ માણેકચંદે આ વાત ખુબ વિચારવાની છે.

હવે આપ જોઇ શક્યા હશો કે એમના પ્રત્યે એઓ મારા ગુરૂ છે એમ હું જોઉં છું તે કેવળ વ્યાજબી છે.[1] જેમના વાક્યોથી વીતરાગ માર્ગપર મને શુદ્ધ શ્રદ્ધા થઈ દિવ્ય નયન પ્રાપ્ત કરવા અભિલાષા થઈ, એક નયે કહેતાં જ્ઞાનચક્ષુ પામ્યો, જેમણે મને પ્રભુપ્રત્યે વૃત્તિઓને વાળવા બોધ્યો, જેમનાથી આત્મબોધ પામ્યો એવા આત્મદયાળું પરમ પુરૂષનો ઉપકાર અત્ર પ્રગટપણે ન માનું તો અવશ્ય હું કૃતઘ્ની ઠરૂં.

હું ખચિત એમનો સેવક થવા ઇચ્છુ છું, અને આપ સર્વેને તેમ થવા નમ્રતાથી વિનંતિ કરૂં છું.

શ્રીમાનના સેવક થવું એટલે શું? જેમ દરિસણુ એટલે માત્ર જિન-મુદ્રાને બાહ્ય ચક્ષુથી નિહાળવું એટલુંજ નહિ પણ તેમ કરતાં તેમના શુદ્ધા-ત્મભાવને નિરખવા–આત્મદર્શનને પામવું અથવા શ્રીમાન્ દેવચંદ્રજીના શબ્દોમાં "પ્રભુપણે પ્રભુ ઓળખી અમળ વિમળ ગુણગેહ, સાધ્યદ્દષ્ટિ સાધકપણે" જિનેશ્વરની વંદના કરવી, તેમ શ્રીમાનના સેવક થવું એટલે તેમના જેવા વીતરાગના ભકત થવું, પ્રભુની લગ્નિમાં મગ્ન રહેનાર થવું. બીજા શબ્દોમાં કહું તો વીતરાગમાર્ગના સેવક તે સર્વે શ્રીમાન્ રાજચંદ્રના સેવક છે. આ વાત ઉંડો વિચાર કરતાં આપને સહજ સમજાઇ જશે. આ સેવના અગમ્ય અનુપમ છે. ગુરૂ દેવની આજ્ઞા મન વચન ને કાયાએ દ્દઢપણે પાળવી એ તેનું પ્રથમ સૂત્ર છે. " કોઇ સંત વિરલે જાણીઉં, ભાઈ વાતું છે આ ઝીણીઉં."

હવે મારે માત્ર એકજ બાબત પર બોલવું રહે છે અને તે એ કે **પૂજ્યશ્રીના ચરિત્રનું આપણાથી યથાર્થ અવલોકન થઈ શકે?** આ તો એક સામાન્ય નિયમ છે કે પરીક્ષક પુરૂષ પરિક્ષા આપનાર કરતાં શ્રેષ્ઠ હોવો જોઇએ, છતાં હમણાના જમાનામાં માણસો પોતાની યોગ્યતાનો વિચાર કર્યા વિના જોઇએ તે મહાત્મા વિષે ફાવે તેવો અભિપ્રાય ઉચ્ચારી દે છે. મેક્ષમ્યુલરાદિ પંડિતોએ પણ સર્વધર્મપ્રવર્ત્તકો કરતાં પોતાને જાણે અજાણે શ્રેષ્ઠ માની તેમને સંબંધે ગમે તેવા અભિપ્રાય લખી દીધા છે. એ

---

૧ શા માટે? તેઓ શતાવધાનિ હતા તેટલા માટે? ના તેને બદલે ક્રોટી અવધાની હતે તો પણ જો તેમનામાં આત્મલક્ષ ન હોત તો હું તેમને વાંછત નહિ. શ્રી ગૌતમ સ્વામિને વીર પરમાત્મપરનો પણ મોહ બંધનકારક થયો હતો તો તેવી મોહયુક્ત સેવના કરવાની હું આપને પ્રેરણા કરૂંજ નહિ. તો શા માટે? તેમના વાક્યોથી વીતરાગમાર્ગમાં સ્થિર થવાય એમ છે એટલા માટેઃ—

ગો૦ મૂ૦ મે૦

પંડિતોએ આપણા પર કેટલોક ઉપકાર કર્યો છે, એ વાતનો સ્વીકાર કરવા છતાં, તેમને આવો જ્ઞાનાડંબર કરવા માટે, પ્રો. મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ પોતાના " સિદ્ધાંતસાર " નામના પુસ્તકમાં, વાંચનમાળાના એક પાઠમાં જણાવેલ ચાર મૂર્ખ પંડિતની ઉપમા આપવી પડી છે; માટે શુદ્ધ દૃષ્ટિ થયા વિના આવું સાહસ કરી મિથ્યા પાપકર્મમાં પડવું કોઇ પણ ભવભીરૂ જીવને ઉચિત નથી. યાદ રાખજો કે જ્ઞાનીની વાત અગમ્ય છે. જ્યાં સંસારી જાગે છે ત્યાં જ્ઞાની સુવે છે; જ્યાં જ્ઞાની જાગે છે ત્યાં સંસારી સુવે છે. આ વાત એક દૃષ્ટાંતથી વધારે સ્ફુટ કરીશ. શ્રીમાન્ રાજચંદ્રને એક વખત તાતા મહેલમાં વ્યાપાર નિમિત્તે જવાનો પ્રસંગ આવ્યો હતો. તે વખતે મી. તાતાએ, તેમને પોતાના ફરનીચર સંબંધીની હકીકત, કે અમુક ફલાણા દેશથી અને અમુક ફલાણા દેશથી ખાસ ઓર્ડર કરી મંગાવેલ છે વગેરે બહુ કાળજીપૂર્વક જણાવી હતી. આ પરથી શ્રીમાન્‌ના હૃદયે સહજ સ્ફુર્યું હતું કે, તેમને આ વૈભવ કેટલા બધા મોહનું કારણ છે અને તેથી તેમણે મી. તાતાને પ્રશ્ન કર્યો હતો કે, એ તો બધું ઠીક પણ આમાંથી આપની સાથે છેવટે શું ? આ પ્રશ્નથી મી. તાતા તો આનંદાશ્ચર્ય પામ્યા હતા અને કહ્યું હતું કે આટલા સુધી મને આ વાતનું ભાન કરાવનાર કોઇ મળ્યો ન હતો, આ સ્થળે એમ વિચારવાનું છે કે શ્રીમાન્‌ના સ્થળે કોઇ સામાન્ય માણસ હોત તો તેને ઘણે ભાગે એવી ભાવના થાત કે " અહો ! શું મી. તાતાનું પુણ્ય કે તેમને એવો વૈભવ પ્રાપ્ત થયો. આપણે પણ પુણ્ય કરીએ તો એવો વૈભવ પામીએ" મતલબકે ભોગ ભોગવવાની અભિલાષા થવાથી તેને જે આશ્રવનું કારણ થાય તેનો તેજ પ્રસંગ આટલો બધો વૈભવ પણ છેવટે સાથે આવવાનો નથી એવી ભાવના સ્ફુરવાથી શ્રીમાનને વિશેષ વૈરાગ્યનું-સેવવું-કારણ થયું. મિથ્યા દૃષ્ટિને સમ્યકદૃષ્ટિની કરણીમાં પણ એજ ભેદ પડે છે; એકનું એક કાર્ય એકને અનેક સંસારવૃદ્ધિ કરવાનું કારણ થાય છે જ્યારે બીજાને સંસાર ક્ષય કરવાનું કારણ થાય છે.

" હોત આસવા પરિસવા નહી ઇનિમેં સંદેહ,
માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ, ભૂલ ગયે ગત એહિ. "

વાત આમ હોવાથી, જ્ઞાનીની અંતર્ સ્થિતિ વિષે આપણો મત આપવા અધિકારી નથી તેમ યથાર્થ સમજાયું હશે.

શ્રીમાન્ હાલ વિદ્યમાન નથી એટલે આપણા આત્મકલ્યાણ અર્થે એમના ગ્રંથો એજ એમના સંબંધી કાંઈ પણ વિચાર બાંધવામાં મુખ્ય સાધન છે. માટે નિષ્પક્ષપાતી સજ્જને જાતે એકવાર એમના લેખો વાંચી એમના

વચનામૃતનું પાન કરી–પછીથીજ એ લેખો પોતાને ઉપકારક છે કે નહિ તે વિષે કાંઈ પણ નિશ્ચય કરવો.

છેવટે, **શ્રીમાન્ હરિભદ્રાચાર્યે** લોકતત્વનિર્ણયમાં કહ્યું છે તે પ્રમાણે વિનંતિ કે,

જે અર્થ, પ્રમાણ અને યુક્તિવડે અભિગમ્ય થાય તે, સુવર્ણની જેમ પરીક્ષા કરીને, ગ્રહણ કરવો, તેમાં પક્ષપાત કે આગ્રહ શા માટે રાખવો ? અર્થાત્ ન રાખવો. તથાસ્તુ !

अर्हम्.

શ્રીમાન્ રાજચંદ્ર જયન્તિ.

મુંબઈ ખાતે પ્રસિદ્ધ થતા "જૈન" પેપરના અધિપતિ રા. રા. **ભગુભાઇ** ફતેહચંદ કારભારી પોતાના તા. ૨૮ મી નવેમ્બર ૧૯૦૯ ના અંકમાં જણાવે છે કેઃ—ગઇ કાલે અત્રેની–મુંબઈ **"માંગરોળ જૈન સભા"** ના હૉલમાં સદ્દગત **શ્રીમાન્ રાજચંદ્રની** બીજી જયન્તિ ભારે સમારોહપૂર્વક ઉજવવામાં આવી હતી. જૈન સિવાયના અન્ય સાક્ષરો જેઓ આજ પર્યંત જૈન સાહિત્ય તથા જૈન પ્રભાવકોના ચારિત્ર પ્રત્યે કેવલ જ ઉદાસીન હતા તેઓએ આ પ્રસંગે જે વ્યાખ્યાનો આપ્યાં હતાં તે જૈન ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકાયા વિના રહેશે નહિ. અમો સારી પેઠે જાણીએ છીએ કે **શ્રીમાન્ રાજચંદ્રજીના** જીવનના સંબંધમાં જૈન વર્ગમાં **मुण्डे मुण्डे मतिर्भिन्ना ।** એ પ્રમાણે કંઈક મતભેદ છે. કેટલાએકો જ્યારે તેઓની નિઃસ્વાર્થ પ્રવૃત્તિ પ્રત્યે નૈસર્ગિક પૂજ્યતા ધરાવે છે ત્યારે કેટલાએકો લાંબા કાળના ઘન તિમિર તળે આચ્છાદિત થયેલી **શ્રીમાનની** હિતાવહ ભાવનાને સાંખી શકતા નથી. અમો એના સંબંધમાં કાંઇ પણ મત ઉચ્ચારવાના જોખમમાં અત્રે પડતા નથી. માત્ર ગત જયન્તિ પ્રસંગે અપાયેલાં વ્યાખ્યાનો તથા નિબંધોનું શાંત ચિત્તે અવલોકન કરવાની પાઠક વર્ગને ભલામણ કરી અમો અમારી ફરજમાંથી મુક્ત થઇએ છીએ. કહેવું નિરર્થક છે કે જયંતિના મહોત્સવ પ્રસંગે અધ્યક્ષ પદે બીરાજેલા **શ્રીયુત** કૃષ્ણલાલ ઝવેરી, પ્રો. ઠાકોર, મી૦ મેપાણી, મી૦ મનઃસુખ કીરતચંદ મહેતા તથા પ્રસિદ્ધ ઉદારવાદી **શ્રીમાન્ ચારિત્રવિજયજી,** વિગેરે એવા વિચક્ષણ તથા સંભાળ પૂર્વક વચનો બહાર પાડનારા વિદ્વાનો

છે કે તેઓનાં કથનને આપણે જો નિર્માલ્ય ગણી કાઢી સ્વ આગ્રહનેજ વળગી રહીએ તો તેમાં આપણી પોતાની મતિની કિંમત થયા વિના રહે નહિ. સામાન્ય અને વિજ્ઞાની પુરૂષમાં માત્ર એટલો જ ભેદ હોયછે, કે જ્યારે સામાન્ય જન, સામાના શબ્દોનું સમતોલન કરવાના બદલે 'મારૂં તેજ સારૂં' એમ સ્વીકારી લેવાની હઠ પકડી રહે છે, ત્યારે વિજ્ઞાની જન આજુ બાજુની દરેક ઘટનાને ધ્યાનમાં લઇ લાભ હાનિની મિમાંસાપૂર્વક પોતાના આત્મામાં ઉદ્ભવતા વિચારોને બેધડક પ્રકાશમાં મુકે છે. જયન્તીના પ્રમુખ સાહેબ તથા અન્ય વિદ્વાનો બીજી પંક્તિમાં આવી રહે છે. તેઓને શ્રીમાન્ રાજચંદ્રજીના જીવનને અભ્યાસવા-અવલોકવા પછી એમ લાગે કે, શ્રીમાન્નો ઉદ્દેશ અથવા છેવટે અમુક શબ્દો માત્ર, શાસ્ત્રમર્યાદા બહાર જતા હોઈ "જૈન સમાજ"માં જે મતભેદતા છે તે યથાર્થજ છે, તો તેઓ નિર્ભીક રીતે ખુલ્લેખુલ્લું જાહેર કર્યા વિના રહે નહીં; પરંતુ તેથી બરાબર વિપરીત અમો જોઇએ છીએ કે શ્રીમાન્ રાજચંદ્રનું વિવિધ દ્રષ્ટિબિન્દુદ્વારા અવલોકન થયા પછી અને સુવર્ણની માફક અનેકશઃ તવાયા પછી—વિદ્વાનોથી કશી મતભિન્નતા સિવાય શ્રીમાન્નું જીવન એકી અવાજે પ્રશંસાયું તથા અનુકરણીય મનાયું છે. એટલુંજ નહિ પણ આવા એક સુયોગ્ય પુરૂષના સંબંધમાં બેદરકારી બતાવવા માટે જૈન કોમને કેટલાએકો તરફથી કોમળ શબ્દોમાં ઠપકો પણ આપવામાં આવ્યો છે. જૈનકોમ, આ સર્વ વિદ્વાનોની સલાહોને વિચારણામાં લે તો આજે આપણી જૈન કોમમાં પ્રવર્ત્તતા અનેક ક્ષુદ્ર અને નજીવા કંકાસો શાંત થયા સિવાય રહે નહીં. કેટલાએકો તરફથી આના ઉત્તરમાં એમ જણાવવામાં આવે છે કે શ્રીમાન્ રાજચંદ્રજીનો ઉદ્દેશ એક નવીન જૈન સંપ્રદાય ઉભો કરવાનો હતો અને એ જ કારણસર એમના ઉપદેશની સન્મુખ થતાં લોકો ડરે છે. અમોને લાગે છે કે આ એક કેવળજ મિથ્યા વિભ્રમ છે. જયન્તિ પ્રસંગે થયેલાં સ્વતંત્ર વ્યાખ્યાનો પૈકી એક પણ વ્યાખ્યાનમાં આને લગતી વાત અમોને મળી આવતી નથી. તે સિવાય અમારી પોતાની સમજમાં પણ એ વાત મુદ્દલ ઉતરી શકતી નથી કે જે પુરૂષની ભાવના શ્રી મહાવીરના શાસનને યથાતથ્ય-અવિભક્ત રહેવા દેવાની હતી, અને જેનેજ લઇને આજે તે વિચારો સુશિક્ષિત જૈન સમાજમાં સન્માન પામતા જાય છે તેને એવી અન્યથા મતિ કેમ સૂઝે? સર્વ વ્યાખ્યાતાઓએ પણ આ દલીલને તિરસ્કારી કાઢી છે. શ્રીયુત કૃષ્ણલાલ ઝવેરી પણ પોતાના વિવેચનમાં ઘણીજ ગંભીરતાથી પ્રતિવાદ કરતાં કહે છે કે "કેટલાક તરફથી એમ કહેવામાં આવે છે કે કવિશ્રીને નવો ધર્મ-નવિન સંપ્રદાય પ્રવર્તાવી

પોતાને ત્હેના આચાર્ય તરીકે ગણાવું હતુ અને તેથી ત્હેમને સાંપ્રત જૈન સંપ્રદાયના વિરોધી ગણવા જોઇએ. આ બાબતને ત્હેમના લેખમાંથી મુદ્દલ ટેકો મળતો નથી. ઉલટો ત્હેમનો આદર્શ તો સંપ્રદાય ઉપર કુચાલ, વ્હેમ, વિગેરેના જે પડદાઓ પથરાઇ ગયા હતા તેને દૂર કરવાનો હતો. શ્વેતાંબર અને દિગમ્બર વચ્ચેના વિગ્રહનું સાંત્વન કરવા જે પુરૂષ મથી રહ્યા હતા તેઓ શું નવા સંપ્રદાયનો પ્રચાર કરી પાછું જૈન સમાજમાં એક તડ વધારે ? કવિશ્રીનું ચારિત્ર જોતાં એ અનુમાન લેશ માત્ર સંભવતું નથી." શ્રીયુત્ ઝવેરીનો આ ઇન્સાફ કોઇ પણ રીતે પક્ષપાતી હોય અને તે માટે પુનઃ વિચાર–અપીલ કરવાની આવશ્યકતા હોય એમ અમોને લાગતું નથી. શ્રીમાન્ રાજચંદ્રના સંબંધમાં તેમના વિરોધીઓ તરફથી મુકવામાં આવતા આરોપનું એક માધ્યસ્થ દૃષ્ટિ તરફથી અપાયેલું નિરાકરણ જૈનસમાજમાંથી ભેદભાવ દૂર કરે એ જોવા અમો ઘણા ઉત્સુક છીએ. પ્રમુખસાહેબના વ્યાખ્યાનની જેમ જેમ અમો ઉંડા ઉતરી વધારે સુક્ષ્મ દૃષ્ટિથી આલોચના કરીએ છીએ તેમ તેમ અમોને લાગે છે કે તેઓએ એક એક શબ્દ ઘણુંજ પુખ્ત મનન અને અભ્યાસ પછી પ્રકાશમાં મુકવાની જરૂર વિચારી છે. તેઓનું જે નિરાકરણ આપણે ઉપર અવલોકી ગયા તેનેજ જરા સુસ્પષ્ટ કરવાથી જણાઈ આવશે કે વ્યાખ્યાન અતિ સારપૂર્ણ તથા પ્રાસંગિક જૈન બનાવોના પણ નિચોડ રૂપ છે. તેઓ ઉપર આપણે આલોચી ગયા તે ભાગમાં કહે છે કે, શ્વેતાંબર અને દિગમ્બર વચ્ચેના વિગ્રહનું સાંત્વન કરવા જે પુરૂષ મથી રહ્યા હતા તે શું એક નવું તડ વધારે? આથી ફલિત થાય છે કે શ્વેતાંબર દિગમ્બર વચ્ચેના નિરર્થક કલહોએ સામાજિક બળને જે હાનિ પહોંચાડી છે તે વાત આવા વિદ્વાનોથી અજાણી રહી નથી, એટલુંજ નહિં પણ આવા કલહોથી દુઃખિત થઈ એક જૈન કોમના હિતેચ્છુ તરીકે એક સંપ કરવાના ઉદ્દેશને લઇને તેઓ શ્રીમાન્ રાજચંદ્રના વિચારોનું અવલંબન કરવાને ભાર મૂકીને ભલામણ કરે છે. શ્રીમાન્ રાજચંદ્રજીના સર્વ વિચારોને એક બાજુએ મુકતાં તેઓના ઐક્ય સંબંધિનાજ વિચારો એટલા બધા અમૂલ્ય છે કે આવા જયંતિ જેવા મેળાવડાઓના પ્રતાપે તેનો પ્રચાર વધતો જાય તો જેને આપણે કલિયુગ કહીએ છીએ–જેના બાનાં નીચે અનેક ધાર્મિક કલેશોને જન્મ આપીએ છીએ તેમાં મ્હોટો અંતર પડયા વિના રહે નહિ. દાખલા તરીકે શ્વેતાંબર અને દિગમ્બરો વચ્ચે તિર્થવિષયક જે કલેશો અનેકશઃ ઉદ્ભવે છે અને જેની પાછળ બન્ને પક્ષો તરફથી લાખો રૂપિયાનું પાણી કરી વિદેશી ગોમાંસ–આહારી પ્રજાનાં પેટ ભરીએ છીએ તેવે પ્રસંગે આવા એકતાના

વિચારોની ગતિ, વેગથી વહેતી હોય તો શું જૈનકોમનું દુર્દૈવ અનાયાસે તેમાં તણાયા વિના રહે? પ્રમુખ સાહેબે પોતાના ભાષણમાં જે પ્રકારના ક્લેશોનો ઉલ્લેખ કર્યો છે તે એવીજ રીતના કોલાહલના પરિણામ રૂપે છે, એમ કહેવામાં અમો કોઈ પણ પ્રકારે ભુલ કરતા નથી, આજ કારણથી તેઓ પુનઃ પુનઃ **શ્રીમાન્ રાજચંદ્રનો** આદર્શ પ્રજા સન્મુખ ધરે છે, અને વારંવાર તે ઉપદેશને અનુસરવાની ભલામણ કરે છે, જે કોઇ રીતે અયથાર્થ નથી. હવે આપણે રા. પ્રમુખના ભાષણના અગત્યના ભાગોનું વિગતવાર અવલોકન કરીએ. અમોને ઘણો સંતોષ થાય છે કે, **શ્રીયુત ઝવેરી** જેવા જૈનેતર વિદ્વાને, **શ્રીમાન્ રાજચંદ્રના** વિષયમાં સમાજમાં ચર્ચાતા એક પણ અગત્યના વિષયની ઉપેક્ષા કરી નથી. આરંભમાંજ તેઓ **શ્રીમાન્‌ની** શક્તિ વિષે કહે છે કે તેઓ સર્વ પ્રકારે ગગનવિહારી હોઇ તેમનાં જીવનવૃત વિષે વિવેચન કરનારા તેવાજ સમર્થ પુરૂષો હોવા જોઇએ. મૂલ વિવેચક મી૦ **મનસુખલાલ કિરતચંદ મહેતા** પોતાના વ્યાખ્યાનમાં જેમને નવયુગ જૈનપ્રવર્તકની ઉપમા આપે છે તેમના વિષયમાં જૈન નહીં એવો વિદ્વાન પોતાની શક્તિને પામર ગણે એ જૈનોને ખાસ ગર્વ લેવાજોગ બીના છે. ખરેખર, **શ્રીમાન્ રાજચંદ્ર** વૈરાગ્ય, અધ્યાત્મ, તથા પદાર્થોના વિચારના સંબંધમાં ઘણાજ ઉંડા ઉતર્યા હતા, એમ એમના વિવિધ લેખોને દૃષ્ટિ તળે નાંખ્યા પછી કહ્યા વિના ચાલતું નથી. આવા એક શક્તિશીલ પુરૂષની અલક્ષ્ય ભાવના સાથે ઉડવામાં એમના જેવીજ ભૂમિકા ઉપર મુકાયા વિના વિજયી થઇ શકીએ નહીં. એટલું છતાં અમોને આશ્ચર્ય થાય છે, કે રા. ઝવેરી જે ભાવનાઓ સાથે ઉડવામાં પોતાને પક્ષહીન-પાંખો રહિત માને છે, તે ભાવનાઓને અમારા પોતાના જૈન સમાજની કેટલીએક વ્યક્તિઓ તરફથી નિંદવાનો તથા ખંડવાનો ભોંયરામાં પ્રયત્ન થાય છે! મુખ્ય વિવેચક મી૦ **મનસુખ કિરતચંદ મહેતાએ** પોતાના વિદ્વતાભર્યા નિબંધમાં મિથ્યા દૃષ્ટિ તથા સમ્યગ્ દૃષ્ટિના બિન્દુએ જે લંબાણ પૃથક્કરણ કર્યું છે તે ઉપરથી તેઓનું એકપણ કથન જૈનાજ્ઞાની વિરૂદ્ધ જતું હોય એમ લાગતું નથી. તે છતાં એની મિથ્યા વિરૂદ્ધતામાં શા સારૂ શકિતનો વ્યય કરવામાં આવતો હશે એ અમો સમજી શકતાં નથી. બહેતર છે કે કોઇ સમર્થ પુરૂષની અગોચર ભાવના સાથે ઉડી શકતા ન હોઇએ તો પ્રાપ્ત ભૂમિપર રહી એવા આદર્શ પુરૂષોનો ગુણાનુરાગ ગાવો, પણ વ્યર્થ કર્મબંધ કરી આત્માને કલુષિત ન કરવો. **શ્રીયુત ઝવેરી** પોતાના વ્યાખ્યાનમાં આજ વિષયને પ્રબોધતાં કહે છે કે " તેવી વ્યક્તિઓના સદ્‌ગુણોનું સ્મરણ કરી આપણે તેમને પગલે ચાલી તેઓ જેવી

સુવાસ પોતાની પાછળ મૂકી ગયા, તેવી સુવાસ મુકી જવા આપણે પણ પ્રયાસ કરવો. હેમનાં સત્કર્મો સંભારી આપણે તેવાંજ સત્કર્મ કરતાં રહેવું, અને તેમની જીંદગી વડે જનસમૂહને થયેલા ફાયદાનું રટણ કરી, સ્મૃતિમાં તાજી રાખી, તેમનું નામ હૃદય મંદીરમાં સ્થાપી અનુકરણરૂપે પુજન કરવું એજ જયન્તિનું સાફલ્ય છે." ત્યાર પછી તેઓએ **શ્રીમાન્ રાજચંદ્રજીના** ભ્રાતૃભાવ, કેળવણી, તેઓના વ્યવહારિક જીવનની રૂપરેખા, ન્હાનપણથી તેઓને વર્ત્તતી ઉચ્ચ ભાવનાઓ, વિગેરે વિષય પરત્વે વિવેચન કર્યું છે. જે સઘળું મનન કરવા યોગ્ય હોવા છતાં વિસ્તારના ભયથી અત્રે અમો બોલી શકતા નથી. અમો કહીએ છીએ કે, જૈન ફીલૉસૉફી જેવા અત્યંત ગુઢ વિષયને સરલ અને સંસ્કારી ગુજરાતીમાં સ્ફુટ કરવાનો જો કોઇએ જૈનસમાજમાં આજ પર્યંત પ્રયત્ન કર્યો હોય તો તેનું પહેલું માન **શ્રીમાન્ રાજચંદ્રનેજ** ઘટે છે. અલબત આ પ્રસંગે રાસાઓ તથા કેટલાએક ટબાઓને અમો વિસરી જતા નથી, તથાપિ એટલું તો કહેવામાં કોઇ જાતની હરકત નથી કે વેદાંતના નવયુગપ્રવર્તક તરીકે **શ્રીયુત વિવેકાનંદે** પોતાના વર્ગમાં જે કીર્તિ મેળવી છે તેજ પ્રકારની કીર્તિ અમો જૈનોના વિષયમાં **શ્રીમાન્ રાજચંદ્રને** આપીએ તો તેમાં કોઈ જાતની અત્યુક્તિ નથી. ફીલૉસૉફી–તત્વજ્ઞાનના વિષયને સરલ કરવો એ કાંઇ જેવું તેવું કામ નથી. તત્વજ્ઞાનીના આંતર રહસ્યની આરપાર નીકળી જઇ, તે વિચારોને પાછા અન્યના ચિત્તમાં ઠસાવવા અસાધારણ મનન તથા નિદિધ્યાસનની જરૂર પડે છે. તે પણ રા. ઝવેરી કહે છે તેમ Logical અને Analytical શક્તિ વિના બની શકે નહીં. **શ્રીમાન્ રાજચંદ્રમાં** આ પ્રકારનું સામર્થ્ય હતું અને તેનેજ પ્રતાપે સાધારણ જનો, જેઓ સંસ્કૃત તથા પ્રાકૃત સિદ્ધાંતો અવલોકવાની યોગ્યતા નથી ધરાવતા તેઓને **શ્રીમાન્**ના છુટા છવાયા લેખો તથા **આત્મસિદ્ધિશાસ્ત્ર** જેવાં સૂત્ર પદ્ધતિએ રચાયલાં કાવ્યો મ્હોટા આશિર્વાદરૂપ થઈ પડયાં છે. જનસમાજ ઉપર મર્હુમે આ રીતે અસાધારણ ઉપકાર કર્યો છે, અને આ પ્રકારે ઉપકાર તળે દબાયેલા કૃતજ્ઞ જનો આવા જયન્તિ જેવા પ્રસંગે તેમના યશોગાન કરે એ કેવળ કુદરતી તથા તેઓનો પોતાના આસન્નોપકારી તરફનોજ સદ્ભાવ સૂચન કરે છે. શ્રીયુત પ્રમુખ સાહેબના વ્યાખ્યાનના સંબંધમાં વધારે વિવેચનમાં નહિ ઉતરતાં અમો અત્રેજ વિરમીએ છીએ. ખરી વાત તો એ છે કે પ્રમુખશ્રીએ જે દષ્ટિબિન્દુએ **શ્રીમાન્ રાજચંદ્રના** જીવનનું અવગાહન કર્યું છે, તેના સંબંધમાં પુષ્કળ બોલી શકાય એમ છે. પણ તેમ કરવાનો અત્રે આપણને અવકાશ નથી, કદાચ્ તેમ કરવા જતાં અન્ય વ્યાખ્યાતા-

ઓને અન્યાય પહોંચવાનો ભય રખાય. **શ્રી**યુત પ્રમુખનું વિવેચન જ્યારે તત્વજ્ઞાનની દૃષ્ટિની પ્રધાનતાવાળું છે ત્યારે મુનિવર **શ્રી ચારિત્ર**વિજયનું પત્રદ્વારા વંચાયેલું વિવેચન શ્રી જૈન શાસનની ઉદારતા અને એ ઉદારતા **શ્રી**માન્ **રાજચંદ્રે** કેવા વિઘ્ન અને પરિશ્રમના ભોગે દાખવી એ વિષયની પ્રધાનતાવાળું છે. રા૦ **જીવાભાઇ અમીચંદનું** તથા મી૦ પરમારનું વિવેચન નવીનજ દિશામાં પ્રકાશ નાંખે છે. રા૦ **મેપાણીનું** વિવેચન પણ આવીજ પંક્તિમાં આવે છે. જો કે દૃષ્ટિબિન્દુ તો તેઓનું તદ્દન જ અલગ છે. આ સર્વ વિવેચનો સાંભળીને તો અમો દંગજ થઇએ છીએ કે, જે જે વિદ્વાને જે જે દૃષ્ટિબિન્દુથી **શ્રી**માન્ **રાજચંદ્રનું** જીવન અવલોકયું છે તે તે સર્વ વિદ્વાનને મર્હુમનું જીવન એજ વિષયમય જણાયું છે. માનનીય પુરૂષોનો આ એક પ્રકારનો અતિશય નહિ તો બીજું શું? આ વાતને આપણે જરા સવિશેષ સ્ફુટ કરીએ. **શ્રી**યુત પ્રમુખ સાહેબને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ અવલોકન કરતાં મર્હુમનું જીવન જ્ઞાનમયજ જણાયું એ તો આપણે ઉપર તપાસી ગયા. મુનિવર શ્રી **ચારિત્ર**વિજયજીને અવિભક્ત જૈન દર્શનના મુખ્ય પ્રકાશક તરીકે મર્હુમનું જીવન જણાયું; પણ આ બીના જૈન સમાજમાં બહુ પ્રસિદ્ધ હોઇ વિસ્તારથી કહેવાની જરૂર નથી. રા૦ **જીવા**ભાઇને વિરાગની દૃષ્ટિએ અવલોકન કરતાં મર્હુમનું જીવન ઉત્કૃષ્ટ વૈરાગ્યમય જણાયું. તે વૈરાગ્ય પણ રા૦ **જીવા**ભાઇએ એટલા બધા ઉત્તમ પ્રકારમો અને સાચા હૃદયની દાખલા દલીલોથી બતાવ્યો છે કે સંસારી કપડામાં દેખાતા આવા સાધુ પુરૂષનાં ઉદારચરિત્રતા તથા વિરાગ વૃત્તિ માટે હરકોઇને માનની લાગણી ઉદ્ભવ્યા વિના રહે નહિ. ખાસ કરીને **આરબ** વેપારીવાળું તથા તેમના સ્નેહીજનનું સમાધિ મરણવાળું દૃષ્ટાંત ઘણુંજ અર્થસૂચક છે. સંસારી કપડામાં રહી સંસારની સર્વ પ્રકારની લાલચોને તૃણવત્ ગણી વૈરાગ્યમય જીવન ગાળવું એ કાંઇ સામાન્ય પુરૂષોનું કામ નથી. રા૦ **જીવા**ભાઇ કહે છે તેમ સંસારના સંબંધથી વેગળા રહી વૃત્તિઓ ઉપર વિજય મેળવવો એ જો કે દુષ્કર છે તથાપિ તેના કરતાં પણ સંસારના પરિચયમાં રહી ભાવવૈરાગ્યમય રહેવું એ અત્યંત દુષ્કર છે. આર્ય ગ્રંથોમાં પણ આ વાતને પુષ્ટિ આપનારાં અનેક પ્રમાણો મળી આવે છે. એક ઠેકાણે ખરા ધીર પુરૂષનું લક્ષણ બાંધતાં નીતિકાર કહે છે કે **विकारहेतौ सति विक्रियन्ते येषां न चेतांसि त एव धीराः** **શ્રી**માન્ **રાજચંદ્રનો** અપૂર્વ વૈરાગ્ય આજ પ્રકારના લક્ષણુથી અંકિત થયેલો હતો તેમ રા૦ **જીવા**ભાઇના વિવેચનથી સ્પષ્ટ થાય છે. તેઓ ખુલ્લી રીતે જણાવે છે કે જેને આપણે ત્યાગી જીવન કહીએ તેવું ત્યાગી જીવન શ્રીમદે ગાળ્યું નથી,

પણ ગૃહસ્થજીવન ગાળ્યું છે. ત્યાગી જીવનની અને ગૃહસ્થ જીવનની સંસારે દોરેલી વ્યાખ્યા ક્ષુદ્ર છે. કોઇ પણ સવાસનિક જીવનને ત્યાગી જીવન કહી શકાય નહિ. જ્યારે સંસારના પ્રપંચ વ્યવહારની વચમાં પણ જો કોઈ નિર્વાસનિક જીવન ગાળે તો તે જીવન ખરૂં ત્યાગી કહી શકાય. શ્રીમાન્ રાજચંદ્રની સ્થૂલ કે સૂક્ષ્મ જીવનની ગમે તે કાળની પ્રવૃત્તિપર આપણે નજર ફેંકીશું તો એજ જણાઇ આવશે કે, તેમણે સંસારવ્યવહારની વચમાં પણ કેવળ નિર્વાસનિકજ જીવન વહન કર્યું છે. તેઓએ આ વાત પોતાના આખા વ્યાખ્યાનમાં દાખલા દલીલોથી અસરકારક રીતે સિદ્ધ કરી છે કે મર્હુમ દ્રવ્યથી સંસારી હોવા છતાં ભાવથી તો તેઓ સાધુ–યોગી પુરૂષજ હતા. તો પછી હવે પ્રશ્ન એ થાય છે કે ત્યારે મર્હુમે પ્રકટપણે–દ્રવ્યથી સાધુ દશા કેમ ન સ્વીકારી ? આના સંબંધમાં રા. જીવાભાઇ તથા રા. માણેકલાલ ઘેલાભાઇ જે ખુલાસો કરે છે તે ખરેખર મનન કરવા યોગ્ય છે. તેઓ એવી મતલબનું કહે છે કે, આજકાલ વિરાગી પુરૂષોની કિંમત સમાજમાં ઘણી થોડી અંકાય છે, કારણ કે હમણાં વિરાગદશા સ્વીકાર્યા પછી પ્રાતઃસ્મરણીય પૂર્વાચાર્યો તથા બુદ્ધ જેવા ધુરંધર ગણાતા વીર પુરૂષોના અંશતઃ મુકાબલે આવી શકે એવું કોઈ વિરાગી પુરૂષ પોતાનું વીર્ય ફોરવી શકતા નથી. એટલા માટે સમાજમાં એવી દૃઢ માન્યતા બંધાઇ ગઇ છે કે **अशक्तिमान् भवेत् साधुः** અર્થાત્ સંસારમાં રહી ઉદર-નિર્વાહ કરવામાં અશક્ત નિવડેલા પુરૂષોજ દ્રવ્યસાધુત્વનાં ચિન્હો ધારણ કરે છે. લોકોની આ માન્યતાને અન્યથા કરી સાધુદશાનો ઉદ્ધાર કરવા માટે શ્રીમાને સંસારી સમૃદ્ધિ પ્રાપ્ત કર્યા પછી–તે પણ ઉદાસીન ભાવે–સાધુત્વનાં પ્રકટ ચિન્હો ધારણ કરવાનો નિશ્ચય કર્યો હતો. આ શિવાય રા૦ જીવાભાઇ વ્યાખ્યાનના અંતમાં જે બીજો હેતુ મૂકે છે તે ઉપદેશમૂલક હોઇ તેનાપર દૃષ્ટિપાત કર્યા સિવાય ચાલતું નથી. તેઓ કહે છે કે, સંસારી જીવોમે પોતાનામાં નહિ એવાં સામર્થ્યનો ડોળ બતાવવાની અયોગ્ય ઇચ્છા હોય છે, પણ તેઓ આરંભ કરેલા કાર્યને સાંગોપાંગ પૂર્ણ કરી શકશે કે નહિ ? તેમ કરવાનું પોતાનામાં સામર્થ્ય છે કે નહિ, તેનો વિચાર કરતા નથી. માત્ર " દુનિયા ઝુકતી હૈ–ઝુકાનેવાલા ચાહીએ " એમ ગતાનુગતિક પેઠે સામર્થ્ય ઉપર શ્રદ્ધા રાખ્યા વિના ગંભીર વિષયોમાં માથું મારે છે. શ્રીમાન્ રાજચંદ્ર એવા ગતાનુગતિક નહોતા. એથીજ કરીને તેઓએ શાસનઉદ્ધારકનાં પ્રકટ ચિન્હો ધારણ કરવા પહેલાં પોતાના સામર્થ્યની પરીક્ષા કરવા ધારી હતી; અને ત્યાર પછીજ શાસનના વિજય માટે સાધુપણાના

દ્રવ્યચિન્હો ધારણ કરવાનો નિશ્ચય કર્યો હતો. **શ્રીમાન્‌ની આ સદ્‌ઇચ્છા** કાલ-દોષે પાર પડી નહીં. સંસાર ગુફામાંથી બહાર નીકળી જીવોને આત્મકલ્યાણનો માર્ગ પ્રબોધે તે પહેલાં તો તેઓ આ નશ્વર સંસાર છોડી ગયા! પરંતુ આશ્વાસન લેવા જોગ છે કે તેઓનો સૂક્ષ્મદેહ—**અક્ષરદેહ** હજી આપણી પાસે ચિરંજીવ છે અને તેના અવલંબનથીજ જો આત્મકલ્યાણ સાધવા માગે તો પ્રજા સાધી શકે એમ છે. જયંતિ જેવા મેળાવડાઓ એ માટે માર્ગદર્શક હોઈ આવકારદાયક છે.

મી૦ પરમારે કાવ્યની દૃષ્ટિથી મર્હુમનું જીવન અવલોકી એક જૈનબન્ધુ તરીકે સારો ભાગ ભજવ્યો હતો. તેઓએ જીવનવૃત્તની આલોચનાથી થોડે દૂર જઇ સાહિત્યના ક્ષેત્રમાં ચર્ચાતા "કવિ કોને કહેવાય? તથા કાવ્યનાં ખરાં લક્ષણો કોને કહેવાય?" આદિ વિષયોને છેડયા હતા. પણ તેઓનું અંતિમ લક્ષ્ય તો **શ્રીમદ્‌ રાજચંદ્ર**ના કાવ્યોની સમાલોચના કરવાનો હોઈ કોઇ રીતે તે અપ્રાસંગિક નહોતું. અમો જયાંસુધી ધારીએ છીએ ત્યાંસુધી ખાસ કરીને કવિ તરીકેની કીર્તિ સંપાદન કરવા મર્હુમે કાવ્ય રચના કરી હોય અને તેને અર્થે સૃષ્ટિ સૌંદર્ય કે એવાં બીજાં પરલક્ષી કાવ્યો રચ્યાં હોય એમ લાગતું નથી; માત્ર તેઓ હૃદયની પ્રિય વસ્તુ વૈરાગ્ય અને અધ્યાત્મને પ્રસંગોપાત કરવાનો પ્રયત્ન કર્યો હતો એટલુંજ અમો તો અમારા ક્ષુદ્ર અવલોકનને અંતે જાણી શકયા છીએ.

છેવટે અમો અમારી આલોચના પૂરી કરીએ તે પહેલાં મી. **મનઃસુખ**-લાલ રવજીભાઇના અંતિમ વ્યાખ્યાન સંબંધે બે બોલ કહ્યા વિના ચાલતું નથી. તેઓનું વ્યાખ્યાન જેમ હૃદયભેદક હતું તેમ સમાજની અંદરની વિ-પત્તિને પણ કેટલાએક અંશે ઉપશમાવનાર હતું. વિષયના વિસ્તારના ભયને લીધે અમો મર્મભેદી ઉપસંહારને ચર્ચી શકતા નથી. અમો ઇચ્છીએ છીએ કે જે જયન્તિના પ્રસંગને લઇ આજે અમારા પાઠકોને વિદ્વાન લેખોનાં વ્યાખ્યાનોનો વિવિધ આસ્વાદ મળ્યો છે તે જયન્તિ સર્વદા વિજયી હો! તેનો અવિભક્ત જૈનશાસનનો અંતિમ લક્ષ્ય સફલ હો! જૈનશાસન જયવંતુ હો! **शिवमस्तु सर्वजगतः परहितनिरताः भवन्तु भूतगणाः**

શ્રીમાન્ રાજચંદ્રની બીજી જયંતિ.

જૈનોમાં પહેલા શતાવધાની તથા કવી તરીકે પ્રસિદ્ધિ પામેલા મર્હુમ **શ્રી** રાયચંદ્રજીની બીજી જયંતિ અત્રેના 'મુંબઇ–માંગરોળ જૈનસભાના હૉલમાં ઉજવવામાં આવી હતી. તે પ્રસંગે જૈન સાક્ષરો તથા અન્યમતના વિદ્વાનોએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી. બરાબર ૭॥ વાગે લોકો મોટી સંખ્યામાં હાજર થયા હતા; પણ સભાનો હૉલ પુરો નહીં પડવાથી સેંકડો માણસોને પાછું ફરવું પડયું હતું. શરૂઆતમાં અત્રેના જાણીતા ગૃહસ્થ મી૦ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી એમ૦ એ૦ એલ૦ એલ૦ બી૦ અને સ્મૉલ-કૉઝ કોર્ટના જજજને પ્રમુખપદ આપવામાં આવ્યું હતું. ત્યાર પછી અત્રે બીરાજતા મુનિવર શ્રી ચારિત્રવિજયજીનો પ્રમુખ જોગો આવેલો પત્ર વાંચી બતાવવામાં આવ્યો હતો.

મુનિવર શ્રી ચારિત્રવિજયજીનો પત્ર.

શ્રી રાયચંદ્ર જયંતિના મેલાવડાના પ્રમુખ અને બીજા સભ્યો યોગ્ય, મહાનુભાવો;

પોતાની નિર્મળ દૃષ્ટિથી ઘણુંજ જોઇ અને પાછલાઓ પોતાની ભુલમાંથી બચે એવા હેતુથી ઘણું લખી ગયેલા કવિ **શ્રી** રાયચંદ્રજીની જયંતિમાં ભાગ લેવાને ગત વર્ષે મારાથી બન્યું હતું, પણ આ વર્ષે મારાથી તેમ ન બની શકવાથી આ પત્ર લખી જયંતિની ફત્તેહ ઇચ્છું છું.

મારે હર્ષની સાથે લખવું જોઇએ કે, જૈનોને ખરી અગત્ય શાની છે તે તેમણે જાણ્યું હતું, અને પોતે ખંત રાખી પોતાના વર્તનમાં તે બતાવી આપ્યું હતું. હાલમાં કેટલાકોમાં તત્વાભિકાંક્ષીપણું વધવા માંડયું છે અને તેવા જિજ્ઞાસુઓની ઇચ્છા જો તૃપ્ત થતી હોય તો તે કવિ **શ્રી** રાયચંદ્રજીનાં પુસ્તકોથી થાય છે, એમ મેં ઘણાના મુખથી સાંભળ્યું છે. શુદ્ધ વિદ્યા એમના વંશજોના વારસા તરીકે જોવામાં આવે છે. તેમના પુત્ર લઘુવયમાં સારા વિચાર ધરાવનારા હતા અને તેમના બંધુ મનસુખભાઇ પણ ઘણા ઉંચ વિચાર ધરાવેછે, જે 'સનાતન જૈન' વાંચવાથી સમજી શકાય છે. જો કે હાલનો જમાનો જોઇએ તેવો અનુકુળ નથી પણ તેમ છતાં વિદ્વાનોમાં એ ચોપાનીઉં અતિ

પ્રિય થઇ પડયું છે. સત્ય છે કે " **विद्वानेव विजानाति, विद्वज्जनपरिश्रमः** " મારે અત્રે જણાવવું જોઇએ કે **શ્રી રાયચંદજીની** સંગતમાં આવેલા તથા તેમનાં પુસ્તકો વાંચી તત્વગ્રાહિ થયેલા કેટલાએક સજ્જનોના પરિચયમાં હું આવેલ છું અને તેઓની બુદ્ધિ સરલ, અને તેમનું વર્તન ગુણગ્રાહિ અને અલ્પકષાયી લાગ્યું છે તે ઉપરથી ખુલ્લી રીતે સમજી શકાય છે કે **શ્રી રાયચંદજીનો** ઉપદેશ અકદાગ્રહિ હતો.

જે જમાનામાં જે પુરૂષોની જરૂર હોય છે તે વખતે તેમનો અભાવ નજરે પડે છે એ જૈનોનાં હતભાગ્યની નિશાની છે. તે સાથે કેટલીક વખતે એમ પણ બને છે કે રૂઢી અને રૂઢીને વળગી રહેલાનું જોર એવું પ્રબળ હોય છે કે જેને લઇને યોગ્ય પ્રયાસ પણ જેવો જોઇએ તેવો સફળ થઇ શકતો નથી. આપણને ભલે એકદેશીય વિચારને લઇને એમ લાગે કે આ નવીન છે, પણ જો આપણે વિશાળદષ્ટિથી શાંતિપૂર્વક અને નિષ્પક્ષપાતપણે વિચારીએ તો નવીન કાંઇ નથી, પણ તે જૈનોન્નતિનાં અંગોજ છે; પણ સમજફેરને લઇને અને ઘણા સમૂહનાં પ્રબળ બળને લઇને સત્ય પ્રવાહ ઢંકાઇ જાય છે એ ઘણા ખેદની વાત છે.

જેમ મલિન વસ્ત્ર રંગવાથી રંગ અને વસ્ત્ર બંને બગડે છે, તેમ હાલ બાહ્ય પ્રવૃત્તિનેજ જે વધારે ધ્યાન અપાય છે અને અંતરંગની શુદ્ધિ તરફ લક્ષ ખેંચાતું નથી એજ અવનતિનું કારણ છે.

જેમના વિચારો અન્ય વિદ્વાનોમાં પ્રશંસાપાત્ર ગણાયા છે તેજ વિચારોને કેટલાએક જૈનાભાસો વખોડે અથવા નિંદે એ ખરેખરૂં દીલગીરીનું કારણ છે. જે હદસુધી જે વ્યક્તિ ન પહોંચી હોય તેણે પોતાની હદ ઉપરાંતની શક્તિને માટે ન્યાય આપવો એ ઉપહાસ્યાસ્પદ છે.

જયંતિ ઉજવવી એટલે માત્ર અમુક પુરૂષના ગુણાનુવાદ કરી જવા, એટલાથી તે કાર્યની પરિસમાપ્તિ થતી નથી; પણ તેમના વિચારો દુનિયામાં વિશેષ વિસ્તારને કેમ પામે એને માટે સતત્ પ્રયાસ કરવો અને અનેક રાયચંદ્ર તેમાંથી પેદા કરવા એવી ખંત જ્યારે ધરાવવામાં આવશે ત્યારે જયંતિની સાફલ્યતા થયેલી ગણાશે.

શ્રી રાજચંદ્રના જે વિચારો હાલ પુસ્તકાદિદ્વારાએ જાહેરમાં મુકાયેલા આપણે જોઇએ છીએ, અને તે વિચારોને બહુજ સૂક્ષ્મદષ્ટિથી અવલોકી શાંતિથી મન સાથે મનન કરીએ છીએ, અને તે સાથે મનમાંથી કેટલાએક વખતથી અમુક હદમાં મનાએલી જૈનધર્મની પ્રણાલિકાઓ હૃદયમાંથી દુર

કરી અસંસ્કારી હૃદય બનાવી વીર પરમાત્માના કથન સાથે તે વિચારોને સરખાવીએ, તો સમજી શકાય છે કે, હાલમાં જૂદી જૂદી જૈનની શાખાઓમાં જે જૈન ધર્મની સમજ ફેલાયેલી છે, અને કર્ત્તવ્યતામાં જે જૈન ધર્મની પરાકાષ્ટાની હદ મનાએલી છે તે જૈન સિદ્ધાંતથી અને વીરપરમાત્માના વચનોથી ઘણા ભાગે ફેર જણાય છે. આ લખવું આક્ષેપરૂપે ન માનતાં સ્વહૃદયમાં વિચારનો અવકાશ લાવી શાંતિથી વિચારીએ તો જણાશે કે, મહાવીરનો મુખ્ય ઉદ્દેશ રાગ દ્વેષ પરિત્યાગનો છે, અને તે ત્યાગ અંતરંગની સરળતા વિના બાહ્ય પ્રવૃત્તિ માત્રથી કોઈ કાળે હોઇ શકેજ નહિ. જ્યાં સુધી અમુક ગચ્છાનુરાગીપણું કે અમુક શાખાનુરાગીપણું રહેલું છે ત્યાં સુધી જૈન સિદ્ધાંતથી વિમુખતા છે એમ સ્પષ્ટ સમજી શકાય છે. આપણે વિચારીએ કે જે વખતે વીર પરમાત્મા વિદ્યમાન હતા તે વખતે તેઓના અને તેઓના શિષ્યોના બોધિત અને દીક્ષિત હજારો શિષ્યો હતા, અને તે પૂર્ણ જ્ઞાનને ધારણ કરનારા હતા, છતાં તે વખતમાં માત્ર જૈનધર્મ એજ નામ નિર્વિશેષપણે પ્રચલિત હતું. પણ પાછળથી જેમ જેમ કાળ ભેદ અને સંયોગ–ભેદ થતા ગયા, તેમ તેમ પોતપોતાની રૂચિ અને શક્તિને અનુસરીને દેશ-વિરતિ અને સર્વ વિરતિના માર્ગને સ્વીકારી જૂદા જૂદા વર્તનથી વર્ત્તવા માંડયા; એ હેતુ પણ ત્યાં સુધી એમજ મનાએલો હોવો જોઇએ કે, વિરક્ત દશા જેથી જેટલે અંશે બને તેટલે અંશે ગ્રહણ કરી નિર્મોહી થઈ અંતે મોક્ષ મેળવવો. મુનિઓ વસ્ત્રધારી હો યા નિવસ્ત્ર હો, તેમાં વિવાદનું કંઈ પણ કારણ નથી. જેટલે અંશે પરોપાધિનું ગ્રહણ તેટલે અંશે નિર્માલ્યતા હોવીજ જોઇએ. એમ તો કહેવાશેજ નહિ કે સર્વ ત્યાગી બનવાથી જૈન મુનિ ન કહેવાય. અને અમુક ઉપાધિ મુનિ ધર્મને માટે સ્વીકારવીજ જોઇએ, આમ તો હોઇ શકે જ નહી પણ શરીર ધર્મને લઇને કેટલાક મુનિઓએ વસ્ત્રાદિ સ્વીકાર્યા હોય તો તે પણ ધર્મોપકરણ તરીકે માની મૂર્છા રહિત બની સ્વચારિત્ર પાળવામાં તત્પર રહી અને સ્વધર્મિષ્ટ રહ્યા હોય તો તે પણ અ-વાસ્તવિક નથી. આ હદ સુધી ઇચ્છાભેદથી અથવા શરીર ધર્મથી દેશકાળના સંજોગોને લઇને મુનિઓના આચારમાં તેમ ભેદ પડયા હોય અને તે માત્ર ઉપલા કારણોને લઇને હોય તો ત્યાં સુધી જૈન ધર્મના સિદ્ધાંતને કોઈ પણ પ્રકારે ક્ષતિ નથી. પણ પાછળથી બાહ્ય પ્રવૃત્તિઓના ભેદને લઇને દરેક રીતે ભેદબુદ્ધિ ઉત્પન્ન થતાં પોતાની માનીનતાને વીરપરમાત્માની માનીનતા કરી લીધી અને આમ અનેક પ્રકારે ગચ્છમોહ ઉત્પન્ન થયો. એટલાથી ન અટકતાં ભેદ થવાનું કારણ મુનિઓના આચારના વિવાદને માત્ર મુનિઓમાં ન

રાખતાં ગૃહસ્થ જૈનો જેમને સદા વસ્ત્રધારીપણું રહેલું છે તેમનામાં ઉતારવામાં આવ્યો તે છે. આ સાધુઓના આચારવિચારના ભેદની તકરાર સાધુવર્ગની મર્યાદામાં રહી હોત તો કંઈક ઓછો ખેદ થાત; પણ સાધુઓના આચારવિચારની તકરાર સાથે અમો મુનિઓએ ગૃહસ્થોને શા માટે જોડી દીધા છે તે મારાથી સમજાતું નથી. કેમકે પહેલાં આપણે શ્વેતામ્બર અને દિગમ્બર બે શબ્દો સાથેના સંબંધમાં વિચાર કરીએ તો તે શબ્દો માત્ર મુનિઓનેજ લાગુ પડે છે પણ હાલમાં આપણે જોઇએ છીએ, કે ઉપલા બંને નામોની શાખાઓ નજરે પડે છે. ગૃહસ્થો પણ પોતાને શ્વેતામ્બર અને દિગમ્બર એ નામથી ઓળખાવે છે. દિગમ્બરના નામથી એમ ઓળખાનારા ગૃહસ્થો દિગમ્બરો નથી, કેમકે તેઓ વસ્ત્રધારી છે, અને શ્વેતામ્બર નામથી ઓળખાતા ગૃહસ્થો માત્ર શ્વેતામ્બરી નથી, કેમકે તેઓ રક્તાદિ વસ્ત્રોના પણ ધારણ કરનારા નજરે પડે છે. આ રીતે માત્ર શબ્દો ઉપર થયેલા મોહને લઇને સત્ય શું છે તે તરફ લક્ષ ખેંચાતું નથી એટલું જ નહિ પણ તે કરતાં આગળ ચાલતાં વિચારીએ છીએ તો શ્વેતામ્બરના અનેક ગચ્છો નજરે પડે છે અને દિગમ્બરમાં પણ તેમજ છે. આમ થવાનું મૂળ કારણ ક્રિયા અભિરૂચીની વૃદ્ધિ અને આત્મિકજ્ઞાનની ન્યૂનતા જેમ જેમ થતી ગઈ તેમ તેમ આવા ભેદ આગ્રહપૂર્વક પડતા ગયા હોય એમ લાગે છે. કોઈ પણ એમ નથી કહેતું કે અમે **વીર** પરમાત્માના નથા–શાસનને સ્વીકારતા નથી અને દરેક અકેકથી વિરોધી અકેકની નજરે પ્રત્યક્ષ દેખાય છે, અને તે વિરોધ હઠ કદાગ્રહના સંસ્કારથી સંસ્કૃત બનેલું જુએ છે. પણ તે ઉપરથી એમ કોઇને વિચાર સ્ફુર્યો કે, અકેકથી વિરોધી વિરૂદ્ધ સ્વરૂપને ધારણ કરનાર **વીર**પરમાત્માનું શાસન હોયજ નહિ. અને તે સાથે એમ પણ બને છે કે, એકે એક એક એકનું ખંડન કરી પોતાને આરાધક અને બીજાને વિરાધક માને છે. સર્વાળે તટસ્થ બુદ્ધિએ વિચારતાં એકે આરાધક એકએકની અપેક્ષાએ નજરે દેખાતાં નથી. જો વીરપરમાત્માના શાસનનો સ્વીકાર દરેકમાં હોય તો એકએકનું ખંડન શામાટે થવું જોઇએ, અને ખંડન કરનારાઓ પોતાનેજ સત્ય માનતા હોય તો તે એવી માનીનતામાંથી એક એક કમી થતો નથી. આવી કઢંગી સ્થિતિ **વીર**પરમાત્માના શાસનને હોયજ નહિ. એવો વિચાર યોગ્ય પુરૂષોને સ્વાભાવિક આવવો જોઇએ, પરંતુ વચલા જમાનામાં જોસભર અથડામણી ચાલેલી કે જેમાં વિદ્વાનોમાં સ્વવિચારોને દૃઢ કરવાની અભિલાષા વધારે પ્રબળતા પામી ગએલી. એટલે તેવા વિચાર કરવાનો અવકાશ ન મળેલો હોવો જોઇએ. પાછળથી તેવી પ્રવૃત્તિએ જૈનોને

અર્ધી સ્થિતિમાં વધારે મૂકી દીધા. જેને બાને કેટલાકોને પશ્ચાત્તાપ સાથે વિચાર કરવાનો અવકાશ મળ્યો, અને તેમાં પણ અનેક પુરૂષો વચમાં અમુક અમુક અંશે ફરીથી **વીર** પરમાત્માના શાસનને મૂળ સ્વરૂપમાં લાવવા પ્રયત્નશીળ બનેલા પણ તેઓએ પોતે પોતાની સ્થિતિમાં રહીને તેમ કરવા ધારેલ હોવાથી જોઇએ તેવી સફળતા ન પામ્યા. તેવી દુઃખદર્શક સ્થિતિ નજરે પડવાથી **વીર** પરમાત્માના વિદ્યમાનપણે માર્ગની જે અવિભક્ત સ્થિતિ હતી તે કોઇ રીતે ફરીથી પ્રાપ્ત થાઓ એમ પ્રશસ્ત ભાવના ઉત્પન્ન થવાથી **શ્રીમાન્ રાજચંદ્રે** આજથી પચીસ વર્ષ ઉપર તેવી ભાવના પ્રકટ કરી,—જે તેમનાં પુસ્તકો વાંચવાથી વિદ્વાન વર્ગને ખુલ્લે ખુલ્લું સમજી શકાય તેમ છે.

વીર પ્રભુના શાસનની વિશાલતા તો અહીં સુધી સમજી શકાય છે કે કોઇ પણ વેશમાં મોક્ષનો અભાવ માનેલોજ નથી, એટલે પંદર ભેદે સિદ્ધ થાય છે એમ **વીર** પ્રભુએ કહ્યું છે. આ ઉપરથી ખુલ્લું સમજાય છે કે અંતરંગ શુદ્ધિ તેજ જૈનિયપણું છે. પણ બાહ્ય પ્રવૃત્તિ ગમે તેમ છે અને હૃદય શુદ્ધિ જો ન હોય તો તેને જૈન કહેવો એ **વીર** પ્રભુની દૃષ્ટિથી વિરૂદ્ધ છે તો તેવા વિચારો જેમને સ્ફુર્યા હોય તેઓ ખુલ્લેખુલ્લા ચાલતા બખેડાને અવખોડે તો તે વાસ્તવિકજ છે અને તેવા સ્વાર્થનિષ્ટ જીવોને તરતમાં તેથી માઠું લાગે અને ગમે તેમ આક્ષેપો કરે તો તેમાં કાંઈ નવાઈ નથી. લખનારાઓએ સદા આગળ વધ્યાજ કરવું જરૂરનું છે. ઘણા વિદ્વાનોને માટે ઇતિહાસની દૃષ્ટિએ તપાસીએ છીએ તો સમજાય છે કે તેવાઓને સંકટો સહન કરવાં પડયાં છે, દુનિયાથી વિમુખ પણ થવું પડયું છે. અને કેટલાકને જમીનમાં પણ દટાવું પડયું છે. પણ પાછળથી એ સત્યવિચારો જે પુરૂષો જાહેરમાં મૂકી ગયા તે વિચારોજ પાછળ રહેનારાઓને સ્વીકાર્યા વિના છૂટકો રહ્યો નથી. જો કે એ ખરૂં છે કે, એવું તો ત્રણ કાળમાં બનવાનું નથી કે સર્વના એક સરખા વિચારો થઇ શકે. પરંતુ વિદ્વાનોમાં ચોકસ અંશે સમાનતા થઈ શકે છે અને સાધારણ સમુદાય અનુસરે છે. **શ્રીમાન્ રાજચંદ્રના** વિચારોના સંબંધમાં પણ તેમજ થવું જોઇએ.

દુનિયામાં રહી પોતાની ઇચ્છાથી વિરૂદ્ધ ચાલનારાઓની ઇચ્છાને તાબે થઇ સ્વેચ્છાને સંકટના યા બીજા ગમે તે ભયના કારણથી દબાવી રાખવી—એવા હૃદયદ્રોહી બની મહા પાતક માથે વહોરી લેવાની સ્થિતિ જ્યાં સુધી હોય ત્યાં સુધી સત્ય વકતા યા સત્ય લેખક કોઈ કાળે બની શકે નહિ. આપણને આપણા હૃદયમાં થતા વિચારોનો વિશ્વાસ નથી તેથીજ તેમ બને છે એમ લાગે છે.

માનસિક સ્થિતિ સુધારવી એ પહેલું કર્ત્તવ્ય છે. ભય મનથી ઉત્પન્ન થાય છે અને પોતાથી ઉત્પન્ન થતા ભયથી પોતે બીહે છે. હૃદય માંહેલો ભય કર્ણમાં, નેત્રમાં, યા સર્વ શરીરમાં વ્યાપી છેવટ બીજાઓમાં પ્રવેશ કરે છે અને તે અનેક રૂપે મનને બીવડાવે છે. આ વિભ્રમ માત્ર છે. એ જો સમજાય તો માણુસ પોતે સહેલાઇથી નીડર બની શકે છે.

"મારા વિચારોની અસર બીજાને થઇ કે નહિ, મારા વિચારો બીજાઓએ સ્વીકાર્યા કે નહિ. મારા વિચારો લોકોને પ્રિય છે કે અપ્રિય છે" એવી જિજ્ઞાસા જ્યાં સુધી રહે છે ત્યાં સુધી તે માણુસ કોઇ કાળે પોતાના વિચારો જાહેરમાં મુકી કર્ત્તવ્યપરાયણ બની શકતો નથી. મહાન્ શ્રી હરિભદ્રસૂરિનું વાક્ય છે અને તે મનન કરવા લાયક છે કે "સાંભળનારાઓ રોષ પામે યા સંતોષ પામે તે તેમની ઇચ્છા ઉપર આધાર છે, પણ હિતોપદેશકને તો તેમાં એકાંત નિર્જરાજ છે."

જેને જેનાથી ઉપકાર થયો હોય તે ગમે તે હો પણ ઉપકાર સ્મરણ કરનાર તેને માટે ઉચ્ચ દૃષ્ટિથી જુવે, બહુમાનાદિ કરે તે ગુણ પક્ષપાતિનું લક્ષણ છે અને તે એક જાતની કૃતજ્ઞતા છે. તેના આડે બીજાઓએ આવવું એ ગુણાનુરાગ નામના ગુણનો નાશ કરવા જેવું છે. અને એ ગુણનો નાશ થવાથીજ જૈનોમાંથી અમુક અંશે ઉપકારક, ઉપકાર્યબુદ્ધિનો નાશ થયેલો દેખાય છે. માટે જરૂરનું છે કે **गुणाधिकेषु गुणपक्षपाती** એ ગુણ દરેકે સ્વીકારવો.

અનેક મહાન્ પુરૂષો અનેક પ્રકારનાં હિત કરી ગયા છે. પણ તેમના કર્તવ્યનું સ્મરણ આપણે જે નથી કરી શકતા તે માત્ર આપણી કૃતઘ્નતા છે. તેથી સરલ અને ગુણાનુરાગીપણાનો જે ગુણ, તે દરેકે પ્રાપ્ત કરવો અને તદનુસાર શ્રી રાયચંદ્ર કવિનો ઉપકાર જેમના ઉપર થયેલો છે તેઓ જયંતીના રૂપમાં તેમના ગુણાનુવાદ કરે એ કોઇ પણ રીતે અપ્રસંશનીય નથી. કેમકે દરેકે પોતપોતાના ઉપકારી પુરૂષોના ઉપકાર હૃદયમાં સ્મરી તેની ઉન્નતિ કરવી એ દરેક જણાની ફરજ છે અને તેવી દશા આપણ દરેકમાં પ્રાપ્ત થાઓ ! તથાસ્તુ.

મુંબઈ, તા૦ ૨-૧૧-૧૯૧૦ લી૦ **મુનિ ચારિત્રવિજય.**

શ્રી મનઃસુખભાઈ કિરતચંદ મહેતાનો નિબંધ.

"A man is never a prophet in his own country. The world's celebrity is eyed with more or less suspicion......in his own town or community."

—*Marie Corelli*—

"Familiarily breeds contempt."

"The world knows nothing of her greatest men."

સત્પુરૂષની કદર પોતાના દેશમાં અને પોતાના કાળમાં ભાગ્યેજ થાય છે.

જે સંતપુરૂષ (Saint) ની જયંતિ આજે ઉજવાય છે, તેના સંબંધમાં યથાશકિત વિવેચન કરવાની રજા લઉં છું. કુમારી મૅરી કૅારેલી,—એક નામાંકિત ઇંગ્રેજી ગ્રંથ કર્ત્રી કહેછે કે, "પેગંબરના (ધર્મપ્રવર્ત્તકના) ગુણ ધરાવતો પુરૂષ તેના પોતાના દેશમાં ભાગ્યેજ ઓળખાય છે. ઉચ્ચમાં ઉચ્ચ ગણાવા યોગ્ય જગતના પુરૂપ પ્રતિ તેના શહેર અથવા તેની કોમનાં માણસો ઓછી વધતી શકની નજરે હંમેશાં જુએ છે." શ્રીમાન્ રાજચંદ્ર શ્રી મહાવીરને અનુસરી એક નવયુગજૈનપ્રવર્ત્તક હતા; કુમારી મૅરી કૅારેલી કહે છે, તેમ તેને તેનો દેશ સર્વથા પીછાણી શકયો નથી એમ નથી; તેની કોમ તેના પ્રતિ શકની નજરે અને તાજુબીની નજરે જોતી આવી છે એમ નથી, પરંતુ એટલું તો ખરૂં છે કે જેટલે દરજ્જે તેઓ ઓળખાવા જોઇએ તેટલે દરજ્જે ઓળખાઇ શકાયા નથી; અને તેમ બને એ કેવળ સ્વાભાવિક છે. "Literary Taste,"-સાહિત્ય રસ-નામક ગ્રંથના કર્ત્તા કહે છે કે, It is not until an age has receded into history and all its mediocrity has dropped away from it that we can see-as it is-as a group of men of genius; આ લખનારનો કહેવાનો હેતુ એવો છે કે, જ્યારે જ્યારે અસાધારણ પુરૂષો થાય છે ત્યારે ત્યારે તેઓ જોઇએ તેવા ઓળખાતા નથી, પરંતુ જ્યારે તેઓ વર્તમાનત્વ ત્યાગે છે, અને ઐતિહાસિક પ્રાચીનત્વ પામે છે, ત્યારે આપણે તેઓને યથાસ્થિતપણે ઓળખી શકીએ છીએ. અને એમ થાય તેમાં નવાઈ નથી કારણ

કે બીજુંજ સંસ્કૃત વાક્ય જે લોકોક્તિરૂપે પ્રચલિત છે,-તેમાં કહ્યું છે કે "**अतिपरिचयादवज्ञा**,-બહુ પરિચયથી અવજ્ઞા થાય." ચંદનવનમાં વાસ કરનારા ભિલ્લને ચંદનનું મહત્વ, તેની કદર નથી વસતાં અને એના પરિણામે બીજી કહેવતમાં જણાવ્યું છે તેમ, જગતને પોતાના મહાનુભાવ પુરૂષોની કદરજ નથી. અને પછી જીવતા જાણ્યા નહિ, મુઆ પછી રડારોળ" "શિવજી તો ચલા ગયા, હવે માટી ભુસો"-એમ થાય છે. "A prophet is seldom known in his own time." એક **ધર્મપ્રવર્ત્તકની** પીછાણ તેના પોતાના સમયમાં ભાગ્યેજ થઇ શકે છે. એકલા ધર્મપ્રવર્ત્તક અંગે આ વાત નથી. જગતના સર્વ મહાપુરૂષો અંગે આ કથન પ્રાય: સત્ય નિવડયું છે. સુપ્રસિદ્ધ નાટકકાર **શેક્સપીઅરને** એના સમયના લોકો ભાગ્યેજ પિછાણી શક્યા હતા. **શ્રીમાન્ આનન્દઘનજી**, જેનાં અતિ ગંભીર અને ઉદાર આશયભર્યાં સ્તવનો હાલ જૈનોમાં ઘેર ઘેર ગવાય છે તેને ત્રણ દાયકા પૂર્વે ભાગ્યેજ કોઇ પિછાણતું.

શેક્સપીઅર અને આનંદઘન.

જયંતિનાયક **શ્રીમાન્ રાજચંદ્રને** અંગે સર્વથા આમ થયું છે એમ નથી, તોપણ જોઇએ તેવી ઓળખ થવાને હજી સમય જોઇશે. કારણ કે સુપ્રસિદ્ધ અંગ્રેજ રાજનીતિજ્ઞ **એડમન્ડ બર્ક** કહે છે કે:—"The world is fifty years behind,"—અર્થાત્ દુનિયાને પોતાના સમયમાં બનતી વાતોનું ભાન પચાસ વરસ પછી થાય છે. શ્રીમાન્ રાજચંદ્રનો દેહ પડયાં નવ વરસ થયાં; એટલે એ મહાનુભાવની સાચી કદર થતાં હજી ચાળીસ વરસ જશે; અથવા શ્રીમાનની આજની જન્મતિથી ગણતાં શ્રીમાન્ હૈયાત હત તો તેઓએ આજે એંતાલીશ પુરાં કરી ત્રેંતાલીસમાં પ્રવેશ કર્યો હત. આમ જોતાં પણ હજી સાત આઠ વરસે શ્રીમાન્‌ને પોતાની કોમ, પોતાનો દેશ પિછાણી શકે એમ છે. અત્યારે બહુ ઓછી પિછાણ છે, પણ કાળાંતરે એ પિછાણ સંપૂર્ણ—સારી રીતે થશે; અને એમ થવાનાં કારણો છે.

શ્રીમાન્ ક્યારે પીછાણાશે ?

શ્રીમાન્ સ્થૂલ દેહ છોડીને તો ચાલ્યા ગયા છે; પણ તેઓના આત્મારૂપ તેઓનાં આ ભવ-પરભવ હિતકર વચનો, તેઓનું પવિત્ર ચરિત્ર તો પાછળ મૂકી ગયા છે; તે વચનો અને તે ચરિત્ર સ્વયં પ્રકાશે છે; અને જગતની દૃષ્ટિ એ પ્રકાશ ભણી જશે કે શ્રીમાનની સંપૂર્ણ ઓળખ થશે. મહાકવિ **ભવભૂતિ** કહી ગયેલ છે કે:—

આત્મારૂપ વચનો.

उत्पत्स्यते मम कोऽपि समानधर्मा
कालोह्ययं निरवधि विंपुला च पृथ्वी.

તેમજ શ્રીમાન્‌ના સમાનધર્મી આ અનંતકાળ અને વિશાળ પૃથ્વી જોતાં હોવા જોઇએ—થવા જોઈએ—કે જેઓ એને સમ્યક્ પ્રકારે પીછાણી શકશે.

સમાન-ધર્મી મલશે.

શ્રીમાન્ રાજચંદ્રે જનસમૂહ ઉપર સામાન્યપણે અને જૈન કોમ ઉપર વિશેષપણે ઉપકાર કર્યો છે, અને એ વાત જો એઓનો **"શ્રીમદ્ રાજચંદ્ર"** ગ્રંથ અવલથી આખર સુધી મધ્યસ્થ ભાવે વાંચવા-વિચારવામાં આવે તો સુપ્રતીત થાય એમ છે. પ્રથમથી બાંધી દીધેલા ખ્યાલો અને તાજુબી ભર્યા વિચારો છોડી દઇ જો કોઇ સમજુ જૈન એ ગ્રંથ મધ્યસ્થતાથી વાંચશે-વિચારશે તો તેને નિઃસંશય એમ લાગશે, કે **શ્રીમહાવીરનો** બોધેલો સનાતનમાર્ગ એ પુરૂષે સમ્યક્ પ્રકારે ગવેષ્યો છે, અને સ્વાનુભવગોચર કરી ઠેર ઠેર ઉપદેસ્યો છે;

શ્રી મહાવીરના ઉપદેશનું ગૂઢ તત્ત્વ એણે પ્રકાશમાં આણ્યું છે, જૈન કોમ આનો વિચાર કરે, તો તેને આ કથન સ્પષ્ટ લાગશે. શ્રીમહાવીરે પ્રકાશેલ તત્ત્વમાં જગતમાત્ર પ્રવેશ પામે છે; જીવ માત્રને સંબોધીને એમનો ઉદ્દેશ છે. એ ઉપદેશને અવલંબી આ પુરૂષે કરેલો વ્યવહાર-પરમાર્થનો બોધ તેના મહાન્ ગ્રંથમાં સર્વત્ર પ્રકાશી રહ્યો છે, જે સામાન્ય જનસમૂહને ખસુસ ઉપકારી છે. એવા એક સંતપુરૂષને યાદ કરી તેનો આજનો પવિત્ર જન્મ મહોત્સવ ઉજવવો, એવા મહાન્ પુરૂષના અવતારથી પૃથ્વી પાવન છે એમ કહેવું, એવા પુરૂષરત્નના જન્મથી વસુંધરાનું 'બહુરત્ના' 'રત્નકુક્ષી' એ નામ સાર્થક કરવું,-એ, એ પુરૂષને ઉપકારવશ આપણું કર્તવ્યજ છે. ઉપકારી પુરૂષના ઉપકાર યાદ આણી તેનાં યશોગાન કરવાં એ કૃતજ્ઞતાનું લક્ષણ છે.

શ્રીમાન્ રાજચંદ્ર
શ્રી મહાવીરના
પગલે.

એવી કૃતજ્ઞતા દાખવાનું પરમ પુરૂષો ઠેર ઠેર ઉપદેશે છે. આ ઉપકાર એક સંત પુરૂષના ગુણ ગાવામાં જગતના સર્વ સંતપુરૂષોનાં ગુણગાન સમાઇ જાય છે. એક સંત પુરૂષ પ્રતિ સાચો ભક્તિરાગ હોય તો સર્વ સંત પુરૂષો પ્રતિ હોવોજ ઘટે છે, કારણ કે ગુણનેલઇ ગુણી પૂજાય છે. વસ્તુતઃ ભક્તિ ચડે છે. એ ગુણીના સ્થુલ દેહને નહિ, પણ એના ગુણને એટલે

જયંતિ શા માટે?

એક 'સંતમાં સર્વ સંત' ભક્તિ ગુણની કે દેહની?

જે ગુણ પૂજાય છે તે ગુણો જે જે સંત પુરૂષોમાં આવિર્ભાવ પામ્યા છે તે પણ પૂજાય છે. આમ એક સંતની પૂજા ભકિત,–તેનાં યશોગાનમાં સર્વ સંતનાં ભકિત–યશોકીર્ત્તન સ્વાભાવિક રીતે સમાવેશ પામે છે.

સર્વ સંત મર્મજ્ઞ પુરૂષો ઉંડા ઉતરી આ કથન વિચારે, તો તે તેઓને સહજ સમજાય એમ છે. આ સંત પુરૂષની જયંતિ ઉજવવામાં આપણે આપણી એઓના ગુણ પ્રતિ, એઓના ઉપકાર પ્રતિ ભક્તિ બતાવવાથી વિશેષ કરતા હોઇએ એમ નથી. ભકિતના અનેક પ્રકાર છે. તેમાં આ જન્મમહોત્સવ પણ એક છે. ભૂતકાળના, ભાવિકાળના વર્ત્તમાનકાળના સર્વ સંત પુરૂષો આપણને માન્ય છે. એટલે આ પુરૂષની જયંતિ ઉજવાય, બીજાની ક્યાં નહિ? એ પ્રશ્નનો અવકાશજ રહેતો નથી. આપણે તો માનીએ છીએ કે જે ગુણોને લઇ શ્રીમાન્ રાજચંદ્રની જયંતિ આજે ઉજવાય છે તે ગુણ જેના આવિર્ભાવ પામ્યા છે, તે બધા સંતોની તથા તેથી પણ વિશેષગુણી સર્વ પરમાત્મા પુરૂષોની આજે જયંતિ ઉજવાય છે. શ્રી મહાવીર દેવે પ્રકા-

શ્રીમાનની વિશેષતા શું?

શેલ તત્ત્વ વર્ત્તમાનમાં સ્પષ્ટપણે જો કોઇને સાક્ષાત્કાર થયું હોય, તો તે શ્રીમાન રાજચંદ્રને એમ આપણે સુનિશ્ચિત કહી શકશું. શ્રી મહાવીરનો "અવિભકત સનાતન જૈન માર્ગ" વર્ત્તમાનમાં જો કોઇએ સમ્યક્ પ્રકારે ઓળખ્યો હોય તો તે પણ શ્રીમાન્ રાજચંદ્ર એમ આપણે કહી શકશું અને એ અંગે તો શ્રી મહાવીર દેવના નિર્વાણપછી થોડો સમય મુકી ત્યાર પછીથી આજ સુધીના અંતરાળમાં એ સનાતન માર્ગ વિભકત થઈ જઇ એમાં અનેક મતમતાંતર ઉગ્યા છે, અને મતમતાંતરના ઝઘડામાં શ્રી મહાવીર દેવે પ્રકાશેલું પરમ તત્ત્વ ગુપ્ત સંતાઈ ગયું છે,–તેનું બારીક અવલોકન કરી તે ગુપ્ત પરમ તત્ત્વ વર્ત્તમાનમાં શોધી કાઢી સ્પષ્ટપણે જો કોઇએ પ્રકાશ્યું હોય તો તે પણ શ્રીમાનજ હતા. શ્રીમાન્ રાજચંદ્રની આ વિશેષતા હતી. અને એ વિશેષતાને લઇને પણ એવા સંતપુરૂષનો જન્મમહોત્સવ ગાવો એ કેવળ આપણી ભક્તિનું–કૃતજ્ઞતાનું લક્ષણ છે. એ પુરૂષને **"નવયુગજૈન પ્રવર્તક."**—એવી ઉપમા આપવામાં આવી છે તે યથાર્થ છે. એ ઉપમા સાર્થક છે. અતિશયોક્તિરૂપ નથી. પ્રગટ પ્રવર્ત્તક તરીકે અથવા પ્રગટ સદુપદેષ્ટા તરીકે બાહ્ય ત્યાગરૂપ જીવન અર્પવામાં એ પુરૂષને આપણા હીનભાગ્યે આયુષ્યે યારી ન આપી તથાપિ એ પુરૂષના આત્મારૂપ પવિત્ર વચનો,–વાસનારહિત વચનો,–નો વારસો આપણને સુભાગ્યે મળ્યો છે,–જે

નિઃસંશય આપણા આ ભવ પરભવનો શ્રેયહેતુક છે. એ શ્રેય હેતુના હેતુ શ્રીમાન્ છે. અને એ અર્થે પણ આજે એ પુરૂષ-

આત્મોપકારકની ભક્તિ જેટલી થાય તેટલી ઓછી.

ની જયંતિ ઉપકારવશતાને લઈ ઉજવીએ એ આપણું કર્તવ્ય છે. આત્મોપકારી પુરૂષોની ભક્તિ કરવી, તેઓનાં યશઃકીર્તનો કરવાં એ પરાપૂર્વથી ચાલી આવેલી પૂર્વપુરૂષોની પ્રણાલિકા છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યાયમાં શ્રી નમિરાજર્ષિના ચરિત્રના અધિકારની ટીકામાં શ્રીમતી મયણરેહા (મદનરેખા) નું તથા શ્રી ભગવતી સૂત્રમાં ઋષિ ભદ્રપુત્રનું ચરિત્ર એ આદિ જેણે જોયાં-વાંચ્યાં -વિચાર્યાં હશે, તેને આત્મોપકારી સંત પુરૂષોની ભકિતની આવશ્યકતા પ્રતીત થશે. કોઇ કદાચ પ્રશ્ન કરશે કે એ ત્યાગી સાધુ ક્યાં હતા ? વ્યવહારદૃષ્ટિએ એ ત્યાગી ન હતા એ ખરૂં; પણ એ સાચા સંત હતા, સાધુ શિરોમણી હતા. સાધુપણું ગુણને લઇને

ગુણને લઇ તેઓ સાધુ હતા, પૂજ્ય ગુણ છે.

છે; અને ગુણ પૂજ્ય છે. " **गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः** "-ગુણિ પુરૂષોમાં પૂજાનાં સ્થાન તેના ગુણ છે. પૂજા, લિંગ (બાહ્યવેશ) કે વયની અપેક્ષા નથી રાખતી. આમ આ સાધુજીવન-વાળા ગૃહસ્થ-યોગીની ભકિત સ્થાનેજ છે. એ ભકિત આજે આપણે નિષ્કપટભાવે ગાઇએ.

આજે કાર્તિકી પૂર્ણિમા છે; આજના પવિત્ર દિવસે ઘણા સંત પુરૂષોએ જન્મ લઈ વસુધાને પાવન કરી છે. ભાવિ

દેવ દીવાળી અથવા કાર્તિકી પુનેમ; પર્વ વિશેષ; સંતના યોગે કાળ પણ પુજાય.

ચોવિશીમાં થનાર પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ-ના ગણધર શ્રી કુમારપાળ નરેંદ્રના પ્રતિબોધક કલિકાળ સર્વજ્ઞ બિરૂદ પામેલા શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે આજના પુણ્ય દિવસે માતાની કુક્ષિએ જન્મ લઇ પૃથ્વી પાવન કરી હતી. શ્રી શત્રુંજય તીર્થ ઉપર આજના પવિત્ર દિવસે શ્રી દ્રાવિડ-વાલિખિલ આદિ અનેક સંતપુરૂષો સર્વકર્મમુક્ત થઇ સિદ્ધિ વર્યા છે. આવી પુણ્ય તિથિયે આજથી બેંતાલીશ વરસ ઉપર શ્રીમાન્ અવતર્યા હતા. પારસના સ્પર્શથી લોહ સુવર્ણ ન થાય? થાય. તેમ અચેતન ઉપચરિત કાળ દ્રવ્ય, તે કાળ પણ પરમ પુરૂષોનો યોગ પામી પર્વ વિશેષરૂપે, કલ્યાણકરૂપે, પ્રસિદ્ધ પામે છે. પરમ પુરૂષોના યોગે અચેતન કાળ પણ પૂજનિક થાય, તો પછી આપણા જેવા ચૈતન્યવંત પરમ પુરૂષનો યોગ પામે તો શું કહેવું?

શ્રીમાન્‌નું આખું જીવન આલેખવાનો તો આપણને અવકાશ નથી. "શ્રીમદ્‌ રાજચંદ્ર" ગ્રંથ એ પુરૂષના જીવનના આદર્શરૂપ છે. મધ્યસ્થભાવે શાંતિથી એ ગ્રંથ વાંચનાર, વિચારનારને આ જીવન સુપ્રતિત થાય એમ છે. આપણે એ ગ્રંથમાંથી થોડો ભાગ જોઇયે. પ્રથમ આપણે બાહ્યથી જોઇયે

શ્રીમાન્ સંત હતા ?

કે શ્રીમાન્‌માં એક સાચા સંતનાં લક્ષણ હતાં કે નહિ ? જૈન પરિભાષાને અવલંબી વિચારિયે તો સંતપણાની શરૂઆત સમ્યગ્દષ્ટિથી થાય છે. સમ્યગ્દષ્ટિપણું ચોથાથી માંડી ચૌદમા ગુણસ્થાનક સુધી છે. એટલે ચોથાથી માંડી ચૌદમા ગુણ સ્થાનક સુધીના બધા પુરૂષો ઓછા વધતા પ્રમાણમાં સંત કોટિમાં સમાય છે. હવે આપણે જોઇયે કે શ્રીમાન્ સમ્યગ્દષ્ટિ હતા કે નહિ? અને વધતામાં વધતા કયા સ્થાનકે પહોંચે છે ?

સમ્યકત્વ એટલે શું? અને તે કેમ ઉત્પન્ન થાય છે?

સમ્યગ્દષ્ટિથી ઉલટી મિથ્યાદષ્ટિ. સમ્યગ્દષ્ટિ અથવા સમ્યકત્વ, અથવા સમકીત અથવા આત્માર્થીપણું અથવા સંતપણું,—એના નિશ્ચય, વ્યવહાર એવા બે ભેદ છે. એ પણ આપણે જોઇયે. દેહાદિરૂપ પોદ્‌ગલિક વસ્તુ તે પોતે નથી અથવા પોતાનાં નથી, પણ દેહમાં રહેલો આત્મા એના જ્ઞાનાદિ ગુણ એ જ સ્વ છે,—એ પ્રકારનો નિર્ધાર એ નિશ્ચય સમકિત; અને એ પ્રકારે નિર્ધાર કરી આત્માર્થ સાધ્યો છે જેણે, એવા સદ્‌દેવ ગુરૂની તથા તેઓએ પ્રકાશેલ ધર્મ-આજ્ઞાની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત. આથી ઉલટું તે મિથ્યાત્વ. મિથ્યાત્વના ચાર ભેદ છે તે જવાથી સમ્યકત્વ થાય છે.

(૧) **અભિગ્રહિત મિ૦**—વીતરાગ પ્રણીત માર્ગ વિના અન્યનો કપોલ કલ્પિત માર્ગ સાચો છે એમ શ્રીમાને પ્રકાશેલું કોઇ તેના ગ્રંથમાંથી દેખાડી શકશે ?

(૨) **અનભિગ્રહિક મિ૦**—બધાં દર્શન એક સરખી રીતે સાચાં છે એમ શ્રીમાને પ્રકાશેલું કોઇ તેના ગ્રંથમાં બતાવી શકશે?

(૩) **અનભિવેશિક મિ૦**—પવિત્ર વીતરાગ દર્શન સર્વથા સત્ય છે, એમ શ્રીમાને નિર્ધાર કર્યો છે; આવો નિર્ધાર કર્યા છતાં શ્રીમાને અન્ય દર્શનનો આગ્રહ કરેલો કોઈ તેનાં વચનોમાંથી બતાવી શકશે?

પવિત્ર વીતરાગમાર્ગ એઓને રોમેરોમ વ્યાપી રહ્યો હતો. તે પણ સોળ સત્તર વરસની લઘુ વયમાં વ્યાપી રહ્યો હતો. એઓશ્રીની એ વયે લખાયલી "**મોક્ષમાળા**" તથા "**ભાવનાબોધ**" કોઇ સાધુ દૃષ્ટિએ જુએ, તો તેઓને આ ખાત્રી થાય એમ છે. એટલું જ નહિ પણ વેદાંતના પ્રેમી, વેદાંતમાં વિચક્ષણ, રાજા-પ્રજાએ સંમાનિત, વયોવૃદ્ધ, સમૃદ્ધિવૃદ્ધ, મર્હુમ શ્રીયુત **મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીને** એકવીશ બાવીશ વરસની લઘુ વયવાળા **શ્રીમાન્ રાજચંદ્ર** પવિત્ર જૈન દર્શનને ઉદ્દેશી શું લખે છે? તેઓ લખે કેઃ—

સોળની વયનું શ્રદ્ધાન.

"જૈન એ મોક્ષનો અખંડ ઉપદેશ કરતું, અને વાસ્તવિક તત્ત્વમાં જ જેની શ્રદ્ધા છે, એવું દર્શન છતાં કોઇ 'નાસ્તિક' એ ઉપનામથી તેનું આગળ ખંડન કરી ગયા છે, તે યથાર્થ થયું નથી." વેદાંતના અતિ પ્રેમી, વેદાંતમાં વિચક્ષણ વિદ્વાન **મનઃસુખરામ** ત્રિપાઠીને પવિત્ર જૈન દર્શનની સત્યતા ઠસાવવા કેવી કળાથી કામ લેવું જોઇયે તે **શ્રીમાન્ રાજચંદ્રે** એકવીસ બાવીશ વરસની લઘુ વયે બતાવેલી વિચક્ષણતાથી સહજ સમજાય એમ છે. આ દર્શન સત્ય છે એમ કહેવા માત્રથી કોઈ તે શ્રદ્ધી લઇ અંગીકાર ન જ કરે. **શ્રીમાન રાજચંદ્ર** એક પત્રમાં

સત્યદર્શનનું પ્રતિપાદન કરવામાં આવશ્યક વિચક્ષણતા.

"**पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु।**
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः॥"

એ શ્રીમદ્ હરિભદ્રસૂરિનાં માધ્યસ્થ, બોધક અને સત્યપ્રરૂપક વચનો ટાંકી શ્રીયુત ત્રિપાઠીને લખે છે કેઃ—

"કોઇ પણ માર્ગથી આધ્યાત્મિક જ્ઞાન સંપાદન કરવું એ જ્ઞાનીઓનો ઉપદેશ છે. આ વચન મને પણ સમ્મત છે. પ્રત્યેક દર્શનમાં આત્માનો જ બોધ છે; અને મોક્ષ માટે સર્વનું પ્રયત્ન છે; તોપણ આટલું તો આપ પણ માન્ય કરી શકશો, કે જે માર્ગથી આત્મા આત્મત્વ,—"**સમ્યગ્જ્ઞાન**"—યથાર્થ દૃષ્ટિ પામે તે માર્ગ સત્પુરૂષની આજ્ઞાનુસાર સમ્મત કરવો જોઇએ. અહિં કોઇ પણ દર્શન માટે બોલવાની ઉચિતતા નથી છતાં આમ તો કહી શકાય કે "જે પુરૂષનું વચન પૂર્વાપર અખંડિત છે, તેનું બોધેલું દર્શન તે પૂર્વાપર હિતસ્વી છે." વેદાંતનો પ્રેમ જેને રોમે રોમે

વ્યાપી રહ્યો છે એવા વિચક્ષણ વયોવૃદ્ધ વિદ્વાન્ ત્રિપાઠીને આમ મોઘમ કહી વિચારનો અવકાશ આપી પછી શ્રીમદ્ શ્રી મહાવીર દેવના બોધેલા "આચારાંગ સૂત્ર"ની

"**एगं जाणाई से सव्वं जाणाई**

जे सव्वं जाणाई ते एगं जाणाई"—એ ગાથા મુકી એનો પરમાર્થ સમજાવી તેની યથાર્થતા ઠસાવે છે. લઘુવયમાં આવી વિચક્ષણ રીતે પવિત્ર વીતરાગ દર્શનની સત્યતા પ્રતિપાદક શૈલી જોતાં પવિત્ર વીતરાગ માર્ગના એક સાચા હીમાયતી તરિકે શ્રીમદ્ બધાને પ્રતીત થાય એમ છે.

શ્રીમદ્ શ્રી વીતરાગ દર્શનના સાચા હિમાયતી.

પૂર્વે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યને જયસિંહ રાજાએ જગત્માં બધાં દર્શનોમાં સત્ય કયું ? એ પ્રશ્ન કરેલ. શ્રીમદ્ હેમચંદ્રસૂરિને જૈન દર્શનનો હાડોહાડ રંગ લાગ્યો હતો, તથાપિ સમયજ્ઞ તે પુરૂષે બધાં દર્શનોમાં સર્વથા સત્ય જૈન છે એમ નહિ કહેતાં "ચાર સંજીવની" ન્યાયનો દાખલો આપ્યો, અને સમજાવ્યું કે ગમે તે એક દર્શન સત્ય છે; સાચી જિજ્ઞાસાપૂર્વક એ ખોળી લો. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યને સુપ્રતીત હતું કે જૈન દર્શન સર્વથા સત્ય છે; જિજ્ઞાસા-સાચી જિજ્ઞાસાપૂર્વક ખોળશે તેને એ મળી આવશે, એને સીફારસની જરૂર નથી.

સત્યને સીફારસ શી ? શ્રીહેમચંદ્રસૂરિ અને સિદ્ધરાજ.

તેમજ શ્રીમદ્ રાજચંદ્રે પોતાને પવિત્ર વીતરાગ માર્ગ હાડોહાડ વ્યાપ્યાં છતાં શ્રીયુત ત્રિપાઠી જેવા વેદાંતના ચુસ્ત પ્રેમીના સંબંધમાં જૈનની સત્યતા પ્રતિપાદન કરતાં આવી વિચક્ષણતાથી કામ લીધેલું જોઇ પવિત્ર વીતરાગ માર્ગની તેઓની હીમાયત અંગે જૈન માત્રને પૂજ્યભાવ સ્કુરશે. બીજા એક પત્રમાં પણ પવિત્ર વીતરાગ માર્ગનું સત્યત્વ શ્રી ત્રિપાઠીને ગળે ઉતારવા લખે છે કે, "જૈન સંબંધી આપને કંઈ પણ મારો આગ્રહ દર્શાવતો નથી. તેમ આત્મા જે રૂપે હો તે રૂપે ગમે તેથી થાઓ ! એ શિવાય બીજી મારી અંતરંગ જિજ્ઞાસા નથી, એ કંઈ કારણથી કહી જૈન પણ એક પવિત્ર દર્શન છે એમ કહેવાની હું આજ્ઞા લઉં છું;" આમાં ખાસ બે બાબત ધ્યાનમાં રાખવા જેવી છે. પ્રથમ "આત્મા જે રૂપે હો તે રૂપે ગમે તેથી થાઓ ! એ શિવાય બીજી મારી અંતરંગ જિજ્ઞાસા નથી." એમાં શ્રીમાને કર્મથી અવરાયલો આત્મા પોતાનું મૂળ શુદ્ધ સ્વરૂપ ગમે તે રસ્તે પામો એજ જિજ્ઞાસા દાખવી અને એમ કહી દીધું કે બીજું કાંઈ જોઇતુ નથી; એક આત્માનું કર્મમળથી

રહિત શુદ્ધ સ્વરૂપ જોઇએ છે; તે ગમે તે રાહેથી થાઓ. પૂર્વે એમણેજ જણાવેલ કે "જેનું વચન પૂર્વાપર અખંડિત છે, તેનું બોધેલું દર્શન તે પૂર્વાપર હિતસ્વી છે." આવા હિતસ્વી દર્શન વિના તે શુદ્ધ સ્વરૂપ પમાય એમ નથી; અને શુદ્ધ સ્વરૂપ પમાય તો તે આ દર્શન થકીજ. એટલે જે વાત બતાવવી છે અને વેદાંતનો આગ્રહ તોડવો છે તે આડકતરી રીતે ઠસાવી, વિચારનો અવકાશ આપી શ્રીયુત ત્રિપાઠીને લખે છે, કે મધ્યસ્થતાથી જુઓ. "જૈન દર્શન પણ સત્ય છે," ઇત્યાદિ અનેક પ્રકારે શ્રીમદે પવિત્ર વીતરાગ દર્શનની આવી વિચક્ષણતાથી હિમાયત કરી છે. સ્વયં સિદ્ધ કરેલું એક દર્શનનું સત્યત્વ પૂર્વવ્યુદ્ગ્રાહિત બુદ્ધિવાળાને ઠસાવવું એ કેટલું અને કેવું વિકટ છે, એમાં કેવી વિચક્ષણતાની આવશ્યકતા છે, એ એનો અનુભવ જેણે કર્યો હોય તેનેજ ખબર પડવા યોગ્ય છે. "અમારો જૈન ધર્મ સાચો છે" એમ કહી દીધે સામાનો આગ્રહ ત્રુટે એમ નથી અને સામો એ ધર્મ અંગીકાર કરી શકે એમ નથી. એક સદ્ધર્મપ્રવર્તકમાં કેટલાં ધૈર્ય અને વિવેકબુદ્ધિ, વિચક્ષણતા તથા સમયનું જાણપણું એ આદિ ગુણો હોવા જોઇએ, એ હાલ તો આપણા ખ્યાલમાં પણ આવવા મુશ્કેલ છે. શ્રીમદ્‌માં એ ગુણો હતા અને પ્રગટ પ્રવર્તક તરિકે શ્રીમાન્ જો કે અલ્પ આયુયોગે બહાર આવી નથી શક્યા તથાપિ તેઓના આત્મારૂપ તેઓની ધવલપત્ર ઉપર મુદ્રિત થયેલી આલેખાયલી વાણીમાં એવું બીજ તેઓશ્રી મુકી ગયા છે, કે વિચારશીલોને–સત્યના ખોજકોને તો સત્ય પ્રસાદી પવિત્ર વીતરાગ માર્ગનું સમ્મુખપણું ગમે ત્યારે પણ ઘણાને થાય–થશે–થયું છે–થાય છે. એવું દૈવત એ શ્રીમુખવાણીમાં રહેલું છે. માત્ર સોળ વરસની વયે તેઓશ્રી મોક્ષમાળામાં પવિત્ર વીતરાગદર્શનની તેઓને કેટલી ભક્તિ વસી હતી તે દેખાડતાં પ્રકાશે છે કે;—

એક ધર્મ પ્રતિપાદકમાં આવશ્યક ગુણો.

તેઓની વાણીનું મહત્વ.

"જે મધ્યવયના ક્ષત્રીય પુરૂષે (શ્રી મહાવીર દેવે) જગત્ અનાદિ છે એમ બેધડક કહી કર્ત્તાને ઉડાડયો હશે, તે પુરૂષે શું સર્વજ્ઞતાના ગુપ્ત ભેદ વિના કર્યું હશે?"

મોક્ષમાળા અને જૈનદર્શન.

"બાકીના સઘળા ધર્મમતોના વિચાર જિનપ્રણીત વચનામૃતસિંધુ
"આગળ એક બિંદુરૂપ પણ નથી. જેણે જૈન મત જાણ્યો અને સેવ્યો, તે
"કેવળ નિરાગી અને સર્વજ્ઞ થઈ જાય છે। એના પ્રવર્તકો કેવા પવિત્ર પુરૂષો

"હતા! એના સિદ્ધાંતો કેવા અખંડ અને દયામય છે! એમાં દૂષણ તો
"કાંઇજ નથી. કેવળ નિર્દોષ તો માત્ર જેનું દર્શન છે! એવો એકે પારમા-
"ર્થિક વિષય નથી કે જે જૈનમાં નથી. એક વિષયને અનંત ભેદે પરિપૂર્ણ
"કહેનાર તે જૈનદર્શન છે. પ્રયોજનભૂત તત્ત્વ એના જેવું ક્યાંય નથી. એક
"દેહમાં બે આત્મા નથી, તેમ આખી સૃષ્ટિમાં બે જૈન એટલે જૈનની
"તુલ્ય બીજું એકે દર્શન નથી. આમ કહેવાનું કારણ શું? તો માત્ર તેની
"પરિપૂર્ણતા, નિરાગીતા, સત્યતા અને જગત્હિતસ્વીતા." લઘુ વયથી
થયેલી પવિત્ર વીતરાગદર્શન પ્રતિ **શ્રીમદ્**ની કેટલી નિશ્ચળતા! સદ્દેવ, સદ્‌ગુરૂ, સદ્ધર્મ, તત્ત્વાવબોધ આદિના વિચારો આદિ **શ્રીમદ્**ના વ્યવહાર સમ્યક્ત્વના પુરાવારૂપ છે.

(૩) **સાંશયિક** મિ૦—સદ્દર્શન અંગે નિશ્ચય વિનાની ડામાડોળ સ્થિતિ **શ્રીમદ્**ની કોઈ તેની કૃતિમાંના પૂર્વાપર સંબંધપૂર્વક સાપેક્ષપણે બતાવી શકશે?

સોળની વયનો મનોરથ. સોળ સત્તર વરસની લઘુ વયમાંજ મનોરથ ગાય છે કે:-

"તે ત્રિશલાતનયે મન ચિંતવી,
"જ્ઞાન, વિવેક, વિચાર વધારૂં;
"નિત્ય વિશોધ કરી નવતત્વનો,
"ઉત્તમ બોધ અનેક ઉચ્ચારૂં,
"**સંશયબીજ ઉગે નહિ અંદર**
"જે જિનનાં કથનો અવધારૂં—૪૦."

જેને જાતિ સ્મરણની પ્રતીતિ થઇ હતી, જેને પુનર્જન્મની પ્રતીતિ થઇ હતી, કલ્પનારૂપે પુનર્જન્મ માનનાર શ્રીયુત ત્રિપાઠીને જેણે સત્યપુનર્જન્મની પ્રતીતિ કરાવી હતી એવા પૂર્વના બળવાન્ ક્ષયોપશમી આ પુરૂષને સંદેહ રહિત સત્યનો નિશ્ચય થયો હતો. સમ્યગ્‌વિચારણાને અવલંબનાર આ સત્પુરૂષે નાસ્તિકતાથી વિચારશ્રેણિ શરૂ કરી પૂર્વાપર વિરોધ ટાળતાં પરમ સત્યનો નિર્ધાર કર્યો હતો. **શ્રીમદ્** પ્રકાશે છે કે:—

શ્રી મનઃસુખરામ ત્રિપાઠીને પુનર્જન્મની પ્રતીતિ કરાવી.

"આ ભવ વણુ ભવ છે નહિ,
"એ જ તર્ક અનુકૂળ;
"વિચારતાં પામી ગયા,
"આત્મધર્મનું મૂળ."

અર્થાત્ આ ભવ વિના બીજો ભવ છે નહિ; એટલે કે જીવ આ ભવમાં નવો અવતર્યો અને આજ ભવમાં મરી જઇ પંચભૂતમાં મળી જશે. આવા પ્રકારની

નાસ્તિકતાથી વિચારશ્રેણીની આવશ્યકતા.

વિચાર શ્રેણીએ ચડતાં અનુકૂળપણે ચઢતાં, પૂર્વાપર વિરોધ લાગવા માંડયો; જે વિરોધ ટાળતાં વિચારશીલ આત્માને આત્મધર્મનું અર્થાત્ જડધર્મથી પર એવા આત્મ-ધર્મનું મૂળ હાથ આવી ગયું, આમ વિચારપૂર્વક સત્યની ખોજ કરનારને સાંપડેલ સત્યમાં ડામાડોળ વૃત્તિ કદી ન હોય. આમ **શ્રીમાનને સાંશયિક** મિથ્યાત્વ પણ આરોપી શકાય એમ નથી. આ સ્થળે એક બાબતપર સમજ-ફેર ન થાય એ માટે ધ્યાન ખેંચવું જરૂરનું

આજ્ઞા પ્રધાન અને પરીક્ષા પ્રધાન અથવા આગમ પ્રમાણ અને પ્રત્યક્ષ પ્રમાણ.

છે, કે પવિત્ર વીતરાગ માર્ગમાં (૧) **આજ્ઞા પ્રધાનપણું** અને (૨) **પરીક્ષા પ્રધાનપણું** અથવા (૧) **આગમ** પ્રમાણ અને (૨) પ્રત્યક્ષ પ્રમાણ. આમ બે કહ્યાં છે. સર્વજ્ઞ વીતરાગરૂપ આપ્તપુરૂષે બોધેલ માર્ગ–આજ્ઞાની તેઓના આપ્તપણાને લઇ શ્રદ્ધા કરી, આજ્ઞા પ્રધાની થઇ, આગમ વચન તહત્ત કરી કોઇ વિચારશીલ પુરૂષ તે માર્ગ–તે આજ્ઞાની પરીક્ષા કરવા પ્રવર્ત્તે, તે આગમ વચનને સ્વાનુભવ ગોચર કરવા પ્રવર્ત્તે, તે અંગે પરીક્ષા પ્રધાન થઇ, પૂર્વાપર અખંડ સત્ય સાક્ષાત્કાર કરવા તેના Pros અને Cons તપાસવાપૂર્વક સ્વયં પ્રશ્નો પૂછે, તેનો નિર્ધાર કરે, તેને શ્રી જિનોક્તમાર્ગમાં સંશય છે અથવા અચળ શ્રદ્ધા નથી એવો આરોપ મુકવાની ભુલ કરવાની નથી.

પરીક્ષાપ્રધાનની પૂર્વાપર અખંડ સત્ય ગવેષણાને સાંશયિક મિથ્યાત્વ-માં ભેળસેળ કર-વાની નથી.

શ્રીમદે વસ્તુતત્ત્વનું અખંડપણું તેના નિરૂ-પણનું અખંડ સત્યપણું શ્રદ્ધાગોચર કર્યું હોવા છતાં, તે સાક્ષાત્કાર કરવા અનેક પ્રશ્નો ઉઠા-વેલા તેઓના ગ્રંથમાં તથા તેઓની હાથ નોંધમાં મળી આવશે. આ પ્રશ્નોને **સાંશયિક** મિથ્યાત્વ રૂપે સેળભેળ કરી નાંખવાનાં નથી. **શ્રીમદ્** આજ્ઞા પ્રધાન અને પરીક્ષા પ્રધાન થઇ, અથવા આગમવચનને શ્રદ્ધાગોચર કરી તેને અનુભવગોચર કરવાને કેવી સૂક્ષ્મ રીતે વિચારશીળ રીતે પ્રવર્ત્યા હતા તે તેનું "ધર્મપ્રવર્તક" તરિકેનું સામર્થ્યજ સૂચવે છે. પૂર્વે થયેલા શ્રી અમૃતચંદ્રસૂરિનો 'પુરૂષાર્થસિદ્ધિ ઉપાય' અથવા 'જિનપ્રવચન રહસ્ય કોશ' જેણે પ્રારંભમાં સમ્યક્ પ્રકારે જોયો હશે તેને

પરીક્ષા પ્રાધાનત્વ અંગે આપ્તમિમાંસા, પુરૂષાર્થ સિદ્ધિ ઉપાય, ધર્મબિંદુ, યોગબિંદુ, અને ષડ્દર્શન સમુચ્ચયાદિ.

આ આજ્ઞાપ્રધાન અને પરીક્ષાપ્રધાનપણાની અને તેમાં પરીક્ષાપ્રધાનપણાની ઉત્કૃષ્ટતાની પ્રતીતિ થશે. શ્રી **ધર્મબિંદુ**ના પ્રારંભમાં શ્રીમાન્ હરિભદ્રસૂરિ પણ આ માર્ગ બતાવે છે. પૂર્વે થયેલા શ્રી સંમતભદ્રસૂરિનો **"આપ્તમિમાંસા"** જેઓએ જોયો હશે, તેઓને પરોક્ષ અથવા આગમ પ્રમાણ અને પ્રત્યક્ષ પ્રમાણ એ બંનેની પ્રતીતિ થશે. **શ્રીમાન્ હરિભદ્રસૂરિ શ્રી યોગબિંદુ**માં "दृष्टेष्टाबाधित" અર્થાત્ પ્રત્યક્ષ અને પરોક્ષ, સ્વાનુભવગોચર અને આગમ શ્રદ્ધાગોચર એ બંનેની જરૂરીઆત સ્વીકારી સ્વાનુભવગોચર ઉપર અથાત્ શ્રી વીતરાગે ઉપદેશેલ માર્ગ પૂર્વાપર પરીક્ષાપૂર્વક સાક્ષાત્કાર કરવા, દૃઢ કરવા ઉપર ભાર મુકે છે. શ્રી ષડ્દર્શનસમુચ્ચયમાં કહ્યું છે કેઃ—

"જે નિર્દોષ છે તેને પરીક્ષાનો શો ભય છે? આમ હોવાથીજ "જૈનમતવાળા પોતાના મતને કેવળ દૂષણ રહિત જાણે છે એટલે કદાપિ "**સ્વમત પરીક્ષા કરતાં પાછા હઠતા નથી. પોતાના મતનો પક્ષ- "પાત તજીને, મધ્યસ્થતાવડે અનેક યુક્તિથી દર્શનોનો પુનઃ પુનઃ "વિચાર કરી જોવો જોઇયે, ને તેમ કરતાં જે દર્શન યુક્તિવાળું "લાગે અને જેમાં પૂર્વાપર વિરોધગંધ પણ ન આવે; તે બુદ્ધિમાને "સ્વીકારવું જોઇયે." શ્રી ષડ્દર્શન સ૦ પૃ. ૯૯.** શ્રીમદ્ રાજચંદ્રે આજ્ઞાપ્રધાનત્વપૂર્વક પરીક્ષાપ્રધાનત્વ દાખવેલું એની કૃતિમાં ઠેર ઠેર દેખાઇ આવે છે. એની હાથનોંધમાં તો એવા અનેક પ્રકાર દેખાશે. એક સદ્ધર્મ-

સદ્ધર્મ પ્રવર્તક પરીક્ષા પ્રધાન જોઇયે.

પ્રવર્તકનો પ્રથમ આવશ્યક ગુણ "પરીક્ષા પ્રધાનત્વ," "કલ્પિત" નહિ પણ "સ્વાનુભવગોચર" વસ્તુનું પ્રતિપાદન એ છે. શ્રીમદ્ની આ શૈલીને તાસુબીભરી (Prejudice) અથવા ખ્યાલી (Sentimental) દૃષ્ટિએ જોનાર **સાંશયિક** મિથ્યાત્વના આરોપણની ભુલ ન કરે એ અંગે આ કહેવું છે. Sentimentalism (ખ્યાલ–કલ્પના.) અને Materialism (જડવાદ નહિ, પણ Material નગદ વસ્તુ, સારભૂત માલ.) આ બેનો ભેદ બહુ વિવેકપૂર્વક શ્રીમદે પીછાણ્યો હતો. શ્રીમદ્ના લઘુ ભ્રાતા–આપણા બંધુ શ્રી મનઃસુખભાઇ એક વખત Sentimentalism અને Materialism નો ભેદ બતાવી Materialism

Materialism & Sentimentalism.

નું મહત્વ દાખવતા હતા; આપણને તો Materialism એટલે "જડવાદ" એવો સ્થૂલ અર્થ બેશી ગયેલો હોવાથી એઓનો આ ભેદ ગ્રહણ કરી ન શકાયો. પણ પાછળથી શ્રીમાન્‌ના ચરિત્રનો ભાગ વિચારતાં એ ભેદનું સત્ય લાગ્યું. આપણા આ આર્ય દેશમાં સારભૂત આત્મતત્વનો બોધ પરાપૂર્વથી ચાલ્યો આવે છે; પણ કાળદોષ અને જીવની શિથિલતા—પ્રમાદ આદિને લઇ જીવે વિચારશક્તિને તાળું વાસતાં, મગજને કામ કરવાની તસ્દી નહિ આપતાં અનેક કલ્પના—ખ્યાલમાં સપડાવા માંડયું; મૂળ material (સારભૂત વસ્તુ)માં પણ એ કલ્પના—ખ્યાલની વાસના એટલે સુધી દાખલ થઈ ગઈ કે Sentiment (ખ્યાલી—કલ્પના) અને material (સત્ય વસ્તુ) એ બેનો વિવેક મુશ્કેલ થઇ પડયો. વર્ત્તમાનમાં આર્યાવર્ત્તને કોઈએ હાનિ કરી હોય તો આ Sentimentalism (કલ્પનાવાદે) કરી છે. આને ખ્યાલી ભ્રમણ કહેશું તો ચાલશે; ખ્યાલી ભ્રમણાએ વ્હેમને જન્મ આપ્યો, પોષણ આપ્યું; વિચારસ્વાતંત્ર્ય લુપ્ત થતું ચાલ્યું. કલ્પના—ખ્યાલ—ભ્રમણાને (Sentiment)ને મચક નહિ આપતાં મૂળ નગદ માલ, સારભૂત વસ્તુ તત્વ (material)ને જો પરાપૂર્વથી લક્ષમાં રાખવામાં આવેલ હત તો "આત્મ તત્વ"ના ઉત્પત્તિ અને પોષણ સ્થાન આ આર્યાવર્ત્ત વર્તમાનમાં જે વ્યવહાર—પરમાર્થની અધઃસ્થિતિએ આવ્યો છે તે ન જ આવત. પાશ્ચાત્ય મૂલકના લોકો materialists (અસારભૂત—નગદ માલ, પૌદ્‌ગલિક વસ્તુના) ઉપાસક છે. ઇચ્છવા યોગ્ય છે, કે એ અસારભૂત પૌદ્‌ગલિક વસ્તુરૂપ નગદ માલ (material)ના બદલે સારભૂત "આત્મા" રૂપ નગદ માલ જાણી (material) એઓની દૃષ્ટિએ થાય ! કહેવાનું તાત્પર્ય એ કે અસારભૂત પૌદ્‌ગલિક વસ્તુ (material)ને કલ્પના—ખ્યાલ (sentiment) વિના એઓ ઉપાસતા હોવાથી, અર્થાત્ અસારભૂત એવી પણ વસ્તુ (નગદ માલ) ભણી (અને નહિ કે એ અંગેની ખ્યાલી ભ્રમણા ભણી) એઓની દૃષ્ટિ હોવાથી એ અસારભૂત વસ્તુ માટે એઓને વિચાર દોડાવવા પડે છે, શરીર—મગજ કસવાં પડે છે; અને સારભૂત કે અસારભૂત ઉદ્યોગના અંતે ફળ મળવુંજ જોઈએ, તેમ તેઓના ભલે અસારભૂત વસ્તુ (પૌદ્‌ગલિક સુખ અંગેના

Materialismના અર્થ અંગે થયેલી ભુલ.

કલ્પના—ખ્યાલીવાદે આર્યાવર્તને કરેલ હાનિ.

'પાશ્ચાત્યો' જડવાદી છતાં કેમ વધ્યા ? કલ્પનાબળ ઓછી.

ઉદ્યોગનું ફળ) તેઓને ખચીત પૌદ્ગલિક સુખરૂપે મળે છે; જેવો અસાર-ભૂત વસ્તુ (Material) પ્રતિ તેઓનો પુરૂ-

પાશ્ચાત્યોને દૃષ્ટિફેર થાય તો આત્મત્વ સહજ સાંપડે.

ષાર્થ છે, તેવોજ જો સારભૂત વસ્તુ (આત્મત્વ) પ્રતિ તેઓની દૃષ્ટિ ફરી જઇ તે માટે તેઓ પુરૂષાર્થ દાખવે તો તેઓને ઝટ આત્મત્વ પ્રાપ્ત થાય; ત્યારે સારભૂત આત્મત્વ (Material) અંગે કેવળ કલ્પના–ખ્યાલ (Sentimentalism)માં ફાંફાં મારતાં, વસ્તુગતે વસ્તુ તત્વની નગદ માલ રૂપે વિચાર શ્રેણિપર ચડી પૂર્વાપર વિરોધ વિચારી, ખોજ નહિ કરતાં એમાં આપણે નથી સાધી શકતા પરમાર્થ; નથી સાધી શકતા વ્યવહાર. કલ્પના જાળ–ભ્રમણા–ખ્યાલી વાસના–વિચારપારતંત્ર્ય એ આદિને વશ આપણી વ્યાવહારિક સ્થિતિ અધોગતિને પામી છે, પામતી જાય છે, એ દિનપ્રતિદિન નજરે દેખીએ છીએ, છતાં ખ્યાલી–ભ્રમણારૂપ પરમાર્થપ્રાપ્તિનું આપણે ગૌરવ ગાઇએ છીએ. ખેદ થાય છે કે નગદ માલરૂપે (Materially) અધ્યાત્મનું

અધ્યાત્મીઓનો ફાટેલો રાફડો.

સ્વરૂપ જાણ્યા–સમજ્યા વિના હાલ અધ્યાત્મીઓનો, વ્યવહારકોટિમાં અધોગતિ પામતા આ દેશમાં, આ કોમમાં રાફડો ફાટ્યો છે. કેવળ ખ્યાલ–ભ્રમણા–ગતાનુગતિકત્વને Sentimentalism અનુસરી શુદ્ધ વસ્તુગતે વસ્તુરૂપને જાણ્યા સમજ્યા વિના અધ્યાત્મનું પુંછડું પકડનારા આ જીવો, નથી આત્માને ઓળખવાના

સમજ્યા વિનાનું અધ્યાત્મ અવલંબનાર દેશને શાપ સમાન છે.

પણ વ્યવહાર–પરમાર્થથી પતિત થઇ દેશને અને પોતાને પરિણામે ધક્કોજ પહોંચાડશે. પૂર્વે **શ્રીમાન્ હરિભદ્રસૂરિએ શ્રી ધર્મબિંદુ** આદિમાં પ્રકાશ્યું છે, તેમ **શ્રીમાન્ રાજ**ચંદ્રે પણ વર્ત્તમાનમાં કહેલું છે, કે વ્યવહાર કૌશલ્ય વિના પરમાર્થ કૌશલ્ય પ્રાપ્ત થાય એમ નથી. એક સદ્ધર્મ પ્રવર્ત્તક મૂળ વસ્તુને અવલંબી જેવા પ્રકારે પ્રબોધે, તેવા પ્રકારે **શ્રીમાન્ રાજચંદ્રે**

શ્રીમાન્નો ઉપદેશ. વ્યવહાર કુશળ હોય તો પરમાર્થ કુશળ થાય.

તેઓના સમાગમમાં આવતાં ભાઇયો બેહનોને કહેલ. ખ્યાલી ભ્રમણા, કલ્પના છાંડી દઈ, શુદ્ધ પરમાર્થની દૃષ્ટિપૂર્વક વ્યવહાર પ્રણાલિકા વ્હેવડાવવાની આપણા બીજા અંગ શ્રી **સૂત્રકૃતાંગ**માં પ્રકાશેલું છે. **શ્રીમદે** એ પરાપૂર્વથી ચાલ્યો આવતો (Sentimentalism) કલ્પના–ભ્રમણા–વાસિત બોધ એ વગેરેનો વસ્તુ-

તત્વ–નગદ માલ (material) થી વિવેક કરી પરમાર્થ સત્ય શોધ્યું. Sentimentalism ને દુર કરવાથી **શ્રીમદ્** શ્રી **મહાવીરનો** સનાતન અવિભક્ત જૈન માર્ગ જાણી શક્યા. શ્રીમદ્‌ની પૂર્વે થયેલા ઘણા સત્પુરૂષોને આ Sentimentalismનો ત્રાસ વેદાયેલ.

શ્રી આનંદઘનજીનો બળાપો. વાસિત બોધ એ કલ્પનાનું મિશ્રણ.

શ્રીમાન્ **આનન્દઘનજી** પ્રકાશે છે કેઃ—

"તરતમ યોગે હો તરતમ **વાસના** રે
"**વાસિત બોધ** આધાર–પંથ નિહાળું રે બીજા જિન તણો રે.

વાસના અને વાસિત બોધ રૂપ Sentiments જેમાં દાખલ થયલાં શ્રીમાન્ **આનન્દઘનજીને** જણાયાં ત્યાં તેઓ ઉભગ્યા. શ્રી **મહાવીરદેવે** પ્રકાશેલ ધર્મતત્વમાં ઉત્તરોત્તર વાસના–ભ્રમણા–ખ્યાલ–કલ્પનાનું પણ મિશ્રણ થતું ગયું. જેના પરિણામે મતમતાંતર, ગચ્છભેદ. વધતા ગયા. સત્યશોધક સત્વશાળી પુરૂષોએ તો એ Sentiments નો વિવેક કરી, તેને મચક નહિ આપતાં શ્રી **મહાવીર** દેવે પ્રકાશેલ ધર્મતત્ત્વ ઉપર લક્ષ આપવાનું રાખ્યું, પણ આવા ક્ષીરનીરવત્ વિવેકી હંસો બહુ થોડા થોડા થતા ગયા. Sentiments ના અંબાર નીચે શ્રી **મહાવીર** પ્રભુનું બોધેલું પરમ સારભૂત તત્ત્વ આચ્છાદિત થતું ગયું. **શ્રીમાન્ આનંદઘનજી** જેવા અનેક પુરૂષો થયા; તેઓએ એ તત્ત્વની ખોજપૂર્વક પોકાર કર્યો. સામાન્ય જનસમુદાય તો એ ગૂઢ તત્ત્વને સમજી ન શક્યો; ભ્રમણા, કલ્પના, વાસના, વાસિત બોધના આધારે રહી એઓએ ધર્મજીવનનો નિર્વાહ કર્યો. હજી પણ એમ ચાલે છે, પણ **એ શ્રીમદ્ રાજચંદ્રે** એ Sentimentalism (કલ્પના–ભ્રમણાવાદ) અને materialism (વસ્તુગતે વસ્તુવાદ) નો વિવેક કરી જિનઆજ્ઞાની શ્રદ્ધાપૂર્વક પરીક્ષા કરી તે આજ્ઞામાં રહેલું ગુપ્ત તત્ત્વ શોધ્યું; જે તેઓએ વાસનારહિતપણે, નિરાશીર્ભાવે ' **શ્રીમાન્ રાજચંદ્ર** ' ગ્રંથમાં પ્રકાશેલું દેખાશે. ઉપર કહ્યું છે તેમાં Sentimentalism નું જોર હોવા છતાં સામાન્ય જૈન સમુદાય ઓઘે પણ આજ્ઞા પ્રધાની તો રહ્યો હતો; રહ્યો છે; અર્થાત્ આપણા **જિનેશ્વર ભગવાન્** તથા તેની નિશ્રાએ ચાલનારા આચાર્યોએ જે કાંઇ કહ્યું છે તે સાચું છે એ ઓઘશ્રદ્ધાને તે અવલંબી રહ્યો છે; અને પવિત્ર જૈન દર્શન જો અદ્યાપિ અવિચ્છિન્ન શ્રી **મહાવીરના** કાળથી (તે પૂર્વે

ગચ્છભેદ કેમ પડયા? સારભૂત તત્વ અને કલ્પનાનું મિશ્રણ.

પવત્ર જૈન માર્ગ ટકી રહેવાનું કારણ આજ્ઞાપ્રધાનત્વ; શાસનરાગી ઓછા થવાનું કારણ પરીક્ષા પ્રધાનત્વની ખામી.

તો હતો, પણ આપણે શ્રી મહાવીરના શાસનની વાત કરીએ છિએ.) ચાલ્યો આવ્યો હોય, તેમાં આ આગમશ્રદ્ધા અને આજ્ઞાપ્રધાનત્વ પરમ કારણો છે. આ આગમશ્રદ્ધા અને આજ્ઞા પ્રધાનત્વને લઇ આપણે બહુજ આનન્દ માનવાનો છે, પણ એ આજ્ઞાપ્રધાનપણે પરીક્ષાપ્રધાનત્વ અને શ્રી જિનોક્ત માર્ગ સ્વાનુભવગોચર વિચાર સ્વાતંત્ર્યને અવલંબી કરવાની પ્રવૃત્તિ લુપ્તપ્રાયઃ થયેલી હોવાથી એ પવિત્ર શાસનના રાગી ઓછા થતા ગયા છે; ઓછા થતા જાય છે. આજ્ઞા પ્રધાન થઇ પરીક્ષા પ્રધાન પુરૂષો ધર્મનો પ્રભાવ સારી રીતે દાખવી શકે એ સુનિશ્ચિત વાત છે. પૂર્વે જે જે પ્રભાવકો થયા છે, તે બધા પ્રાયઃ પરીક્ષાપ્રધાન હતા. અને પરીક્ષાપ્રધાન પુરૂષો શાસનનો પ્રભાવ વર્ત્તાવી પવિત્ર માર્ગ સન્મુખ કરી શકે તેનું કારણ એ કે પરીક્ષાપ્રધાન મહાનુભાવોને સર્વદેશે વસ્તુત્વનો સાંગોપાંગ વિચાર કરવો પડે છે. એવા સાંગોપાંગ વિચારપૂર્વક નિર્ધારેલ વસ્તુતત્વ તેઓ પોતે તો સમ્યગ્ જાણી સમજી શકે, પણ બીજાઓને પણ સમજાવી શકે. શ્રીમદ્ રાજચંદ્ર એવો સમર્થ પરીક્ષાપ્રધાન, વિચારશીળ પુરૂષ આ કાળે થયો છે. શ્રી મોક્ષમાળાના થોડા ફકરા આપણે ઉપર ટાંક્યા છે, તેથી એ પુરૂષની શ્રી જિનોક્ત માર્ગ પ્રતિ દાઝ અને દૃઢ શ્રદ્ધા તો સુપ્રતીત થાય એમ છે, પણ તેનું પરીક્ષા પ્રધાનપણું પણ ઠેરઠેર દેખાય છે. સોળ વરસની લઘુવયમાં પ્રકાશેલ મોક્ષમાળામાંજ એ પ્રકાશે છે કેઃ—" તમને જે ધર્મતત્વ કહેવાનું છે, તે પક્ષપાત કે સ્વાર્થબુદ્ધિથી કહેવાનું મને કાંઇ પ્રયોજન નથી. પક્ષપાત કે સ્વાર્થથી તમને અધર્મતત્વ બોધી હું શા માટે અધોગતિને સાધું ? વારંવાર હું તમને નિર્ગ્રન્થના વચનામૃત માટે કહું છું તેનું કારણ તે વચનો તત્વમાં પરિપૂર્ણ છે તે છે. જિનેશ્વરોને એવું કાંઈ પણ કારણ નહોતું, કે જે નિમિત્તે તેઓ મૃષા કે પક્ષપાતી બોધે; તેમ તેઓ અજ્ઞાની ન હતા કે એથી મૃષા બોધાઇ જવાય. આશંકા કરશો કે એઓ અજ્ઞાની ન હતા એ શા ઉપરથી જણાય ? તો ઉત્તરમાં એઓના પવિત્ર સિદ્ધાંતોના રહસ્યને મનન કરવાનું કહું છઉં. અને એમ જે કરશે તે પુનઃ લેશ માત્ર આશંકા નહિ કરે. જૈનમતપ્રવર્ત્તકો પ્રતિ મને કાંઇ રાગબુદ્ધિ નથી, તેમ એ મારા કંઇ કુટુંબ પરિવારી પણ નથી કે એ માટે પક્ષપાતે હું તમને કંઈ પણ કહું; તેમજ અન્યમતપ્રવર્તકો પ્રતિ મારે કાંઈ

ધર્મ પ્રભાવક પરીક્ષા પ્રધાન હોય

મોક્ષમાળામાં આપ્તત્વની પરીક્ષાપૂર્વક આપ્તોપદેશનું નિરૂપણ.

વૈરબુદ્ધિ નથી કે મિથ્યા એનું ખંડન કરૂં. બંનેમાં હું તો મંદમતિ મધ્યસ્થરૂપ છું. બહુ બહુ મનનથી અને મારી મતિ જ્યાં સુધી પહોંચી ત્યાં સુધીના વિચારથી હું વિનયપૂર્વક એમ કહું છું કે, પ્રિય ભવ્યો, **જૈન જેવું એકે પૂર્ણ અને "પવિત્ર દર્શન નથી; વીતરાગ જેવો એકે દેવ નથી,** તરીને અનંત "દુઃખથી પાર પામવું હોય, તો એ સર્વજ્ઞ દર્શનરૂપ કલ્પવૃક્ષને સેવો." આ વાક્યો, સોળ વરસની લઘુવય છતાં પૂર્વ સંસ્કાર જનિત કેવાં પરીક્ષાપ્રધાનત્વ, બુદ્ધિપ્રાબલ્ય, ચૈતન્યસ્ફુર્તિ, જાગૃતદશા, નૈસર્ગિકજ્ઞાન બતાવે છે? પછીના વરસોમાં પરીક્ષાપ્રધાનત્વ દાખવેલું એઓના ગ્રંથમાં તથા તેઓની "રોજનિશી" આદિ હાથ નોંધમાં પ્રગટ જણાઇ આવે છે. ઇચ્છવાયોગ્ય છે કે એઓની કૃતિ વિવેચન પામી પ્રસંગવશ "સનાતન જૈન" આદિમાં પ્રકાશ પામી જનસમૂહને લાભ રૂપ થતી જાય. આ ઠેકાણે એ ખાસ ધ્યાન રાખવાનું છે કે શ્રી મોક્ષમાળામાંનો ઉપર ટાંકેલો ફકરો અને શ્રીમાન્ હરિભદ્રસૂરિના "**पक्षपातो न मे वीरे**" ૪૦ તેમજ "**बंधु नें स भगवान्**" ૪૦ શ્રી લોકતત્વ નિર્ણયના શ્લોકોના આશય સર્વાંગે મળતા છે. આ ઉપરથી એ વાત ધ્યાનમાં લેવા જેવી છે. (૧) શ્રીમદે સંસ્કૃત–પ્રાકૃતનો એ વયે અભ્યાસ નહિ કરેલ છતાં (જો કદાચ હસ્તલેખરૂપે એ ગ્રંથ એના જોવામાં આવ્યો હોય તો) આ ગ્રંથના એ શ્લોકોનો ઉતારેલો અદ્ભુત આશય, અને (૨) બધી રીતે તપાસતાં માલુમ પડે છે કે એ ગ્રંથ એઓશ્રીના જોવામાં તે વખતે નહિ આવેલ; આમ જોતાં જોવાનું છે કે વસ્તુતત્વમાં, સ્વતંત્ર વિચારશ્રેણિમાં, વિચાર ઉચ્ચારમાં સમર્થ તત્વજ્ઞાનીઓ કેવા અકસ્માત્ એકદમ મળતા થાય છે. શ્રીમાને શ્રી મોક્ષમાળાની રચનાકાળે શ્રીમદ્ હરિભદ્રસૂરિનાં એ વાક્યો જોયાં હો કે ન હો, પણ એ લઘુ વયમાં તત્વજ્ઞાનનો આવી રીતે બેધડક પ્રકાશ કરવો એ શું સૂચવે છે?—

સમાન ધર્મીઓના વિચાર ગમે તે વેળે એક સરખા નિકળે. શ્રીમદ્ અને શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

એ એમ જ સૂચવે છે કે એ પવિત્ર પુરૂષ ધર્મવીર હતો; એ મહા પ્રભાવક હતો; એ સદ્ધર્મ બોધક–પ્રવર્ત્તક હતો. એવા પરમ પુનિત પુરૂષને આજે આપણે જયંતી રૂપે સંભારીએ છિયે એ આપણા અહોભાગ્ય છે! સાંશયિક મિથ્યાત્વનો આરોપ એઓશ્રીને ઘડી ભર પણ ટકે એમ નથી. એ બતાવવારૂપ આ વાત થઈ. આપણે એઓશ્રીને "નવયુગજૈનપ્રવર્ત્તક" ઉપમા સાર્થક ગણી છે. એમાં એક ખુલાસો આવશ્યક છે. એ ધર્મપ્રવર્ત્તક

ધર્મવીર.

એટલે સ્વોપદિષ્ટ નૂતન માર્ગ નહિ, પણ શ્રી મહાવીરદેવે પ્રકાશેલો અવિભક્ત સનાતન માર્ગઃ શ્રી મહાવીરદેવ તીર્થનાથ, અને શ્રી રાજચંદ્ર તેઓની નીતિએ ચાલનાર સદુપદેષ્ટા. કહેવાનો હેતુ એ કે શ્રી મહાવીરનો બોધેલો પવિત્ર માર્ગ ધર્મતત્વનું સૂક્ષ્મ અવલોકન કરી દેશ-કાળાદિ જોઇ, ભ્રમણા-કલ્પના-વાસના આદિમાં સંતાઇ રહેલું તત્વ શોધી તેઓએ સાક્ષાત્કાર કર્યું અને બોધ્યું અને એ અંગે એ "ધર્મપ્રવર્તક". પૂર્વે થઇ ગયેલા નામાંકિત જૈન આચાર્યોમાં અને શ્રીમદ્‌માં એવી નૈસર્ગિક શક્તિ હતી કે જો તેઓ ધારત તો નવો પંથ પ્રવર્તાવી પંથપ્રવર્તકના નામરૂપ દેહાધ્યાસને વશ થાત; પણ આ બધા સત્પુરૂષોને માર્ગના સ્થાપક-પ્રવર્તક તો સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર એવી મૂળથીજ પ્રતીતિ થયેલી; પોતે તો શ્રી મહાવીરદેવાદિ તીર્થંકરોની આજ્ઞાએ ચાલનારા, પણ એ આજ્ઞાને આધીન રહી તેઓશ્રીનું ધર્મતત્વ બોધનારા-પ્રકાશનારા-પ્રવર્ત્તાવનારા. ધર્મપ્રવર્ત્તક નામ આ અર્થમાં સમજવાનું છે. કંઇ કંઇ ભ્રમણા ચાલે છે. શ્રીમદે એક નવીન પંથ પ્રવર્તાવ્યો છે; પણ આપણે છાતી ઠોકીને કહીશું કે એ ભ્રમણા છે. તેઓનું બંધારણ શ્રી મહાવીરદેવના બોધેલા ધર્મતત્વ ઉપરજ છે. શુદ્ધ સનાતન માર્ગ એઓએ પ્રકાશ્યો છે. તેઓના ગુણાનુરાગી ભાઇઓ એ પુરૂષના ઉપકારને લઈ તેમના ગુણાનુરાગ ભક્તિવશતાને લઇ ગાય-પ્રકાશે તેથી ભ્રમિત થઇ જઇ તેઓનો જુદો પંથ છે એ આદિ કુતર્ક કરવા યોગ્ય નથી. જોવાનું એ છે કે શ્રી મહાવીરે પ્રકાશેલ તત્ત્વજ્ઞાન-બોધથી એઓ કાંઈ જુદા પડે છે. નકામા Sentimentalism ખ્યાલીવાદનો આશ્રય કરી ભેદ દાખવવો લેશમાત્ર યોગ્ય નથી. એવો કુતર્ક કરનારા પ્રિય બંધુઓ, તમે કુતર્ક કરવાપૂર્વે જરા મધ્યસ્થતાથી જુઓ. તમને ઘણું શીખવા-જાણવાનું મળશે. આ ઠેકાણે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે "ધર્મપ્રવર્ત્તક" એ બિરૂદ શ્રીમદ્‌ને આપણે આપીએ છીએ. એઓએ એનો કદી દાવો કર્યો નથી; માન આદિ કષાય એઓના કેટલા ક્ષીણઉપશાંત થઇ ગયા હતા એ આપણે આગળ જોઇએ છીએ. વર્ત્તમાન જૈનસમુદાયના સાધુ-શ્રાવકો જો સદ્‌વિચારના ઘરમાં આવી, એકત્ર થઇ, શ્રીવીરે બોધેલ માર્ગનું પરમાર્થતત્વ વિચારી પૂર્વે જેમ શ્રી આનંદ-

તીર્થંકર શ્રી મહાવીર અને શ્રીમાન્ રાજચંદ્ર તેને અનુસરનારા સદુપદેષ્ટા.

વીતરાગના ઉપાસકો તીર્થનાથનેજ અનુસરે. નવો પંથ ન પ્રવર્તાવે.

'ધર્મપ્રવર્તક' નામ આપણે આપીએ છીએ, શ્રીમાને એનો દાવો કર્યો નથી.

વિમલસૂરિ તથા શ્રી સત્યવિજયગણિ આદિએ ક્રિયાઉદ્ધાર કર્યો હતો, તેમ જ્ઞાનઉદ્ધાર કરે તો શ્રી મહાવીરનું બોધતત્વ સત્વર પ્રકાશમાં આવશે; જીવોના આભવ પરભવનાં સાર્થક્યનાં અનન્ય કારણરૂપ થશે, અને સત્યુગપ્રવર્ત્તક શ્રીમદ્ રાજચંદ્રે નિર્ધારેલ વાર્તા એઓને સંપૂર્ણ સહાયરૂપ માર્ગદર્શક થશે. પણ એ તો ક્યારે બને કે ખ્યાલી અને તાસુબીભર્યા વિચારો દૂર થાય, માનાદિ કષાય વિવર આપે, શ્રી મહાવીર પ્રતિ સાચો પ્રેમ જાગે ત્યારે. ઘરબાર ત્યાગી અણગારત્વ જેણે ગ્રહ્યું છે, એવા પવિત્ર મુનિવરો જો લક્ષ ઉપર લે અને કષાયને જરા ઉપશાંત કરી વિચારી જુએ, તો તેઓને પવિત્ર વીતરાગ માર્ગ અજવાળવાનું, પ્રભાવ વર્તાવવાનું તદ્દન સુલભ થાય એમ છે. ઇચ્છવા યોગ્ય છે, ભલામણ કરવા યોગ્ય છે કે, આપણા પવિત્ર સાધુ–શ્રાવકાદિ "શ્રીમદ્ રાજચંદ્ર" મધ્યસ્થભાવે તાસુબીભર્યા વિચાર (Prejudices) છોડી દઈ, પૂર્વે બાંધેલા ખ્યાલો (Sentiments) ને જતા કરી વાંચે–વિચારે તો નિશ્ચય થાય છે કે એઓને માર્ગદિશા સૂજશે. અને શ્રી મહાવીરના પવિત્ર શાસનનું ગૌરવ જો પવિત્ર સંત મુનિવરોને હૈયે વસ્યું હોય તો તેઓએ આ ખચીત કર્ત્તવ્ય છે. "લઘુત્વભાવ આવવો જોઇયે, માનાદિ કષાય મોળા પડવા જોઇયે, દેહાધ્યાસ ટળવો જોઇયે; મુમુક્ષુતા સાચી જાગવી જોઇયે; અનાગારત્વનાં આ પરમ લક્ષણ છે." તે પ્રમાણે જો ચલાવવામાં આવે તો શ્રી મહાવીરદેવનું તત્વપ્રકાશ પામે એમ છે; ઘણા જીવોનો ઉદ્ધાર થાય એમ છે. શ્રીમાન્ રાજચંદ્રની આત્મસિદ્ધિ શ્રી મહાવીર દેવના પવિત્ર માર્ગનું ભાન કરાવનાર, દિશા દેખાડનાર, મોક્ષમાર્ગ બતાવનાર પરમ શાસ્ત્ર છે. દુધમાંથી પોરા કાઢવારૂપ દષ્ટિએ પવિત્ર શાસ્ત્ર અંગે દાખવવા જેવું નથી. એમાં શું છે? એ તો માત્ર ગુજરાતી શ્લોકો ૧૪૨ છે! એ ક્યાં સંસ્કૃત–પ્રાકૃતમાં છે? પૂર્વ પુરૂષો ક્યાં એથી એકથી અનેક સરળ કૃતિઓ નથી કરી ગયા? આમાં શું વિશેષતા છે? એ આદિ કુતર્કો–ખ્યાલો–તાસુબીને વશ થવા જેવું નથી. એ ગ્રંથના ગંભીર–ઉદાર આશય વાંચવા–ઉંડા ઉતરી વિચારવા જેવા છે. પૂર્વ પુરૂષોની પવિત્ર

જ્ઞાનોદ્ધારની જરૂર.

'શ્રીમદ્ રાજચંદ્ર' અનુકરણીય થશે.

શાસન દાઝ; અનાગારત્વમાં શું જોઇએ?

આત્મસિદ્ધિ.

કૃતિઓનું અભિમાન આગળ કરનારાઓએ એ અભિમાન આણ્યા ઉપરાંત વિશેષ શું કર્યું છે? કરે છે? જ્ઞાનીઓ કહી ગયા છે કે પૂર્વે તો મહા સમુદ્ર મન્થન કરે ત્યારે રત્ન સાંપડતું; આ કાળે કુંડામાં જ છે. ફક્ત ખોજ કરનાર જોઇયે. શ્રી આત્મસિદ્ધિ આદિ અંગે કહેવાનું કે જો કુંડું જોઈતું હોય તો આ આત્મસિદ્ધિ રહી. તેમાંથી રત્ન શોધી લ્યો. શ્રી આત્મસિદ્ધિકાર પ્રગટપણે પ્રકાશે છે કેઃ—

આ કાળે કુંડામાં રત્ન. ખોજનાર જોઇએ.

"વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
"વિચારવા આત્માર્થિને, ભાખ્યો અત્ર અગોપ્ય."

મોક્ષમાર્ગ લોપ થવાનાં શું કારણો છે, એ બતાવી તે કેમ ટળે? એ આદિ **શ્રી મહાવીરદેવે** પ્રકાશેલ માર્ગનું સત્વ આ નાના ગ્રંથમાં આણ્યું છે. વિચારશીલ જીવોને આ પરમ કલ્યાણના હેતુરૂપ થશે. શ્રીમાન્ પ્રકાશે છે કેઃ-

"થશે અવશ્ય આ દેહથી,
સત્ય ધર્મનો ઉદ્ધાર રે—ધન્ય રે દિવસ આ અહો."

સત્ય ધર્મનો ઉદ્ધાર એઓએ કરેલો, બીજ વાવેલું, એઓની કૃતિથી સહજ સમજાય એમ છે.

સદ્ધર્મનો ઉદ્ધાર.

૫. **અનાભોગ** મિ૦—પૂર્વના સંસ્કારી બળવાન્ ક્ષયોપશમી પુરૂષમાં આનો તો અવકાશજ ક્યમ્ હોય? જ્યાં પહેલાં ચારનો અવકાશ નથી ત્યાં આતો કેમ સંભવે? જૈન માર્ગમાં ગણાતાં આ પાંચ પ્રકારનાં મિથ્યાત્વનો અભાવ હોઇ તેઓને સમ્યકત્વપ્રાપ્તિ થઈ હતી—જેઓ પોતાના હિતની ખાતર મિથ્યાત્વનું સ્વરૂપ વિચારી એ પોતામાં હોય તો દૂર કરશે તો તેઓના પરમ લાભ ભણી થશે. હવે Sentiments કલ્પના-ખ્યાલ આદિને લઇ ઘુસી ગયેલા બીજા મિથ્યાત્વના પ્રકાર જોઇએ. ખ્યાલ-કલ્પના-ભ્રમ એ તો આ પવિત્ર પુરૂષે દૂરના દૂરજ રાખ્યા હતા. એ પરીક્ષાપ્રધાની પુરૂષને સદ્દેવ, સદ્ધર્મ, સદ્ગુરૂ, હાડોહાડ વ્યાપ્યા હતા. શ્રી **મહાવીર** દેવના બોધેલા તત્વમાં Sentimentalism કલ્પના-ખ્યાલ ઐહિક-આમુષ્મિક સાતાની વાસના આદિ સેળભેળ કરી દેવાથી, અથવા સેળભેળ થઇ જતાં તે પ્રતિ બેદરકાર રહેવાથી એ મિથ્યાત્વની આલોયણા અતિચારોમાં લેવી પડે છે. પૌદ્ગલિક વસ્તુપર મૂર્છા પણ **શ્રી**મદ્‌ના સમાગમમાં આવેલાંઓ જાણી શકયાં છે, કે તેઓમાં કેટલી બધી નાશ પામી હતી! **શ્રી**મદ્‌ની કૃતિથી એ

સહજ સમજાય એમ છે. માત્ર એ વાંચવાની-વિચારવાની, તાસુબી—પૂર્વે બાંધેલા ખ્યાલ છાંડી મધ્યસ્થ ભાવે વાંચવાની જરૂર છે. ક્ષપક શ્રેણિપર ચઢી, ક્ષીણુ મોહ થઇ કૈવલ્ય પામવાના શ્રીમદ્‌ના મનોરથમાં શ્રીમદ્ પ્રકાશે છે કેઃ—

પૌદ્‌ગલિક વસ્તુનું અમાહાત્મ્ય કેટલું બધું વધ્યું હતું ?

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,
દેહે પણુ કિંચિત્ મૂર્છા નવ જોય જો-
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
સંયમના હેતુથી યોગપ્રવર્ત્તના,
સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો,
તે પણુ ક્ષણુ ક્ષણુ ઘટતી જાતી સ્થિતિમાં
અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦

બહુ ઉપસર્ગકર્ત્તા પ્રત્યે પણુ ક્રોધ નહિ,
વંદે ચક્રિ તથાપિ ન મળે માન જો,
દેહ જાય પણુ માયા થાય ન રોમમાં,
લોભ નહિ છો પ્રબળ સિદ્ધિ નિદાનજો. અપૂર્વ૦

ઇત્યાદિ પૌદ્‌ગલિક વસ્તુનું અમાહાત્મ્ય **શ્રીમદ્‌ને** કેટલું બધું વ્યાપી ગયું હતું એ સ્પષ્ટ કરે છે. " **સ્વરૂપ**લક્ષ " અને " **જિન**આજ્ઞા " એ તો રોમેરોમમાં. " ચક્રિ વંદે " છતાં " માન " નહિ. " દેહ જાય " પણુ " માયા " નહિ. **શ્રીમદ્‌ના** આ સ્વાભાવિક સ્ફુરેલાં મનોરથવાક્યો **શ્રીમદ્‌ની** ઉન્નતદશાના, તેઓની ઉચ્ચ સમ્યગ્‌દૃષ્ટિના આદર્શરૂપ નથી ? આવો મનોરથ ગાવો કાંઇ રમત વાત છે ? આવો મનોરથ ક્યારે ગાઇ શકાય ? હાડોહાડ આત્મત્વ લાગી રહ્યું હોય, હાડોહાડ મુમુક્ષતા પ્રગટી હોય, સ્વરૂપલક્ષપૂર્વક જિનઆજ્ઞા અંતર્‌માં વસી હોય, પૈદ્‌ગલિક ઋદ્ધિ સિદ્ધિનો મોહ, દેહાધ્યાસ આદિ છુટયાં હોય, તોજ આવા મનોરથ ગાઇ શકાય ! **શ્રીમદ્** પરમ સમ્યગ્‌દૃષ્ટિ સંત પુરૂષ હતા. ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યતા એઓના આંતર્‌ના આદર્શરૂપ એઓનાં વચનોમાં ઠેકાણે ઠેકાણે માલૂમ પડે એમ છે.

સ્વરૂપ લક્ષ અને જિન આજ્ઞા એ તો હાડોહાડ.

એઓનું ચરિત્ર જેઓએ જાણ્યું છે તેઓને તો તેઓનું વશીકરણુજ થયું છે.

શ્રીમાન્‌ની જાદુઈ અસર. કોઈ તેમાંથી બચાવો.

કોઈ કોઇ **શ્રી**માન્‌ના અવર્ણવાદીઓ **શ્રી**માનનું દૂષણ દાખવી શકતા નથી ત્યારે બબાળે છે કે એઓમાં તો Hypnotism, Mesmerism, Magnetism ની શક્તિ હતી; અને તેથી તેઓની પાસે આવનારપર વશીકરણ કરતા. આપણે પણ સાચુંજ કહીશું કે એઓમાં એવી "હીપ્નોટાઇઝ" કરવાની અલૌકિક શક્તિ હતી. આપણે તો Hypnotise થઇ ગયા છિયે. કોઇએ જાદુઇ અસરમાંથી છોડાવે તો! એઓ આજન્મ વિરક્ત (Born ascetic) હતા એ ફરી ફરી કહેવાની જરૂર નથી. તેઓનો પવિત્ર ગ્રંથ કોઇ અવલથી આખર સમ્યક્ પ્રકારે અવલોકે તો એક મહાસત્પુરૂષને છાજતા એ પુરૂષમાં ગુણ હતા એની ખાત્રી થાય એમ છે.

એઓ સમ્યગ્દષ્ટિ હતા. શ્રી વીતરાગદેવ, સદ્‌ગુરૂ, સદ્‌ધર્મની આસ્તિક્યતારૂપ વ્યવહારસમ્યક્ત્વ આપણે મિથ્યાત્વના પરિહારમાં જોયું; તેમજ પરમાર્થસમ્યક્ત્વ પણ પૌદ્‌ગલિક વસ્તુના અમાહાત્મ્ય, તથા સ્વરૂપલક્ષપૂર્વક જિનઆજ્ઞાઆરાધનમાં જોયું. વિશેષ માટે આપણે એનાં વચનોની ભલામણ કરશું. ગુણસ્થાનક, સમ્યક્ત્વ, અનંતાનુબંધી આદિનું સ્વરૂપ નહિ જાણનાર ચોથે-પાંચમે-છઠ્ઠે ગુણસ્થાનકે પોતાને માની બેઠેલા ગુણસ્થાનકનો, તેનાં લક્ષણનો, એ લક્ષણ પોતામાં કેટલા કેવા પ્રકારે આવીર્ભાવ પામ્યા છે, એનો વિચાર કરશે તો તેઓનો પવિત્ર આત્મા સવળીએ ચડી આવશે. આપણે પોતે માનવશ હોઇએ

ગુણીના ગુણનું ભાન ક્યારે થાય ?

ત્યાં લગણ આપણને ગુણીના ગુણનું ભાન થાય એ તો **न भूतो न भविष्यति**—આ બધાએ વિચારવા જેવું છે. ચતુર્થ ગુણ સ્થાનકનું માહાત્મ્ય શ્રીજિને ગાયું છે. એ માહાત્મ્ય હાલ તો પ્રાયઃલોપ પામી ગયું છે. એ ગુણસ્થાનક તો કંઇ નહિ એમ માની પાંચમે-છઠ્ઠે પોતાને આરૂઢ થએલા માની બેઠેલાઓ જો સમ્યગ્દષ્ટિનું સ્વરૂપ યથાર્થ સમજે તો level સપાટી-થર ઉપર સીધા થરની આવશ્યકતા સમજી શકે. પણ કોઇ કાંતો વૈરાગ્યમાં એકદમ ઉંડો ઉતરી ગયેલ હોય તો સાટે આત્મજ્ઞાનનું ભાન

ત્યાગ, જ્ઞાન, વૈરાગ્ય એ બધાંની યથાયોગ્ય પૂર્ણ આવશ્યકતા.

ન હોય; કોઇને શુષ્ક જ્ઞાન થયું હોય, છતાં મોહવશ વર્ત્તતો હોય; આમ જ્યાં ત્યાગ-વૈરાગ્ય જ્ઞાન એ બધાંની યથાયોગ્ય આવશ્યકતા ત્યાં એક કે બેની ખામી છતાં પોતે ઉચ્ચ ગુણસ્થાનકે છે એમ (Illusion) ભ્રમ થઇ પોતે મોક્ષ માર્ગ સાધે છે એવું માને છે એ કરૂણાપાત્ર છે! **શ્રીમદ્** પ્રકાશે છે કેઃ—

" કોઇ ક્રિયા જડ થઇ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઇ,
માને મારગ મોક્ષનો, કરૂણા ઉપજે જોઇ.
બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર્ ભેદ ન કાંઇ,
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંહિ.
બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહિ,
વર્તે મોહાવેશમાં, શુષ્ક જ્ઞાની તે આંહિ.
વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન,
તેમજ આતમ જ્ઞાનની, પ્રાપ્તિ તણા નિદાન.
ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન.
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.
જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. " ૪૦

આમ જ્ઞાન, ક્રિયા, ત્યાગ, વૈરાગ્ય એ બધું યથાયોગ્ય આત્માર્થીને આવશ્યક છે; એકેકેની ખામી ન ઘટે. આમ શ્રીજિને ઠેકાણે ઠેકાણે કહ્યું છે; અને એને અવલંબી શ્રીમદે પણ પ્રકાશ્યું છે. આ સ્વરૂપ નહિ સમજતાં પોતામાંથી એ આત્માર્થયોગ્ય એક પણ ગુણની ખામી છે કે નહિ એ નહિ જોતાં, આવા સદ્ધર્મબોધકનો ગુણ–ઉપકાર નહિ વિચારતાં તેને નિરર્થક દૂષણ આપે છે, એ બહુલ કર્મનું જોર છે, આ હીનકાળનું માહાત્મ્ય છે! શ્રીમદ્ પ્રકાશે છે કેઃ—

" મુખથી જ્ઞાન કથે અને, છુટયો અંતર્ ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. "

ઉચ્ચદશા.

આ પવિત્ર સંત (Saint) સાચો સમ્યગ્દૃષ્ટિ તો હતો; ચતુર્થ ગુણસ્થાનકથી આગળ વધીએ. એ એક ગૃહસ્થી હતો; કુટુંબ પરિવારી વ્યાપારી હતો; પરમાર્થ દૃષ્ટિએ એ આજન્મ વિરક્ત (Born ascetic) હતો; આર્ત્ત, રૌદ્રધ્યાન તો એનાં કેવળ ક્ષીણ થયાં હતાં, પવિત્ર સાધુજીવન ગાળતો; આત્મલક્ષી હતો, એનો ગુણસ્થાનકમારોહ, તેમાં ગાએલો એણે મનોરથ, અવશ્ય એની ઉચ્ચદશા દાખવે છે. કૈવલ્ય પ્રાપ્ત કરવા જેટલો એનો પુરૂષાર્થ હતો; પ્રારબ્ધોદય–નિકાચિત ઉદય ન નડયો હત તો તે પણ તે પામત. બાહ્ય ઘરવ્યહાર વ્યાપાર આદિમાં રોકાયો છતાં એ આત્માના શુદ્ધ સ્વભાવનું અનુસંધાન ચુકયો ન હતો.

પોતાના એકાવતારનો નિશ્ચય.

એનો વ્યવહાર કેવળ પરમાર્થમય હતો. એકાવતારીપણાનો તો એને દૃઢ નિશ્ચય થયો હતોઃ—

" અવશ્ય કર્મનો ભોગ છે,
ભોગવવો અવશેષરે,
તેથી દેહ એકજ ધારિને,
જાશું સ્વરૂપ સ્વદેશરે—ધન્યરે દિવસ આ અહો ! "

પુરૂષાર્થવડે ઉદયની કસોટી કરી, ઉદય બળવાન્ લાગ્યો.

અંતિમ વચનોમાં પ્રકાશે છે કેઃ—" ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો, પણ ત્યાં વચ્ચે સહરાનું રણુ સંપ્રાપ્ત થયું. " આ વચનો એઓનો પુરૂષાર્થ દાખવે છે. આગળ પ્રકાશે છે કેઃ—" જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી, એજ અદ્દ્ભુત આશ્ચર્ય છે; અવ્યાબાધ સ્થિરતા છે. " આ કથનનો એવો આશય લાગે છે કે પોતે પૂર્વે નિર્ધારિલ હતું કેઃ—

" તેથી દેહ એકજ ધારિને,
જાશું સ્વરૂપ સ્વદેશરે ધન્ય૦ "

અર્થાત્ સર્વથા મુક્ત થવા પૂર્વે હજી એક દેહ ધરવો પડશે એમ હતું, છતાં જાણે આજ દેહે પ્રબળ પુરૂષાર્થરૂપ ત્વરાથી ભવપ્રયાસ પુરો કરી પરીત સંસારી થઈ જાઉં; એમ ધારી ત્વરિત પ્રવાસ શરૂ કર્યો; પણ ત્યાં વચ્ચે સહરાનું રણુ પ્રાપ્ત થયું અર્થાત્ વિશ્રામ લેવો પડે, એટલે એક ભવ કરવો પડે એવું " ઉદયમાન થાકનું " ગ્રહણુ થયું. એટલે " જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી. એજ અદ્દ્ભુત આશ્ચર્ય છે. " અર્થાત્ નિકાચિત ઉદયમાન કર્મ ભોગવ્યા વિના નિવૃત્તિ નથી; " એજ અદ્દ્ભુત આશ્ચર્ય છે. " " નિયમ " માં ફેર પડતોજ નથી. અવ્યાબાધ સ્થિરતા છે. નવો બંધ નથી; ઉદય આવેલુંજ વેદવાનું છે. એઓની દશાએ પહોંચલ પુરૂષ આ મહાપુરૂષની દશા જાણી શકે. આપણાથી વિશેષ શું કહી શકાય ?

ધર્મપ્રકાશની ધારણા.

આમ **શ્રીમદ્ રાજચંદ્ર** શ્રી **વીર**ના સાચા ઉપાસક હતા. પવિત્ર જૈન દર્શનના પ્રશસ્તભાવે રાગી હતા; તેના ઉદ્ધારક હતા, પ્રભાવક હતા, શ્રી **મહાવીર**ના બોધનું દેશ–કાળને છાજતું બંધારણુ કરવાનો સાંગોપાંગ વિચાર એણે કર્યો હતો; તે પ્રગટ પ્રકાશવા પૂર્વે તેઓ ચાલ્યા ગયા, તથાપિ કહેવાનું કે તેઓનો પવિત્ર ઉજ્જવલ આત્મા તેઓનાં વચનોમાં રહ્યો છે. સ્વપરહિતના વાંચ્છકોને એ વચનો પરમ હિતકર છે. જો તેઓ પુરૂષાર્થ-

પૂર્વક એ વચનોને અનુસરશે તો તેઓ શ્રી વીરનું પવિત્ર શાસન અજુઆળશે; ઘણા જીવોને માર્ગ સન્મુખ કરશે, તથાસ્તુ !

શ્રીમદ્‌ને અંગે ઘણું કહેવાનું છે. એક વખતે બધું કહેવાય તેમ નથી. શ્રીમદ્‌નો પવિત્ર ગ્રંથ વાંચવા–વિચારવા ભલામણ છે. શ્રીમદ્‌નાં વચનો પૂર્વાપર સંબંધપૂર્વક વાંચ્યા–વિચાર્યા વિના શ્રીમદ્ અંગે તાસુબીથી જોનારાઓ કેવળ ભુલ કરે છે; એમાં શ્રીમદ્‌ને હાનિ નથી; હાનિ રાગ–દ્વેષ યુક્ત તાસુબી ધરનારને છે; તો કાંતો એવા તાસુબી દાખવનારાએ તાસુબી છાંડી દઈ મધ્યસ્થ રહેવું; કાંતો મધ્યસ્થપણે શ્રીમદ્‌નાં વચનો અવલથી આખર સુધી અવલોકી જોવાં; એથી વિકલ્પો–કુતર્કો–તાસુબી આદિ દૂર થશે.

શ્રીમાન્ પ્રતિ તાસુબી ધરનારમાં હાનિ કોને છે ?

જૈનોપર વિશેષપણે ઉપકાર કરનાર આ "નવયુગજૈનપ્રવર્તક" ની વાત થઈ. હવે એઓની સામાજિક, સાર્વજનિક વિચારણા થોડી જોઇ આ લેખ ઉપસંહરીએ.

જેમ એ Born Ascetic સહજ યોગી હતો; તેમ એ Born Poet જન્મ કવિ હતો. Poets are born શાળામાં નાની વયમાંજ અભ્યાસ કરતાં સહજ કાવ્ય કરવાનું એને સ્ફુર્યું હતું. "અપૂર્વ અવસર" ના મનોરથનું એવું કાવ્ય અર્થ–રસ–સહજભાવમાં એક નમુનેદાર કાવ્ય છે. એની દેશદાઝના સવૈયા એની "વિશી" માં ઘણા ચોપાનીયામાં આવતા. રામાયણ—મહાભારત—ઘટિકાયંત્ર—મરણનો ભય—સ્ત્રીસદ્‌બોધ એ આદિ એનાં નાનપણનાં કાવ્યો મનહર છે. 'રાજચંદ્રકાવ્યમાળા' માં ઘણાખરાં પ્રસિદ્ધ થયાં છે.

Poet.

"અરે ! હિંદના આજ ગયા ક્યાં રઢિયાળા એવા રણવીર !" કાવ્યમાં એની આંતરવૃત્તિ કયાં છે, એ પણ જણાઇ આવે છે. એકાદ બે ઉદાહરણ લઈએ.

કાંકરાપર.

વિચાર એવા ઉચ્ચાર.

"એમ સૂચવે કાકરો, મન ખોલિને દેખ,
મનખા કેરા મુજ સમા, વિના ધર્મથી લેખ."

કાંકરાપર કવન કરતાં પરમાર્થ દાખવ્યો કે, ધર્મ વિના મનુષ્ય જન્મ મારા જેવો છે એમ કાંકરો સૂચવે છે. ઉચ્ચાર એ વિચારના આદર્શરૂપ છે.

રંગની પીચકારી.

" બનાવી છે કેવી, સુઘડ પીચકારી સુચવતી,
બધી જૂઠી માયા, મનન કર એવું મનવતી,
નથી સાચી મારી, ચટક સહુ શિક્ષા કથનમાં;
ઉરે ધારી જોજે વિનય અરજી આ મથનમાં."

"બધી જૂઠી માયા"—કાવ્ય, અર્થ,—આંતર્ ભાવ એ બધું જોવા જેવું છે.

કર્મની ગતિ.

વડોદરે વસેલ આ સયાજીરાવ સાંભરે,
અધિપતિ નસીબની ગતિ વતી થયો ખરે !
ધણી છતાં મલ્હારરાવ કેદમાં ગયા અરે !
ગતિ વિચિત્ર કર્મની, " તું હર્ષ શોક શું ધરે ? "

આમાં પણ રસ, અર્થ, આંતર્ ભાવ સમજાય એમ છે. કવિ હતા, શતાવધાની હતા; ઉપર મુકેલાં છેલ્લાં ત્રણે કાવ્યો 'અવધાન'ના પ્રયોગમાં કરેલાં હતાં, પૂર્વિત સંસ્કારના બળ વિના "શતાવધાન"ના પ્રયોગો અને તે પણ અઢાર–ઓગણીશ વરસની નાની વયમાં, એ બહુ બહુ મુશ્કેલ વાત છે. *The Pioneer* કહે છે કે:—" Shreemad Rajchandra was a living psychological instance of how far memory can be developed."

અવધાન.

શતાવધાન શું છે ? એના પ્રયોજો, અને એ પ્રયોગોથી જાહેર પ્રજાને થએલો શ્રીમાન્‌ની અદ્દ્ભુત શક્તિનો મોહ એ વગેરે "શ્રીમાન્ રાજચંદ્ર" માંથી જોઇ શકાશે. Dr. Peterson, the late Chief Justice Sir Charles Sargent એ વગેરે શ્રીમાન્‌ની આ અદ્દ્ભુત સ્મરણશક્તિથી રીઝ્ઝ રીઝ્ઝ થઈ ગયા હતા. ન્યાયમૂર્તિ સર ચાર્લસ સારજંટે તેઓને વીલાયત આવવા કહ્યું; પણ આ જન્મવિરક્ત નિસ્પૃહી પુરૂષે ના પાડી. 'મુંબઈ સમાચાર'ના એક દૈનિક પત્રે તો જણાવ્યું કે આવી અદ્દ્ભુત શક્તિના ધારક ઇંગ્લંડ કે અમેરિકાદિમાં હોય તો પૂજાય. શ્રીમાન્‌ને આત્મલક્ષ થયો હતો; "આત્મા અનંત શક્તિનો ધણી છે; શતાવધાનાદિ એ શક્તિના નમુનારૂપ

શ્રીમાન્ અંગે પાયોનીયર આદિ પત્રો તથા પીટરસન, સર ચાર્લસ સાર્જંટની ઉચ્ચ વિચારણા.

રજકણો છે. એથી માનમાં આવી જઇ ધર્મ હારી જવા જેવું છે, એ એક કલ્પના છે.” આવા સાત્વિક વિચારે એ પ્રયોગોને દબાવી દઇ આત્મસાક્ષાત્કાર કરવામાં શ્રીમદે વીર્ય ફોરવ્યું ! અત્યારે આવી સ્વલ્પ શક્તિ જેને પ્રાપ્ત થઇ હોય તે માન કે અર્થ માટે એનો ઉપયોગ કરતા નથી દેખાતા? શ્રીમાન્ ધારત તો એના પ્રયોગોથી માન-કીર્ત્તિ-અર્થ સંપાદન કરી શકત. પણ આત્મગુણ વિકસાવવાને મૂળથીજ લક્ષવાળા, આજન્મવિરક્ત, આ પુરૂષે એ શક્તિનું પ્રદર્શન નહિ કરતાં એ વડે આત્માની ઉજ્વલ શક્તિઓ પ્રગટ કરવા મથન કર્યું.

શ્રીમાનનું આત્મૈક લક્ષ્ય; પ્રયોગો મનોબળ દાખવી ત્યાગી દીધા.

જ્યોતિષી.

શ્રીમાન્ એક સમર્થ ગણિતશાસ્ત્રી તથા જ્યોતિષી હતા. શ્રી ભદ્રબાહુ સંહિતાનો અપૂર્વ જ્યોતિષનો ગ્રંથ એઓએ અવલોકયો હતો. તેઓની ગણત્રી સાચી નીવડતી. આ પ્રયોગ પણ એમણે નાનપણમાં જ માનમાં આવી જઇ ધર્મ હારી જવાના કારણે ત્યજી દીધો. વિ૦ સં૦ ૧૯૪૫ ની સાલમાં અમદાવાદમાં શેઠ દલપતભાઇ ભગુભાઇને વંડે એઓએ શતાવધાનના પ્રયોગો કર્યા હતા; ત્યાર પછી તેઓના જ્યોતિષના જ્ઞાનનો અનેકે લાભ લીધો. તેમાં માંદગીને બીછાને પડેલા બાળના અંગે કાંઇ પુછવામાં આવતાં તેનું અનિષ્ટ જોઈ તેઓને તીવ્ર લાગી આવ્યું. તે વખતે તો પુછનારને જવાબ દીધો અને કહ્યું કે અમારે શું આવા દુઃખદ સમાચાર આપવા ? આજ પછી આ જ્યોતિષ જોવાનું બંધ કરીએ છીએ. ત્યાર પછી એઓએ કદી એનું નામ લીધું નથી. કેવો મનોનિગ્રહ ? કોઇનો દેહ પડી ગયો જાણતાં એઓ રડી પડતા ! એઓનું કહેવું એવું હતું કે આંતર્ લાગણીને બુઠી ન થવા દેવી. હ્રદય વજ્રના જેવું કઠણ છતાં કુસુમના જેવું કોમળ રાખવું જોઇએ ! આ બધા ગુણો એક મહાન્ પુરૂષને છાજતા જ છે.

જ્યોતિષ કેમ છાડી દીધું ? કરૂણામય હ્રદય.

શતાવધાનથી મુંબઇમાં પ્રખ્યાતિ પામ્યા પછી શ્રીમાન્ રાજચંદ્રને કોઇ માતબર પ્રખ્યાત પારસી પોતાનું સ્થાન જોવા તેડી ગયા. ત્યાં તે શેઠે અમુક વસ્તુ અમુક સ્થળેથી અમુક પૈસા ખરચી આણી છે. અમુક બહુ Rare દુર્લભ છે; ઈત્યાદિ વૃત્તિને ઘટતું ગૌરવ દાખવતા હતા. સમય જાણી જન્મથીજ વૈરાગી શ્રીમદે તે શેઠને પુછયુંઃ

પારસી શેઠને મળેલો બોધ.

આ આવાસ છોડી કોઇ બેહસ્તનશીન થયું છે ?–આ પ્રશ્ન સાંભળતાં જ તે શેઠને ગાલે શેરડો પડયો; અને તરતજ કહ્યું: મને આવા નીડરપણે મરણનો ભય અને આવી વસ્તુઓનો આવા અભિમાનપૂર્વક મોહ નહિ કરવાનુ કોઇએ કહ્યું ન હતું.

સામાજિક સુધારા:—

" **સમાજ** " ની અગત્ય એઓએ સોળ વરસની વયેજ મોક્ષમાળામાં દાખવી છે.

સમાજને અંગે વિચાર.

" આંગ્લ ભૌમિઓ સંસાર સંબંધી અનેક કળાકૌશલ્યમાં શાથી વિજય પામ્યા છે એ વિચાર કરતાં આપણને તત્કાળ જણાશે કે તેઓનો બહુ ઉત્સાહ અને એ ઉત્સાહમાં અનેકનું મળવું......સર્વજ્ઞ ભગવાનનું કહેલું ગુપ્ત તત્વ પ્રમાદસ્થિતિમાં આવી પડયું છે, તેને પ્રકાશિત કરવા તથા પૂર્વાચાર્યનાં ગુંથેલાં મહાન્ શાસ્ત્રો એકત્ર કરવાં, પડેલા ગચ્છના મતમતાંતર ત્યાગવા તેમજ ધર્મવિદ્યાને પ્રફુલ્લિત કરવા એક મહાન્ સમાજ સદાચરણી શ્રીમંત બંનેએ મળી સ્થાપન કરવાની આવસ્યકતા છે. " જૈન કૉન્ફરન્સની સ્થાપના થયા પૂર્વે સત્તર વરસે લખાયલા અને પંદર વરસે પ્રસિદ્ધ પામેલા **શ્રી**મદ્‌ના સમાજની અગત્યના ઉપલા વિચાર ગોર કરવા જેવા છે. ઉપલાં દરેક વાકયો કૉન્ફરન્સે લક્ષમાં લેવા જેવાં છે.

સ્ત્રી સંબંધી:—

સ્ત્રીત્વ.

સ્ત્રી કેળવણીના એ પૂર્ણ હિમાયતી હતા. જન્મ વૈરાગી આ પુરૂષે સ્ત્રીના જુગુપ્સનીય શરીરની નિન્દા કરી છે, પણ એ નિન્દા કરતાં જાણે સ્ત્રી જાતિને અન્યાય થતો હોય અને કોઇનો દોષ કોઇને આરોપાતો હોય તેમ વિચાર આવતાં કહે છે કે:—" સ્ત્રીમાં દોષ નથી પણ આત્મામાં દોષ છે."

જ્ઞાતિભેદ:—

જ્ઞાતિભેદ.

દેશભક્ત શ્રીયુત **મોહનદાસ ગાંધી** જે ટ્રાન્સવાલમાં દેશીઓને થતી હાડમારી સામે સત્યાગ્રહની લડાઇ ચલાવી રહ્યા છે, તેઓ **શ્રી**મદ્‌ના પરમ પ્રશંસક છે. Russian Philosopher Count Tol-

stoy કરતાં **શ્રીમદ્‌ને** ઉચ્ચ પદ આપી **શ્રીમદ્‌નો** ગ્રંથ વાંચવા-વિચારવાનું ટ્રાન્સવાલમાં કેદ ભોગવતા દેશીઓને કહે છે.

શ્રીયુત ગાંધી અને શ્રીમાન્. આ **શ્રીયુત** ગાંધીને કેટલાક પત્રો **શ્રીમદે** લખેલા તેમાં થોડાક અત્રે ટાંકિયે છીએ. જ્ઞાતિભેદ અંગે શ્રીમદ્ પ્રકાશે છે કેઃ—" જ્ઞાનદષ્ટિએ જોતાં જ્ઞાતિ આદિ ભેદનું વિશેષાદિપણું નથી જણાતું, પણ ભક્ષ્યાભક્ષ્યનો ભેદ તો ત્યાં પણ કર્તવ્ય છે."

આર્ય આચાર:—" આર્ય આચાર એટલે મુખ્ય કરીને દયા, સત્ય, ક્ષમાદિ ગુણોનું આચરવું તે." " આર્ય વિ-

આર્ય આચાર-વિચાર.

ચારઃ-એટલે મુખ્યત્વે કરીને આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, વર્ત્તમાનકાળ સુધીમાં તે સ્વરૂપનું અજ્ઞાન તથા તે અજ્ઞાન અને અભાનનાં કારણો, તે કારણોની નિવૃત્તિ અને તેમ થઈ અવ્યાબાધ આનંદ સ્વરૂપ અભાન એવા નિજ પદને વિષે સ્વાભાવિક સ્થિતિ થવી તે."

વર્ણાશ્રમ ધર્મ:—" વર્ણાશ્રમ ધર્મ વર્ત્તમાનમાં બહુ નિર્બળ સ્થિતિને પામ્યો છે; તોપણ આપણે તો જ્યાં સુધી

વર્ણાશ્રમ.

ઉત્કૃષ્ટ ત્યાગદશા ન પામીએ, અને જ્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં વાસ હોય ત્યાં સુધી તો વાણીઆ રૂપ વર્ણધર્મને અનુસરવો તે યોગ્ય છે. કેમકે અભક્ષાદિ ગ્રહણનો તેનો વ્યવહાર નથી. ત્યારે આ શંકા થવા યોગ્ય છે કે લુહાણા પણ તે રીતે વર્તે છે, તો તેમાં અન્નાહારાદિ ગ્રહણ કરતાં શું હાનિ? તો તેના ઉત્તરમાં એટલું જણાવવું યોગ્ય થઇ શકે, કે વગર કારણે તેવી રીતિ પણ બદલાવવી ઘટતી નથી, કેમકે તેથી પછી બીજા સમાગમવાસી, કે પ્રસંગાદીએ આપણી રીતિ જોનાર ગમે તે વર્ણનું ખાતાં બાધ નથી એવા ઉપદેશના નિમિતને પામે. લુહાણાને ત્યાં અન્નાહાર લેવાથી વર્ણધર્મ હાનિ પામતો નથી; પણ મુસલમાનને ત્યાં અન્નાહાર લેતાં તો વર્ણધર્મની હાનિનો વિશેષ સંભવ છે, અને વર્ણધર્મ લોપવા રૂપ દોષ કરવા જેવું થાય છે. આપણું કંઇ લોકના ઉપકારાદિ હેતુથી તેમ વર્તવું થતું હોય, અને રસલુબ્ધતા વૃત્તિથી તેમ વર્તવું ન થતું હોય, તો પણ બીજા તેનું અનુકરણ તે હેતુને સમજ્યા વિના ઘણું કરીને કરે, અને અંતે અભક્ષાદિ ગ્રહણ કરવામાં પ્રવૃત્તિ કરે એવાં નિમિત્તનો હેતુ આપણું તે આચરણ છે,

વર્ણ ધર્મ છોડવો નહિ; હેતુ સમજ્યા વિના દેખા દેખીએ બીજા અનુકરણ કરે એવા નિમિત પણ ન થવું.

માટે તેમ નહિ વર્તવું તે, એટલે મુસલમાનાદિના અન્નાહારાદિનું ગ્રહણ નહિ કરવું તે ઉત્તમ છે.......બીજી ઉતરતી જ્ઞાતિઓ અથવા મુસલમાનાદિનાં કોઇ તેવાં નિમંત્રણોમાં અન્નાહારાદિના બદલે નહિ રાંધેલો એવો ફલાહારાદિ લેતાં તે લોકોનો ઉપકાર સાચવવાનો સંભવ રહેતો હોય, તો તેમ અનુસરો તો સારૂં છે." પરમાર્થ દષ્ટિયે કે ત્યાગ અવસ્થામાં જ્ઞાતિભેદની વિશિષ્ટતા નથી. પણ અન્યથા તો વર્ણધર્મ પાળવો સારો છે, એ આદિ સામાજીક સુધારાને લગતા ઉપલા વિચારો મનન કરવા જેવા છે.

ચાર આશ્રમ.

ચાર આશ્રમઃ—આર્યોના આ આશ્રમોને લગતા **શ્રીમાન્**ના વિચારો પણ ધ્યાન આપવા જેવા છે.

"વેદોક્ત માર્ગમાં ચાર આશ્રમ બાંધ્યા છે, તે એકાંતે નથી. વામદેવ, શુકદેવ, જડભરતજી એ આદિ આશ્રમના ક્રમ વગર ત્યાગપણે વિચર્યા છે.

ગૃહસ્થાશ્રમ સેવ્યા પછીજ ત્યાગ લેવાય એવો એકાંતિક નિયમ નથી.

જેઓથી તેમ થવું અશક્ય હોય, તેઓ પરિણામે યથાર્થ ત્યાગ કરવાનું લક્ષ રાખી આશ્રમપૂર્વક પ્રવર્તે તો તે સામાન્ય રીતે ઠીક છે એમ કહી શકાય. **આયુષ્યનું એવું ક્ષણભંગુરપણું છે, કે તેવો ક્રમ પણ વીરલાનેજ પ્રાપ્ત થવાનો વખત આવે.** કદાપિ તેવું આયુષ્ય પ્રાપ્ત થયું હોય તોપણ તેવી વૃત્તિએ એટલે પારણામે યથાર્થ ત્યાગ થાય એવું લક્ષ રાખીને પ્રવર્ત્તવાનું તો કોઇકથીજ બને તેવું છે."

શ્રીમદ્ના વિચારો અને તેમાં ગોપવાયલું તેઓનું ચરિત્ર જનસમૂહે વિચારવા યોગ્ય છે.

શ્રીમદ્ અંગે મરહુમ વીરચંદ ગાંધી અને દેશભક્ત મોહનદાસ ગાંધી.

અમેરિકામાં જઈ જૈનવિષયક જ્ઞાનનો પ્રચાર કરવા માટે જાણિતા થયેલા સ્વર્ગસ્થ **વીરચંદ રાઘવજી ગાંધિએ** ચિકાગો શહેરમાં એક વ્યાખ્યાન આપ્યું હતું. તેમાં હિંદમાં પૂર્વે અસાધારણ શક્તિઓના પુરૂષોનું ઉત્પન્ન થવું હતું તે બતાવી **શ્રીમાન્** હેમચંદ્રાચાર્યનું ઉદાહરણ આપ્યું હતું, અને હાલના સમયમાં પણ **જૈનમાર્ગ** પોતાના વિષે તેવા પ્રકારની શક્તિઓ ધરાવનારા પુરૂષો ઉત્પન્ન કરવાનો ગર્વ લઈ શકે છે, એમ બતાવવા માટે **શ્રીમાન્** રાજચંદ્રની અસાધારણ શક્તિઓનું વિવેચન કરી બતાવ્યું હતું.

વળી, દક્ષિણ આફ્રિકામાં એસ્યાટિકોનાં હિત માટે અનેક સંકટો વેઠી આજે સુધરેલી ગણાતી પૃથ્વી ઉપર જેણે પોતાનું નામ અમર કર્યું છે,

એવા શ્રીયુત મોહનદાસ કરમચંદ ગાંધી-બૅરીસ્ટર-ઍટ-લૉ, જગત્પ્રસિદ્ધ રશ્યન ફિલસુફ કાઉન્ટ ટૉલ્સ્ટૉયની સાથે શ્રીમાનને સરખાવતાં જણાવે છે કેઃ-

"The more I consider his life and his writings, the more I consider him to have been the best Indian of his times. Indeed, I put him much higher than Tolstoy in religious perception. *Both Kavi (Shreemad,) and Tolstoy have lived as they have preached.*"

"તેઓનાં જીવન અને વચનોનો હું ફરી ફરી અભ્યાસ કરૂં છું તેમ તેમ મને તેઓ ખરેખર તેમના સમકાલિન હિંદીઓમાં સર્વોત્કૃષ્ટ લાગે છે. ધર્મબોધમાં મને તેઓ ટૉલસ્ટૉય કરતાં ઘણા ચઢતા જણાય છે. એ બંને પુરૂષો કવિ અને ટૉલસ્ટૉયનાં ઉપદેશ અને વર્ત્તન અવિસંવાદી છે." શ્રીમાન્ અંગે સ્વર્ગસ્થ વીરચંદ ગાંધી અને આ દેશભક્ત શ્રીયુત મોહનદાસ ગાંધીના વિચારો ખસુસ વિચારવા યોગ્ય છે.

એ તો અધ્યાત્મી હતા.

શ્રીમાન્ યોગ-અધ્યાત્મમાં ઉંડા ઉતરેલા હતા; તેથી કોઇ ડહાઇ જઇ જાણે "અધ્યાત્મવિદ્યા" માં મહા પાપ-દૂષણ હોય તેમ કહે છે કે તેઓ "અધ્યાત્મી" હતા. આપણે પણ કહીએ છીએ કે તેઓશ્રી "અધ્યાત્મી" હતા; આત્માના હિતને ઉદ્દેશી જેનું પ્રવર્ત્તન એવા અધ્યાત્મી હતા અને એવા અધ્યાત્મનો બોધ કરતા. હા, ગતાનુગતિક અધ્યાત્મિઓનો હાલ જે પોતાને અને દેશને સાપ સમાન રાફડો ફાટયો છે એવા અધ્યાત્મી એઓ નહોતા. અત્રે સુપ્રસિદ્ધ ભક્ત કવિ નરસિંહ મહેતાનું એક પદ યાદ આવે છેઃ—

"અમારૂં ગાયું ગાશે, તે ઝાઝાં ખાસડાં ખાશે,
"જો સમજીને ગાશે, તો વહેલા વૈકુંઠ જાશે."

યોગ અને અધ્યાત્મ અંગે એઓના વિચાર અને એમાં એઓની ભૂમિકા એઓના ગ્રંથમાં મનન કરવા જેવા છે. તેઓશ્રી કેવા 'અધ્યાત્મી' —આત્મહિતૈકલક્ષી હતા તે અંગે તેઓનાંજ થોડાં વાકયો આપણે લઇએઃ-

"આત્મ ભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરૂ વૈદ્ય સુજાણ,
"ગુરૂ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન;
"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરૂષાર્થ,
"ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ;

"**નિશ્ચય** વાણી સાંભળી, **સાધન તજવાં ન હોય;**
"**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.**

'અધ્યાત્મ કે 'નિશ્ચય' માં અવશ્ય શું છે, એ પ્રકાશતાં **શ્રીમાન્** જણાવે છે કેઃ—

"ભાન નહિ નિજરૂપનું, તે નિશ્ચય નહિ સાર."

અર્થાત્ નિજસ્વરૂપનું, આત્મતત્વનું ભાન ન હોય, અર્થાત્ "આત્મા આવો છે, અને તેને પ્રગટ કરવા હું આ બધું કરૂં છું, એવું ભાન એવો લક્ષ ન હોય, છતાં કહેશે કે હું "અધ્યાત્મી" અથવા નિશ્ચયસાધક છું, તો તે સારભૂત નથી. આવા નિશ્ચયજ્ઞાની તે શુષ્કજ્ઞાનીજ છે.

નિજરૂપનું ભાન ન હોય તો નિશ્ચય નહિ.

શ્રીમાને ક્વચિત્ "હરિ" શબ્દ વાપરેલ છે, તે શા અર્થમાં વાપરેલ છે, એ સમજ્યા વિના અહેતુક કલ્પના કરી કોઇ કહી દે છે, કે એ તો બધાં દર્શન સરખાં છે. આ પણ જબરી સમજફેર છે. આમ હોય તો શ્રીમાન્ આનન્દઘનજીએ શ્રી સુપાર્શ્વનાથનું સ્તવન કર્યું છે. તેમાં "વિધિ, વિરંચી વિશ્વંભરા, હૃષિકેશ ઇત્યાદિ તેમજ—

રામ-હરિ-રહેમાન.

"રામ કહો રહિમાન કહો કોઇ કાન કહો." ઇ૦ છે.

એ જોતાં એઓશ્રીને પણ

"**मणौ च काचे च समानुबन्धा** દોષ આવશે. અથવા જેમણે આ "**मणौ च काचे च समानुबन्धा**" એ પ્રકાશ્યું છે એ શ્રી હેમચંદ્રાચાર્યને પણ એ દોષ આવશે. કેમકે તેઓશ્રીએ પણ શ્રી સોમનાથ મહાદેવ આગળ

"**ब्रह्मा वा बिष्णुर्वा जिनो हरो नमस्तस्मै**"

એવી સ્તુતિ કરી છે. પણ એ આગળ કહેલું દૂષણ કોઇને, નહિ શ્રીમાન્ **હેમચંદ્રપ્રભુને**, કે નહિ શ્રીમાન્ **આનન્દઘનજીને**, કે નહિ શ્રીમાન્ **રા**-જચંદ્રને, લાગુ પડે એમ નથી, કેમકે એ બધાં નામો એઓએ પરમાર્થરૂપે વાપર્યાં છે. તેઓના એક પત્રમાંથી પણ આજ પ્રકારનું સ્પષ્ટ કથન નીકળે છે.

"રહેમ (કૃપા) કરે તે રહીમાન." તેમજ **ભવ**બીજના અંકુરરૂપ રાગાદિ જેના નાશ પામ્યા છે, તે પછી બ્રહ્મા હો કે વિષ્ણુ હો કે જિન હો કે હર હો, પણ તેને નમસ્કાર છે. તેમજ "હરિ" આદિ એવા પરમાર્થ રૂપે વપરાએલ છે. અને એમ વાપરવામાં કશો વાંધો પણ નથી; પવિત્ર જૈન દર્શનને એથી લેશ માત્ર દૂષણ નથી; દૂષણ તો ઉલટું એવાં જે નામ

પદચોરી પદ ઉલટાવવાં

કોઈ વાક્યો કે પદોમાં હોય તે નામ કાઢી નાંખી તેના બદલે બીજું નાંખી તે પદ કે વાક્ય પોતાનાં કરી લેવામાં છે. એક ઉદાહરણ લઇએ. એક એવું પદ છે કે:—

"ગુરૂ ગોવિંદ દોનું ખડે, કિસકું લાગું પાય;
"બલિહારી ગુરૂદેવની. જેણે ગોવિંદ દીયા બતાય."

આ ઉલટાવી નાંખી

"ગુરૂ દેવ દોનું ખડે, કિસકું લાગું પાય;
"બલિહારી ગુરૂદેવની, જેણે દેવ દીયા બતાય."

આમ કોઇએ કહેલ છે–ઉલટાવેલ છે; એટલુંજ નહિ, પણ જાણે પોતાના ઘરનું છે, એમ ગણી પ્રકટ કરી દીધેલ છે. આ 'લેખ ચોરી' કે જ્ઞાન ઓળવવા રૂપ દૂષણ નહિ? શ્રીમાને શ્રી યોગવાશિષ્ટ આદિ વૈરાગ્યનાં ઉપદેશ રૂપ પુસ્તકો વાંચવા–મનન કરવાનું ક્વચિત્ કોઈ કોઇને જણાવેલ છે, તેથી પણ જાણે તે ગ્રંથો અન્યદર્શનના હોવાથી એને અડતાં મિથ્યાત્વ લાગે એવા ભ્રમવાળા ડાઘી ઉંડે છે. તત્ત્વભેદ ગમે તેવો હોય પણ ઉપદેશ અર્થે તો તે ગમે ત્યાંથી લેવામાં દૂષણ નથી, પણ ભૂષણ છે. તેમજ જ્યાં સદુપદશાદિ વચનશક્તિ હોય તે શ્રી જિનનાજ ઘરની છે, એમ સમજવામાં આવે તો દાખવેલ ભયનો અવકાશ નથી. શ્રીમાને પવિત્ર વીતરાગ દર્શનને

જૈન દર્શન એ વિશ્વ વ્યાપી દર્શન છે. એની મર્યાદા સંકુચિત કરવી ન ઘટે,

એમ વિશ્વવ્યાપી રૂપે જોયો છે, જાણ્યો છે, બોધ્યો છે; એની વર્ત્તમાનમાં જે સંકુચિત મર્યાદા બંધાઇ ગઇ છે, તે કાઢી નાંખી છે, અને એમજ કરવા યોગ્ય છે. પવિત્ર વીતરાગ માર્ગની ખોજપૂર્વક તે જેને હૈડે વશી ગયો હોય, તેણે તો એ પવિત્ર માર્ગને (Catholic) વિશ્વવ્યાપી ધર્મરૂપે જાણવો ઘટે છે.

"જિનવરમાં સઘળાં દર્શન છે, દર્શને જીનવર ભજનારે."

એ આદિ રૂપે પૂર્વે શ્રી સિદ્ધસેનદિવાકર તથા આનન્દઘનજી આદિ પ્રકાશી ગયા છે. શ્રીમાન્ સિદ્ધસેનદિવાકર તો પ્રકાશે છે કે:—

"હે! નાથ! તારાથી પર એવા બીજાઓમાં જે વચનસૂક્તિ દેખાય છે, તે બધી તારા વચન –મહાર્ણવમાંથીજ ઉપજી છે; એ તારાં વચનામૃતના કણ છે." આવી દૃષ્ટિએ શ્રી યોગવાશિષ્ઠાદિ

સીધી દૃષ્ટિને તણખલું પણ બોધ આપે છે.

સદુપદેશ રૂપ ગ્રંથો વાંચવા–વિચારવામાં આવે તો લાભજ છે. સીધી દૃષ્ટિએ જોનારને તણખલું પણ બોધ આપે છે; તો સદુપદેશ રૂપ વચનોનું તો શું કહેવું?

આ બધા ખ્યાલોની નોંધ લેવી જરૂરની નથી. એટલે અવકાશ પણ નથી; પણ સમજ્યા વિના કલ્પના જાળ બાંધનારના અંગે દયા આવતાં આજે આપણે આ કિંચિત્ સ્પષ્ટ કરીએ છિએ. પ્રિય બંધુઓ, સમજો, સમજવાનો ઉદ્યમ કરો, કલ્પનાઓ (Sentimentalism) છાંડી દો; પૂર્વે બાંધી દીધેલા-જડ ઘાલી બેઠેલા ખ્યાલો, તાસુબીઓ દૂર કરો. અને શ્રીમાન્‌નાં વચનો મધ્યસ્થ ભાવે અવલથી આખર સુધી વાંચો-વિચારો; તમારા બધા વિકલ્પો ઉપશમી જશે.

ખ્યાલોની નોંધ શા માટે લીધી? એક વિજ્ઞાપના.

આર્હતી પુષ્ટિ ઉપસંહાર.

અજ્ઞાન આદિ કર્મ નિબદ્ધ આત્માને કેમ મુક્ત કરવો એજ એનો લક્ષ હતો, અને એજ એનો બોધ હતો. સર્વ શાસ્ત્રના સારભૂત પરમ આર્હતી-પુષ્ટિ "આશ્રવથી બંધ અને સંવરથી મોક્ષ" એજ એના લક્ષગત અને બોધગત હતું. આવા એક પવિત્ર સંતની ભક્તિ દાખવવાનો પ્રસંગ આજે આપણને મળ્યો છે, એ આપણું અહોભાગ્ય છે. એક સર્વાંગ સુંદર પવિત્ર પુરૂષની આજે આપણે જયંતિ ઉજવી છે. એથી બધાએ રાજી થવાનું છે. બધા સંત પુરૂષની જયંતી ઉજવાઓ! સંતોની કૃપા આપણા ઉપર હો! સત્પુરૂષોથીજ આ જગત ઉજ્વલ છે. ૐ શાંતિઃ

"શ્રીમાન્ રાજચંદ્ર સંસારનાં કપડામાં."

રા. જીવાભાઇ અમીચંદનું વ્યાખ્યાન.

સંસારમાં પૂજનીય મહાત્માઓની પૂજાવિધિ અનેક પ્રકારે વર્તે છે. વિદ્યમાન અને અવિદ્યમાન મહાત્માઓની પૂજાવિધિમાં સંસાર પોતાના રાગ પ્રમાણે ભિન્ન ભિન્ન સામગ્રીઓ યોજે છે. જયંતિઓ ઉજવવી, સ્મારકો સ્થાપવાં, ચૈત્યો કે કીર્તિસ્થંભો ઉભા કરવા, ગુણાનુવાદ ગાવા કે શ્રવણ કરવા કે શાંત રીતે એકાંતમાં તેમના વિચારોનું મનન કરવું; આ સર્વ અવિદ્યમાન મહાત્માઓની પૂજાવિધિ છે. આપણો આજનો સમારંભ પણ આ રીતે આપણા તીર્થસ્વરૂપ શ્રીમાન્ રાજચંદ્રની પૂજા કરવાનો જ છે.

વિદ્યમાન મહાત્માઓનો પરિચય સંસાર ધારે ત્યારે પ્રકટપણે કરી શકે છે, ને તે પરિચયદ્વારા કંઇ બોધ કે હિતવાર્તા સહજ ગ્રહણ કરી શકે છે,

પરંતુ અવિદ્યમાન મહાત્માઓનો પરિચય વિકટ છે. તે શોધવામાં તેમજ પરિચય પ્રાપ્ત થયા પછી તેમની પાસેથી હિતવાર્તા ગ્રહણ કરવામાં અમુક પ્રકારની સાધન સંપત્તિ સંસારને મેળવવી પડે છે. સાધન સંપત્તિ વગર તેમનો પરિચય થતો નથી અને ભાગ્યવશાત્ થાય છે તો તે સફલ થતો નથી. અર્થાત્ આજના આ સમારંભદ્વારા શ્રીમાન્‌ની સાથે થયેલો પરિચય આપણુ સર્વેને સફલ થવો, ન થવો એ આપણી પોતાની સાધન સંપત્તિપર આધાર રાખે છે. આપણે દેવમંદિરમાં જઈએ, ખાલી ઘંટા વગાડીએ, માથું નમાવી દેવમૂર્તિ સામે નમસ્કાર કર્યા જેવું કરીએ, અને હૃદયને કંઈપણ ઉન્નત કે પવિત્ર કીધા વિના પાછા ફરીએ તો તે પૂજાવિધિ જેમ નિષ્ફલ છે, તેમ આવા ચેતન તીર્થસ્વરૂપ મહાત્માના પરિચયમાં આવા સમારંભ દ્વારા આવીએ, કાન ઉઘાડા રાખી પૂજાવિધિના ઘંટારવ સાંભળીએ, પણ હૃદયના આગળા બંધ કરીને તે ઘંટારવનો પ્રતિધ્વનિ અંતઃકરણમાં થવા ન દઇએ, કંઈ હિતવાર્તા કે બોધને ગ્રહણ કીધા વિના એમ ને એમ ઘર તરફ પાછા વળીએ તો તે પૂજાવિધિ પણ નિષ્ફલ છે.

આવા પરમ પ્રસંગ પ્રાપ્ત થયા પછી તેને નિષ્ફલ ન થવા દેવા પ્રયત્નશીલ થવું જોઇએ અને અહીંથી કંઇક પણ તે મહાત્માનું સત્યવચન તીર્થ પ્રસાદીરૂપે હૃદયમાં લઇને જ ઉઠવું જોઇએ અને વળી તે તીર્થપ્રસાદી આપણા આપ્ત વર્ગમાં પ્રેમપૂર્વક વહેંચવી જોઇએ અને આપણે પણ તે આરોગી જીવનમાં ઉતારવી જોઇએ. આપણે એમ કરીશું તો આજના સત્સંગના પરિણામે આપણે આપણા પ્રગતિક્રમમાં એકાદ પગથીઉં ઉપર ચડીશું.

પરંતુ મ્હેં ઉપર કહ્યું કે અવિદ્યમાન તીર્થસ્વરૂપોનો પરિચય શોધવામાં કે તે પરિચય સફલ કરવામાં અમુક પ્રકારની સાધન સંપત્તિની જરૂર છે. અને સંસારના રંગમાં ઝબકોળાયલાં મ્હારા જેવાં માનવીની સ્થૂલ દૃષ્ટિ તે સંપત્તિના અભાવે આવા તીર્થસ્વરૂપોના આધ્યાત્મિક કે સૂક્ષ્મ જીવનના કે બોધવાર્ત્તાના ચમત્કાર જોવાને અસમર્થ હોય તો તે સ્વાભાવિક છે. એવી દૃષ્ટિ તો સંસારનાટકની રંગભૂમી પર ભજવાતા ખેલની સ્થૂલ રચના, ને પાત્રોની સ્થૂલ ગતિ સ્થિતિ ક્રિયા ને ચેષ્ટાજ જોઈ શકે છે ને તેમાંથીજ યથાશક્તિ કંઇ ગ્રહણ કરી લે છે. આજના આ સમારંભમાંથી મ્હારા જેવી સ્થૂલ મતિના સંસારી માનવીઓને ખાલી હાથે પાછું ફરવું ન પડે તે હેતુથી હું સર્વગસ્થ શ્રીમદ્‌ના સ્થૂલ જીવનમાંથીજ બે ચાર વાતો કહીશ.

સ્થૂલ જીવન એ માનસિક સૂક્ષ્મ જીવનનો પરિપાકજ છે, કેમકે વાસનાનું ઘટસ્વરૂપ તે વૃત્તિ કે ઇચ્છા છે, વૃત્તિ કે ઇચ્છાનું ઘટસ્વરૂપ તે

વિચાર છે. ને વિચારનું ઘટસ્વરૂપ તે વાણી ને કાર્ય છે. હવે મહાત્માઓનાં સૂક્ષ્મ જીવનની સૂક્ષ્મતા જ્યારે પ્રજ્ઞ પુરૂષોજ પ્રત્યક્ષ કરી શકે છે ત્યારે તે સૂક્ષ્મ જીવનના ચમકારા સ્થૂલ શક્તિની ક્રિયાદ્વારા જડ જગત્ જોવા પામે છે ને તેમાંથી બોધ ગ્રહે છે. સ્વર્ગસ્થ શ્રીમાન્‌ના સ્થૂલ જીવનદ્વારા જણાતા સૂક્ષ્મ જીવનના ચમકારા તરફ હું આપનું લક્ષ આજે ખેંચીશ અને તેનું દર્શન અવશ્ય આપણ સંસારીઓને ફલપ્રદ નીવડશે.

આપણા સ્થૂલ દૃષ્ટિપાતની સાથે જ પ્રથમ દર્શન એ થાય છે કે જેને આપણે ત્યાગી જીવન કહીએ છીએ તેવું ત્યાગી જીવન શ્રીમદે ગાળ્યું નથી, પણ ગૃહસ્થી જીવન ગાળ્યું છે. ત્યાગી જીવનની અને ગૃહસ્થી જીવનની સંસારે દોરેલી વ્યાખ્યા–મર્યાદા ક્ષુદ્ર છે. સંસાર વ્યવહારનો સંસાર દેખે તેવો ત્યાગ કરીને વર્ત્તવું તે ત્યાગી જીવન, અને ઘરસંસાર ચલાવવો તે ગૃહસ્થી જીવન, એમ સંસાર માને છે. અલબત્ આ માનીનતા ખોટી છે. અચલ ત્યાગવૃત્તિ વિનાના કોઇ પણ પ્રકારના સવાસનિક જીવનને ત્યાગી જીવન કહી શકાય નહિ. જ્યારે સંસારના પ્રપંચ વ્યવહારની વચમાં પણ જો કોઇ નિર્વાસનિક જીવન ગાળે તો તે જીવન ખરૂં ત્યાગી જીવન કહી શકાય શ્રીમાન્‌ના સ્થૂલ કે સૂક્ષ્મ જીવનની ગમે તે કાળની પ્રવૃત્તિપર આપણે નજર ફેંકીશું તો એજ જણાઇ આવશે કે તેમણે સંસારવ્યવહારની વચમાં પણ કેવળ નિર્વાસનિક જીવન જ વહન કીધું છે. પ્રારબ્ધ કર્મ ક્ષીણ થયા વિના વ્યવહાર નિવૃત્ત થતો નથી. માટે પ્રારબ્ધ કર્મ–ઉદય કર્મના ક્ષય માટેજ જીવન વહન કરવુંજ જોઇએ. એ તેમનું પ્રધાન લક્ષ્ય હતું. નીચેનાં તેમનાં વાક્યો તેમના જીવન નિર્વાહનો હેતુ સ્પષ્ટ કરે છે. "આટલી વાતનો નિશ્ચય રાખવો યોગ્ય છે કે, જ્ઞાની પુરૂષને પણ પ્રારબ્ધ–કર્મ ભોગવ્યા વિના—નિવૃત્ત થતાં નથી અને અભોગવ્યે નિવૃત્ત થવાને વિષે જ્ઞાનીને કંઈ ઇચ્છા નથી. જ્ઞાની સિવાય બીજા જીવને પણ એવાં કેટલાંક કર્મ છે, કે જે ભોગવ્યેજ નિવૃત્ત થાય, અર્થાત્ તે પ્રારબ્ધ જેવા હોય છે; તથાપિ ભેદ એટલો છે કે, જ્ઞાનીની પ્રવૃત્તિ પૂર્વોપાર્જિત કારણથી માત્ર છે. અને બીજાની પ્રવૃત્તિમાં ભવિષ્ય સંસારનો હેતુ છે, માટે જ્ઞાનીનું પ્રારબ્ધ જુદું પડે છે. એ પ્રારબ્ધનો એવો નિર્ધાર નથી કે તે નિવૃત્તિરૂપેજ ઉદય આવે. જેમ શ્રી કૃષ્ણાદિક જ્ઞાની પુરૂષ, કે જેને પ્રવૃત્તિરૂપ પ્રારબ્ધ છતાં જ્ઞાનદશા હતી;–જેમ ગૃહઅવસ્થામાં શ્રી તીર્થંકરને પ્રારબ્ધ નિવૃત્ત થવું તે માત્ર ભોગવ્યાથી સંભવે છે. × ×" ટુંકામાં ભવિષ્યસંસારના હેતુ વિના પૂર્વોપાર્જિત પ્રારબ્ધના ક્ષયાર્થે જીવન વહન કરવું એજ તેમનો ઉદ્દેશ હતો. અને જ્યાં ઉદ્દેશ જ આવો છે ત્યાં

પછી તે સંસારવ્યવહારની વચ્ચે ઉભા રહે તોય શું ને સાંસારિક પદાર્થોથી દેખીતા છેટા ઉભા રહે તોય શું ? સંસારવ્યવહારની છોળોથી તેવા જીવનને વિકૃતિ થતી નથી. આ જીવન તેજ ખરૂં ત્યાગી જીવન. અને સ્વર્ગસ્થે સંસારની દૃષ્ટિમાં જણાતું ગૃહસ્થી છતાં ત્યાગી જીવનજ ગાળ્યું છે, બાકી તો

वनेऽपि दोषाः प्रभवन्ति रागिणाम्
गृहेऽपि पंचेन्द्रियनिग्रहस्तपः।
अकुत्सिते कर्मणि यः प्रवर्तते
निवृत्तरागस्य गृहं तपोवनम् ॥

પરંતુ સંસારની વચમાં રહીને આવું ત્યાગી જીવન વહન કરવામાંજ ત્યાગવૃત્તિની દૃઢતાની ખરી કસોટી છે. સંસારથી ભડકી ઠેકડો મારી તેનાથી દૂર ઉભા રહેવું ને પોતાની ત્યાગવૃત્તિને અડગ રાખવી, અલબત્ત, અતિ વિષમ છે, પણ સંસારના વ્યવહાર જાળની વચમાં, ઇંદ્રિયવિકારક અનેક વિષયોની પાસે લાલસાઓની મોહિનીના ખોળામાં ને ષડ્રિપુના અજીત કિલ્લાઓની વચમાં માર ખાતા ઉભા રહીને પોતાની ત્યાગવૃત્તિનું સંરક્ષણ સંપૂર્ણપણે કરવું એમાં કેટલીક દિવ્ય મહત્તા રહી છે ! એમાં કેટલી જિતેંદ્રિયતાની કસોટી છે ! શ્રીમદ્‌નું આ ત્યાગજીવન આપણને ત્યાગ વૃત્તિનો–નિષ્કામ વૃત્તિનો કેવો અત્યુત્તમ બોધ આપે છે ?

એ તો સ્વાભાવિક જ છે કે વૃત્તિની પ્રબલતા વાણી, વિચાર ને કાર્યમાં ચમકારા આપે છે ને તે પ્રમાણે શ્રીમાનની આ ત્યાગવૃત્તિ તેમની પારલૌકિક પ્રવૃત્તિમાં તેમજ ઇહ લૌકિક તમામ પ્રવૃત્તિમાં પણ ચમકી રહેતી હતી. વિષયોના પરિચયમાં રહેવા છતાં તેના પ્રત્યે તેમની ઉદાસીનતા કેટલી પ્રબળ હતી તે તેમના આપ્ત વર્ગને બહુ બહુ પ્રકારે માલૂમ છે. શાસનના ઉદ્ધારાર્થે સંસારનાં કપડાં ઉતારી પરિવ્રજ્યા કરવાની તેમની ઉત્કટ અભિલાષા હતી અને તે ઉદ્ધારણા માટે પોતાની શક્તિ સમૃદ્ધિ સંભૃત કરવા તેઓ અતિ પ્રવૃત્તિમાન હતા છતાં તેજ સમયે તેમણે સંસાર તરફની પોતાની ઉદાસીનતાનો અતિ વિસ્તાર કીધો હતો ને પોતાની ઉત્કટ ત્યાગવૃત્તિનું જગતને દર્શન કરાવ્યું હતું. લાંબા કાળથીજ તેમની ન્હાની ન્હાની વ્યવહાર પ્રવૃત્તિમાં પણ આ ત્યાગવૃત્તિ જગત્ જોઇ શકયું હતું. અહીંઆં એકાદ ઉદાહરણ આપવું બસ થશે. ઝવેરી તરીકેની તેમની પ્રસિદ્ધિ આપણ સર્વના જાણવામાં છે. મર્હુમ મી૦ ત્રીભોવનદાસ ભાણજી કે જેઓ તેઓના અંગત પરિચિત હતા તેઓ એક વાત એમ જણાવતા કે, એક વખતે એક મોતીના વ્યાપારી આરબ ગૃહસ્થે શ્રીમાનને બોલાવ્યા. તેઓ તેમની (ત્રીભોવ-

નદાસની) સાથે ત્યાં ગયા ત્યારે મજકુર આરબ ગૃહસ્થે તેમને મોતીનો કેટલોક જથ્થો બતાવ્યો. આ મોતી અરબસ્તાનના એક વ્યાપારીનાં હતાં, અને તેની બજારમાં સારી કિંમત ઉપજી શકે તેમ હતું. આરબ ગૃહસ્થને શ્રીમાન્ તરફ માનભર્યો પ્યાર હતો. તેમણે તેમને મોતી ખરીદવાનો આગ્રહ કીધો ને તેથી સારો લાભ થશેજ એવી વકી બતાવી. **શ્રી**મદે મોતી જોયાં અને ભાવનો આંકડો નક્કી કરવાનું **આરબ** ગૃહસ્થ ઉપરજ છોડયું. તે ગૃહસ્થના ધ્યાનમાં આ મોતી પોતાનાં નથી તેથી તેનો ભાવ અમુક રકમ સુધીજ લેવાનો છે તે રહ્યું નહિ. અને તેમણે ચોક્કસ રૂ. એક ચવનો ભાવ માંડયો. અંતે સહી સીક્કો કરી સોદો નક્કી કીધો. રસ્તામાં પાછા વળતાં **શ્રી**મદે —તેમને (**મી૦ ત્રી**ભોવનદાસને) કહ્યું કે, આ વ્યાપારમાં આપણને સારો ફાયદો થશે. કેમકે બજારમાં નહિ ઉપજે તોય તેનો સવાયા સુધી ભાવ ઉપજશે. અને તેથી એકંદરે આપણને રૂા. ૨૫ થી ૩૦ હજાર મળશે. **શ્રી**માન્‌ના ગયા પછી મજકુર **આરબ** ગૃહસ્થે પોતાના મોટા ભાઇને આ સોદાની તમામ વાત કરી. મોટાભાઇને તે માલના તમામ વહીવટની ખબર હતી કે આ માલ અરબસ્તાનના પોતાના એક આડતીઆનો છે આથી તેણે તેને ઠપકો આપ્યો. સોદો નક્કી થઇ ગયો હતો એટલે તેનાથી તો કાંઇ બોલાય તેમ નહોતું. બીજે દિવસે તે વ્યાપારીએ ફરીવાર **શ્રી**માન્‌ને બોલાવ્યા ને અસ્પષ્ટ રૂપમાં આ વાતનો ઇસારો કીધો. **શ્રી**માન્ તરતજ સમજી ગયા કે મ્હારા પરના ભાવને લીધે તેમણે મ્હને ખટવવા યત્ન કીધો પણ પોતેજ પોતાની વિસ્મૃતિને લીધે ફસાઇ પડયા છે, ને સોદો કેનસલ કરવાનું કહી શકતા નથી, પણ તેમની વૃત્તિ તેમ જણાય છે. એક બાજુથી ત્રીસ હજારની થેલી ને તે પણ વ્યવહારની વાજબી રીતે પ્રાપ્ત થયેલી ને બીજી બાજુથી પોતાને લાભ આપનારને પોતાના લાભ માટેજ નુકશાની. આવે પ્રસંગે હરકોઇ વ્યવહાર કુશળ માણસ શી રીતે વર્તશે. સોદો કેનસલ થઈ શકે તેમ નથી. આરબ ગૃહસ્થ પણ માલ આપી દેવા તૈયાર છે. તૈયાર ન હોય તો કોર્ટનાં બારણાં તે માલ આપવાને ખુલ્લાં છે, પણ આ સાચા ત્યાગી મહાત્માએ શો જવાબ વાળ્યો ? આટલોજ કે, શેઠ માલ આપનો છે. મ્હેં હજી પૈસા ભર્યા નથી, માલ આપનાજ હવાલામાં છે; ત્હમે તો મ્હને લાભ આપવાને મ્હારા પરના પ્રેમને લીધે આ માલ આપવો ધાર્યો હતો, પરંતુ આપના ઘરમાં ખાડો પાડી હું લાભ લેવાની ઇચ્છા કરૂં એ કેમ બને? તમારા ગજવા પર કાતર મૂકી હું મ્હારૂં ગજવું તર કરૂં કે? ઘણી ખુશીથી તેણે સહી સીક્કાવાળો કાગળ ફાડી નાંખ્યો !! કેવી ઉદાર વૃત્તિ! લક્ષ્મીની પ્રાપ્તિ માટે

સંસાર વલખાં મારે છે ત્યાં આ કેવી ઉત્કૃષ્ટ ત્યાગવૃત્તિ ! ભલેને સાધુપુરૂષો-ના વ્યવહારમાં આવે પ્રસંગે બતાવેલી ત્યાગવૃત્તિની કિંમત ગમે તેવી અંકાય પણ આપણુ સંસારીઓની દષ્ટિના વ્યવહારમાં તો આ ત્યાગવૃત્તિની કિંમત આંકવાને સામર્થ્ય નથીજ. સોદા રાજીખુશીથી કેનસલ કરી ત્રીશ હજારની રકમપરથી પોતાનો હાથ ઉઠાવી લીધેલો જોઈ આરબ ગૃહસ્થ તો ચકિતજ થઇ ગયો, ને તેના હૃદયમાં અતિ માનભરી લાગણી ઉત્પન્ન થઇ. તેણે અર-બસ્તાન પોતાના આડતીઆ સાથે સંદેશા ચલાવી અંતે તે સઘળો માલ એકાદ રૂપિયો વધારે ભાવ લઇ શ્રીમાન્‌નેજ આપ્યો. ને તે બજારમાં દોઢાં કરતાં વધારે ભાવથી વેચાયો. આથી શ્રીમાન્‌ને તો જે લાભ મળવાનો હતો તેથી ઘણો મોટો લાભ મળી ગયો.

આ તો એક જ દષ્ટાંત આપ્યું, પણ તેમની તમામ ઇહલૌકિક ને પારલૌકિક પ્રવૃત્તિમાં આવી ત્યાગવૃત્તિ પ્રબલપણે પ્રવર્તતી હતી, અને એ વૃત્તિનો પ્રભાવ તેના પરિચયમાં આવનારા પર સંપૂર્ણ પડતો હતો. સત્સંગનું પ્રયોજન જ એ છે કે તીર્થસ્વરૂપ મહાત્માઓની પવિત્રતાની છાપ આપણા પર પડે. આવા પ્રભાવનાં અનેક દષ્ટાંત આપણે આપણી પ્રાચીન ગાથાઓ-માં સાંભળીએ છીએ ને વાંચીએ છીએ. શ્રીમાન્‌ના પરિચયમાં જે કોઈ આ-વતું તેનાપર તેની શક્તિની અદ્‌ભુતતાની છાપ પડતી ને તેથી શ્રીમાન્ તરફ પૂજ્ય ભાવના તેનામાં પ્રગટ થતી. આ ભાવના તેની પાસે કંઇ કંઇ સદ્‌વસ્તુ ગ્રહણ કરવાને પ્રેરતી. તેમના પરિચયની અસરનું એક વ્યવહારિક દષ્ટાંત અહીં આપીશું. તેમના એક બનેવી મુંબઇમાં જ્યારે મહામારી ચાલતી હતી ત્યારે તેમાં સપડાયા. શરૂઆતમાં તો કેટલાક ઔષધોપચારથી તેમની પ્રકૃતિ સુધરતી જણાઇ પણ પાછળથી ગાંઠે એકદમ જોર કર્યું ને અતિ સખત તાપને લીધે ભયંકર સન્નેપાત ઉપડી આવ્યો. આથી તેના આપ્ત જનોએ શ્રીમાન્‌ને ખબર આપી. તરતજ તેઓ ત્યાં ગયા. ને પ્લેગના ચેપીપણાનો ભય હોવાથી સઘળાં ઇચ્છતાં હતાં કે શ્રીમાન્ તેમનાથી દૂર બેસે તો ઠીક છતાં તેઓ તેમની પાસે જઇ બેઠા, ને કેટલાક વખત સુધી તેની ભયકંર સ્થિતિ જોઇ પછી તેમણે પોતાનો હાથ તેના મ્હોં પર ત્રણ ચાર વાર ફેરવ્યો ને કેટલાક શાંત પ્રશ્નો કરી તેનું લક્ષ પોતાના તરફ ખેંચ્યું. પછી કહ્યું "ટોકરશી મહેતા, આપણે ઇડરના ડુંગર ઉપર જતા અને ચંદ્રપ્રભસ્વામીના દહેરામાં જતા એ તમને યાદ છે ?" દરદીએ એકાએક શુદ્ધિમાં કહ્યું— "હા. આપ સૌથી ઉંચી ટેકરી ઉપર ધ્યાન કરવા જતા અને હું અને ડાકટર સાહેબ (ડાકટર પ્રાણજીવનદાસ) નીચે બેસતા." શ્રીમાને આગળ

પૂછ્યું " તમને આનંદઘનજીનાં સ્તવનો મોઢે છે કે ? " હા જી. " કેટલાંક પદો અખંડ બોલી ગયા. સ્તવનો બોલી રહ્યા એટલે શ્રીમાને પૂછ્યું, " મેં તમને ત્રણ પદ શીખડાવ્યાં છે તે યાદ છે કે ? " દરદીએ કહ્યું " હા. " " કયાં કયાં ? " શ્રીમાને પૂછ્યું. " બોલો જોઇએ ? " દરદીએ સદ્દગુરૂ, સદ્ધર્મ અને સદ્દેવ એ ત્રિપદો બોલવા માંડયા. બોલતાં બોલતાં થાકયા એટલે લખી આપવાનું કહેતા હોય એવી નિશાની દરદીએ કરતાં તેના હાથમાં એક પેન્સીલ તથા કાગળ મુકવામાં આવ્યાં. લખવા જાય છે ત્યાં એક ક્ષણ વારમાં શરીર ચૈતન્ય રહિત થઈ ગયું. તેનો અમર આત્મા આ ફાની દુનિયાને છોડી ચાલ્યો ગયો. શ્રીમાનના આ પરિચયનું પરિણામ એ સ્પષ્ટ દીશી આવ્યું કે તેમના આવ્યા પહેલાં દરદી સન્નેપાતમાં ગમે તેમ બકતો હતો, જ્યારે શ્રીમાનના આવ્યા પછી તેની વૃત્તિ અપૂર્વ શાંત થયલી જણાઇ આવી.

સામાન્ય મનુષ્યોનો પરિચય સંસાર વાસનાઓને જાગ્રત્ કરે છે, ત્યારે સાધુ પુરૂષોનો પરિચય વૃત્તિઓને અંતર્મુખ કરે છે. સ્વાભાવિક રીતે જ આવે પ્રસંગે આપણે તો કાં ભાઇ કેમ છે ? કંઇ ખાવું પીવું છે ? ત્હારી કંઈ સંસારમાં વાસના રહી જાય છે ? બાઇડી છોકરાંને કાંઈ કહેવું છે ? આમ શું બકયા કરે છે ? આવા આવા અનેક પ્રશ્નોથી સંસારની મેમાનગીરીને તજી જતાં પાન્થને ગુંચવી નાંખીએ છીએ ને તેની વૃત્તિને ઉલટી સંસારના વિષમાં ખેંચી લાવી ઝબોળીએ છીએ. જ્યારે ઉદાર ચરિત સાધુ પુરૂષોનો પરિચય તેમની વૃત્તિઓને શાંત કરી દે છે, સંસારથી વિમુખ કરી પરમાત્મા તરફ વાળે છે. દિવસનો વ્યવહાર જેમ સ્વપ્નમાં ઉભો થાય છે, તેમ જીવનના વ્યવહારો મરણ વખતની ગાઢ સ્વપ્નાવસ્થામાં ઉભા થાય છે. ને આત્માને તેનાં કૃત્યો ગભરાવે છે. આવે પ્રસંગે સાધુ સમાગમ જ સંસારનાં સ્વપ્નનો નાશ કરી વૃત્તિને આત્મસ્વરૂપના માર્ગપર વાળે છે. તેમના પરિચયની અસરનું આ એકજ દૃષ્ટાંત આપ્યું ને તે પરથી તેમના અન્ય પરિચયનું પરિણામ નિવેદી લેવું. સત્સંગનું પ્રયોજન શું છે તે આ દૃષ્ટાંતથી સમજાય છે. આવો પરિચય તે સાધુ પુરૂષની વિદ્યમાન સ્થિતિમાં જ થાય છે એમ નથી. તેઓ સ્થૂલ દેહે અવિદ્યમાન છતાં સૂક્ષ્મ દેહે સંસારમાં સર્વ કાળ વિદ્યમાન હોય છે. તેમના જો અક્ષરદેહનો પરિચય કરવામાં આવે તો તે પણ વિદ્યમાન દેહના પરિચય જેટલોજ લાભ આપે. શ્રીમદ્નો સ્થૂલ દેહ અત્યારે વિદ્યમાન નથી, પણ તેમના પરમ બોધદાયી વચનોમાં તેમનો સૂક્ષ્મ દેહ વિદ્યમાન છે ને તે સ્વરૂપે તે ચિરંજીવ રહેશે.

આપણા હિતનો આ એક પરમ રાજમાર્ગ છે. તે ચિરંજીવ દેહનો પરિચય વારંવાર કરવો.

હવે એક બીજી બાજુ તરફ વળીશું. શ્રીમાન્‌નું સ્થૂલ જીવન પહેલેથી છેલ્લે સુધી એવો અખંડ બોધ આપી રહ્યું છે કે, જેવા હો તેવાજ દેખાઓ ને જેવા દેખાવા ધારતા હો તેવા થાઓ. આપણે ન હોઇએ તેવા દેખાવાનો યત્ન નહિ કરવો. જો કે દુનિયાને આ બોધ કડવો લાગે તેમ છે પણ ઉન્નતિક્રમ તેને અવલંબીજ રહે છે. લાંબા કાળથીજ દુનિયાને એવી કુટેવ પડી ગએલી છે કે પોતે જેવી હોય તેવી દેખાવાને યત્ન કરતી નથી પણ તેથી વધારે સારી દેખાવાનો મિથ્યા પ્રયત્ન કરે છે. જેવી દેખાવાની ઇચ્છા હોય છે તેવી થવાનો યત્ન તે કરતી નથી. અર્થાત્ પોતે પાત્ર ન હોય છતાં પાત્ર છે એમ માની લે છે અથવા પાત્રતા બતાવવા દંભ રચે છે. પણ પાત્રતા લાવવા યત્ન કરતી નથી. અલબત આ બાબતમાં દુનિયા કેટલીકવાર આત્મનિરીક્ષણ શક્તિને અભાવે ભૂલ ખાય છે ને કેટલીક વાર પોતાના સામર્થ્યનું ભાન હોય છે તો સારા દેખાવાની લાલસાએ લુચ્ચાઇ વાપરે છે. અમુક કામ કરવાની પોતાની અશક્તિનું ભાન હોય છતાં તે કામ કરવાનું દુનિયા માથે લે છે ને પછી અધવચમાં તે કામ અડધું મૂકી રઝળાવે છે. આથી ઘણાક ગોટાળા ઉભા થાય છે, ને ઘણાક નિર્દોષ ભોળા જીવોને હાનિ પહોંચે છે. શ્રીમાન્‌ના જીવન વ્યવહારનો એકાદ પ્રસંગ તેમની જેવા હોઈએ તેવા દેખાવાની નિખાલસ વૃત્તિનો ચિતાર આપી શકશે. મતમતાંતરોને લીધે જૈન માર્ગની છિન્નભિન્ન સ્થિતિ થઈ ગઇ છે. તેનો પુનરૂદ્ધાર કરવાની પોતાની ઇચ્છા હતી, અને તે ઇચ્છા પાર પાડવાને કેવા સામર્થ્યની જરૂર છે, કેવાં કેવાં વિઘ્નો આડે આવે તેમ છે તે સઘળાનો સંપૂર્ણ વિચાર તેમણે કર્યો હતો; ને વિઘ્નોની પ્રબળતા છતાં પરમ કારૂણ્ય સ્વભાવથી અને તે સદ્ધર્મ પ્રત્યેની પરમ ભક્તિથી તેમણે તે કામ હાથમાં લેવા ધાર્યું, પરંતુ તેજ વખતે તેમણે પોતાના સામર્થ્યપર નજર નાંખી. અને આત્મનિરીક્ષણથી પોતાના સામર્થ્યમાં કાંઇક ઉણપ પોતાને જણાઇ. આથી નિશ્ચય કીધો કે સ્વરૂપાનુસંધાન પામ્યા પછી સર્વ સંગ પરિત્યાગ કરવો ને સર્વ સંગપરિત્યાગ પણ ત્યારેજ કરવો કે જ્યારે સર્વ પ્રકારની સાંસારિક સંપત્તિઓ જાતે મેળવેલી હોય, આ ત્યાગ પછીજ શાસન ઉદ્ધારનું કામ હાથમાં લેવું. તે પહેલાં અન્ય પુરૂષોની પેઠે ઉદ્ધારક સ્વરૂપે બ્હાર દેખાવું નહિ. તેમને એમ લાગ્યું હતું કે જાતે મેળવેલી અઢળક સંપત્તિનો ત્યાગ દુનિયાને અતિ દિવ્ય લાગે છે ને તેવા ત્યાગથી દુનિયામાં ત્યાગી તરફ પૂજ્યભાવ ઉત્પન્ન થાય છે. આ લોક શ્રદ્ધાને લીધે

ત્યાગીના પ્રયત્નો સફળ નીવડે છે. ભગવાન્ બુદ્ધ દેવનો ત્યાગ દુનિયા અભિનંદે છે તે પણ આવાજ કારણથી. આમ નિશ્ચયપર આવ્યા પછી તેમણે પોતાની મનોરથ સૃષ્ટિ પાર પાડવાને યત્ન આરંભ્યો. સ્નેહી વર્ગમાંથી આ વખતે શાસન ઉદ્ધારક સ્વરૂપે બહાર પડવાનું પણ ઘણું દબાણ કરવામાં આવ્યું. પરંતુ સર્વને એક સરખોજ જવાબ વાળ્યો કે જ્યાંસુધી પોતે ધારેલા સંજોગોચાં મૂકાય નહિ ત્યાં સુધી તે કામ હાથમાં લેશે નહિ. પ્રત્યુત્તરમાંનાં કેટલાંક વાક્યો આ પ્રમાણે છે: " × × અભિન્ન એવું હરિપદ જ્યાંસુધી અમે અમારામાં નહિ માનીએ ત્યાં સુધી 'પ્રગટ માર્ગ' કહી શકીશું નહિ × ×" "પરમાર્થ કેવા પ્રકારના સંપ્રદાયે કહેવો, એ પ્રકાર જ્યાં સુધી ઉપાધિ જોગ પરિસમાપ્ત થાય નહિ ત્યાં સુધી મૌનપણામાં એજ અવિચાર અથવા નિર્વિચારમાં રાખ્યો છે. અથવા તે વિચાર હાલ કરવા વિષે ઉદાસીનપણું વર્તે છે, × ×" કેવું નિખાલસ હૃદય! આજ તો જે શક્તિ પોતાનામાં નથી તે છે એમ દુનિયાદારી લઇને પોતાને તથા અન્યને ઠગે છે. પરંતુ આ સાધુચરિત્ર બતાવે છે કે જેવા હો તેવા દેખાઓ.

સ્વર્ગસ્થનું વ્યવહારજીવન આપણ સંસારીઓને નમુના રૂપ હતું ને તે વિષે ઘણાંક સ્મરણીયો કહી શકાય તેમ છે. પરંતુ આજના સમારંભમાં તેટલો અવકાશ નથી. અહીંઆં એટલીજ સૂચના કરીશ કે વ્યવહારના કેટલાક ગુંચવણીઆ પ્રશ્નોપર તેમણે જે વ્યવહારૂ ઉચ્ચ વિચારો દર્શાવ્યા છે તે આપણ સર્વને વિચારવા જેવા છે. આફ્રિકામાં સત્યાગ્રહની લડત ચલાવવામાં પ્રસિદ્ધ થયેલા શ્રીયુત ગાંધી સાથેના પત્રવ્યવહારમાં તેમણે ભક્ષ્યાભક્ષ્ય ને સ્પર્શાસ્પર્શ વિષે જે વિચારો બતાવ્યા છે તે હાલના જમાનાને મનન કરવા જેવા છે. રાત્રિ ભોજન સંબંધે, આજીવિકાનો વ્યવહાર કેવો રાખવો તે સંબંધે, આપ્ત જનના મૃત્યુ પ્રસંગે કેવા વિચાર કરવા તે સંબંધે, દેહના ઐાષધોપચાર કરતી વખતે કેવી મનોધારણા રાખવી તે સંબંધે, ને એવા એવા વ્યવહારના અનેક પ્રસંગો સંબંધે તેઓએ જે વિચારો દર્શાવ્યા છે અને તેવા પ્રસંગોની વચ્ચે ઉભા રહી જે ચારિત્ર્ય પ્રકાશ કીધો છે તે આપણને સરળ માર્ગદર્શક છે.

મ્હેં આગળ કહ્યું છે તેમ એમના સ્થૂલ સંસાર વ્યવહારનાજ બે ત્રણ સ્મરણીય અહીં આપ્યાં છે. તેમના સૂક્ષ્મ જીવનની પગથી પર ચઢવા પ્રયત્ન કીધોજ નથી. આજના આ પૂજ્ય સમારંભમાં તીર્થ પ્રસાદી માટે સંસારી બાંધવને કંઇ પણ પ્રસાદ મળશે તો ચેતન તીર્થસ્વરૂપ શ્રીમાન્ રાજચંદ્રનો પરિચય સફળ થશે. અને તથાસ્તુ.

શ્રીમાન્ રાજચંદ્રની કવિત્વ શક્તિ.

રા. રા. અમરચંદ પી૦ પરમારનું અવલોકન.

જો તું કવિ હોય તો અસંભવિત પ્રશંસાને સંભારી જઈ આજના દિવસમાં પ્રવેશ કર—**શ્રીમાન રાજચંદ્ર** (૧૬ મા વર્ષ પહેલાં.)

કાવ્ય એટલે **રસ સમન્વિત વાકય રચના.** પછી તે પદ્ય કહો કે ગદ્ય. ધર્મગ્રંથો પ્રાયઃ પદ્યાત્મક હોય છે અને તેથી ઇશ્વિરને કવિ કરીને કહેવામાં આવે છે. કહ્યું છે કેઃ—

जहां न पहुंचै रवि, तहां पहुंचै कवि.

'કાવ્ય' ને દરેક દેશની પ્રજાએ અમૂલ્ય ધન માનેલું છે અને એ કાવ્યો વડે પ્રાચીન મહાન્ વિદ્વાનોના વિચાર આજે જાણી શકયા છીએ. પ્રાચીન વિદ્વાનોના ગદ્યાત્મક ગ્રન્થો બહુ કમ જોવામાં આવે છે અને કાવ્ય વડેજ તેઓ સંગ્રહિત થઇ રહેલા છે.

કાવ્ય–ગાયન હરિણ, ગાય, સર્પ વગેરે ઇતર પ્રાણિયોને પણ સ્તબ્ધ કરે છે તો મનુષ્યના શું આશરા ?

રત્ન નબળું છતાં ઉમદા કારીગર તેનો ઘરેણામાં ઘાટ ઘડી શોભાવી આપે છે. ઉમદા રત્ન ઘાટોના અભાવે અપ્રિય જણાય છે, તે મુજબ રસાત્મક કાવ્ય શબ્દો અલંકાર આદિથી શોભી નીકળે છે.

કામધેનુ સો કાવ્ય હૈ, શબ્દારથ સો દુગ્ધ;
સુખ માખન ભોગત સુધી, બચન સુધાનિધિ શુદ્ધ.

કાવ્યને લીધેજ આર્યાવર્ત્ત ખ્યાતિને પામ્યું છે અને ઇટલી, જર્મની ઇત્યાદિ દેશોની ઉન્નતિ કવિઓને આભારી છે.

કવિઓ જન્મથીજ થાય છે પણ બનાવેલા થતા નથી. ભાટ, ચારણો, રજપૂતોને મરણીઆ કરતા; એ રીતે કવિઓએ, પોતાની અદ્દ્ભુત શક્તિથી સૃષ્ટિને આનંદની લહેરીઓમાં ગોથાં ખવડાવવા ઉપરાંત મહાન્ ઇતિહાસો અને નીતિનાં શિક્ષણો પુરાં પાડી આપણા સાહિત્યમાં મોટો વધારો કર્યો છે, એ કવિઓનં દેવું જન સમુદાયને માથે ઓછું નથી.

अपारे काव्यसंसारे कविरेकः प्रजापतिः ।
यथास्मै रोचते विश्वं तथैव परिवर्त्तते ॥

અર્થાત્ કાવ્યની સૃષ્ટિ અપાર છે, તેનો રચનાર એક કવિજ છે, એ કવિની જેવી રૂચી હોય છે તે પ્રમાણે આ જગતને પલટો આપે છે. બ્રહ્માની સૃષ્ટિ દુ:ખ અને મોહમય છે અને એ કેવળ અસુખમય છે. કાવ્ય, યશ, ધન, વ્યવહાર કે પરિજ્ઞાનને લીધે બનાવવામાં આવે છે. અમંગલ દૂર કરવા અને પરમાનંદની પ્રાપ્તિ અર્થે છે. પરમાનંદ એટલા માટે કે–સમસ્ત પ્રયોજનોમાં મુકટરૂપ કાવ્ય સાંભળતાં રસાદિ સ્થાયી ભાવોના વિભાગ અનુભવાદિ દ્વારા આસ્વાદથી ઉત્પન્ન થએલ, આનંદ શિવાય બીજી કોઈ વસ્તુનું ધ્યાન રહેતું નથી.

રાજાનો ઉપદેશ, મિત્રોનો ઉપદેશ અને કાંતાનો ઉપદેશ એ ત્રણ પ્રકારના ઉપદેશોમાં કાંતાનો ઉપદેશ સચોટ હોય છે, તેની માફક કાવ્યકૃત ઉપદેશ શાસ્ત્રોના ઉપદેશોથી વિલક્ષણ હોય છે. કારણ કે કાવ્યમાં શબ્દ અર્થ તો ગૌણપણે રહે છે. પ્રધાન રસોના અંગભૂત વ્યાપાર વિભાવ અનુભાવ આદિની યોજના અથવા વ્યંજના થાય છે. અલૌકિક ચમત્કારના બોધક નિપુણ કવિ, કર્મરૂપ કાવ્ય પોતાની તરફ વાળી દે છે. બાળકને મીઠાઇનો લોભ આપીને કટુ–કષાયાદિ ઔષધ પાય છે, તેમજ કાવ્યાનંદ લોભથી વશીકૃત શ્રોતાઓને કાવ્યકૃત ઉપદેશ બહુત સુખકર થાય છે.

કાવ્યની ઉત્પત્તિમાં શક્તિ (પ્રતિભા), લોકશાસ્ત્ર, અને નિપુણતા–અભ્યાસ એ ત્રણે સામગ્રીઓના એકત્રિત થવાથી કાવ્ય બને છે.

કાવ્યનું સ્વરૂપ (લક્ષણ) એ છે કે દોષ રહિત ગુણ સહિત શબ્દ અર્થ કાવ્ય છે. અલંકાર અવશ્ય હોવા જોઇએ. કોઇકવાર ન હોય તોપણ થઇ શકે છે.

કવિ જયદેવ કહે છે:—

अङ्गीकरोति यः काव्यं शब्दार्थमनलंकृति ।
असौ न मन्यते कस्मादनुष्णमनलं कृती ॥

અર્થાત્ જે કવિ અલંકાર રહિત શબ્દાર્થને કાવ્ય માને છે, તે અગ્નિને શીતળ કેમ નથી માનતા !

કાવ્યની કૃતિ પ્રમાણે તે ઉત્તમ મધ્યમ અને અધમ હોય છે, તેમજ તેના બનાવનારા કવિઓ પણ મિત્રકવિ, ભ્રાતૃકવિ, પુત્રકવિ અને અદ્ભુત કવિ એવી સંજ્ઞાથી ઓળખાય છે. કલ્પના ગૌરવતા પ્રમાણે તેના વિભાગ બાલકવિ, યુવાનકવિ અને વૃદ્ધકવિમાં પણ થઇ શકે છે. કાવ્યમાં વિચાર પ્રદર્શિત કરવાનો હેતુ એ છે કે કાવ્ય પ્રાસ વગેરેને લીધે વધુ યાદ રહે છે. અને જેમાં શબ્દચમત્કૃતિ હોય છે, તે ઉપર વિશેષ લક્ષ ખેંચાય છે. કેટલાક આધુનિક કવિઓ અજબ જેવા વિચાર ધરાવે છે.

जयन्ति ते सुकृतिनो रससिद्धाः कवीश्वराः।
नास्ति येषां यशःकाये जरामरणजं भयम् ॥

રાજર્ષિ ભર્તૃહરિનો કવિ અને કાવ્ય સંબંધે કેવો સુંદર પરોક્ષ પ્રબોધ ! આધુનિક પ્રકૃતિદાસોને કેવો સચોટ ફટકો ! રસની (પ્રકૃતિની નહિ !) દિવ્ય ભૂમિની ઝાંખી કરાવનાર મનુષ્યહૃદયના મર્મભાગમાં પ્રવેશી હેમાં અંતર્હિત રહેલા અકૃત્રિમ ભાવોને જાગૃત કરનાર, માનવદેહના ક્ષણિક સુખ દુઃખની પરંપરાની પરવા ન કરતાં હેના ચિરસ્થાયી સ્વભાવ સિદ્ધ ચૈતન્ય અને આનંદના સનાતન ગાન ગાનાર, પ્રકૃતિના રંગથી પોતે રંગાયા વિના પ્રકૃતિને રંગીને સત્કર્મના ગુહ્ય પાઠો શીખવનાર, કયો ' કવીશ્વર ' અજરામર નથી થયો ? પ્રકૃતિનો માત્ર પશ્ચાત્‌ભૂમિ તરીકે ઉપયોગ કરીને હેના ઉપર આત્માનું (રસનું) હૃદયહારક ચિત્ર આલેખવું અને વાચકને ઐહિક તેમજ આમુષ્મિક કલ્યાણની ઝાંખી કરાવવી તથા હેમના હૃદયમાં તેજોમય ઐશ્વર્યની ઝળકતી જ્યોતી પ્રકટાવવી તેજ ' કવીશ્વરો ' ની ' રસસિદ્ધિ, ' તેજ હેમની ' સુદ્દાતના ' તેજ તેમનું કૌશલ્ય."

પરંતુ આપણા કેટલાક આધુનિક ' કવિરાજો ' નું કૌશલ્ય વિચારવા જેવું છે. તેમનાં યશઃશરીરોમાંથી નીકળતા કૃત્રિમ ઉભરાનું આસ્વાદન કરવાને, જેઓને ધૈર્ય અને સમય હોય તેઓએ, ઘડીભર ઉભા રહેવાનું છે. કવિ હૃદયોમાંથી 'વહેતા' ધ્વનિને અનુકૂળ પ્રતિધ્વનિ કાઢવાને વાચકે પ્રયત્નશીલ થવાનું છે, નહિતર હેને ' સહૃદય વાચક ' ની અતિ ઇષ્ટ સંજ્ઞા આપવામાં આ ' પરીક્ષકો ' જરૂર સંકોચ કરવાના. આ પરીક્ષકોના આત્મરસિકત્વ માટે હમને સંપૂર્ણ આદર છે; કિંતુ સમાજની પરિસ્થિતિ નિરીક્ષતાં, આપણા પ્રાચીન આત્મલક્ષી તત્વજ્ઞાનની આપણા દેશ ઉપર થયેલી અસર વિચારતાં અને આપણા ભવિષ્યની આછી આછી રેખા દોરી જોતાં, એટલું તો સ્પષ્ટ થાય છે કે ભારતવર્ષમાં હવે સર્વ ક્ષેત્રમાં આત્મરસિકત્વને સ્થાને સર્વાનુભવરસિકત્વ પ્રકટે તોજ આપણો અને ભવિષ્યની પ્રજાનો ખરો અભ્યુદય થવાનો સંભવ છે. અસ્તુ !

આ બધા ઉપરથી તાત્પર્ય એ નીકળે છે કે કવિ જન્મથીજ થાય છે, તેના કાવ્યોપદેશનું ઝરણુ સરળતાથી વહેનારૂં હોય અને વિચારની સંકલના દરેક કડીથી જોડાતી આવે. મારી મચડીને શબ્દો ગોઠવી કવિ કહેવડાવનારાઓ કવિના નામને દૂષણ લગાડે છે.

ભરતેન્દુ હરિશ્ચંદ્રની કવિતાની સરલતા જુઓ. તેમજ સૂરદાસ, કેશવરામ આદિ જુના કવિઓની તો વાતજ શી ?

હવે આપણે **શ્રીમાન્ રાજચંદ્રની** કવિતાપર આવીશું. બાલપણુમાંથી કવિત્વશક્તિવાળો પુરૂષ ઓળખાઇ આવે છે. જો ત્રણ વર્ષનું બાળક બોલે કે—

થાળી, પાળી, ઘંટી, બંટી.

એ પ્રાસો કુદરતી શક્તિ અને વલણ બતાવે છે. **શ્રીમાન્ રાજચંદ્રને** કવિના સામાન્ય નામથી બોલાવવામાં આવતા. તેઓને એ શોખ બચપણથી હતો અને તે ઉત્તરોત્તર વૃદ્ધિને પામ્યો. તેઓએ જો કાવ્યનો કોઇ મહાન્ ગ્રંથ રચવાની ઇચ્છા કરી હોત તો જન સમુદાય ઉપર મોટું ઉપકારનું કારણ થઇ પડત. કવિના પ્રતિ મને બચપણથી ભારી શોખ છે, અને **શ્રીમાન્** કવિની સાથેના મારા લાંબા પ્રસંગમાં મને કવિતા સંબંધી દલીલો કરવાનો પ્રસંગ આવતો. આટલી લાંબી ભૂમિકા કરવાનું કારણ માત્ર એટલુંજ કે કવિ અને કવિતા સંબંધમાં આપણા કવિની કવિત્વશક્તિને કવિ તરીકે કેટલું ભંડોલ હતું તે શ્રોતાઓ સહેજ સમજી શકે.

કવિએ અગીઆર વર્ષની ઉમરે એક નાનું પુસ્તક લખેલું સાંભળવામાં આવ્યું છે, પણ તે મળી શક્યું નથી. છ સાત વરસની ઉમરે ગુજરાતી બીજી ચોપડીમાં હતા ત્યારે નિશાળના મહેતાજીને હાથે એજ્યુકેશનલ ઇન્સ-પેકટરના માનમાં તૈયાર થતી કવિતામાં ભૂલ જેવું સ્વાભાવિક રીતે લાગતાં તેઓએ પોતે કવિતા કરી જાણે છે એવા ખ્યાલથી નહિ પણ સ્વાભાવિક રીતે મહેતાજીને કહ્યું કે, મહેતાજી તમે બોલો છો તેના કરતાં આમ બોલો તો ઠીક લાગે. સોળમે વર્ષે **ભાવનાબોધ** લખ્યો કે જેના ઉપરથી પણ તેઓની કાવ્યશક્તિ જણાઇ આવે છે. તે ઉપરની કવિતાનો નમુનો આ મુજબ છે.

ઉપજાતિ.

વિદ્યુતલક્ષ્મી પ્રભુતાપતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ !

નિવૃત્તિબોધ.

નારાચ.

અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા !
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં વિચિત્રતા !!
ઉઘાડ ન્યાયનેત્રને નિહાળ રે ! નિહાળ તું;
નિવૃત્તિ શિઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

દોહરો.

જ્ઞાન, ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિહાર;
એ ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવપાર.

ઉતરોતર ઉમર વધવાની સાથે જ્ઞાન વધતું ગયું, અવધાનોની શક્તિ વધુ ખીલતી ગઇ અને તે રીતે કાવ્યશક્તિના ઝરણુમાં શ્રાવણુ ભાદરવાની હેલીઓનું જળ ઉમેરાતું ગયું.

સોળ વરસની ઉમર પહેલાં પણુ તેઓએ ઘણી કવિતા બનાવેલી હોય એવું જણાય છે. એક માણુસની સોબતપરથી અથવા તે કેવા પ્રકારનાં પુસ્તકો વાંચે છે તે પરથી જણાઇ આવે છે કે તે પુરૂષ કેવા પ્રકાર અને ચાલ ચલણુનો હોવો જોઈએ. મર્હુમ મી. **વીરચંદ** રા. **ગાંધીનો** પુસ્તકોનો સંગ્રહ તપાસી જોવાનો મને પ્રસંગ આવ્યો હતો પણુ તમે જાણીને તાજુબ થશો કે તે હજારો પુસ્તકના મોટા સંગ્રહમાં એક પણુ Novel યા ગમ્મત આપનારૂં પુસ્તક નહોતું. આપણા કવિના સંબંધમાં પણુ તેવુંજ જોવામાં આવે છે.

તેઓની બનાવેલી જેટલી જેટલી કવિતા મારા જોવામાં આવી તેમાં એક પણુ કવિતા શૃંગારરસની નહોતી. કવિઓ શૃંગારનેજ પ્રાધાન્યપણે રસ કહે છે, પરંતુ આ કવિશ્રીનું દૃષ્ટિબિંદુ હમેશાં આત્માના કલ્યાણુ તરફજ હોવાથી નાની અને મોટી ઉમર સુધીની બનાવેલી કવિતા આધ્યાત્મિક શાંત રસમય જોવામાં આવે છે. પાદપૂર્તિ કરવાનું કહેવામાં આવે તો ત્યાં પણુ વિષય સાદો સોંપ્યો હોય તો તેમાં પણુ અધ્યાત્મ શિવાય બીજી કોઇ બાબત નજરે આવતી નહિ.

સોળ વર્ષ કરતાં નહાની વયે બનાવેલી કવિતામાં પણુ તેજ અધ્યાત્મનાં ઝરણુ વહેતાં જોઇએ છીએ. જેમ કે:—

હરિગીત છંદ.

મુછ વાંકડી કરી ફાંકડા થઇ લીંબુ ધરતા તે પરે,
કાપેલ રાખી કાતરા હર કોઇનાં હૈયાં હરે;
એ સાંકડીમાં આવિયા છટકયા તજી સહુ સોઇને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઇને.

કવિત.

ચતુરો ચોંપેથી ચાહી, ચિંતામણી ચિત્ત ગણે;
પંડિતો પ્રમાણે છે, પારસમણી પ્રેમથી;
કવિયો કલ્યાણુકારી, કલ્પતરૂ કથે જેને,
સુધાનો સાગર કથે, સાધુ શુભ ક્ષેમથી;
આત્મના ઉદ્ધારને, ઉમંગથી અનુસરો જો,
નિર્મળ થવાને કાજે, નમો નીતિ નેમથી;

વદે રાયચંદ વીર, એવું ધર્મરૂપ જાણી,
"ધર્મવૃત્તિ ધ્યાન ધરો, વિલખો ન વે'મથી."

આ કાવ્યમાં શબ્દાલંકાર ઉત્તમ પ્રકારનો છે કે જે સંસ્કાર વિનાના કવિમાં આવી શકે નહિ.

કવિ એકી સાથે ઘણાં કામ કરવાની અવધાનશક્તિ ધરાવતા. અવધાન વખતે હિસાબ ગણવા, વાક્ય યાદ રાખવાં, બાજી રમવી, ઘંટા ગણવા, કવિતા બનાવવી વગેરે અનેક બાબતોમાં રોકાવું પડે છે. તે સૂક્ષ્મ સમયમાં પોતાના પણાનું જેને ભાન હોય તે માત્ર લૂખા વિષયને પણ અધ્યાત્મ જેવા ગહન વિષયમાં ઘટાવી તેઓનું અંતરંગ પ્રતિબિંબ બતાવી શકે.

ગુચ્છા (રજોહરણ) ઉપર એકવાર એવા અવધાનની વખતે કાવ્ય બનાવવાનું કહેવામાં આવતાં,

શાર્દુલ.

ગુચ્છાના ગુણ આ તમામ વદતા, રક્ષા કરે જંતુની,
રાખે જાળવણી કરી શરીરની, આવ્યા કને અંતુની;
રે ! રક્ષા કરવી ઘટે શરણની, એવું સદા સુચવે,
જો ઇચ્છો તરવા ભવીજન ધરો, તો તો ગુચ્છો જે કવે.

એ કાવ્યમાં સરલતાની સાથે કાવ્યચમત્કૃતિ છે.

જે પ્રદેશમાં તેઓનો વાસ હતો તે પ્રદેશમાં હિંદી ભાષાનો વપરાશ મુદલ નહિ છતાં સોળ વર્ષની વયથીજ હિંદીભાષા ઉપર પણ એઓનો ઠીક કાબુ જણાતો હતો. અવધાન વખતે બનાવેલી નીચેની હિંદી કવિતા પરથી માલમ પડે છે કે, મુનિને પ્રણામ કરવામાં અંતરંગના ભાવ ક્યાં સુધી લઇ જઈ પ્રણામ કરે છે.

મુનિને પ્રણામ— **મનહર છંદ.**

શાંતિકે સાગર અરૂ, નીતિકે નાગર નેક,
દયાકે આગર ગ્યાન, ધ્યાનકે નિધાન હો;
શુદ્ધ બુદ્ધિ બ્રહ્મચારી, મુખબાની પૂર્ણ પ્યારી,
સબનકે હિતકારી, ધર્મકે ઉધાન હો;
રાગદ્વેષસેં રહિત, પરમ પુનીત નિત્ય,
ગુનસેં ખચિત ચિત્ત, સજ્જન સમાન હો;
રાયચંદ્ર ધૈર્યપાળ, ધર્મઢાલ ક્રોધકાલ,
મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાનહોઃ—

શબ્દાલંકાર માટે એકાદ વધુ કાવ્ય કે જે પણ અવધાન વખતે બનાવેલું છે તે જુઓ.

શાર્દૂલવિક્રીડિત.

માયા માન મનોજ મોહ મમતા મિથ્યાત્ મોડી મુનિ,
ધોરી ધર્મ ધરેલ ધ્યાન ધરથી ધારેલ ધૈર્ય ધુની;
છે સંતોષ સુશીલ સૌમ્ય સમતા ને શીયળે ચંડના,
નીતિ રાય દયા, ક્ષમા, ધર મુનિ, કોટી કરૂં વંદના.

કવિતા બનાવવા પિંગળની મુખ્ય જરૂર રહે છે. અવધાન કરતી વખતે પિંગળનું ભાન રાખી માત્ર ઠીક ગોઠવવી અને અર્થ લાવવાની સાથે ચમત્કૃતિ લાવવી એ કવિતાની ખૂબી છે. શ્રીયુત **પંડિત ગટુલાલજી** એવાં કાવ્ય બનાવવામાં બહુનામી થઈ ગયા છે. એક શીઘ્રકવિની ખરી પરીક્ષા જો તે અવધાની હોય તોજ ઠીક થઇ શકે છે. સમય જોતાં જે બારીકીમાંથી અવધાનીને પસાર થવું પડે છે, તેટલા બારીક વખતમાં જતરડામાંથી નીકળી જવું એ શક્તિવાળાથીજ અર્થાત્ અદ્ભુત કવિથી થાય એમ હું મારા પોતાના અનુભવથી કહી શકું છું. **શ્રીમાન્** કવિમાં એ શક્તિ હતી. અંતર્લાપિકા વગેરે બનાવવામાં તો એ શક્તિને એકાદ ડગલું આગળ વધવું પડે છે. તે છતાં તેઓ સોળ વર્ષની ઉમરે લાપિકા પણ અવધાન વખતે બનાવી લેતા. જેમકે, કોઇએ **"ચતુર્ભુજ વંદના કરે,"** એની પાદપૂર્તિ કરવા આપી તો કવિએ નીચે પ્રમાણે અંતર્લાપિકામાં કરીઃ—

અંતરર્લાપિકા દોહરો.

'ચ' તુરતા ચિત્તમાં નથી, 'વં' દન લાયક તાત,
'તુ' જ ગતિમાં મોહિ રહું, 'દ' ઇ દે એ વિખ્યાત;
'ર' હું સદા આનંદમાં, 'ના' મ લીધે દુઃખ જાય,
'ભુ' જ વિષ દે જોરને, 'ક' ષ્ટો દુર કરાય;
'જ' ગ સમરે છે આપને, 'રે' મ કરો તે દેવ,
ધાર્યું મારૂં નિપજે, કરતાં રૂડી સેવ,
"ચતુર્ભુજ વંદના કરે."

બાળજીવોના ઉપદેશને અર્થે તેઓએ **મોક્ષમાળા** નામનો ગ્રંથ ૧૭ વર્ષની ઉમરમાં લખ્યો હતો, તેમાં આવેલી કવિતા પણ તેઓની કુદરતી શક્તિ બતાવી આપે છે, બલકે એક ચમત્કૃતિનો નમુનો પૂરી પાડે છે.

ચોપાઇ.

સત્ય શીળને સઘળાં દાન, દયા હોઇને રહ્યાં પ્રમાણ;
દયા નહિ તો એ નહીં એક, વિના સૂર્ય કિરણ ન દેખ.
પુષ્પપાંખડી જ્યાં દૂભાય, જિનવરની ત્યાં નહીં આજ્ઞાય;
સર્વે જીવનું ઇચ્છો સુખ, મહાવીરની શિક્ષા મુખ,
સર્વ દર્શને એ ઉપદેશ, એ એકાંતે નહિ વિશેષ;
સર્વ પ્રકારે જિનનો બોધ, દયા દયા નિર્મળ અવિરોધ !
એ ભવતારક સુંદર રાહ, ધરિયે તરિયે કરી ઉત્સાહ;
ધર્મ સકળનું એ શુભ મૂળ, એ વણ ધર્મ સદા પ્રતિકુળ:
તત્વરૂપથી એ ઓળખે, તે જન પ્હોંચે શાશ્વત સુખે;
શાંતિનાથ ભગવાન પ્રસિદ્ધ, રાજચંદ્ર કરૂણાએ સિદ્ધ.

તેઓના બ્રહ્મચારીપણાના વર્તાવની છાપ તેઓના ચહેરામાં આવીને તાદશ ઉભી રહેતી એટલુંજ નહિ પણ તેઓના કાવ્યમાં અક્ષરેઅક્ષર જણાતી. સત્તર વર્ષની ઉમરે તેઓએ લખ્યું છે કે:—

દોહરા.

નિરખીને નવ યૌવના, લેશ ન વિષય નિદાન;
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન્ સમાન.
આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ;
એ ત્યાગી, ત્યાગ્યું બધું, કેવળ શોક સ્વરૂપ.
એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ, પુર ને અધિકાર.
વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન ને ધ્યાન;
લેશ મદીરાપાનથી, છાકે જયમ અજ્ઞાન.
જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ;
ભવ તેનો લવ પછી રહે, તત્વવચન એ ભાઈ,
સુંદર શીયળસુરતરૂ, મન વાણી ને દેહ;
જે નરનારી સેવશે, અનુપમ ફળ તે લેહ.
પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.

સરળતાવાળા એટલે દરેક સમજી શકે તેવાં, નકામાં ટાયલાંથી દૂર અને શાંત રસમય એઓનાં કાવ્ય જોવામાં આવે છે. પોતાના સામાન્ય મનોરથમાં આખરે લખે છે:—

સવૈયા.

સંશયબીજ ઉગે નહિ અંદર,
જે જિનનાં કથનો અવધારૂં;
રાજ્ય સદા મુજ એ જ મનોરથ,
ધાર, થશે અપવર્ગ, ઉચ્ચારૂં.

આત્માને તારવાના સંબંધમાં એક કાવ્યમાં તેઓ લખે છેઃ—

હરિગીત.

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંકી ભલે;
એ દિવ્ય શક્તિમાન જેથી જંજિરેથી નીકળે ! !
પર વસ્તુમાં નહીં મુંઝવો, એની દયા મુજને રહી;
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં.
હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારૂં ખરૂં ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરૂં ?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં.
તે પ્રાપ્ત કરવાં વચન કોનું સત્ય કેવળ માનવું,
નિર્દોષ નરનું કથન માનો "તેહ" જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો.

ઉમર જતાં અધ્યાત્મનું નિશાન તો તેજ રહ્યું, માત્ર નિશાન પ્રાપ્ત કરવાની શક્તિ વધી.

એકવીશ વર્ષની ઉમરનું આ કાવ્ય જુઓઃ—

જે ગાયો તે સઘળે એક, સકળ દર્શને એજ વિવેક;
સમજાવ્યાની શૈલી કરી, સ્યાદ્વાદ સમજણ પણ ખરી.
મૂળ સ્થિતિ જો પૂછો મને, તો સોંપી દઉં યોગી કને;
પ્રથમ અંતને મધ્યે એક, લોકરૂપ અલોકે દેખ.
જીવાજીવ સ્થિતિ જે જોઈ, ટળ્યો ઓરતો શંકા ખોઈ;
એમ જ સ્થિતિ ત્યાં નહી ઉપાય, "ઉપાય કાં નહીં" શંકા જાય.
એ આશ્ચર્ય જાણે તે જાણ, જાણે જ્યારે પ્રગટે ભાણ;
સમજે બંધ મુક્તિ યુક્તિ જીવ, નિર્ખી ટાળે શોક સદૈવ.
બંધયુક્ત જીવ કર્મસહિત, પુદ્ગળરચના કર્મ ખચિત;
પુદ્ગળજ્ઞાન પ્રથમ લે જાણ, નરદેહે પછી પામે ધ્યાન.

જો કે પુદ્‌ગળનો એ દેહ, તોપણુ ઓર સ્થિતિ ત્યાં છેહ;
સમજણુ બીજી પછી કહીશ, જ્યારે ચિત્તે સ્થિર થઇશ.
જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ.
સર્વ કાળનું છે ત્યાં જ્ઞાન, દેહ છતાં ત્યાં છે નિર્વાણુ;
ભવ છેવટની છે એ દશા, રામધામ આવીને વસ્યા.

જુદા જુદા દર્શનો વિષે તેઓ કહેતા કે,

દોહરા.

ભિન્ન ભિન્ન મત દેખીએ, ભેદ દૃષ્ટિનો એહ;
એક તત્ત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ.
તેહ તત્વરૂપવૃક્ષનું, આત્મધર્મ છે મૂળ;
સ્વભાવની સિદ્ધિ કરે, ધર્મ તે જ અનુકૂળ.
પ્રથમ આત્મસિદ્ધિ થવા, કરીએ જ્ઞાનવિચાર;
અનુભવી ગુરૂને સેવીએ, બુધજનો નિર્ધાર.
ક્ષણુ ક્ષણુ જે અસ્થિરતા, અને વિભાવિક મોહ;
તે જેનામાંથી ગયા, તે અનુભવી ગુરૂ જોય.
બાહ્ય તેમ અભ્યંતરે, ગ્રંથ ગ્રંથી નહીં હોય;
પરમ પુરૂષ તેને કહો, સરળ દૃષ્ટિથી જોય.
બાહ્ય પરિગ્રહ ગ્રંથિ છે, અભ્યંતર મિથ્યાત્વ;

સ્વભાવથી પ્રતિકૂળતા—

એક હિંદીકાવ્યઃ—

તોટક.

પરપ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદસુ ઉર બસેં;
વહ કેવલકો બિજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઇ દિયે.

એઓએ **આત્મસિદ્ધિશાસ્ત્ર** નામનો એક નાનો અને સરલ ગ્રંથ કવિતામાં રચ્યો છે. તે ગ્રંથ દરેક દર્શનવાળાને માનનીય થઈ પડયો છે, અને તેનું કારણુ માત્ર મૂળતત્વના ઉપરજ આધાર રાખી સરલતાથી સમજાવતાં દિલને વિષે કોઇ પણુ ધર્મ વિષે રાગદ્વેષ થાયજ નહિ તેજ છે.

એકાદ બે કાવ્યના નમુના

નહિ કષાયઉપશાંતતા, નહિ અંતર્‌વૈરાગ્ય;
સરલપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય.

વળી આત્માર્થીનાં લક્ષણો કહેતાં:—

જે ક્ષય મોહ થઇ, પામે પદ નિર્વાણ;
જ્યાં પ્રગટે સુવિચારણા ત્યાં પ્રગટે નિજ જ્ઞાન.

કર્મ અને આત્માના સંબંધમાં લખે છે:—

શંકા:—શિષ્ય ઉવાચ.

કર્ત્તા જીવ ન કર્મનો, કર્મજ કર્ત્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ.
આત્મા સદા અસંગને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઇશ્વિર પ્રેરણા, તેથી જીવ અબંધ.
માટે મોક્ષ ઉપાયનો, કોઇ ન હેતુ જણાય;
કર્મતણું કર્ત્તાપણું, કાં નહીં, કાં નહીં જાય ?
કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ.
કર્તા ઇશ્વિર કો નહીં, ઇશ્વિર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઇશ્વિર દોષ પ્રભાવ.
ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપસ્વભાવ;
વર્ત્તે નહીં નિજભાનમાં, કર્તા કર્મ પ્રભાવ.

એઓના કાવ્યની ખુબીના દાખલા આપતાં સમય બહુ જોઇએ. જેમ બાળપણની અવસ્થાની તેઓની કાવ્યશક્તિનાં દ્રષ્ટાંત આપ્યાં તે પ્રમાણે તેઓનો દેહોત્સર્ગ થયો તે પહેલાં દસેક દિવસ અગાઉ–કે જે વખતે તેઓના શરીરનું વર્જન માત્ર ૪૩ રતલ થઇ ગયું હતું તેનો નમુનો આપું છું. આવી નબળી શરીરસ્થિતિએ પણ મગજ કેવી ઉત્તમ રીતે કામ કરતું હતું તે આ કાવ્યો ઉપરથી જણાશે.

દોહરા.

આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપપ્રકાર.
જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઇ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્રો સુખદાઇ.
જિનપ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્દગુરૂ, સુગમ અને સુખખાણ.
ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિ સહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત.

ગુણ પ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્ગુરૂવડે, નિજદર્શન અનુયોગ.
પ્રવચન સમુદ્રબિંદુમાં, ઉલટી આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદારહરણ પણ તેમ.
વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ.
મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરૂણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.
રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઇષ્ટ નહીં આત્મથી, મધ્ય પાત્ર મહા ભાગ્ય.
નહીં તૃષ્ણા જીવ્યા તણી, મરણ યોગ નહીં ક્ષોભ;
મહા પાત્ર તે માર્ગના, પરમ યોગ જીતલોભ.
આવ્યે બહુ સમ દેશમાં, છાયા જાય સમાઇ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઇ.
ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહી વાર.
સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર તદ ધ્યાન મંહી;
પ્રશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વરતે જયતે.

એક હિંદી કવિએ કહ્યું છે કે,

* * *

અણ બુડે બુડે, તરે જો બુડે સબ અંગ.

અર્થાત્ કવિત્વ રસમાં જે બુડ્યા છે, તેઓજ માત્ર તર્યા છે, અને જેઓ બુડ્યા નથી તેઓજ બુડી ગયા છે. કવિ એ રસમાં ડુબી ગયા હતા એમ આપણે જોયું. પ્રસિદ્ધ બનારસી કવિએ પ્રથમ શૃંગારમય કવિતા બહુ બનાવી પાછળથી વૈરાગ્યના કાવ્ય બનાવવામાં આખી જીંદગી પૂરી કરી હતી, તો આપણા આજના નાયક કવિ જેવા તો કોઇકજ હોય કે બાલપણાથી મરણ પર્યંત અધ્યાત્મિક હતા. ધન્ય છે!

એક સ્થળે કહ્યું છે કે:—

એક શબ્દની સર્વમાં, વાત ઘટાવે ભ્રાંત;
કવિ તેને કે'વો સદા, નહિ તો કવિ સાક્ષાત્.

એવી શક્તિવાળા કવિ, નહિ તો કવિ એટલે વાંદર કહેવાય.

કવિની જેજે કવિતા મળી આવેલી છે, તેનો સંબંધ જોતાં જરૂર તેમની બીજી કેટલીક કવિતાઓ ગેરવલ્લે થએલી હોવી જોઇએ. જો લાગતા વળગતા પ્રયાસ કરશે તો મળી આવશે.

તેઓની બનાવેલી કવિતાનો અધ્યાત્મિક રસ લૂંટવાની ઇચ્છા ધારી, ભલામણ કરી, કવિના આત્માને શાંતિ ચાહી, તેઓએ સોલ વર્ષની વયે કવિવર્ગને ઉપદેશરૂપ જે વચનો કહ્યાં છે અને જે મેં શરૂઆતમાં ટાંકેલ છે તે દરેક કવિને હું મનન કરવા વિનંતિ કરૂં છું.

શ્રીમાન્ રાજચંદ્રના જીવન તથા વિચારોની અસર.

રા૦ ગોવીંદજી મૂળજી મેપાણી બી૦ એ૦ નું વિવેચન.

"વસ્તુગતે વસ્તુ લહોરે, વાદવિવાદ ન કોય.

—શ્રી ચિદાનંદજી.

માનવંતા પ્રમુખ સાહેબ અને સુજ્ઞબંધુઓ,

આજના માંગલિક પ્રસંગે, જે મહાત્માની જયંતિ ઉજવવા આપણે એકત્ર થયા છીએ, તેમના જીવન તથા વિચારોથી આ યુગપર કેવી અસર થઇ છે અને તેમના લેખો આ સમયમાં જિજ્ઞાસુઓને કેવા ઉપકારી છે તે વિષે બે બોલ હું કહીશ.

આપને સુવિદિત હશે કે પ્રાચીનકાળમાં મોક્ષમાર્ગનો પ્રવાહ આર્યાવર્તમાં અસ્ખલિતરૂપે વહ્યા કરતો હતો, તે છેલ્લા બે હજાર વર્ષ થયાં માત્ર છૂટાછવાયા અધ્યાત્મ જ્ઞાનીઓના દાખલા સિવાય, રાજક્રાન્તિ આદિ અનેક કારણોને લઇ પ્રવાહરૂપે વહેતો બંધ થયો હતો અને તેનું રહસ્ય કાળક્રમે ભૂલાતાં ધર્મ ઘણે ભાગે અજ્ઞાન ક્રિયા તથા વહેમના ભંડારરૂપ થઈ પડયો હતો. તેવે વખતે પાશ્ચાત્ય કેળવણી હિન્દમાં દાખલ કરવામાં આવી, જેથી ધર્મમાં જે કાંઇ શ્રદ્ધા રહી હતી તે યુવકોમાંથી નાબુદ થઇ. નવીન કેળવણીએ વિદ્યાર્થીઓની દૃષ્ટિમર્યાદા વિશાળ કરી અને તેમનામાં મહત્વાકાંક્ષાઓ પ્રકટાવી.

તેમણે પોતાના કુળધર્મ તરફ વળીને જોયું તો જ્યાં ત્યાં અજ્ઞાન તથા વહેમનું સામ્રાજ્ય નિહાળ્યું. ધર્માંધતા, પોતાના ગચ્છ કે મતનો આગ્રહ, પોતાની અંદર કલહ, કુસંપ, ક્રિયાજડતા અથવા શબ્દ અધ્યાત્મનો દંભ તેમની નજરે પડયાં. તેમને લાગ્યું કે:—

" The generality of men receive from teachers some theory or other, which lays down what they *ought* to desire, and *ought* to make the prime object of life, and they never test the theory by their own individual experience and practice.

Unfortunately, popular teachers hold conflicting and diverse opinions, and the mass of unthinking, coming under their influence, are swayed hither and thither, and unable to judge for themselves which teacher is right and which wrong, the general mind becomes thoroughly confused, and evils which are enormous in extent and disastrous in consequence result alike to individuals and to society at large. "

—*J. H. Clapperton.*

શ્રી દેવચંદ્રજીના શબ્દોમાં કહીએ તો,

ક્રિયારૂચી જીવડાં રે, ભાવ ધર્મરૂચી હીન.
ઉપદેશક પણુ તેહવા રે, શું કરે જીવ નવીન?

આમ ધર્મમાં પ્રવેશ કરાવનાર કોઈ ઉદાર વિચારવાળા યોગ્ય પુરૂષોને અભાવે, તથા પોતામાં જાતે પ્રવેશ કરવાની શક્તિ ન હોવાથી કેટલાક તો તદ્દન જડવાદી થઇ ગયા, ને કેટલાકે એ વિષયની તદ્દન ઉપેક્ષા કરી. ધર્મને એક નિરૂપયોગી તથા નિર્માલ્ય વસ્તુ ગણી, ને નીતિમાંજ તેની પરાકાષ્ટા માની લીધી. આમ નીતિનો મૂળ પાયો જે ધર્મ તેનો નાશ થયો. પાશ્ચાત્ય કેળવણીએ જુની ઇમારતને તદ્દન પાડી નાંખી, પણ તેને ઠેકાણે કોઇ પણ સંગીન ઇમારત ચણી શકી નહિ. કેટલાકનો લક્ષ ક્રિશ્ચિયાનિટી તરફ ગયો; પણ ડો. મેક્ટીકનના કહેવા અનુસાર, તેમાં Theology અને Philosophy ધર્મ તથા તત્વજ્ઞાનને તદ્દન અલગ પાડી નાંખવામાં આવેલા હોવાથી, તત્વજ્ઞાન વિનાના ધર્મથી તેમના હૃદયને સંતોષ થયો નહિ. આમ નવીન પ્રજા અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થઈ.

એક અંગ્રેજ લેખકના શબ્દોમાં કહું તો,—This was the age of criticism; it was not the age of historical insight or of sympathy with the past. The thinkers of whom we speak were too acutely sensible of their *e'craser l' infame* (to crush what is bad) to see any beauty in the structures of old belief and traditional authority which they hoped to destroy.

—*William Wallace.*

આ કાળમાં સર્વથા પાશ્ચાત્ય ધોરણ પ્રમાણે સુધારાઓ દાખલ કરવા ખુબ પ્રયાસો કરવામાં આવ્યા જેથી જુના તથા નવીન વિચારોવાળા સાથે સ્વાભાવિક ઝઘડો થયો. પણ આ પ્રયાસો નિષ્ફળ ગયા. કારણ ઘણા પ્રાચીન કાળથી લોકોમાં જામેલી ધર્મભાવનાઓને તેમાં મુદ્દલ અવકાશ ન હતો.

આ ભુલ ત્યાર પછીના યુગના સુધારકોએ શોધી કહાડી. મી. રાનડે આદિ કેટલાક સુધારકોને જણાયું કે ધર્મનો અનાદર કરીને સુધારો કરવાને બદલે પ્રાચીન ભાવનાઓને ચાલુ સમયને અનુકૂળ રૂપમાં મૂકી, ધર્મનું આ-લંબન લઇને સુધારો કરવામાં આવે તો તે સફળ થઇ શકે.

" One deliberate conviction has grown upon us with every effort, that it is only a religious revival that can furnish sufficient moral strength to work out the complex problems which demand our attention. Only a Religious revival, a revival not of forms, but of sincere earnestness which constitutes true religion, can effect the desired end. "

—*M. G. Ranade.*

દુનિયામાં જે જે મહાન્ પરાવર્તનો થયા છે તેનો ઇતિહાસ બારીકીથી જોશો તો જણાશે કે, તે સઘળા તે સમયે થયેલ ધાર્મિક ચળવળના પરિણામ રૂપ હતા. હિન્દમાં મરાઠાઓનો ઉદય, યુરોપમાં થયેલ 'રીફૉર્મેશન' એ આદિ મહાન્ ઐતિહાસિક બનાવો તે સમયમાં થયેલ ધાર્મિક જાગૃતિને આભારી હતા. જો દેશનો ઉદ્ધાર કરવાનો સહેલો માર્ગ કોઇ પણ હોય તો તે પોતાના ધર્મ માટે, પોતાના પૂર્વજો માટે, પોતાની જાત માટે, તથા પોતાના દેશ માટે અભિમાન પ્રકટાવવું એ છે. આવા વિચારોમાંથી હાલની

રાષ્ટ્રિય ભાવના ફલિત થઇ છે, અને આખા હિન્દમાં પૂર્ણ વેગથી પ્રસરી રહી છે.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहं ॥

—**શ્રી ગીતાજી.**

એ ગીતાજીના વાક્યને જાણે કાંઇક અંશે સિદ્ધ કરવાને આ સંક્રાન્તિકાળમાં **શ્રીમાન્ રાજચંદ્રનો** જન્મ થયો હતો. માત્ર સાત વર્ષની વયે એક શબને જોઈ તેમનામાં પ્રગટેલ વૈરાગ્ય તથા આત્મપ્રકાશ, કાંઇ પણ અભ્યાસ કર્યા વિના તત્વજ્ઞાનનો લઘુ વયમાં થયેલ અદ્ભુત બોધ, તથા શતાવધાનાદિ તેમની દૈવી શક્તિઓ, શાસ્ત્રમાં પુનર્જન્મ તથા આત્માના અનંત સામર્થ્ય વિષે કરેલ કથનની પ્રતીતિ કરાવનારાં તથા ધર્મમાં માણસોની શ્રદ્ધા સુસ્થિર કરનારાં થઇ પડયાં હતાં.

" Men will wrangle for religion, write for it, fight for it, anything but-live for it,"—એ સામાન્ય સત્યને અપવાદરૂપ તેમનું જીવન હતું. He carried out " in the conduct of life what the current orthodoxy was content to recognise in word and form."

—*William Wallace.*

તેમને જણાયું કે " While in things essential there should be unity, in things non-essential there should be liberty, and in all things there should be charity. Were this wise rule followed by each, we should hear less of the religious antagonism and sectarian disputes that bring shame on the very word 'religion'. That which ought to unite has deen the ever-springing source of division, until many have impatiently shaken off all religion as being man's worst enemy, the introducer everywhere of strife and hatred."

—*Mrs. Annie Besant.*

તેમણે પોતાના દૃષ્ટાંત તથા લેખોથી સિદ્ધ કરી બતાવ્યું હતું કે:—

" Religion should extinguish strife;
And make a calm of life."—

—*Cowper.*

ધર્મ એ કાંઈ પ્રજાને વહેમી બનાવવા માટે, જાતભાઇઓ વચ્ચે અંદર અંદરમાં કલહ કુસંપ ઉત્પન્ન કરાવવા માટે, કે જનસમુદાયના સાંસારિક સુખ તથા વિકાસને હણવા માટે નથી, પણ

Religion is, if rightly understood,
A pledge of peace, the bond of brotherhood;
A shield against whatever would destroy
Fraternal concord and domestic joy.

—*Edmund Peel.*

જીવને ઉન્નત કરનાર, હૃદયને પોષનાર, મહત્વાકાંક્ષાઓને સંતોષનાર, સર્વભેદભાવને દૂર કરનાર, ઐહિક તેમજ આત્મિક શ્રેયને સાંધનાર, પરમ ઔદાર્યયુક્ત ધર્મનું સ્વરૂપ છે. ધર્મ એ માત્ર શબ્દમાં રહેલો નથી, કે માત્ર ઘરબાર ત્યાગ્યાથીજ પાળી શકાય, તેમ નથી, પણ જીવનમાં ઉતારી શકાય એમ છે, ગૃહસ્થાવાસમાં સાધી શકાય એમ છે.

જેઓ મિથ્યા વાદવિવાદ કરી શાસ્ત્રને સંસારરૂપ કરી બેઠા છે તેઓ ભૂલે છે. શાસ્ત્રમાં ધર્મ છે, પણ તેની કુંચીઓ જ્ઞાની પુરૂષો પાસે રહેલી છે, કારણ કે તેઓ જ જાતિ અનુભવથી તેમાં રહેલી સત્યતાની કસોટી કરી શકે છે. ' ડાઇલેમા ' ના રૂપમાં આ વાત મૂકીએ-કે (૧) જેમને કાંઇ પણ આત્મઅનુભવ થયો નથી, માર્ગાનુસારીપણું પણ પામ્યા નથી, તેમનું અનુભવ વિનાનું કથન ભ્રમ ભરેલું હોવા સંભવ છે, એટલે તેમણે તે ખંડન મંડનમાં ઉતરવું એ નિરર્થક છે; અને (૨) જેમને તેવો અનુભવ થયો છે, જેમના અંતરમાં આત્મજ્યોતિ પ્રકટી છે તેમને વાદવિવાદ હોય જ નહિ, કારણ તેમના યોગ સામર્થ્યનો પ્રભાવ જ એવો હોય છે કે તેમની વાણી નિષ્ફળ જતી નથી.

શ્રીમાન્ રાજચંદ્રે મોક્ષમાળામાં ' સમાજની અગત્ય ' વિષે એક પાઠ લખ્યો છે. તેઓ કહે છે કેઃ—

" સર્વજ્ઞ ભગવાનનું કહેલું ગુપ્ત તત્ત્વ પ્રમાદ સ્થિતિમાં આવી પડયું છે. તેને પ્રકાશિત કરવા તથા પૂર્વાચાર્યોનાં ગુંથેલાં મહાન શાસ્ત્રો એકત્ર કરવા, પડેલા ગચ્છના મતમતાંતર ટાળવા તેમજ ધર્મવિદ્યા પ્રફુલિત કરવા સદાચરણી શ્રીમંત અને ધીમંત બંનેએ મળીને એક મહાન્ સમાજ સ્થાપન કરવાની અવશ્ય છે, એમ દર્શાવું છું. પવિત્ર સ્યાદ્‌વાદમતનું ઢંકાયેલું તત્વ પ્રસિદ્ધિમાં આણવા જ્યાં સુધી પ્રયોજન નથી ત્યાંસુધી શાસનની ઉન્નતિ પણ નથી. લક્ષ્મી, કીર્તિ અને અધિકાર સંસારી કળાકૌશલ્યથી મળે છે, પરંતુ

આ ધર્મ કળાકૌશલ્યથી સર્વ સિદ્ધિ સાંપડશે. મહાન્ સમાજના અંતર્ગત ઉપસમાજ સ્થાપવા, વાડામાં બેસી રહેવા કરતાં મતમતાંતર તજી એમ કરવું ઉચિત છે. હું ઇચ્છું છું કે કૃત્યની સિદ્ધિ થઇ જૈનાંતર ગચ્છ મતભેદ ટળો, સત્ય વસ્તુ ઉપર મનુષ્યમંડળનું લક્ષ આવો, અને મમત્વ જાઓ !"

એમના આ વિચારોની હમણાં સ્પષ્ટ અસર થયેલી જણાય છે. જૈનોના ત્રણે મુખ્ય સંપ્રદાયોની કૉન્ફરન્સોએ ઐક્ય વિષે ખાસ ઠરાવ કરેલ છે અને તે શિવાય એ વિચારોને અનુમોદન આપનાર એક ખાસ વર્ગ ઉભો થયેલો જણાય છે કે જે એવા ધર્મના ઝઘડાથી દૂર રહે છે અને તેનો સત્વર અંત આવે એમ ઇચ્છે છે. હજી જુના વેર વાંધા ચાલ્યા આવે છે, તેથી તથા કેટલાક મતાંધ માણસને લઇને પરસ્પરમાં કોઈ કોઈ વખત કલહ દેખાવ દે છે, પણ કાળના પ્રવાહ સાથે તે નાબુદ થશે એમ મને તો નિઃસંદેહ લાગે છે. ભારતવર્ષના તમામ જૈનોની એકત્ર કૉન્ફરન્સ કરવા કેટલાકને વિચાર રહ્યા કરે છે; ઇશ્વિરેચ્છા હશે તો થોડા વર્ષની અંદર તે મેળવી શકાશે. આ વિચારોની સિદ્ધિ અર્થે-પ્રાચીન જૈન સાહિત્યના ઉદ્ધાર અર્થે-હિન્દના **તમામ જૈનોનું એકત્ર સાહિત્ય પરિષદ્** મેળવવામાં આવે અને તે પ્રસંગે હિન્દની જુદી જુદી ભાષાઓમાં લખાયલા પ્રાચીન જૈન ગ્રંથોનું એક પ્રદર્શન કરવામાં આવે તો ઘણું કલ્યાણ થાય એમ છે અને ઘણાક ભાઈઓની એવી ઇચ્છા છે કે એ યોજનાને પગભર કરવા આજે માત્ર થોડાક સંભાવિત ગૃહસ્થોની એક કમિટી, પોતાની સત્તામાં વધારો કરવાની તથા એ અંગે સર્વ પ્રકારના યોગ્ય પગલા લેવાની સત્તા સાથે નીમાય. હું ઇચ્છું છું કે આપ ભાઇઓ એ મનોરથને સફળ કરશો.

હવે હું મારા વિષયના બીજા ભાગ ઉપર આવીશ. શ્રીમાનના લખાણો જિજ્ઞાસુઓને ખાસ ઉપયોગી છે, કારણ, પ્રથમ તો એમના લેખો સામાન્ય પંડિત જનોના લખાણોથી તદ્દન જુદા પડી જાય છે; તેમના પર આત્મ-અનુભવની છાપ પ્રત્યક્ષ જણાઈ આવે છે. પર્યાય માત્ર અસત્ ન બોલાય તે માટે તેઓ ખાસ કાળજીવાળા હતા, કેવળ નિર્પક્ષ હતા. સ્વાનુભવથી પોતાને જેટલું જણાયું હતું તેટલુંજ તેમણે કથન કરેલું છે; જેથી જિજ્ઞાસુઓને તે ખાસ વિશ્વાસને યોગ્ય થઈ પડે છે; અન્ય અધ્યાત્મજ્ઞાનીઓનાં વચનો કાવ્યમાં હોય છે અને તેનું રહસ્ય બહુ ગુઢ હોઇ સામાન્ય માણસોથી સમજી શકાતું નથી, જ્યારે શ્રીમાનના લેખોનો મોટો ભાગ ગદ્યાત્મક હોઇ સ્હેલાઇથી સમજી શકાય એમ છે. નવીન કેળવણીથી જેની કૂપમંડુકતા ગઇ હોય એવા પ્રજ્ઞાવાન માણસોની ધર્મ વિષયે ગમે તેવી મહદ્ અભિલાષાઓ

હશે તેમને તેથી અવશ્ય પોષણ મળશે. ગમે તેવો જડવાદિ હશે તેને આત્માના અસ્તિત્વની ખાતરી થશે. એમના લખાણોનો મહાન ચમત્કાર એ છે કે તે પ્રાચીન શાસ્ત્રોથી સહેજ પણ વિરોધી નથી; ઉલટું તેની ખરી ખૂબી સમજાવી તે માટે આપણામાં બહુ માન પ્રકટાવનાર છે. ધર્મનું લોકોત્તર સ્વરૂપ તેથી સમજાય છે, વૃત્તિઓને સન્માર્ગે વાળવાનું તે પ્રબળ સાધન છે. ધર્મ જેમને વહેમરૂપ લાગતો હોય તેઓ પણ સદ્‌બુદ્ધિથી અવલોકશે તો અવશ્ય ધર્મની સન્મુખ થશે અને ધર્મનું માહાત્મ્ય તેમને જણાશે.

હાલના સમયમાં એમના જેવા સમર્થ તત્વજ્ઞાની કોઇ પણ થયા નથી એટલે અધ્યાત્મ માર્ગનું ખરૂં રહસ્ય સમજવા ઇચ્છિનારને, પછી તે ગમે તે ધર્મને માનનાર હોય, તેમણે એમના લખાણો અવલોકવાની ખાસ અવશ્ય છે. ઉપશાંત તથા વીતરાગવૃત્તિના પુરૂષોને પ્રભુભક્તિનો સત્ય રંગ ચડાવવા માટે તે વિશેષ ઉપકારી થશે.

હૃદયમાં તત્વ પામવાની અભિલાષા પ્રકટયા વિના, ધર્મને સન્મુખ થયા વિના, ટુંકામાં પાત્રતા વિના જ્ઞાન પરિણમે નહિ એ સ્વાભાવિક છે. ધર્મનું રહસ્ય પામવા માટે જે અભ્યાસ કરવો હોય તેનું વિનય વિવેક પુરઃસર અવલોકન થવું જોઇએ. સ્વામિ વિવેકાનંદના શબ્દોમાં કહું તો—

We must approach the study of religion with a reverent attitude; he who comes with a pure heart and a reverent attitude his heart will he opened; the doors will open for him and he will see the truth.

—*Swami Vivekanand.*

પ્રોફેસર બળવંતરાય કલ્યાણરાય ઠાકોર બી. એ. ના વિચારો.

પ્રમુખ સાહેબ અને સભાસદો,

આજની સભામાં ભાગ લેતાં મને આનંદ થાય છે. શ્રીયુત રાજચંદ્ર વિષે મારી પહેલાંના તેમ મારા પછીના વક્તાઓને વિશેષ પરિચય હોવાથી હુ એ આજનો મુખ્ય વિષય એઓનેજ સોંપી દઉં છું. શ્રીયુત રાજચંદ્રજી

સાથેનો મારો પોતાનો પરિચય બહુજ અછડતો હતો. એ પરિચયથી અને એમના ગ્રંથો તથા કાગળો વાંચવામાં આવતા મને એઓ **જન્મના તપસ્વી** (Born ascetie)લાગેલા હતા અને એ મારો મત મેં કેટલાક વર્ષ ઉપર એક મિત્રને કાગળમાં લખ્યો હતો. આ મત એમની સાથે ગાઢ પરિચયમાં આવેલા તેમજ જૈનશાસ્ત્રોના સારા અભ્યાસી એવા એકથી વધારે વિદ્વાનોએ તે દિવસ પછી આજ સુધીમાં પોતાની અનુમતિની સાથે જાહેર કરેલો છે. એટલે હું માનવાની હિંમત કરી શકું છું કે **શ્રીયુત રાજચંદ્રજી જન્મના તપસ્વી** હતા એ વાત સત્યજ હોવી જોઇએ.

જૈન ફિલસુફી અને શાસ્ત્રો વિષે આપની આગળ એક પણ અક્ષર કહેવાનો હું અધિકારી નથી, કારણ કે એ વિષયોમાં હું અજ્ઞાન છું; પરંતુ આપણા હિંદુસ્થાનના ધર્મો, પંથો અને સંપ્રદાયો એક બીજાની સાથે અત્યંત નિકટનો સંબંધ ધરાવે છે, એટલે મારા હિંદુ ધર્મની અને તેમાંના શૈવ, વૈષ્ણવ આદિ સંપ્રદાય, તેમજ અદ્વૈત, દ્વૈત આદિ ફિલસુફીની જે સ્થિતિ છે, તેવીજ કંઇક અત્યારે જૈનધર્મ અને તેમાંના જુદા જુદા ગચ્છોની, તથા તેની ફિલસુફી કે ફિલસુફીઓની પણ છે, એવું અનુમાન વધારે પડતું નહિ ગણાશે એમ આશા રાખું છું.

એ સ્થિતિ શી છે? સમસ્ત હિન્દની પ્રજાની હાલની ધાર્મિક સ્થિતિ કયા પ્રકારની છે? વેદાન્તના કોઇ એક ગ્રંથમાં એવું રૂપક છે કે જિજ્ઞાસા ચિન્તન, મનન આદિ મંથન એટલે કે વલોણાના કાર્યથી શ્રદ્ધાની ગોળીમાં જ્ઞાનરૂપી માખણ ઉત્પન્ન થાય છે. પણ ગોળીમાં જો જરા જેટલું પણ કાણું હોય તો શું થાય છે—અભ્યાસ, અનુભવ, સત્સંગ આદિ શુભ દ્રવ્યો ગોળીમાં આપણે ફરી ફરીને ભરીએ, તેમ ચિન્તન, મનન આદિના મન્થનમાં બધી શક્તિઓ વાપરીએ, તોપણ ગોળી ઠાલીની ઠાલી રહે છે, અને જ્ઞાનના નવનીતની ઉત્પત્તિ થઇજ શકતી નથી.

આ રૂપકમાં ઝીણવટથી વિચારતાં અનેકાનેક બોધ સાંકળેલા માલુમ પડશે, પરંતુ આજે હું તમારી આગળ તેમાંથી એક જ બાબત મૂકવા માગું છું. શું હિન્દુઓમાં કે શું જૈનોમાં, અત્યારે એક બળવાન્ વર્ગ કેવળ સ્થિતિચુસ્ત–conservative–છે. આપણા ધર્મ, આપણા સંપ્રદાયો, આપણા ક્રિયાકાંડની અત્યારે જે દશા છે, તેનેજ એઓ આપણા ધર્મનું સનાતન સ્વરૂપ માને છે, અને મનાવવા મથે છે. કોઇ માણસ શુદ્ધ જિજ્ઞાસાની ખાતર પણ કંઈક વધારે જાણવા, વધારે સમજવા, વધારે ઉંડો ઉતરવા મથે, તો ઉપલા સ્થિતિચુસ્ત બન્ધુઓ એને અશ્રદ્ધાળુ અને નાસ્તિક ઠોકી બેસાડે છે.

આ સ્થિતિચુસ્ત બન્ધુઓમાંના ઘણામાં ચારિત્ર્યબલ છે, તપોબલ છે, વિશુદ્ધિબલ છે, અનુભવબલ છે. બીજી પણ અનેક રીતે તેઓ પૂજ્ય છે, એનો હું અંતઃકરણપૂર્વક સ્વીકાર કરૂં છું. પરંતુ એઓને, આપણને, સૌને, સર્વ દેશ અને સર્વ કાલમાં પરમ પૂજ્ય વસ્તુ તો એક સત્યજ છે, અને સત્યની ખાતર એમને અત્યંત નમ્રતાથી પણ કહેવાની ફરજ પ્રાપ્ત થાય છે કે શ્રદ્ધાની ગોળીમાં કાણું હોય તો જ્ઞાનનું માખણ ન મળે એ વાત જેટલી સત્ય છે તેટલીજ સત્ય આ બીજી વાત પણ છે કે જિજ્ઞાસા મનન ચિન્તન આદિનાં વલોણાં કાર્ય વગર પણ જ્ઞાનરૂપી માખણ ઉત્પન્ન ન જ થઇ શકે, તો હિન્દુ તેમજ જૈન, તેમજ મુસલમાન ધર્મોના સ્થિતિચુસ્ત વર્ગોને આપણે અત્યંત નમ્રતાથી સવાલ પૂછી શકીએ કે મન્થનકાર્યને સીધી કે આડકતરી રીતે અટકાયત કરવાનું કામ ધર્મનું છે કે ઘોર અધર્મનું છે ?

આ મન્થનકાર્ય રાજારામમોહનરાય, દુર્ગારામ મહેતાજી, ભોળાનાથ સારાભાઇ, દયાનંદ સરસ્વતી, સર સૈયદ અહમદ, સ્વામીવિવેકાનંદ, કર્નલ ઑલ્કોટ આદિ મહા પુરૂષોએ આપણા દેશમાં શરૂ કરેલું છે. એથી સ્થિતિ-ચુસ્ત સ્ત્રી પુરૂષોને અનેકાનેક દુઃખ થાય છે, તે હું સ્વિકારૂં છું, પરંતુ પાપોનું પ્રાયશ્ચિત માણસને દુઃખી કરે છે તે પરમ હિતને માટે છે. આ પ્રકારના સંશોધનથી અને ઇશ્વરના અનુગ્રહથી આપણા દેશમાં, અને આપણા ધર્મો અને પન્થોમાં ઉત્તરોત્તર વધારે શક્તિવાળા પુરૂષો પ્રકટ થતા જશે, આપણા ધર્મોમાં, આપણા ચારિત્રમાં, આપણા સંસારમાં, જે બળ એક વાર હતું એવી ઇતિહાસ સાક્ષી પૂરે છે, તે બળ પાછું આવશે અને ત્યારેજ આપણો ઉદ્ધાર થશે.

અને આપણા એકલાનો ઉદ્ધાર છે એમ નથી, એક પ્રજાના ઉદ્ધારથી આખા જગતને લાભ છે એ વાત દેખીતી છે; એટલુંજ નહિ પણ હજાર દોઢ હજાર વર્ષ પહેલાંનો એશિયાનો ઇતિહાસ વિચારો. હિંદુસ્તાનના વિ-ચાર આચાર, સંસ્કૃતિ અને ધર્મ, હિંદુસ્તાનમાંથી નીકળીને ચીન અને જાપાન વાટે મેકસીકો સુધી, તેમ પશ્ચિમમાં ઇજીપ્ત, ગ્રીસ, અને રોમ સુધી પહોંચેલો હતા એ વાત હવે એટલી સારી રીતે પુરવાર થઇ શકે એમ છે કે એકથી વધારે વિદેશી વિદ્વાનો આપણા દેશમાંથી અને આપણી પ્રજાને હાથેજ તમામ સુધરેલા ધર્મ, ઉત્પન્ન થયા છે એવું ગૌરવ આપણને આપે છે. વળી હાલ યુરોપ અને અમેરિકાનું ધાર્મિક વાતાવરણ તપાસશો, તો માલુમ પડશે કે ત્યાંની પ્રજાઓ જેમ કેવળ જડવાદથી તેમ ખ્રિસ્તીધર્મથી પણ વિમુખ થતી છે. ખ્રિસ્તી દેવાલયોમાં પણ ક્વચિત્ ક્વચિત્ ખ્રિસ્તી

ધર્મને નામે આપણા જૂના ધર્મ સિદ્ધાંતોની કંઈ સ્પષ્ટ કે અસ્પષ્ટ છાયાનોજ બોધ થાય છે, તેમજ હર્બર્ટ સ્પેન્સર જેવા વૈજ્ઞાનિકના ઉંડામાં ઉંડા વિચારોનો તાળો મેળવી જોશો તો એ ફિલસુફ અજ્ઞેયવાદ (the philosophy of the Unknowable) નાં તત્વોની છાયાનો બોધ કરતો માલમ પડશે, અને ઑગસ્ટ કૅન્ટ જેવાના સંસારઘટના વિષેના વિચારો નિહાળશો, તો તેમાં આપણા દેશના જ આશ્રમધર્મ અને તપ તથા વ્રતના અનેકાનેક નિયમો સ્વીકારેલા દેખાઈ આવશે. મતલબ કે જેમ દુનિયાના ઈતિહાસમાં વધારે વાર બનેલું છે તેમ હાલના સમયને માટે પણ કહી શકાય કે, આખી મનુષ્ય જાતમાં હાલના ચાલતા ધર્મો તરફ અસંતોષની સાથે ખરી ધર્મ-જિજ્ઞાસાનો પાછો ઉદય થવા માંડયો હોય એવાં ચિન્હ વધતાં જાય છે. આનું શું પરિણામ આવશે એ આપણા વિચારની પણ બહારની વાત છે. પણ આપણા ધર્મ અને આપણી ફિલસુફીએ હજાર દોઢ હજાર વર્ષ પહેલાં જેમ દુનિયાના હિતના માર્ગ બતાવવામાં મોટો ભાગ લીધો હતો તેમ ભવિષ્યમાં પણ ફરી એક વાર એ પ્રમાણે બનવું અશક્ય નથી. આપણે નબળા છીએ, આપણે અશક્ત છીએ, આપણે હતવીર્ય છીએ, આપણે સૈકાઓથી પારકાઓના તેજથી અંજાયેલા છીએ; તેથી આપણે મ્હોડે આવી વાત ઉચ્ચારતાં દુનિયાની હાંસીના પાત્ર થવાય એવું છે, અને ધર્મશીલસુફી અને શક્તિ એ મન્દિરોમાં કે થોથાંઓમાં કે નિસ્સત્વ થયેલી જુની પ્રણાલિકામાં તો નથી. સ્વામી વિવેકાનંદ કહી ગયા છે કે Religion is realisation. સૉક્રેટસથી માંડીને દરેક મહા ફિલસુફનું વચન છે કે, ફિલસુફી એ કેવળ વિચાર શૃંખલા નથી પણ જીવન છે. આપણું જીવન ક્રમે ક્રમે વધારે જ્ઞાનમય, વધારે શ્રદ્ધામય, અને વધારે ધર્મમય થતું જાય તેમ આપણને આપણા બળનો અને આપણા ધર્મનો વિશ્વાસ વધતો જાય એ નિર્વિવાદ છે, અને શંકરાચાર્યના જેવી શક્તિનો કોઈ મહા પુરૂષ ઉત્પન્ન થાય તો આ વીજળી અને વિમાનોના (aeroplane) જમાનામાં એકલાં હિંદુસ્તાનને બદલે આખી દુનિયામાં દિગ્વિજય કરે એમાં આશ્ચર્ય શું છે? વળી હિન્દુ, જૈન, આદિ આપણા દેશના પંથો, સંપ્રદાયો વગેરે એક બીજાની સાથે એટલા બધા નિકટ સંબંધથી જોડાયેલા છે કે, એમાંથી કોઇ એકને પણ કોઈ મહાપુરૂષના તેજનો લાભ મળે, તો તેથી આપણા બીજા બધા પંથો સતેજ થાય એમ છે. માટે જિજ્ઞાસા, ચિન્તન, મનન આદિની મનન્થક્રિયા શૈવ, વૈષ્ણવ, જૈન, મુસલમાન, જ્યાં જ્યાં જોવામાં આવે, ત્યાં ત્યાં તેને આવકારદાયક ગણવી એવો મારો અધીન મત છે, માટે આવી સભાઓમાં હાજરી આપતાં મને આનંદ થાય છે.

રા૦ રા૦ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ., એલ. એલ. બી., નું પ્રમુખ-પદેથી ભાષણ.

આજની સભાનું પ્રમુખસ્થાન મ્હારા સિવાય કોઈ બીજા ગૃહસ્થને આપ્યું હોત તો તે વધારે લાયક ગણાત, કારણ હું મને પોતાને એ કામને માટે બે ત્રણ કારણોને લીધે નાલાયક ગણું છું. એક તો, હું પોતે જૈન સંપ્રદાયી નથી અને તેથી તે ધર્મના રહસ્યથી અજ્ઞાન છું. અને જે મહાન્ નરની જયંતી આજે ઉજવવાની છે તેની જીંદગીના કાર્યની પૂરેપૂરી કદર બતાવવા માટે એ સંપ્રદાય સંબંધી ઉંડું જ્ઞાન હોવું જરૂરનું છે. બીજું હું પોતે શ્રીમાન્ રાયચંદ્ર જોડે કદીપણ સંસર્ગમાં આવ્યો નથી અને ત્રીજું તર્કશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, વેદ વેદાંત જિનશાસન અને ફીલસુફી એ મ્હારો ખાસ વિષય ન હોવાને લીધે તેમાં પૂરેપૂરા પારંગત એવા શ્રી રાયચંદ્રજીની કૃતિનો પૂરેપૂરો ખ્યાલ તમારી સમક્ષ રજુ કરવા હું અશક્ત છું. એમની ગગન-વિહારી ગતિની બરાબરી કરવાને એવાજ ગગનવિહારી વિહંગતાની આવશ્યકતા છે. વળી, અત્યાર પહેલાં પણ જે સદ્‌ગૃહસ્થે આ પ્રમુખ-પદ શોભાવ્યું છે, તેઓ આ અડચણો કે જે મ્હને નડે છે તેમાંથી મુક્ત હતા. આ બધાં કારણોને લીધે મ્હને તમારી રૂબરૂ ત્હમારી સભાના પ્રમુખ તરીકે ઉભા રહેતાં બહુ ક્ષોભ થાય છે, અને મ્હારી પોતાની નબળાઇ હું સંપૂર્ણ રીતે સમજુછું અને તેથીજ એ ખુરસી સ્વીકાર-વાની મ્હેં આ સભાના ચાલકોને ઘણા આગ્રહથી ના કહેલી, પરંતુ તેમના અતિશય આગ્રહને લીધે મ્હારા ગજા ઉપરાંતનું કામ મ્હારે માથે લેવું પડયુંછે. માટે એ સંબંધે જે કાંઇ મ્હારા દોષ તમારા જોવામાં આવે તેનો ઠપકો એ પ્રવર્ત્તકોને શિર છે, હું તો છુટો છું.

જયંતિનો હેતુ.

આટલા પ્રસ્તાવિક શબ્દો પછી હવે પ્રસ્તુત વિષયપર આવીએ. આજ આપણે સૌને ભેગા થવાનો સબબ એક મહાન્ નરની જયંતિ ઉજવવાનો છે. પૂર્વે થઇ ગએલા મહાન્ ધર્મપ્રવર્ત્તકોની જયંતિ થાય છે, તેમ જ હાલ, ટૂંક વખતપર મૃત્યુ પામેલા મહાન્ નરોની પણ જયંતિ થાય છે. કૃષ્ણ-જયંતિ, રામજયતિ, એ હિંદુસ્થાનમાં રૂઢ થઈ ગએલા તહેવારના દિવસ

છે અને તેજ મુજબ આપણામાં મર્હુમ જસ્ટીસ રાનાડેની, અથવા તો બંગાળામાં પંડિત ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરની જયંતિ ઉજવાય છે. કૃષ્ણ-જયંતિ અથવા રામજયંતિનો વિષય પૌરાણિક ગણી હેને ગણત્રીમાંથી કાઢી નાંખીએ તો પણ હાલમાં થઈ ગએલા વિરલ પુરૂષોની જયંતિ આપણું ધ્યાન ખેંચ્યા સિવાય રહેતી નથી. એ જયંતિ ઉજવવાનો હેતુ શું? માત્ર એજ કે એ સ્વર્ગસ્થ વ્યક્તિઓના સદ્ગુણનું સ્મરણ કરી આપણે હેમને પગલે ચાલી તેઓ જેવી સુવાસ પોતાની પાછળ મૂકી ગયા તેવી સુવાસ મુકી જવા આપણે પણ પ્રયાસ કરવો; હેમનાં સત્કર્મો સંભારી આપણે પણ તેવાંજ સારાં કામ કરતા રહેવું, અને હેમની જિંદગી વડે જનસમૂહને થએલા ફાયદાનું રટણ કરી, સ્મૃતિમાં તાજી રાખી, આપણાથી હેમાંનું કાંઇ બની શકે તો કરવું. આવા વિરલ પુરૂષનાં નામ તથા કામને આપણા હૃદય-મંદિરમાં સ્થાપી હેનું અનુકરણરૂપે પૂજન કરવું, એ જ આવા એક જાતના માંગલિક પ્રસંગોનો ઉદ્દેશ હોઇ શકે.

શ્રીમાન્ રાયચંદ્રજી.

શ્રીમાન્ રાયચંદ્રજીનાં નામ તથા કામથી મ્હને નથી લાગતું કે કોઈ પણ જૈનબંધુ અજાણ હોય. છેલ્લા બે દાયકા થયાં એમની કૃતિની ખ્યાતિની સુગંધી જૈનસમૂહમાં બહેકયા કરે છે. ઉપર કહ્યા મુજબ હું પોતે શ્રીમાન્ રાજચંદ્ર જોડે કદી સંસર્ગમાં આવેલો નહિ, અને તેથી તેમની જિંદગીના બનાવોનું વર્ણન કરવા યા તો હેમની કૃતિની તુલના કરવા માટે સદ્ગત ગોવર્ધનરામ ત્રિપાઠીની રા. નવલરામ સંબંધે સ્થિતિ હતી હેવી મ્હારી સ્થિતિ છે. 'નવલગ્રંથાવલી'ની પ્રસ્તાવનામાં રા. ગોવર્ધનરામભાઈ જણાવે છે કે, માત્ર નવલરામભાઇના ગ્રંથો વાંચી હેના પરથી પોતે મર્હુમનું સાહિત્ય કલેવર ઉપજાવી કાઢેલું. મ્હારી પણ એ જ સ્થિતિ છે. કવિશ્રીના ગ્રંથોપરથી મ્હેં પણ એ અદ્ભુત શક્તિમય પુરૂષના કલેવરનો કાંઇક ખ્યાલ બાંધવા પ્રયત્ન કર્યો છે, અને મજકૂર ગ્રંથોના સ્હેજ સ્હાજ અભ્યાસપરથી પણ એઓશ્રીનું અગાધ જ્ઞાન, દૈવી શક્તિ, અસાધારણ સૌજન્ય, અનહદ મતાંતરક્ષમા અને સાત્વિક ગુણોની સંપૂર્ણતા અનુભવી, ભરતખંડ હજુ પણ એવા મહાન્ વિરલ ધર્મયોદ્ધાઓની જન્મભૂમિ થતી અટકી ગઇ નથી એવો વિચાર કરી કાંઇક મગરૂર થાઉં છું.

અનુકરણીય ભ્રાતૃભાવ.

ઈશ્વરે રાયચંદ્રજીમાં જ્યારે અમુક દૈવી અંશ મુકેલો ત્યારે એક બીજી બાબત પણ ધ્યાનમાં રાખેલી લાગે છે. તે એ છે કે, રા. મનસુખલાલ

રવજીભાઇ જેવા ભાઇને એમનો સમાગમ કરાવ્યો. મનસુખલાલ વાતચીતમાં અથવા તો પોતાના મર્હુમ ભાઇનાં રચેલાં પુસ્તકો જાહેરમાં મૂકવામાં–ત્હેને પ્રસિદ્ધ કરવામાં, તેના પર ટીકા લખવામાં, અથવા તો શ્રીમાન્‌નાં ન્હાનામાં ન્હાનાં વાક્ય અથવા તો ક્ષુલ્લકમાં ક્ષુલ્લક બોલ વિચારતાં ત્હેમના જીવનની એકે એક દશા વર્ણવતાં જે નિઃસીમ ભ્રાતૃભાવ દર્શાવે છે, જે ભક્તિભાવથી એ સઘળું જૂવે છે, જે પ્રેમથી ત્હેમનું આખું જીવનરૂપી આકાશ દેદીપ્યમાન કરે છે, તે જોતાં આપણા પ્રાચીન ઇતિહાસમાંથી લક્ષ્મણનો રામ પ્રત્યેનો બંધુભાવ અથવા તો ઈંગ્રેજી સાહિત્યમાં વર્ણવેલો ડોરોથી (Dorothy) નામની કવિ–વર્ડસ્વર્થ (Wordsworth) ની વિદુષી બ્હેનનો વર્ડસ્વર્થ તરફનો ઉચ્ચ ભ્રાતૃભાવ સ્મરણમાં આવ્યા સિવાય રહેતો નથી. આવા સંસ્કારી અને વિશુદ્ધ પ્રેમવાળા ભાઇ, જેઓ કેવળ સ્વાર્થ રહિત ભાવથી શ્રીમાન્ રાજચંદ્રનાં પુસ્તકો, ત્હેમના ઉમદા લેખ, ત્હેમના જીવનનો ઉચ્ચ આશય પ્રસિદ્ધિમાં મૂકતા જાય છે, તેઓના આપણે સૌ એક રીતે ઋણી છીએ એમ કબુલ કરવું જોઇએ. ભાઇ મનસુખલાલને સંસ્કારી વિશેપણ મ્હેં એટલા માટે આપ્યું છે કે ઝવેરીના ધંધા જેવા ખટપટી ધંધામાં રહી સાહિત્ય–પ્રેમ, દેશદાઝ, પોતાના સંપ્રદાયને સાચે રસ્તે દોરવવા સ્વાર્થ ત્યાગ–પૂર્ણ પ્રવૃત્તિના ઉંચા ગુણો એઓ દર્શાવે છે, અને પોતાનો ધર્મ ઘણાજ વિનીત ભાવે બજાવ્યા જાય છે. તમારા સમૂહમાં એઓ પણ એક બહુ ઉપયોગી વ્યક્તિ છે.

શ્રીમાન્ રાજચંદ્રના જીવનની રૂપરેખા.

ગૃહસ્થો, આગલા મેળાવડા વખતે શ્રીમાન્ રાજચંદ્રના સ્થૂળ જીવન સંબંધે ઘણું કહેવાઇ ગયું છે, અને તે જીવનના મુખ્ય મુખ્ય બનાવો તમને સૌને પરિચિત છે. રા. માણેકલાલ ઘેલાભાઇ ઝવેરીનું ગઈ વખતનું વિસ્તારપૂર્વક વિવેચનનું મનન કર્યા પછી એ સંબંધે વિશેષ કહેવાનું કાંઈ રહેતું નથી. વવાણીઆ જેવા ન્હાના ગામડામાં જન્મ પામી કેવળ ગુજરાતી ભાષાનું અને તે પણ ઉપરચોટીયું જ્ઞાન મેળવી મુંબઇ આવી વ્યાપારમાં ઝીંપલાવી, ત્હેમાં એક પ્રમાણિક અને સાહસિક વેપારી તરીકે ઉંડી છાપ બેસાડી પોતાનું કર્તવ્ય પૂરૂં થએલું સમજી, જેને સાધારણ રીતે આપણે વૈરાગ્ય–સંસારમાંથી વિરક્તતા કહીએ છીએ તે આશ્રમમાં દાખલ થઇ તેત્રીશ વરસની ટુંક ઉમરે તેઓએ સ્વર્ગવાસ કર્યો. એટલી ટુંક એમના જીવનની રૂપરેખા છે. એટલી ટુંક મુદતમાં નથી એમણે તો મ્હોટાં સભાસ્થાનો ગજાવ્યાં કે નથી ચાંદ કે ઇલકાબ મેળવ્યા પરંતુ એમના માનસિક વ્યાપારનું અવલોકન કરતાં, આપને સહજ જણાશે

કે એમણે એવા માયાવી માનપાન મેળવવાને બદલે આપણે હિંદુઓ જેને મ્હોટામાં મ્હોટું સુખ ગણીએ છીએ એટલે કે આત્મજ્ઞાન તે મેળવવા પ્રયત્ન કર્યો હતો અને તે ઉપરાંત પોતાની આસપાસ વસતી સમાજ જે દુર્દશામાં આવી પડી હતી ત્હેને ત્હેમાંથી ઉપાડી લઈ ઉચ્ચ સ્થાન આપવા પ્રયાસ કર્યો હતો.

એમની કેળવણી.

એમની કેળવણી ઘણીજ સામાન્ય પ્રકારની હતી. આજથી ચાળીસ વરસ ઉપર અને તે પણ તે વખતના કાઠિયાવાડ જેવા પછાત પડેલા પ્રદેશના એક ન્હાના સરખા ગામડામાં તે કેવા પ્રકારની કેળવણી મળી શકે? એઓનો શાળાનો અભ્યાસ માત્ર ગુજરાતી છ સાત ચોપડી જેટલોજ હતો. અને તેથી જ્યારે એમણે આશરે તેરેક વરસની ઉમરે વવાણીઆથી મોરબી પ્રયાણ કર્યું, મતલબ કે ગામડામાંથી શહેરમાં આવ્યા, ત્યારે હાલની વસ્તુસ્થિતિ ધ્યાનમાં રાખી જો કહીએ, તો તેઓ લગભગ નિરક્ષર જેવી સ્થિતિમાં હતા. ત્યારપછી શાળામાં કે ખાનગી રીતે, કોઇ પણ રીતે નિયમસર પોતાની કેળવણીમાં અભિવૃદ્ધિ કરવાનો ત્હેમને પ્રસંગ મળેલો નહિ છતાં માત્ર થોડાજ વખતમાં પોતાના સંપ્રદાયને લગતાં માગધી, ગુજરાતી, સંસ્કૃત વગેરે પુસ્તકોનો અભ્યાસ કરી ત્હેના પર ફિલસુફી ભરેલાં વિવેચન કરવા સમર્થ થયા, એ શું બતાવે છે? એઓ પોતે એમ કહેતા કે "જ્યારે જ્યારે માગધી પુસ્તકો હું વાંચુ છું ત્યારે મ્હને એમ લાગે છે કે જાણે એ ભાષાની મ્હને પૂર્વે માહીતી હોય અને આ વાંચનવડે તે હું તાજી કરતો હોઉં," એ શું બતાવે છે? વળી એમના સ્થૂળ જીવનનો એક બીજો મુખ્ય બનાવ–એમની શતાવધાની શક્તિ–પણ શું બતાવે છે? તેર વરસની વયનું ન્હાનું બાળક કોઈ એક સમર્થ અષ્ટાવધાનીને પ્રયોગ કરતાં જોઇ તરત બીજે દહાડે જાણે પોતાને પણ કાંઇ વિસ્મૃત થએલી વાત યાદ આવતી હોય તેવી સ્હેલાઇથી એવા પ્રયોગ ફતેહમંદીથી કરવા માંડે, એ શું બતાવે છે? એ મુસ્કેલ સવાલનો જવાબ પૂર્વે આ પુનર્જન્મ નહિ માનનાર માણસ કેવી રીતે આપે છે તે જાણવું અગત્યતું થઈ પડશે! પૂર્વ સંસ્કારની છાપ, યોગ વસ્તુસ્થિતિને લઈ, તાજી થએલી અને તેથીજ આ અદ્ભુત શક્તિ વિકસિત થએલી એજ એનો ખુલાસો હોવો જોઇએ.

ન્હાનપણથી એમની ભાવનાઓ.

જો કે પોતાના મન પર અસલ સંસ્કાર કંઠીબંધ મેશ્રીના પડ્યા હતા, જોકે પોતે બાળપણમાં કૃષ્ણગીત વગેરે સાંભળ્યાં હતાં, તોપણ ટુંક સમયમાં

બુદ્ધિના પ્રભાવ વડે જૈનસંપ્રદાય તરફ પોતે દોરાયા. મૂળથી એમને ધર્મપર શ્રદ્ધા ઘણી હતી એવું એમના લેખોપરથી સાબિત થાય છે, કારણ અવધાનના પ્રયોગ વખતે પાદપૂર્તિ વગેરેમાં ગમે તેવી કવિતા કરે તોપણ ચાહે તેવા ક્ષુદ્ર વિષયમાં પણ પોતે ધર્મના વિષયપરજ કાવ્ય રચતા. જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ એ ભાવના વધારે ને વધારે ઉચ્ચ, પુષ્ટ, તથા વિસ્તૃત થતી ગઈ, અને છેવટ જૈનધર્મનો બને તો પુનરૂદ્ધાર કરવો એવા સંકલ્પમાં વિરમી. એમના સૂક્ષ્મ જીવન યા માનસિક વ્યાપારનો લગભગ વીસ વરસનો ઇતિહાસ–તેરથી તેત્રીસ વરસ સુધીનો એ અનુમાનને સમર્થન કરે છે.

એ ભાવનાઓનું કાર્યક્ષેત્ર.

જે આત્માર્થી સુજ્ઞ સંશોધકે મર્હુમના લેખનો સંગ્રહ એ મ્હોટાં પુસ્તકોમાં પ્રસિદ્ધ કરી ગુજરાતી ફિલસુફીના સાહિત્યને હમેશનું આભારી કર્યું છે, જે લેખનું એકે એક પૃષ્ટ, આખી ઉમરભર મનન કરવાલાયક સૂત્રોથી ભરપૂર છે તે સંગ્રહ ઉપરથી સદ્‌ગતશ્રીની ઉચ્ચ ભાવનાઓનું કાર્યક્ષેત્ર તુરત સમજણમાં આવી જાય છે. સોળ વરસની કાચી ઉમરે એમના તરફથી બહારથી પડેલો ભાવનાબોધનો ગ્રંથ દૃષ્ટાંત તરીકે લઇએ. અલબત્ત, એ ઉમરે દરેક માણસને સંસારના અનુભવનો અભાવ હોય છે. એટલુંજ નહિ પણ અભ્યાસ પણ પુખ્તતાને પહોંચ્યો હોતો નથી, છતાં તત્ત્વજ્ઞાન સંબંધે તેમાં જણાવેલા વિચારો, સુંદર ઉપદેશ, અને ઉચ્ચ આશય, એક મ્હોટામાં મ્હોટા ફિલસુફની કલમને શોભે તેવા છે. એજ માફક એમનું એટલી જ ન્હાની વયે પ્રસિદ્ધ થએલું પુસ્તક મોક્ષમાળાનું લઇએ. માત્ર સત્તર વરસ જ જેણે આ દુનિયામાં જોએલાં તેવા યુવાન મનુષ્યના અભ્યાસ તથા મનનનું એ ફળ છે. પોતે તેને સિંધુબિંદુરૂપ બાલાવબોધ–શિક્ષાપાઠ કહે છે, મતલબ કે એમણે જે જે એ "માળા" માં પરોવ્યું છે તે માત્ર આખા દરિયાનું એક ટિપું જ છે, દરિયો ડહોળવો તો બાકી છે, વળી એ પુસ્તક ભવિષ્યમાં થનારી શ્રેણીનું માત્ર પહેલું પગથીઉં છે. એ મોક્ષમાળા એવી સારી રીતે રચાએલી છે કે એમાં કોઇ પણ રીતનો દોષ કાઢવો એ બહુ કઠણ કામ છે. જ્યારે પહેલું પગથીઉં આવું છે ત્યારે એ સીડી આખી રચાઇ હોત તો તે કેટલા ઉત્કૃષ્ટ પ્રકારની થાત તે કોણ કહી શકે? આ બંને ગ્રંથની શૈલી તથા ત્હેમાં વર્ણવેલાં સૂત્રો તથા સત્ય ચર્ચવાની ધાટી બહુજ સ્તુત્ય છે. ભાષા, વિષય પ્રૌઢ તથા ગહન હોવા છતાં બહુજ સરળ અને સચોટ છે, તેમજ પોતાના સિદ્ધાંત સમજાવવાની શૈલી પણ બહુજ અનુ-

કરણીય છે. દાખલા તરીકે શિક્ષાપાઠ ૩૧ મો પ્રત્યાખ્યાન, જેને સાધારણ રીતે જૈનો **પચ્ચખાણ** કહે છે તે લઇએ. જૈનોની એ પ્રતિજ્ઞાનું મૂળ–તેનું રહસ્ય કવિશ્રીએ એવી ઉત્તમ અને સારી રીતે એ શિક્ષાપાઠમાં સમજાવ્યાંછે કે એક બાળક પણ તે વાંચે તો સમજી શકે. એ સંગ્રહ જેમ જેમ વિશેષ વાંચતા જઇએ છીએ તેમ તેમ એમના મગજની ખૂબી વધારે વધારે સમજાતી જાય છે. અંગ્રેજીમાં જેને Logical અને Analytical faculty કહે છે તે શક્તિથી એમનું મગજ સંપૂર્ણ રીતે ભરેલું હતું અને એમના લેખમાં તેની સાબીતી ડગલે ડગલે મળી આવે છે. ધર્મસંબંધી બાબતોમાં એમની મનન શક્તિએ જડવાદથી શરૂ કરી વેદ, વેદાંગ તથા બીજા ધર્મો અને સંપ્રદાયોનું અવલોકન કરી અંતે જૈનસંપ્રદાય ઉપર લંગર નાંખ્યું. એમની એ માનસિક મુસાફરીનું એકેએક પગલું એ કિંમતી સંગ્રહના પૃષ્ટોપર ખુલ્લે ખુલ્લું પડેલું જોવામાં આવે છે. વળી એમની દીર્ઘદષ્ટિ પણ કેટલે બધે દરજ્જે કેળવાએલી હતી તે પણ એજ લેખો સાબીત કરી આપે છે. શાળામાં તથા ઘેર નીતિ તથા ધર્મ સંબંધી શિક્ષણ આપવાનો પ્રશ્ન આજે મ્હોટા આડંબરથી ચર્ચાય છે, પરંતુ એમણે તો ત્હેની આવશ્યકતા આજથી વીસ વરસપર જોએલી. કોન્ગ્રેસ, કોન્ફરન્સ વગેરે રૂપે મોટા મેળાવડા કરી તેના વડે દેશહિત યા સ્વજ્ઞાતિ યા સ્વસંપ્રદાયનું હિત કરવું એ પણ એમને ઘણું વહેલું સુઝેલું. એમના પત્રો, એમની નોટ્સ (Notes) તથા એમના છૂટાછવાયા વિચારોપરથી એ વાત સહજ સિદ્ધ થાય છે.

જૈનપુનરૂદ્ધાર.

યદા યદાહિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત । ગીતાજીનો આ શ્લોક આપણા ધર્મનું એક મ્હોટું રહસ્ય સમજાવે છે. એમાં કહ્યા પ્રમાણે જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, મતલબ કે ધર્મ સંબંધી આપણી દુર્દશા થાય છે ત્યારે તે અધર્મને ઉખેડી નાખવા **શ્રીકૃષ્ણ** અવતાર લે છે. આ સૂત્ર એવી રીતે આખી દુનિયાના ધાર્મિક ઇતિહાસને લાગુ પડે છે. અસલી યાહુદી ધર્મપર વહેમ, ક્રિયાકાંડ, કર્મકાંડ વગેરેનાં ઘણાં પડ બાઝી ગયાં. તે પડ દૂર કરવા ઇસુ ખ્રીસ્તે અવતાર લીધો. અરબસ્તાનના મુળ વતનીઓ પણ એજ મુજબ ધર્મ સંબંધે આડે માર્ગે દોરાઇ ગએલા તેમને કેકાણે આણી સાચે માર્ગે દોરવવા મહમદ પેગંબરને અવતાર લેવો પડ્યો. તે પ્રમાણે બ્રાહ્મણોએ પ્રવર્તાવેલા ધર્મમાં અબ્રાહ્મણત્વ ઘણું આવી ગયેલું તે સુધારવા ગૌતમબુદ્ધને પ્રયાસ કરવો પડેલો. જૈનસંપ્રદાયનાં મૂળ તત્વો

પણ ઘણાં મંદ આચાર વિચારોથી આચ્છાદિત થઇ ગયેલાં તે આચ્છાદન દૂર કરી એ સંપ્રદાયનો પુનરૂદ્ધાર કરી પાછો ત્હેને ત્હેમી અસલ વિશુદ્ધતાએ પહોંચાડવો એ પોતાની જીંદગીના પાછલા ભાગમાં શ્રીમાન્ કવિશ્રીનો ઉચ્ચ આશય હતો. અલબત્ત એવાં પગલાં ભરનારને મોટી મુશ્કેલી વચ્ચે કામ કરવું પડે છે. કેટલાએક સમજીને અને કેટલાએક વગર સમજે એમ તેમના ઘણા શત્રુઓ થવાનો સંભવ છે. ત્હેમનો આશય અને ત્હેમના નેમ વિષે અત્યંત ગેરસમજુતી ઉત્પન્ન થાય છે અને ત્હેમને બહુ દુઃખ તથા વ્યથા ભોગવવાં પડે છે. વળી જો નવો સુધારો અમલમાં આવે તો જુના આચારો વડે જે લોકોનું પોષણ થતું હોય, જેઓ તેની સીધે ખાવ ખાટી જતા હોય ત્હેમને પણ નુકશાન થાય છે, અને તેથી તેઓ પણ કમર બાંધી એવા નવા સુધારકો સામે પડવા મંડી પડે છે. એ બાબતને ઉદ્દેશીનેજ કવિ કહે છે કે " રાજ્ય પ્રાપ્ત કરવામાં જે પરાક્રમ ઘટે છે, તે કરતાં અપૂર્વ અભિપ્રાય સહિત ધર્મસંતતી પ્રવર્ત્તાવવામાં વિશેષ પરાક્રમ ઘટે છે" (લેખ સંગ્રહ પૃષ્ઠ ૫૬૯) કેટલીક તરફથી એમ કહેવામાં આવે છે કે કવિશ્રીને નવીધર્મ-નવીન સંપ્રદાય પ્રવર્ત્તાવી પોતાને ત્હેના આચાર્ય તરીકે ગણાવું હતું અને તેથી ત્હેમને સાંપ્રત સંપ્રદાયના વિરોધી ગણવા જોઇએ. આ બાબતને ત્હેમનાં લેખમાંથી બીલકુલ ટેકો મળતો નથી. ઉલટો તેમનો આદર્શ તો મ્હેં આગળ જણાવ્યું તે મુજબ એ સંપ્રદાયપર જે કુચાલ વહેમ વગેરેનો પડદો પથરાઇ ગયો હતો તે દૂર કરવાનો હતો. કેટલાક સમર્થ પુરૂષો કે જેની પાસેથી સ્વાભાવિક રીતે આપણે શ્વેતામ્બર દિગમ્બર વચ્ચે ચાલતા આવેલા જબરા ઝગડાનું સાન્ત્વન ઇચ્છી શકીએ તેઓએ તે ઝગડાનું સાંત્વન કરવા પ્રયાસ સરખો પણ કરેલો નહિ પણ જેમણે ઉલટું પોતાનો પક્ષ સબળ કરવા સામા પક્ષ જોડે યુદ્ધ મચાવેલું તેવી કેવળ કલહ પ્રિયવૃત્તિ ઉપર ફતેહ મેળવી શ્વેતામ્બર દિગમ્બર વચ્ચે વિગ્રહ સાંત્વન કરવા જે પુરૂષ મથી રહ્યા હતા તેઓ શું નવા સંપ્રદાયનો પ્રચાર કરી પાછું જૈન સમાજમાં એક તડ વધારે? કવિશ્રીનું ચારિત્ર જોતાં એ અનુમાન લેશ માત્ર પણ બંધબેસતું નથી. માટે કવિ સબંધે એ બાબત સ્હેજ પણ ઉપેક્ષા કરવી પડતી નથી.

ઉપસંહાર.

ટૂંકામાં, મ્હારે જે બોલ તમારી સમક્ષ કહેવાના હતા તે સમાપ્ત થયા છે. કવિશ્રીના જીવનના ઉચ્ચ આશય, ત્હેમના લેખમાંથી મળી આવતા ઉચ્ચ વિચારો, સ્વીકારવા લાયક શિખામણનાં વચનો અને સ્તુત્ય તથા ફીલસુફીથી ભરપૂર સિદ્ધાંતો, એકલા જૈનસમૂહને ઉપયોગી છે એમ

નથી, પરંતુ તે સર્વમાન્ય છે. અને એ સર્વમાન્યતાને લીધે તે જેમ વિશેષ પ્રસિદ્ધિમાં આવે તેમ સારૂં. આજે જે મેળાવડો થયો છે તે એવી પ્રસિદ્ધિને દરેક રીતે હિતકર છે, અને મ્હને આશા છે કે, એવો ઉત્સાહ ચાલુજ રહેશે અને આ મહાન્ નરના સદ્‌ગુણોની સ્મૃતિ દર વરસે નહિ પણ દર દિવસે વધારે ને વધારે આપણા સૌમાં જડ ઘાલી આપણને સારે રસ્તે દોરવશે.

રા. મનઃસુખલાલ રવજીભાઈનું વિવેચન.

મહાશય પ્રમુખ સાહેબ અને બંધુઓ,

આજનો પ્રસંગ મારા જ્યેષ્ઠ બંધુની જયંતિને લગતો હોઈ, આપ સઘળાઓએ જે ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે તેને માટે વ્યવહાર દૃષ્ટિએ જોતાં મારે આપ સર્વનો ઉપકાર માનવો જોઇએ; પરંતુ પરમાર્થ દૃષ્ટિએ વિચાર કરૂં છું ત્યારે મને લાગે છે કે, તેમ કરવાનો મને કંઇ પણ હકક નથી, કારણ કે મારા તે ભાઇશ્રી હવે પરોક્ષ થયા છે અને જો કાંઈ પ્રત્યક્ષ રહ્યું હોય તો તેઓનું જીવનવ્રત અને તેઓના વિચારો. આ બન્ને મારી માનીનતા પ્રમાણે હવે જાહેર મીલકત (public property) છે અને આ જાહેર મીલકતનો આ ઉત્સવ છે, એટલે પછી એ જાહેર મીલકત પ્રત્યે હું એક વ્યકિત તરીકે શી રીતે દાવો કરી શકું ? અને જો દાવો ન કરી શકું તો પછી મારે તેને માટે એક ભાઇ તરીકે ઉપકાર માની તેઓના વિચાર અને જીવનને મારી અંગત મીલકત કરવા જેવું થતું નથી ? અને હોય તો તેમ શામાટે કરવું ?

તોપણ મારે આજની સભામાં ઉપકાર માનવાનું કાર્ય કરવાનું છે. મારા સદ્‌ગત બંધુપુત્ર ભાઇ છગનલાલ, મારા કુટુંબ અને મારા સંબંધમાં મુનિ શ્રી ચારિત્રવિજયજીએ તેમજ આપણા આજના સુશીલ અધ્યક્ષ સાહેબે મારા ભ્રાતૃભાવના સંબંધમાં જે પ્રશંસક ભાવે કહ્યું છે તે માટે તેઓ બન્ને વિદ્વાન પુરૂષોનો હું વિનયભાવે ઉપકાર માનું છું. મારા અને મારા કુટુંબના સંબંધમાં બોલાએલા શબ્દો માટે ઉપકાર માનવો અને જેને માટે આજે બધાએ શ્રમ લીધો છે તેના—શ્રીમાન્ રાજચંદ્ર જયંતિના સંબંધમાં ન માનવો એ જોઇ આપને મારામાં વિચિત્રતા લાગશે. આપને ભલે તેથી

વિચિત્રતા લાગે, પરંતુ મારા મનને તો ચોકસ એમજ થઇ ગયું છે કે, મારા ભાઇશ્રી એક જાહેર પુરૂષ ગણાતા હોઈ હવે તેઓના જીવન તથા વિચાર ઉપર જેટલો મારો હક છે તેટલોજ આખા જનસમાજનો છે. બીજા શબ્દમાં કહું, તો મને સમાજના એક અંગ કરતાં સહજ પણ વધારે હકક હોય એમ હું માનતો નથી અને જો ન હોય તો પછી મારે માટે શ્રીમાનના એક ભાઇ તરીકે ઉપકાર માનવાનું કાર્ય કરવું રહેતુંજ નથી.

એમ કહેવામાં આવશે કે, જો તમે આટલી બધી મનની વિશાળતા બતાવવા માંગો છો, તો પછી તમારા ભાઇના વિચારોની પ્રકટતામાં તમે શામાટે મોહ રાખો છો ? આનો ખુલાસો હું કરૂં છું. જેને કદાચ કોઇ મોહ કહે તેને હું એક જાહેર ફરજ સમજું છું. આપણો કોઇ સ્વજન કોઇ ચીજ પોતા પાછળ મુકી ગયેલ હોય અને આપણને એવી માહીતિ થાય કે, તે ચીજ જેમ ઉત્તમ છે તેમ તેની માલેકી ખાનગી કુટુંબની નથી પરંતુ જાહેર પ્રજાની–અથવા સમાજની છે, તો આપણે તે ચીજ છુપાવીએ તો સમાજના ગુન્હેગાર નથી ? સમાજના એક અંગ તરીકે, દરેક વ્યકિતએ પોતાનો એક વ્યક્તિ માત્ર જેટલો હક્ક સ્થાપી બાકીના સઘળા અંગોને તે ચીજ ઉપરની તેઓ સર્વના હક્કની માહીતિ આપવીજ જોઇએ. તોજ સમાજ ધર્મ સાચવ્યો ગણાય અને આને હું જાહેર ફરજ ગણું છું.

જેને હું જાહેર ફરજની સંજ્ઞા આપુ છું તેને કોઈ તેમ ન સ્વીકારતાં મોહ, કહે, તો સુખે ભલે કહે. તેમાં મારો અણુમાત્ર પણ વિરોધ નથી મને આપ જરૂર સ્વછંદી તરીકે ગણ્યા વિના નહીં રહો છતાં હું કહેવાની હુજતાઇ કરૂં છું કે, આચાર્ય ભગવાન્ હરિભદ્રસુરીજી તથા ખુદ મારા વડીલ ભાઇશ્રીએ પોતાના વિચારો દર્શાવવાની શૈલી ગ્રહણ કરતાં જે વિચારો દર્શાવ્યા છે તેથી પણ હું તો નિરાળી દિશાએ જાઉં છું. તે શી રીતે ? આચાર્યજી મહારાજ પવિત્ર વૃત્તિએ કહે છે કે,

बन्धुर्नः न स भगवान् रिपवोऽपि नान्ये ।
साक्षान्न दृष्टश्च एकतरोऽपि चैषाम् ॥

અર્થાત "તે ભગવાન્ કાંઈ અમારા બન્ધુ નથી, બીજાઓ અમારા શત્રુ નથી. તેમ તેઓ માંહેના એકને સાક્ષાત્ જોયા પણ નથી." આજ રીતે મારા ભાઇશ્રી પણ કહે છે કે "જૈનમતપ્રવર્ત્તકો પ્રતિ મને કંઇ રાગબુદ્ધિ નથી; તેમ એ મારા કંઈ કુટુંબ પરિવારી નથી, કે એ માટે પક્ષપાતે કંઇ પણ તમને કહું; તેમજ અન્યમતપ્રવર્ત્તકો પ્રતિ મારે કંઇ વૈરબુદ્ધિ નથી કે મિથ્યા એનું ખંડન કરૂં. બન્નેમાં હું તો મંદમતિ મધ્યસ્થ છું."

આચાર્યજી મહારાજ તથા મારા ભાઈશ્રી આમ કહે છે પણ હું તો એથી ઊલટું એમ કહું છું કે, "શ્રીમાન રાજચંદ્ર મારા કુટુંબ પરિવારી— એક ભાઈ છે. મને તેઓના પ્રત્યે રાગ પણ છે, અને તેઓને મેં સાક્ષાત્ જોયા પણ છે." છતાં હું તેઓના વિચારો અને તેઓનું જીવન જનસમાજ મૂકવામાં હિમ્મતવાન્ થાઉં છું. શા માટે? પ્રથમ હું આપને પૂછવા રજા લઉં છું કે મનુષ્યમાં શું એવી અધમ બુદ્ધિ છે કે, પોતાના એક મૃત ભાઈ પ્રત્યેના જે રાગથી પોતાને કંઈ પણ વ્યવહારુ લાભ થઈ શકે એમ છે નહિ, કે પોતાનો મૃત ભાઈ એવો સંદેશો મોકલે એમ નથી કે, "મારા ભાઈ, તું મારા નામની ખાતર ઘણું કરે છે," તેની ખાતર સમાજને ધર્મ જેવા જોખમદારી ભરેલા વિષયમાં જાણી જોઈને ખોટે રસ્તે દોરવી જાય? ધારો કે એવી અધમ બુદ્ધિ હોય, કારણ કે રાગીની અક્કલ હમેશાં સંપૂર્ણ સતેજ જણાતી નથી. તો શું આવી અધમ બુદ્ધિથી પ્રેરાઈ ચાલાકી વાપરી ખોટે રસ્તે સમાજને દોરવી નાંખનાર વિષયો રજુ કરવામાં આવે, તો આ જમાનો કે જે વિવેકબુદ્ધિ (Reason) નો છે તે, તેવું કોઈ કથન વિવેકબુદ્ધિની કસોટીએ ચઢાવ્યા વિના સ્વીકારી લે તેમ છે? જો સ્વીકારી લે તેમ ન હોય તો પછી મારામાં રાગવાળી બુદ્ધિ હો કે, પક્ષપાતી બુદ્ધિ હો કે નિષ્પક્ષપાતી બુદ્ધિ હો, તેનું કંઈ મૂલ્ય નથી. જ્યાં પરીક્ષા કરવાની વાત હોય ત્યાં પછી અધમબુદ્ધિ, પક્ષપાત કે અપક્ષપાતનો સવાલજ ક્યાં રહે છે?

જો હું આમ સમજી શ્રીમાનના જીવન અને વિચારને પ્રસિદ્ધિમાં લાવવા પ્રયત્ન કરતો હોઉં, તો પછી મને ભીતિ શાની? મારું એમ માનવું છે કે સમાજની દરેક વ્યક્તિની ફરજ છે કે જો પોતાની ફરજ ન બજાવે તો તે સમાજનો ગુન્હો કરે છે. જો મારા ભાઈશ્રીના વિચારો સમાજને ઉપકારક છે એમ માનતો હોઉં, તો સમાજમાં સૌથી પહેલામાં પહેલી ફરજ મારી એ છે કે, તેઓના વિચારો સમાજની બરાબર દૃષ્ટિએ આવે તેટલા માટે મારાથી બનતો સર્વ પ્રયત્ન કરવો. મારી ફરજ પ્રકાશનમાં પ્રથમ શા માટે? એટલા માટે કે, શ્રીમાનની જીંદગી સુધીનો પરિચય સૌથી મને ઘટે અને તેથી હું તેઓના સંબંધમાં જે અનુભવ ધરાવી શકું—અલબત્ત, મારી શક્તિના અવલોકન પ્રમાણે—તેટલો બીજો કોઈ ધરાવી શકે નહીં. આપણો રોજનો અનુભવ છે કે, આપણે કોઈ કામ કરાવવાનું હોય તે કામનો જે વિશેષ અનુભવી (well-versed) હોય તેને કામ સોંપવાથી તે કામ સારું થઈ શકે છે. આજ નજરે હું માનું છું કે, સમાજના એક અંગ તરીકે મારે એમ સમજવાનું છે કે, મને સમાજે એક અનુભવી

તરીકે આ કામ સોંપ્યું છે. અને તે મારે પૂર્ણ ફરજબુદ્ધિ ધ્યાનમાં રાખી કરવું જોઇએ. જો હું તેમાં કાંઇ પ્રમાદ કરૂં તો તેમાં મેં સમાજના હિતનો ભંગ કર્યો છે.

આવી જ દૃષ્ટિએ ઇંગ્લંડાદિ દેશોમાં વિદ્વાનોના વિચારો અને ચરિત્રો બહાર આવે છે. એ દેશોમાં અનુકરણીય પુરૂષોના વિચારો અને જીવનચરિત્રો બહુધા ઘણા જ અતલગના સગા સ્નેહીઓ દ્વારા જ પ્રકટ થાય છે. આપણા સમાજમાં સાધારણ રીતે એવો વાસિત વિચાર (prejudice) થઈ ગયો છે કે કોઇ પણ જાહેર કે અનુકરણીય પુરૂષના સંબંધમાં તેના સંબંધીઓ સ્વજનો કે મિત્રો બોલે તે પક્ષપાતી હોય છે. આથી ઉલટું ઇંગ્લંડમાં ઉપર જણાવવામાં આવ્યું તેમ એમ માનવામાં આવે છે કે, સ્વજનો કે સ્નેહી આદિઓ જે કંઈ કહે તે માન્ય કરવું જોઇએ, કારણ કે તેઓને જાતિ અનુભવ અને પરિચય હોય છે તેથી તે ખરી હકીકત બતાવી શકે છે. મર્હુમ મી० બ્રૅડલોનું જીવનચરિત્ર, મારી ભૂલ થતી ન હોય તો ઘણું કરી તેની પુત્રીએ લખ્યું છે. પ્રોફેસર મેક્સમુલરનું ચરિત્ર ઘણું કરી તેઓના પત્નિએ પ્રકટ કર્યું છે; અને મી० ગ્લૅડસ્ટનનું ચરિત્ર તેના અંગત મિત્ર લૉર્ડ મોરલિએ લખ્યું છે—આવા અનેક દાખલાઓ છે. પાશ્ચાત્ય લોકોનો સુદિવસ છે એટલે તેઓમાં એવો સંસ્કાર બેઠેલો છે કે, માણસ પોતાનું અંતઃકરણ વેચી કંઇ કામ કરે ? અને આમ હોવાથી જ તેઓ આવા આસપાસના સ્વજનોએ લખેલા ચરિત્રાદિમાં નિઃશંક રહે છે. આથી ઉલટું આપણી સમાજમાં છે. હું જાણું છું કે, કેટલાક ભાઇઓ એવા આક્ષેપથી મારા તરફ જુએ છે કે, હું મારા ભાઇની માન વૃદ્ધિની ખાતર આ બધો પ્રયત્ન કરૂં છું, જો આપણામાં ગુણગ્રાહક બુદ્ધિ હોત તો કદાપિ પણ એવો વિકલ્પ કરતજ નહીં. સ્વાભાવિક રીતે એમ જણાય છે કે, એક પુત્રીને પોતાના પિતા તરફ વિશેષ વાત્સલ્ય ભાવ રહે છે અથવા એક સ્ત્રીને પતિ તરફ વિશેષ પ્રેમબુદ્ધિ રહેલી જણાય છે તે કરતાં કોઈ અંશે ન્યૂન ભાવ બે ભાઇઓની અંદર હોય છે. જો કે આ સિદ્ધાંતિક વાત નથી. એવો વિશેષ અનુભવ છે. આમ છતાં ઇંગ્લંડના લોકો એક પુત્રી કે સ્ત્રીના લખેલા વિચારો નિઃશંક દૃષ્ટિથી જુએ છે, જ્યારે એથી બરાબર ઉલટું આપણામાં એક ભાઇ વિચારો બતાવે તેમાં નિઃશંક બુદ્ધિ રહેતી નથી.

હું તો શરૂઆતમાંજ કહી ગયો છું કે, હું અધમ બુદ્ધિનો મનુષ્ય હોઉં, પક્ષપાતી હોઉં કે નિષ્પક્ષપાતી હોઉં, તેની દરકાર કર્યા વિના સમાજે શ્રીમાનના વિચારો વિવેકબુદ્ધિ (Reason) ની કસોટીએ ચઢાવી પછી ગ્રહણ

કરવા; એટલે આપણા લોકો ઇંગ્લંડના લોકોની પેઠે સ્વજનોએ જણાવેલા વિચારો કે ચરિત્રો નિઃશંક દૃષ્ટિએ ગ્રહણ કરે કે નહીં તેની મને બહુ ચિંતા નથી. મને જો ચિંતા થતી હોય તો તે એટલીજ છે કે, ક્યારે આપણી સમાજ હંસબુદ્ધિ રાખતા શીખશે? એ બુદ્ધિની ગેરહાજરી આપણા નૈતિકબળ (Moral tone) નું માપ કરાવે તેમ છે. આજ રીતે નિઃશંકબુદ્ધિપૂર્વક વિચારો ન જોઈ શકવાથી સમાજને પણ એક રીતે હાનિ કરે છે. ધારો કે, કોઇ પણ પુરૂષના વિચારોથી સમાજને લાભ થાય એવું પ્રત્યક્ષ હોય છતાં તે વિચારો તેના સ્વજને બતાવ્યા માટે તે પક્ષપાતી હોઈ અસ્વીકાર્ય ગણી લઇએ તો સમાજને હાનિ કરવાનો આરોપ એવી વિકલ્પબુદ્ધિએ જોનાર ઉપર આવે કે નહીં? **શ્રી**માન્ રાજચંદ્રના જીવન, વિચાર અને દશાનો પ્રચાર કરવાથી સમાજને ફાયદો કેટલો છે તે નક્કી કરવાનું બાજુએ રાખતાં એક પ્રત્યક્ષ ફાયદો અને વ્યવહારૂ (Practical) લાભ તો વર્તમાનમાંજ છે. **શ્રી**માન્ રાજચંદ્રનો અભિપ્રાય એવો હતો કે 'શ્વેતામ્બર દિગમ્બરાદિ દશા અપેક્ષાએ ઉપકારક છે, એટલે જે દશામાં જેટલું ઉપાદેય હોય તેટલું સ્વીકારવું.' તેઓનો આવો ઉપદેશ નિરંતર લોકોમાં ચાલ્યા કરે તેથી સમાજના વિચાર વાતાવરણ ઉપર અસર થાય કે નહીં? જેઓ અપેક્ષાઓ સમજ્યા વિના શ્વેતામ્બરત્વ અને દિગમ્બરત્વમાં દુરાગ્રહ કરી બેઠા હોય અને મક્ષીજી આદિ તિર્થોના કલેશો પાછળ પુષ્કળ ધર્મદ્રવ્ય, માંસમદિરાદિનો ઉપયોગ કરનાર એવા વકીલોને રોકી સમાજને ગરીબાવસ્થામાં મૂકી પોતે અનેક કલેશો અને કષાયો કરે છે તેઓનો વેગ, **શ્રી**માન્ રાજચંદ્રનો ઉપદેશ નિરંતર વ્હેતો હોય તો, મોળો પડે કે નહીં? જો મોળો પડે, તો હું તે સમાજને પ્રત્યક્ષ લાભ માનું છું. જો આ પ્રત્યક્ષ લાભ જે દ્વારાએ થઈ શકે તેમ છે તે પુરૂષના વિચારો માત્ર તેનો ભાઈ પ્રસિદ્ધિમાં મૂકે તેટલાજ માટે એ વિચારો સામે વાસિત વિચાર (prejudice) થી જોઇ તે પ્રમાણે વાતાવરણ કરવા પ્રયત્ન કરનારથી સમાજને હાનિ થાય કે નહીં?

સમાજને મારી આ પ્રવૃત્તિથી એક બીજો પણ લાભ છે એમ હું માનું છું. હું જે યથાશક્તિ પ્રયત્ન કરૂં છું તે ન કરૂં, તો એક ઉપકારી ભાઇના ગુણ લુંપક ભાઈ તરીકે અથવા કૃતઘ્ની તરીકે ન લેખાઉં? અને જો લેખાઉં, તો પછી જે સમાજમાં કૃતઘ્નીઓ હોય, અથવા ઉપકારનો આભાર ન માનનાર હોય તે સમાજ સમાજશાસ્ત્ર (Sociology) ની દૃષ્ટિએ પણ નુકશાનકારક નથી? આથી ઉલટું, જો તેવી પ્રવૃત્તિ હોય તો

જેમ હંસવૃત્તિવાળા આજના પ્રમુખ સાહેબને અનુકરણીય ભ્રાતૃભાવ મારે વિષે લાગ્યો તેમ લાગતાં બીજાને ભ્રાતૃભાવની સીધી અથવા આડકતરી પ્રેરણા ન થાય ?

મારા પોતાના પ્રસંગીઓમાં પણ કેટલાકને એમ થાય છે કે, આ કાર્ય કરવામાં મને એક અસાધારણ–ભાઇના ભાઇ ગણાવવાની કીર્તિનો પણ લોભ છે. મને તેવો લોભ છે કે નહીં એ મારૂં અંતઃકરણ જાણે છે; પણ આપ સર્વ ઇચ્છો છો તેમ તેવો લોભ મને હો. મારામાં જો એવા પુરૂષને પોતાના આદર્શરૂપ માનવાની બુદ્ધિ થશે તો મારૂં અવશ્ય હિત જ થવાનું. તે ગમે તેમ હો. હું ગમે તે કારણે આ કાર્ય કરતો હોઉં તેનો ખ્યાલ ન કરતાં શ્રીમાન્ રાજચંદ્રના જે વિચારો પ્રગટ કરૂં છું તેને સોનાની પેઠે ગાળી ગાળીને કસોટીએ ચઢાવો, અને પછી તેમાં સુવર્ણત્વ લાગે તો તેનો સ્વીકાર કરો.

મારી આ સંબંધની પ્રવૃત્તિના સંબંધમાં શ્રીમાન્‌ના ગુણાનુરાગીઓ માંથી પણ કેટલાક સમમ્ત નથી. તેનું કારણ એ છે કે, તેઓ એમ માને છે કે, આવી પ્રવૃત્તિઓથી એક ઉત્તમ પુરૂષના સંબંધમાં નિષ્કારણ કેટલાક પોતાને અકલ્યાણક એવી આક્ષેપક બુદ્ધિને અનુસરે છે. જ્યારે તેઓ આવું દેખે છે ત્યારે તેઓને વસમું લાગે છે—લાગણી થઇ આવે છે. ભગવાન્ મહાવીરસ્વામી જેવા પરમ પુરૂષને સ્વામી દયાનંદજી પોતાના 'સત્યપ્રકાશ' નામના ગ્રંથમાં સમ્યગ્જ્ઞાન નહોતું એવો આક્ષેપ કરેલો મેં જોયો ત્યારે મારૂં હૃદય રહ્યું હતું, તેમ જેઓએ શ્રીમાનના ગુણો અનુભવેલા તેઓને પણ થાય એ હું સમજી શકું છું; પરંતુ તેઓને હું વિનંતિ કરૂં છું કે, આપણા સમુદાયમાં જે સહિષ્ણુતા Spirit of toleration નો ગુણ બહુ ઓછો છે તે ગુણ દાખવશો, કારણ કે કોઈ પણ દેશ, ધર્મ કે સમાજનો ઇતિહાસ જોતાં એમ જણાતું નથી કે, મોટેરા પુરૂષો પ્રત્યે ગાળો પડ્યા વિના તેઓ સમાજમાં ઓળખાયા હોય. શ્રીમાને પોતેજ કહ્યું છે કે. "જ્ઞાની પુરૂષોની હૈયાતિમાં તેઓના ઉપર પથરા પડે છે અને હૈયાતિ પછી તેના પથરા અર્થાત્ તેની પ્રતિમા પૂજાય છે." હું પોતે તો સંતોષ માનું છું કે, મારા ભાઇમાં કોઇ એવો અતિશય હોવો જોઇએ કે, તેને ઘણુંજ થોડું શોસવું પડયું છે. પ્રખ્યાત ગ્રીક ફીલસુફ સોક્રેટીસની સરખામણીએ કે ગેલેલીઓની સરખામણીએ તેને બહુજ નિર્જીવ શોસવું પડયું છે; અને પડે છે. સોક્રેટીસને પોતાના વિચારો બતાવતાં દેહાંત દંડ આપવો પડયો હતો; એની સરખામણીએ મને લાગતું નથી કે, મારા ભાઇશ્રીને કાંઈ વધારે સહન કરવું પડયું હોય ?

આજે જૂદા જૂદા વિદ્વાન વિચારકોએ સત્તા સમાન ગણાતા વિદ્વાનોના આધારો ટાંકી એમ બતાવ્યું છે કે, મોટેરા પુરૂષો પોતાના સમયમાં ઓળખાતા નથી, કેમકે લોકોને જ્યારે વર્તમાનત્વ જઈ પ્રાચીનત્વ એવા પુરૂષોનું જણાય છે, ત્યારેજ તેઓની વિશેષતાઓ જણાય છે, વિદ્વાનોનો આ અનુભવ દરેક દેશ કે સમાજનો ઇતિહાસ જોતાં સત્ય જણાય છે; અને આ અનુભવ અનુસાર, આજના નિબંધકાર ભાઇ મનસુખભાઇ કિરતચંદે શ્રીમાનને સમાજ જોઇએ તેવી ઓળખતી થઇ નથી એમ જણાવ્યું છે. ભાઈ મનઃસુખભાઇનો અભિપ્રાય જો કે કેટલેક દરજ્જે સત્ય છે; છતાં મારા અવલોકન પ્રમાણે ભાઇ મનઃસુખભાઇ ધારે છે તેટલે દરજ્જે જૈનસમાજ તો શ્રીમાનને ઓળખતી થઇ નથી એમ નથી. હું તો એમ માનું છું કે, અમારી જૈનસમાજ ધારીએ તે કરતાં શ્રીમાનને વધારે વહેલી ઓળખતી થઈ છે. શ્રીમાનની હૈયાતિમાંજ જૈનસમાજ પ્રધાનતાએ એમ તો સ્પષ્ટ સમજતી કે, તેઓ પોતાના એક અસાધારણ શક્તિના પુરૂષ છે; જો કે શ્રીમાન્ પોતે બહુજ એકાંત જીવન ગાળતા હોવાથી સમાજ તેઓની હૈયાતિમાં જોઇએ તેવો તેઓનો પરિચય કરી શકવા પામતી નહોતી. શ્રીમાનના દેહત્યાગને હજુ પૂરાં દશ વર્ષ થયાં નથી, તેટલામાં તો તેઓના વિચારોનું અનુકરણ પણ કરતી થઇ છે. આમ હોવાથી સર્વથા એમ માની લેવાની જરૂર નથી કે, તેઓને જૈનસમાજ ઓળખતી થઇ નથી. શ્રીમાનના વિચારોનું ગ્રહણ કરતાં કદાચ તેઓને જરા વાર લાગે, તો તેમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી; કારણ કે કોઈ પણ સમુદાયને ઘર કરી ગયેલા સંસ્કારોથી મુક્ત થતાં સ્વાભાવિક રીતે કેટલોક વખત જોઇએ છે. મને તો, એટલે સુધી વિશ્વાસ છે કે હમણાંનો નવો જમાનો બહુ થોડા વખતમાં શ્રીમાનના વિચારોને પોતાના આદર્શરૂપ ગણી અનુકરણ કરશે, કારણ કે જેમ રેવરન્ડ સી. એફ. એન્ડરૂસ કહે છે તેમ The Situation is one of hope,—hope not unmixed with anxiety. Forces that make directly for progress come into being. -Forces which at the present moment are more in evidence, because they are so new.

શ્રીમાન્ રાજચંદ્રનો નવો પંથ ચલાવવાનો કંઈ ઇરાદો હતો? અથવા તેઓનો પંથ ચાલે છે? દરેક સમાજમાં હમેશાં એક શંકાસ્પદ વર્ગ હોય છે, અને તે પ્રમાણે જૈનસમાજમાં પણ છે. શ્રીમાનના પંથ ચલાવવાના ઇરાદાના સંબંધમાં કે તેઓનો પંથ ચાલે છે તેના સંબંધમાં આ પ્રકૃતિના

વર્ગને શંકા રહે છે. તેઓની આ શંકા કેવળ અસત્ય છે એમ સપ્રમાણુ પ્રમુખ સાહેબ, ભાઇ મનઃસુખભાઈ અને બીજા વિદ્વાન વ્યાખ્યાનકારોએ બતાવી આપ્યું છે; છતાં તેઓની શંકા દૂર થવી મને સંભવતી નથી, તેનાં અનેક કારણો છે. કોઇ પણ સમાજ જ્યારે રૂઢસંસ્કારી (Conservative) અવસ્થામાં હોય છે ત્યારે તેમાં કંઇ પણ ઉદાર વિચારનો વર્ગ ઉત્પન્ન થાય ત્યારે તે રૂઢસંસ્કારી સમાજ તે ઉદાર વિચારના વર્ગને નવીન પંથ તરીકેજ ગણી લે છે. શ્રીમાન્ રાજચંદ્રના વિચારો સંપૂર્ણ ઉદાર હોવાથી રૂઢસંસ્કારી સમાજને એમ લાગવુંજ જોઇએ કે, તેઓનો પંથ ચાલે છે. જૈનસમાજના આ શંકાસ્પદ વર્ગને જેમ આ કારણે નવો પંથ ચલાવવાનો શ્રીમાન્‌નો ઇરાદો લાગે તેમ તેને લાગવાનું બીજું પણ એક કારણ છે. શ્રીમાન્‌ની મહત્વાકાંક્ષા પોતે સંપૂર્ણપણે સ્વાત્મહિતમાં સ્થિર થયા બાદ અવિભક્ત જૈન માર્ગ બનાવવાની હોઇ તેઓ જૈનમાર્ગનો પુનરૂદ્ધાર ઇચ્છતા હતા એટલે સામાન્ય લોકો એવું માની લેવાની ભૂલ કરે કે, તેઓનો ઇરાદો નવો પંથ ચલાવવાનો હતો, તો તે કેવળ સ્વાભાવિક છે.

વળી, મને એક દૃષ્ટિએ નવો પંથ ચાલવાનું કહેનારા સત્ય પણ લાગે છે. તે શી રીતે? એટલું તો ખરૂં છે કે, કંઇ પણ ગચ્છ મમત્વબુદ્ધિ રાખ્યા વિના અવિભક્ત જૈનમાર્ગ જોઇએ, એવી અભિલાષા હાલના જમાનાના વર્ગમાં ઉત્પન્ન થઇ છે. આ અભિલાષા મૂળ અને પ્રથમ શ્રીમાન્ રાજચંદ્રમાં ઉત્પન્ન થઈ હોવાથી એ અભિલાષા ધરાવનાર વર્ગને શ્રીમાન્‌ના વિચારના અનુસરનારા તરીકે ઓળખાય એ સ્વાભાવિક છે અને જો ઓળખાય તો સામાન્ય સમુદાય તેઓને શ્રીમાન્‌ના પંથી તરીકે ઓળખે તો તેમાં કાંઇ અસ્વાભાવિક નથી. એક તરફથી સામાન્ય સમુદાય બહુ ઉંડાણુમાં ઉતરી ન શકે, બીજી તરફથી આ ઉદારચિત્ત વર્ગ પોતાના વિચારમાં બહુ દૃઢ હોય, એટલે બન્ને વચ્ચે અથડામણી થયા વિના ન રહે. આ અથડામણી વિશેષ દૃઢ સ્વરૂપ ત્યારે લે છે કે, જ્યારે આ નવો વર્ગ સ્વાભાવિક રીતે પોતાના આદર્શરૂપ પુરૂષ પ્રત્યે બહુ માન અને બહુ શ્રદ્ધા તથા ભક્તિ બતાવે છે ત્યારે. વળી શ્રદ્ધા અને ભક્તિ એવી અપૂર્વ ચીજ છે કે, તેના વેગને લીધે મનુષ્યો ઘણી વેળા લૌકિક દૃષ્ટિનો ખ્યાલ ન કરતાં પોતાનાજ વિચારમાં દૃઢ રહે છે. ભક્તિની અપેક્ષાએ ભક્તિની હદ અમર્યાદિત કરવાથી આત્માને લાભજ થાય છે, પણ સામાન્ય સમુદાયને તે અમર્યાદિત હદ સહન કરવાની સહિષ્ણુતા રાખવાની પ્રકૃતિ હોતી નથી અને તેથી તે વધારે ને વધારે પોતાની શંકા ઉપર આરૂઢ થાય છે. શ્રીમાન્‌ના સંબંધમાં પણ આમ બનેલું મને તો લાગે છે.

આટલું મારે કહેવાનું હતું અને તે મેં કહ્યું. પોતાના કે પોતાના પુત્ર, બંધુ આદિ સંબંધમાં ઉચ્ચારાએલા પ્રશંસક શબ્દોનો ઉપકાર માનવાની વાત કરી અનેક બાબતો હાથ ધરવાનું મેં કર્યું છે. તે આપનાં સમય અને ધીરજને થકવવા બરોબર છે એમ હું સમજું છું. છતાં મેં તેમ કર્યું છે તો મારા પ્રત્યે કરૂણા બુદ્ધિ કરશો.

એક વાર પુનઃ પ્રમુખ સાહેબ અને મુનિ શ્રી ચારિત્રવિજયજી માટે ઉપકાર માનું છું કે તેઓએ મારા અને મારા સદ્‌ગત ભત્રીજા ભાઇ છગનલાલ માટે ઘણી લાગણી અને માનવાળા શબ્દો ઉચ્ચાર્યા છે. જયન્તીને માટે મેં શરૂઆતમાં કહ્યું તેમ શ્રીમાન્‌ના એક ભાઇ તરીકેજ નહિ પણ સમાજના એક અંગ તરીકે આપ સર્વનો અતિશય ઉપકાર માનું છું.

શ્રીમદ્‌ રાજચંદ્રનાં કેટલાંક સ્મરણો.

(અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.)

સાધુચરિત કવિ સ્મરણ તમારાં શાં કરૂં ?
વિસ્મરણનો ક્ષણ એક નથી અવકાશ જો,
અહર્નિશ છે અંતરમાં યાદી આપની,
સદા ઉદિત ઉર ઉજ્જવલ પુણ્ય પ્રકાશ જો. સાધુ ચરિત કવિ. ૧

× × × ×

પુનીત પરૂણા થઇ ઉતર્યા અમ આંગણે
અલ્પ સમય કીધો મનુકૂળમાં વાસ જો.
ગુપ્ત ઝરણ દેવી રસનાં વહેતાં કરી,
ત્વરિત વળ્યાં કરી પૂરણ આપ પ્રવાસ જો. સાધુ ચરિત. ૨

× × ×

શુષ્ક જીવન અમ રસ નિર્ભર સ્નેહે કરી,
સ્હેજે શિખવ્યો આત્મજીવનનો યોગ જો,
જે સુખનાં સ્વપ્નાં સાથે સરખાવતાં,
અલ્પ વસે ઉર ભુવનત્રયના ભોગ જો. સાધુ ચરિત. ૩
મેઘ રૂડા આણ્યા અમ ઉર મરૂક્ષેત્રમાં
ટહુકી સ્વર્ગીય મધુરા રાગ મલ્હાર જો.
નવપલ્લવતા અર્પી જીવનબાગમાં,
કીધાં અમને ઉન્નત અધિક ઉદાર જો. સાધુ ચરિત. ૪

ખ્યાલ કરૂં શું અદ્ભુત જ્ઞાન પ્રકાશનો,
પ્રતિક્ષણુ જેમાં વૃદ્ધિ અનંત સુહાય જો.
જ્ઞાનીના હારદને સમજે જ્ઞાનીઓ,
અનુભવ્યું મુજ પામરથી કયમ જાય જો. સાધુ ચરિત. ૫
આ આંખે રસભીના તમને ભાળીઆ,
અનુભવ નંદનવનના વિરલ વિહારી જો;
બાકી હૃદય વિહીન જ્યાં ત્યાં નજરે ચડે,
શુષ્ક જીવન ચરિતાપૂરમાં સંસારી જો. સાધુ ચરિત. ૬
કથ્યું ન જાયે યદ્યપિ અહ:નિશ આપનું,
વિલસે અંતર ચાર ચિત્ર વિચિત્ર જો;
શેષ જીવન સંભારી સુખમાં ગાળશું,
સમિપ સમયના અનુભવ પરમ પવિત્ર જો. સાધુ ચરિત. ૭

શ્રીમદ્ રાજચંદ્ર-જગત્પ્રત્યે તેમના સંદેશાઓ.

(લેખક:—રા. રા. સુશીલ.)

'શ્રીમદ્ રાજચંદ્ર'ની પીછાન હવે જૈન પ્રજાને નવી કરાવવાની નથી. ભિન્ન ભિન્ન પ્રસંગોએ ભિન્ન ભિન્ન ગૃહસ્થો ઉપર લખાયેલા વિવિધરંગી પત્રોનો પ્રકટ થયેલો સંગ્રહ તથા આત્મસિદ્ધિ અને મોક્ષમાળા વિગેરે ગ્રન્થોએ જૈન સાહિત્યમાં જે યુગાંતર પાડયો છે, તથા તત્ત્વજ્ઞાન અને ઉદારતાના સૂત્રોની જે સુહાગન જ્યોત્સ્નિકા પ્રકટાવી છે, તે અતિશય પ્રયાસે પણુ બીજે મળી શકે એમ નથી. શ્રીમદ્નો ગમે તે એક પત્ર લઇએ પણુ એમાં એવું એકાદ પ્રબોધક સૂત્ર મળી આવ્યા વિના નહીંજ રહે કે જે સહૃદય અભ્યાસીના આત્મામાં ઉંડી અને દિવ્ય લાગણીઓ ઉલ્લસાવ્યા વિના રહે. આટલું છતાં-'શ્રીમદ્ રાજચંદ્ર' એ વર્ત્તમાન યુગનું એક અપૂર્વ સાહિત્યરત્ન હોવા છતાં, કોઈ પણુ સ્વતંત્ર વિવેચનકાર, એ આખા ગ્રંથ ઉપર તલસ્પર્શી વિવેચન કરવાને બહાર આવ્યા નથી, એ વિદ્વાન્ જૈન વિચારકોની ઉપેક્ષા માટે બહુ દુ:ખપ્રદ છે. છતાં આશા રાખવાને કારણુ છે કે તેવા કોઈ સાક્ષરની લેખિની ભવિષ્યમાં પોતાના તરફનો પ્રસાદપૂર્ણુ ઉમેરો કરી જૈન સમાજને એવો ઉમદા લાભ આપવાની ભવિષ્યમાં આવશ્યકતા વિચારશે. આજ સુધીમાં જે કાંઈ કહેવાયું છે, તે બહુજ ઉપયોગી

અને નવો પ્રકાશ આપનારૂં છે, એ તો નિર્વિવાદ છે. કિન્તુ નિગૂઢ રહસ્ય-વાળા એમના કેટલાક પત્રો તથા સૂત્રોમાં જે ઉજ્વળ આત્માની રેલમછેલ છે, તેનો સંપૂર્ણ પરિચય આપવાની હજી ઘણી જરૂર છે.

શ્રીમદ્‌ના આત્મા સાથે ગતિ કર્યા વિના, એ " ગગન વિહારી " પુરૂષવર સાથે ઉંચા ઉડવાની શક્તિ આવ્યા વિના, તેમનાં શિક્ષણસૂત્રોનો સામાન્ય પરિચય આપવા ઉપરાંત એક સામાન્ય અભ્યાસીથી વધુ કાંઇ નજ બની શકે, એ કેવળ સંભવિત છે. પરન્તુ રસિક જનોને, શ્રીમદ્‌ના ખાસ પેગામો–સંદેશાઓ–કે જે તેઓના અક્ષરદેહમાં જ્વલંતપણે પ્રકાશી રહ્યા છે, તે પેગામોનો કંઇક પરિચય કરાવવો છેકજ અનુચિત નહિ ગણાય.

શ્રીમદ્‌ના અક્ષરદેહથી જેઓ સહેજ પણ પરિચય પામેલા છે તેઓની પાસે તેની અંદર રહેલા આધ્યાત્મિક કે લોકોત્તર શાસ્ત્રીય સિદ્ધાંતોને સમ-જાવવા બેસવું, એતો જાણે સૂર્યનો પ્રકાશ બતાવવા માટે એક બપોરીયું સળગાવવા જેવું હોય તેમ લાગે છે. છતાં તેમનું જીવન પશ્ચિમના વાતાવ-રણમાં જે એક મહત્ત્વનો સંદેશો મોકલે છે, તે આપણું ખાસ લક્ષ ખેંચે છે. પૂર્વમાંથી પશ્ચિમમાં જતો આ પેગામ પુનર્જન્મ–આત્મસ્વરૂપ સંબંધનો છે. જૈનપરિભાષામાં કહીએ તો સમ્યગ્દર્શનના જે છ સ્થાન—આત્મા છે તે નિત્ય છે, વિગેરેના રહસ્યપૂર્ણ તત્ત્વોથી અંકાએલો છે. તેઓને અપાયેલું Born ascetic—જન્મવૈરાગ્યવાન્ તથા તેઓએ લઘુ વયમાં પ્રાપ્ત કરેલા જ્ઞાનને તેઓની જીવનચર્ચા સાથે સરખાવતાં:—

લઘુવયથી અદ્‌ભુત થયો, તત્વજ્ઞાનનો બોધ,
એજ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ?
જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય,
વિના પરિશ્રમ તે થયો, ભવ શંકા શી ત્યાંય.

એ પદો પુનર્જન્મની સેંકડો યુક્તિ–પ્રયુક્તિઓ કરતાં જડવાદના મા-ર્ગમાં વધારે પ્રકાશ નાંખશે. તેર વર્ષની લઘુવયમાં, કેળવણીના પુરતાં સાધ-નોની ગેરહાજરીમાં " તત્ત્વજ્ઞાનનો અદ્‌ભુત બોધ " અને "અતિ અભ્યાસે થવો ઘટે તેવો વિના પરિશ્રમનો સહજ સંસ્કાર " એ પરથીજ જો ભવ શંકાનો ફત્તેહમંદ ઉત્તર ન મેળવી શકાય તો પછી પૂર્વજન્મ અને સંસ્કાર માટે પ્રત્યક્ષ પ્રમાણ શોધવા નીકળવું એ વ્યર્થજ છે. વધારે ખુબી, વળી, તેમાં એ પણ એક પ્રત્યક્ષ થાય છે કે જે સંસ્કારોની ઓળખાણ આપણને ઘણી નાની વયથી આપવામાં આવી છે તે પૂર્વના બળવાન ક્ષયોપશમના પણ સૂચક હતાં, અને તેની સાથે શ્રીમાન્‌નું આંતર્ જીવન પણ વૈરાગ્ય

શ્રદ્ધા–વિવેક અને સમ્યક્ત્વના રંગોથી રંગાયેલું હતું. વૈરાગ્ય અથવા આત્મ-સ્વરૂપ શ્રીમાન્ રાજચંદ્રના જાણવામાં કઈ રીતે આવ્યું તે એક ઘણી આશ્ચર્યકારક વસ્તુ છે.

શ્રીમાનની વિચારશ્રેણીપરથી જોઇ શકાય છે કે વિચારની શરૂઆતજ નાસ્તિકતામાંથી ઉદ્ભવી હતી અને તે છેવટે વૃદ્ધિ પામતાં પામતાં "અનંતકાળથી અપ્રાપ્તવત્ એવું આત્મસ્વરૂપ, કેવળ દર્શનસ્વરૂપે અંતર્મુહૂર્ત્તમાં ઉત્પન્ન કર્યું હતું." મતલબ કે આત્મસ્વરૂપના ગર્ભદ્વારમાં આવતાં પહેલાં ધર્મનું અસ્તિત્વ સ્વીકારવા માટે આ પ્રમાણે આત્મપૃચ્છા કીધી હતીઃ—

" તું જે સ્થિતિ ભોગવે છે, તે શા પ્રમાણુથી? આવતી કાલની વાત તું શા માટે જાણી શકતો નથી? તું જે ઇચ્છે છે તે શા માટે મળતું નથી? ચિત્ર વિચિત્રતાનું પ્રયોજન શું છે?"

આ આત્મપૃચ્છા શ્રીમાનની ૧૬મા વર્ષ પહેલાંની છે, એટલે કે જે વખતની વયની અપકવતાનો તથા બાળબુદ્ધિનો વિચાર કરતાં આવી આત્મ-નિરીક્ષા દિગ્મૂઢ કર્યા વિના રહે નહીં. પંદર કે સોળ વર્ષની અવસ્થાએ તત્ત્વવિચાર તો શું પણ સામાન્ય નીતિ કે વિવેકાદિના વિચાર માટે પણ ભાગ્યેજ પકવ અવસ્થા માની શકાય, તેવી સ્થિતિમાં આવા તત્ત્વજ્ઞાનના પાયા સમાન પ્રશ્નો ઉપર ચિત્તનું ખેંચાવું, એ પૂર્વ ભવના દઢતમ સંસ્કારો સિવાય કઇ રીતે શક્ય હોય, તેનો જવાબ જડવાદીઓ કેવા રૂપમાં આપે છે, તે જાણવું ઘણું અગત્યનું થઈ પડશે. શ્રીમાનના પોતાના શબ્દોમાં જ આ વાત મૂકીએ તો " જ્યારે જ્યારે હું માગધી પુસ્તકો વાંચું છું, ત્યારે મને એમ લાગે છે કે જાણે મને એ ભાષાની પૂર્વે માહિતી હોય અને આ વાંચનવડે તે હું તાજી કરતો હઉં." હું ધારૂં છું કે પૂર્વ જન્મના દઢતર સંસ્કારો દર્શાવવા આટલી હકીકત આપની સન્મુખ મુકવી બસ થવી જોઇએ. પણ પૂર્વે, પશ્ચિમને જે આત્મસ્વરૂપ શીખવવાનું છે, તે એટલું બધું ઉપકારક છે કે, આપણી મતિને સામાન્ય લાગતી આ હકીકત પશ્ચિમના જડવાદની અસર તળે આવેલા અને નાસ્તિકતાની વલણ ધરાવતા આત્મ-બન્ધુઓને વધારે સચોટતાથી દર્શાવવી ઘણી ઉપકારક થઇ પડશે. શ્રીમાનની નાસ્તિકતાથી શરૂ થયેલી આત્મપૃચ્છા, તેઓના પોતાના સ્વજીવન વૃત્તમાં સ્પષ્ટ રૂપે દર્શન દે છે. તે ભાગ આ પ્રમાણે છેઃ—

" સમર્થ તત્ત્વજ્ઞાનીઓએ અને સમર્થ નાસ્તિકોએ જે જે વિચારો કર્યા છે, તે જાતિના અનેક વિચારો અલ્પ વયમાં મેં કરેલા છે."

આ રીતે પૂર્વ જન્મના સંસ્કારોની પ્રબળતા જાણ્યા પછી, એક વિશેષ

બીના જોવાની જરૂર ઉભી થાય છે. એટલે કે હવે તે પ્રશ્ન સ્વાભાવિક રીતે એવો આવવા યોગ્ય છે કે પૂર્વ ભવના સંસ્કારોની પ્રબળતા ઉપરથી **શ્રીમા**નના સંસ્કારોની **ઉચ્ચતા** શી રીતે સિદ્ધ થાય? **શ્રી**માન્ પોતે એક સ્થળે કહે છે કે " ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્વલ આત્માઓનો સ્વતઃ વેગ વૈરાગ્યમાં ઝંપલાવું એ છે. " બીજા શબ્દોમાં કહીએ તો આત્માનું ઉજ્વલ સ્વરૂપ એ વૈરાગ્ય છે. અમુક આત્મા કયાં સુધી ઉજ્વલતા-શુદ્ધતા પામ્યો છે તેનો નિર્ણય તેના અધ્યાત્મ કિંવા વૈરાગ્ય ઉપરથી કલ્પી શકાય છે, અને જેનો વૈરાગ્ય જેટલો ઉગ્ર તેટલોજ તેનો આત્મા શુદ્ધ તથા ઉજ્વળ ગણી શકાય. વૈરાગ્ય એ રાગદ્વેષ આદિ આંતર્ દોષોની નિવૃત્તિને સૂચવે છે. **સ્યાદ્**વાદમંજરીના પ્રથમ શ્લોકના પ્રથમ ચરણમાં એવા શબ્દો શ્રીમાન્ **હેમ**ચંદ્રાચાર્યે મૂક્યા છે કે **अनंतविज्ञानमतीतदोषम्** ॥ આ શબ્દો ઉપર ટીકા કરતાં શ્રીમાન્ **મલ્લિષેણ**સૂરિ કહે છે કે શ્રી **વીર**પ્રભુને અનંતવિજ્ઞાનયુક્ત કેમ કહેવાય? તેના ઉત્તરમાં તેઓ પ્રરૂપે છે કે, શ્રી વીતરાગ દેવના દોષો નાશ પામ્યા છે, તેથી તેમનું જ્ઞાન અનંત છે. અર્થાત્ જેટલે અંશે રાગ દ્વેષાદિનો જય, તેટલેજ અંશે વિજ્ઞાનની જાગૃતિ. જ્ઞાન, સમ્યક્જ્ઞાન એ કાંઈ બ્હારથી આવે છે એમ તો આપણે સ્વીકારતા નથી, તો પછી એ સહજ છે કે વૈરાગ્યવાસિત ભાવનાઓનું જેટલું બળવાન્પણું હોય તેટલેજ અંશે આત્માની ઉજ્વળતા હોવી જોઇએ. **શ્રી**માન્ **રાજચંદ્ર** પણ એજ ભાવને હૃદયમાં પોષી એમ કહે છે કે વૈરાગ્યમાં ઝંપલાવું એ ઉજ્વલ આત્માનો સ્વતઃ કુદરતી વેગ છે.

શ્રીમાન્નો વૈરાગ્ય કેવા ઉગ્ર તેજથી પ્રકાશતો હતો, તે અવલોકવાને સદ્ભાગ્યે વધારે પૃથક્કરણમાં ઉતરવું પડે તેમ નથી. તેઓના લેખો-પત્રો વિગેરેના સમૂહમાં પદે પદે એ વૈરાગ્યની તેજોમયી શિખાઓનું અણધાર્યું દર્શન થાય છે. ટુંકામાં વૈરાગ્ય એ તેઓના હૃદયની પરમપ્રિય, પરમ આદરણીય અને ઓતપ્રોત થયેલી વસ્તુ હતી, એમ કહીએ તોપણ કાંઇક અપૂર્ણતા રહી જતી હોય તેમ જણાય છે. વૈરાગ્ય એજ જો ઉજ્વલ આત્માનો સ્વતઃ વેગ હોય તો **શ્રી**માન્ **રાજચંદ્ર**ના વૈરાગ્ય પૂર્ણ પત્રો-પદો તથા લેખો એમના આત્માની ઉજ્વલતાના સંબંધમાં બેમત ઉત્પન્ન થવા દેશે નહીં, એમ હું મજબુત રીતે માનું છું.

અતિશયોક્તિથી ડરતાં ડરતાં પણ કહું છું કે **શ્રી**માન્ના જીવનની સાથે વૈરાગ્ય એવા કોઇ અનેરા સંબંધથી ઓપતો હતો કે, **શ્રી**માન્ની એ પ્રિય વસ્તુ ગમે તે વખતે ગમે તે કાર્યમાં અચાનક-અણધારી ઢળી પડયા વિના

રહેતી નહીં. તેઓની પાદમૂર્તિઓ તથા કાવ્યોજ આને માટે પૂર્ણ ગણાશે. માત્ર ઓગણીશ વર્ષની વયે તેમનો એક મનોરથ અહીં ઉતારૂં છું. અને તેમના આત્માની ઉજ્વલતાનો ખ્યાલ કરવાનું વાંચકોનેજ સોંપું છું.

" મોહનિભાવ વિચાર આધિન થઇ,
ના નિરખું નયને પર નારી.
પથ્થર તુલ્ય ગણું પર વૈભવ,
નિર્મળ તાત્ત્વિક લોભ સમારી.
દ્વાદશવ્રત્ત અને દીનતા ધરી,
સાત્ત્વિક થાઉં સ્વરૂપ વિચારી.
એ મુજ નેમ સદા શુભ ક્ષેમક,
નિત્ય અખંડ રહો ભવહારી.
તે ત્રિશલા તનયે મન ચિંતવી,
જ્ઞાન વિવેક વિચાર વધારૂં.
નિત્ય વિશોધ કરી નવ તત્વના,
ઉત્તમ બોધ અનેક ઉચારૂં.
સંશય બીજ ઉગે નહીં અંદર,
જે જીનના કથનો અવધારૂં;
રાજ્ય સદા મુજ એક મનોરથ,-
ધાર થશે અપવર્ગ ઉતારૂં."

મોહનિભાવ વિચારને આધિન નહીં થવાનો, પરનારી નયને પણ ન નીરખવાનો, પરવૈભવને પથ્થર તુલ્ય ગણવાનો, અને ત્રિશલાતનય-શ્રી મહાવીરને વિષે મનની એકાગ્રતા કરી જ્ઞાન વિવેક વિચાર વધારી, નવ તત્ત્વ વિશોધન કરવાનો મનોરથ, આત્મકલ્યાણ તથા લોકકલ્યાણની શ્રીમાનના હૃદયમાં વહેતી ઉચ્ચતમ ભાવનાઓના આદર્શરૂપ નહીં તો બીજું શું કહી શકાય? આત્મિક ઉજ્વળતાને સૂચવનારા વૈરાગ્યના વિવિધ અંશો તો દરેક ગદ્ય-પદ્યના આત્મારૂપ હોવા ઉપરાંત લોકકલ્યાણ અને શાસન પ્રભાવનાની ભાવનાઓ પણ પ્રત્યેક પ્રસંગની કિનારી બાંધતા રહ્યા છે, તે આપણે ઉક્ત મનોરથપરથી સ્પષ્ટ રીતે જોઇ શકીએ છીએ. અહીંઆં એમ કહેવાની ભાગ્યેજ જરૂર રહેશે કે નવ તત્ત્વના ગૂઢ પ્રશ્નો ઉકેલવા અને વિશોધવાનો પણ લોકકલ્યાણના નિઃસ્વાર્થ ભાવે શ્રીમાનનો એક ઉચ્ચતમ મનોરથ હતો. આ હેતુ સંપૂર્ણ અંશે પાર પડેલો જોવા આપણે ભાગ્યશાળી થયા નથી, એ ખેદનો વિષય છે. છતાં તેઓશ્રીએ એ નવ તત્ત્વના બોધની પ્રસ્તાવના રૂપ જે કાંઈ

સ્થૂલ રેખાઓ બાળાવબોધના રૂપમાં મોક્ષમાળામાં ખેંચી છે, તે આપણને યથાર્થ રીતે મગરૂર બનાવે છે. જો તેઓશ્રીની વયચર્યા વિસ્તરી હોત તો, અનેક અનેક પ્રકારે તત્ત્વજ્ઞાનની અવગાહના થઇ હોત, એમ કહેવાનો પ્રસંગ લેવો એ પણ દુઃખદાયક થઈ પડે છે. અહીંઆં સુધી આપણે **શ્રીમાન્**ની વિચારશૈલીનું તળ-નાસ્તિકતા-આત્મપૃચ્છા તથા ઉજ્વળ આત્માનો સ્વતઃ વેગ, સપાટી ઉપરથી જોયો. હવે એ જીવન પ્રસંગો આપણને શું પ્રબોધે છે તે જોઇએ.

શ્રીમાન્ની આત્મપૃચ્છા કિંવા આત્મવૃત્તાંત સૂચવે છે કે બાળવયમાં સમર્થ નાસ્તિકોથી થવા યોગ્ય વિચારો તેમણે સેવ્યા હતા. **શ્રીમદ્ રાજ**-ચંદ્રના પ્રકટ થયેલા સઘળા લેખ સમૂહનો અનુસંધાન કર્યા પછી જણાય છે કે ભાષાજ્ઞાન અથવા જરા આગળ વધીને કહીએ તો બુદ્ધિ વિષયક જ્ઞાન (intellect) એ કાંઈ તેમને નવું મેળવવાનું નહોતું, તેથી તેમને એ સંબંધે વધારે પરિશ્રમ કે અભ્યાસ કરવો પડે તેમ નહોતું. તેમને જે કાંઈ આ અવસ્થામાં કરવાનું હતું તે બુદ્ધિ વિષયક જ્ઞાનની પછી અનુભવ જ્ઞાન-પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કરવાનું કર્ત્તવ્ય બજાવવાનું હતું, અને તેથીજ તેઓને સમર્થ નાસ્તિકોથી ઉદ્‌ભવવા યોગ્ય વિચારો આવ્યા હોય, તો તે અસંભવિત નથી લાગતું. અસંભવિત નથી લાગતું એમ કહેવા કરતાં સંભવિત લાગે છે, તેમ ન કહેવામાં મારો એક હેતુ સમાયેલો છે. આપણને એક એવી ટેવ પડી ગઇ છે કે પૂર્વ પુરૂષોએ જે કાંઇ કહ્યું હોય છે, તેનું આંતર્ રહસ્ય સમજ્યા વિના ઘણીવાર તેને એવી તો મજબુતીથી વળગી રહીએ છીએ કે મૂળ પુરૂષનો ભાવ છેવટે સત્ત્વહીન ગણાઈ પોતાના સામર્થ્યને તિરોભૂત કરી નાંખે છે. તે ગમે તેમ હો. મૂળ પુરૂષના ભાવને હાનિ પહોંચતી હોય કે ન પહોંચતી હોય, તે બીના એક બાજુ રાખીએ તો પણ વિવેકબુદ્ધિ આ પાઠ તો સ્વીકારશે કે સ્વતંત્ર વિચાર વિના—અનુભવ જ્ઞાન મેળવવાના ઉત્સાહ વિના જેવો જોઇએ તેવો આત્મ વિચાર ઉગતો નથી. આટલાજ માટે પાશ્ચાત્ય વિદ્વાન્ એમર્સનને પણ એમ કહેવું પડયું હોવું જોઇએ કે "જેઓ બીજાના શબ્દોનો અથવા વાક્યોનો પોતાનામાં ઉપયોગ કરે છે તે મૂર્ખ છે," મતલબ કે મતિજ્ઞાન (Intellect) ખેડયા પછી મનુષ્યે પોતાની પ્રતિભાને પણ કેળવવી જોઇએ. પ્રતિભાને વિકસાવ્યા વિનાનું બુદ્ધિ વિષયક જ્ઞાન, તદ્દન નિરર્થક નહીં તો પણ બહુ ઓછું ઉપયોગી છે, એમ મને લાગે છે. 'સમર્થ નાસ્તિકતાની" વિચાર ભૂમિકા ઉપર સૌ પહેલાં ઉભા રહી તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં આસપાસ દૃષ્ટિ ફેંકવાનું **શ્રીમાન્ રાજચંદ્ર**નું કર્ત્તવ્ય આપણને પ્રબોધે છે કે સ્વતંત્ર—પ્રત્યક્ષ વિચાર કેળવતાં શીખો અને ત્યાર પછી જે ગૂઢ રહસ્યોને

જોશો તે સ્વતઃ તમારા જીવનમાં અનાયાસે ઉતરશે. આપણી વચમાંથી હજી હમણાંજ પસાર થઇ ગએલા એવા વિવિધ ધર્મોપદેશકો તથા સંત પુરૂષોના જીવનોને ધ્યાનથી અવલોકીશું તો પ્રતીતિ થશે કે એ માંહેના મોટે ભાગે એજ પ્રકારની વિચાર ભૂમિકા ઉપરથી પોતાનો પ્રવાસ શરૂ કીધો હતો, અને એજ અધિક યા ન્યૂન પ્રત્યક્ષ જ્ઞાન-અનુભવ જ્ઞાનને પ્રતાપે દેશ-વિદેશમાં આર્ય ધર્મના મૂળતત્ત્વોની વીરહાક ગર્જાવી હતી. શ્રી સ્વામી વિવેકાનંદનું ઉપદેશ સામર્થ્ય તથા દલીલોનું બળવત્તરપણું હજી અંગ્રેજી કેળવણી પામેલાઓના હૃદયમાંથી ભાગ્યેજ ભુંસાયું હશે. તેમનો વિચારક્રમ પણ શ્રીમાન્ રાજચંદ્રના સરખીજ વિચાર ભૂમિ ઉપરથી ઉદ્ભવ્યો હતો, અને છેવટે એજ વિચારબળે યુરોપ આદિ દેશો ઉપર ચોક્કસ અસરો મૂકી હતી. એટલું કહેવું જોઇએ કે શ્રીમાન્ રાજચંદ્ર, અને સ્વામી વિવેકાનંદ, કે સ્વામી દયાનંદ એ સર્વેના માર્ગો અત્યંત ભિન્ન દિશામાં વળતા હતા, તથાપિ મતિજ્ઞાન અંતર અનુભવ જ્ઞાન મેળવવાનો આયાસ તો સર્વેનો એકજ પ્રકારનો હતો, એમ કહેવાનોજ અત્ર તાત્પર્ય છે. શ્રીમાન્નો એ વિચારવિકાસ વધારે સારી રીતે જોવા તેમના પોતાના શબ્દો અહીં વધારે ઉપયોગી થઈ પડશે. તેઓ કહે છે કેઃ—

"પ્રત્યક્ષ અનેક પ્રકારનાં દુઃખને તથા દુઃખી પ્રાણીઓને તેમજ જગત્‌ની વિચિત્ર રચના જાણીને તેમ થવાનો હેતુ શો છે, તથા તે દુઃખનું મૂળ સ્વરૂપ શું છે, અને તેની નિવૃત્તિ કયા પ્રકારે થઈ શકવા યોગ્ય છે, તેમજ જગત્‌ની વિચિત્ર રચનાનું અંતઃ સ્વરૂપ શું છે એ આદિ પ્રકારને વિષે વિચાર દશા ઉત્પન્ન થઈ છે, જેને, એવા મુમુક્ષુ પુરૂષ-તેમણે પૂર્વે પૂરૂષોએ ઉપર કહ્યા તે વિચારો વિષે જે કાંઇ સમાધાન આણ્યું હતું અથવા માન્યું હતું, તે વિચારના સમાધાન પ્રત્યે પણ યથાશક્તિ આલોચના કરી. તે આલોચના કરતાં વિવિધ પ્રકારના મતમતાંતર તથા અભિપ્રાય સંબંધી યથાશક્તિ વિશેષ વિચાર કર્યો. તેમજ નાના પ્રકારના રામાનુજાદિ સંપ્રદાયનો વિચાર કર્યો. તે આલોચના વિષે અનેક પ્રકારે તે દર્શનના સ્વરૂપનું મથન કર્યું. પ્રસંગે પ્રસંગે મથનની યોગ્યતાને પ્રાપ્ત થયેલું એવું જૈન દર્શન તે સંબંધી ઘણા પ્રકારે જે મથન થયું તે મથનથી તે દર્શનની સિદ્ધિ થવા પૂર્વાપર વિરોધ જેવો લાગે છે, એવાં નીચે લખ્યાં છે તે કારણો જણાયાં." વિગેરે.

શ્રીમાન્‌ની આ આલોચનાથી ફલિત થાય છે કે તેઓએ દર્શનશાસ્ત્રોનું તથા સાંપ્રદાયિક અભિપ્રાયોનું સંપૂર્ણ મનન કર્યું હતું અને પોતાની જ્યાં સુધી વિચારની ગતિ પહોંચી ત્યાંસુધી કયા દર્શનમાં પૂર્વાપર કેવો વિરોધ

સમાયેલો છે, તે તપાસ્યું હતું. જૈન ધર્મનો સ્વીકાર એ પણ આવીજ તપાસનું એક પરિણામ છે. એમ અનેકશઃ કહેવાઇ ચૂકયું છે; છતાં તેઓએ કૂળ ધર્મના મોહથી કે વિચારના મોહથી જૈન દર્શનને સંપૂર્ણ અવિરોધીજ કહેવાનું ભાર દઇને જણાયું નથી; એ તેઓની આલોચનાનો અથવા જેને જૈન પરિભાષામાં દેશે પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય તેનો એક સબળ પુરાવો છે. આ પુરાવો આપણને ઉભો કરવો પડે તેમ નથી. તેઓશ્રી પોતેજ નોંધે છે કેઃ—

" **અમારા ચિત્તને વિષે વારંવાર એમ આવે છે અને એમ પરિણામ સ્થિર રહ્યા કરે છે કે, જેવો આત્મકલ્યાણનો નિર્ધાર શ્રી વર્દ્ધમાન સ્વામીએ, કે શ્રી ઋષભાદિએ કર્યો છે, તેવો નિર્ધાર બીજા સંપ્રદાયને વિશે નથી.** વેદાંતાદિ દર્શનોનો લક્ષ આત્મજ્ઞાન ભણી અને સંપૂર્ણ મોક્ષ પ્રત્યે જતો જોવામાં આવે છે. પણ તેનો યથાયોગ નિર્વાર સંપૂર્ણપણે તેમાં જણાતો નથી; અંશે જણાય છે અને કંઈ કંઇ તે પણ પર્યાય ફેર દેખાય છે. જો કે વેદાંતને વિષે ઠામ ઠામ આત્મચર્યાજ વિવેચી છે, તથાપિ તે સ્પષ્ટપણે અવિરૂદ્ધ છે, એમ હજી સુધી લાગી શકતું નથી. એમ પણ બને કે વખતે વિચારના કોઈ ઉદયભેદથી વેદાંતનો આશય બીજે સ્વરૂપે સમજવામાં આવતો હોય, અને તેથી વિરોધ ભાસતો હોય, એવી આશંકા પણ ફરી ફરી ચિત્તમાં કરવામાં આવી છે. વિશેષ વિશેષ આત્મવીર્ય પરિણમાવીને તેને અવિરોધ જોવા માટે વિચાર કર્યા કરેલ છે, તથાપિ એમ જણાય છે કે વેદાંત જે પ્રકારે આત્મસ્વરૂપ કહે છે, તે પ્રકારે સર્વથા વેદાંત અવિરોધપણું પામી શકતું નથી. કેમકે તે કહે છે તેજ પ્રમાણે આત્મસ્વરૂપ નથી. કોઇ તેમાં મોટા ભેદ જોવામાં આવે છે, અને તે તે પ્રકારે સાંખ્યાદિ દર્શનોને વિષે પણ ભેદ જોવામાં આવે છે. **એક માત્ર શ્રીજીને** કહ્યું છે તે આત્મસ્વરૂપ વિશેષ વિશેષ અવિરોધી જોવામાં આવે છે. અને તે **પ્રકારે વેદવામાં** આવે છે, સંપૂર્ણપણે અવિરોધી જીનનું કહેલું આત્મસ્વરૂપ હોવા યોગ્ય છે **એમ ભાસે છે.** સંપૂર્ણપણે અવરોધી જ છે એમ કહેવામાં નથી આવતું તેનો હેતુ માત્ર એટલો છે કે સંપૂર્ણપણે આત્માવસ્થા પ્રકટી નથી; જેથી જે અવસ્થા અપ્રકટ છે તે અવસ્થાનું અનુમાન વર્તમાનમાં કરીએ છીએ; જેથી તે અનુમાનપર અત્યંત ભાર ન દેવા યોગ્ય ગણી વિશેષ વિશેષ અવિરોધી છે એમ જણાયું છે. સંપૂર્ણપણે અવિરોધી હોવા યોગ્ય છે. સંપૂર્ણ આત્મસ્વરૂપ કોઇ પણ પુરૂષને વિષે પ્રકટવું જોઇએ, એવો આત્માને વિષે નિશ્ચય પ્રતીતિભાવ આવે છે, અને તે કેવા પુરૂષને વિષે પ્રકટવું જોઇએ એમ વિચાર કરતાં જીન જેવા પુરૂષને પ્રકટવું જોઇએ એમ સ્પષ્ટ

લાગે છે.” શ્રીમાન્‌ની ઉક્ત આલોચના ઉપર વિચાર કરતાં જણાય છે કે વેદ–વેદાંત–સાંખ્ય વિગેરે દર્શનોની આલોચના કરવામાં જે નિષ્પક્ષપાતતા, મમત્વરહિતતા તથા સૂક્ષ્મ ચિવટનો પરિચય આપ્યો છે, તેવો કેવળ સરળતા તથા મૃદુતાવાળો ખુલાસો કવચિત જ જોવામાં આવશે. નિષ્પક્ષપાત તથા મમત્વરહિત આલોચના કહેવાનો હેતુ કહ્યા વિના પણ સમજી શકાય એમ છે. અન્ય દર્શનો કરતાં જૈનદર્શનની વિશેષ વિશેષ અવિરૂદ્ધતા પ્રતીત થવા છતાં, સંપૂર્ણપણે અવિરોધીજ છે એમ કહેવાનું સાહસ કર્યું નથી. તેનું એકજ કારણ છે, અને તે એ છે કે જે પ્રકારે વેદવામાં આવ્યું છે તેજ પ્રમાણે ઉલ્લેખવાનો તેમનો ઉદ્દેશ હતો. સ્પષ્ટપણે એકરાર પણ પોતે કરે છે કે જ્યાંસુધી સંપૂર્ણપણે આત્માવસ્થા પ્રગટી નથી, ત્યાંસુધી સંપૂર્ણ અવિરોધી કહેવા કરતાં વિશેષ વિશેષ અવિરોધી કહેવાનું વધારે યોગ્ય વિચાર્યું છે. આથી કરીને તેમના એક પણ કથનમાં—ઉલ્લેખમાં મતાગ્રહતાની કે મમતાની કાંકરી ખુંચતી નથી. મેં ઉપર કહ્યું છે કે જ્યાંસુધી અનુભવજ્ઞાન ન થાય ત્યાંસુધી કોઇપણ વસ્તુ સંબંધેનો નિર્ણય મજબુતાઇથી શબ્દના આકારમાં મૂકયો નથી. તેમાં અનુભવજ્ઞાન તથા મતિજ્ઞાન—અથવા બુદ્ધિવિષયકજ્ઞાન સંબંધે અહીં મને અન્યથા રૂપમાં સમજવામાં ન આવે તે માટે કેટલોક ખુલાસો કરવો યોગ્ય લાગે છે. જૈનશાસ્ત્રમાં પ્રધાનતઃ પાંચ પ્રકારે કહ્યું છે. ૧ મતિજ્ઞાન ૨ શ્રુતજ્ઞાન ૩ અવધિજ્ઞાન ૪ મનઃપર્યવજ્ઞાન અને પાંચમું કેવલજ્ઞાન. આમાં પહેલાં બે જ્ઞાન એ પરોક્ષજ્ઞાન અને બીજા બે જ્ઞાન એ પ્રત્યક્ષજ્ઞાન ગણાય છે. જૈનદર્શનને વિશેષ વિશેષ અવિરોધી કહેવામાં એકજ કારણ છે કે હજી સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન જેવું કેવળજ્ઞાન પ્રગટયું નથી. વિશેષ વિશેષ અવિરોધી કહેવાનું બને છે તે માત્ર આંશિક પ્રત્યક્ષ જ્ઞાનનેજ આભારી છે, એમ હું માનું છું.

અત્યારે આપણે પૂર્વ અને પશ્ચિમના સંક્રાંતિયુગમાં થઇને પસાર થઇએ છીએ. આપણી જીવન ભાવનાઓ ઉપર નિત્ય નવા નવા રંગો–પટો ચડતા જાય છે. આ બધાં અન્તે કેવું રૂપ લેશે, તે તો માત્ર કલ્પીજ શકાય. પશ્ચિમના સંસ્કારોને લઇને આપણી ધર્મભાવનાઓ અથવા પાશ્ચાત્ય પંડિત કાર્લાઇલ જેને ખરેખરી વીરતાના નામથી સંબોધે છે, તે ઘણી શિથિલ બની ગઇ છે. આવા સમયમાં શ્રીમાન્‌ રાજચંદ્રનો એક આધ્યાત્મિક સંદેશો ઘણો ઉપકારક થઇ પડવો જોઇએ, તેઓ પ્રબોધે છે કેઃ—

“ જ્ઞાનીઓએ સંસારને અનંત ખેદમય, અનંત દુઃખમય, અવ્યવસ્થિત, ચળવિચળ અને અનિત્ય કહ્યો છે. આ વિશેષણો લગાડવા પહેલાં એમણે

સંસાર સંબંધી સંપૂર્ણ વિચાર કરેલો જણાય છે. અનંત ભવનું પર્યટન, અનંત કાળનું અજ્ઞાન, અનંત જીવનનો વ્યાઘાત, અનંત મરણ, અનંત શોક; એવડે કરીને સંસારચક્રમાં આત્મા ભમ્યા કરે છે, આત્માને ઇંદ્રવારણા જેવી સુંદર દેખાતી સંસાર મોહિનીએ તટસ્થ લીન કરી નાંખ્યો છે. એના જેવું સુખ આત્માને ક્યાંય ભાસતું નથી. મોહથી સત્ય સુખ અને તેનું સ્વરૂપ જોવાની એણે આકાંક્ષા પણ કરી નથી. જેમ પતંગનો, દીપકપ્રત્યે મોહ છે તેમ આત્માનો સંસાર સંબંધે મોહ છે. જ્ઞાનીઓ એ સંસારને ક્ષણભર પણ સુખરૂપ કહેતા નથી. એ સંસારની તલ જેટલી જગ્યો પણ ઝેર વિના રહી નથી. × × × × ×

ત્યાં જ્યારે આવું દુઃખ, આવી ક્ષણિકતા, આવી તુચ્છતા, આવું અંધપણું આદિ રહ્યાં છે, તો પછી બીજે સુખ શામાટે ગણવું જોઇએ? એ સુખ નથી, છતાં સુખ ગણો તો ભલે. કેમકે જે સુખ ભયવાળાં અને ક્ષણિક છે, તે દુઃખજ છે. અનંત તાપ, અનંત શોક, અનંત દુઃખ જોઇને જ્ઞાનીઓએ એ સંસારને પુંઠ દીધી છે તે સત્ય છે. એ જાણી પાછું વાળી જોવા જેવું નથી. ત્યાં દુઃખ, દુઃખ ને દુઃખજ છે. દુઃખનો એ સમુદ્ર છે." યથાર્થ સુખની શોધમાં અહીં તહીં ભટકતાં અને ચિરસ્થાયી સુખની પ્રાપ્તિમાં હતાશ થયેલા પ્રાણીઓ ઉપર કહ્યા તે કલ્પદ્રુમના આશ્રય નીચે બેસી થોડી ક્ષણ વિશ્રાંતિ લે તો હું માનું છું કે અનેક પ્રકારની તૃષ્ણાઓ, ઉપાધિઓ અને પ્રવૃત્તિઓમાં સત્ય સુખની ભ્રાંતિથી રઝળતા તે જીવોના આત્મામાં શાંતિનો ઉદ્રેક થયા વિના રહે નહિ. પણ અનંતકાળથી વિભાવમાં રચી-મચી રહેલા અને પાશ્ચાત્યોના આંજી નાંખે તેવા આવિષ્કારોથી મુંઝાઇ ગયેલા વર્તમાનયુગને એ આધ્યાત્મિક કલ્પવૃક્ષની છાયા નીચે જવાનો અવકાશ નથી એજ ખેદ છે. લક્ષ્મી, અધિકાર, અથવા યંત્રમાં-ખરી મહત્તા કે ખરી શાંતિ અર્પવાનું સામર્થ્ય નથી, કિન્તુ મનોવૃત્તિઓના બહારના વિષયો ઉપરના ઝોકને વાળી અંતરાભિમુખ કરવામાંજ યથાર્થ અને અબાધિત શાંતિ સમાયેલી છે. જે પદાર્થોને વહેલા મ્હોડા ત્યજી જવાના છે તે પદાર્થોનાજ ક્ષણિક સુખાભાસમાં લુબ્ધ શામાટે રહેવું જોઇએ? નાના પ્રકારના અધિકાર-વૈભવો કે મંત્રોએ કોઈ પણ પ્રજાને ચિરસ્થાયી શાંતિ આપી નથી અને શાંતિ આપી પણ ન શકે.

જેઓ યંત્રોમાં અથવા જડતાનાં રમકડાંઓ એકત્ર કરી રમવા માગે છે તેઓ લેશ પણ શાંતિ કે સુખ મેળવી શકવાના નથી, એ નિઃસંશય અને નિર્વિવાદ છે. સંસારને જ્ઞાનીઓએ અનંત દુઃખમય કે ખેદમય કહ્યો તે પહેલાં તેમણે સંસાર સંબંધી સંપૂર્ણ વિચાર કરેલો હોવો જોઇએ. આ

વિચારશ્રેણી વેળાએ જો એ સમર્થજ્ઞાની પુરૂષોને સંસારની કોઇ પણ વસ્તુ તલ જેટલી પણ ઝેરરહિત પ્રતીત થઈ હોત તો સંસારના સ્વરૂપને આવી રીતે ચિત્રત નહીં, એ વિચાર કરતાં ચોકસ જણાય છે. **શ્રીમાન્ રાજચંદ્ર** પૂછે છે કેઃ—

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળનાં તરંગ,
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ જ્યાં ક્ષણનો પ્રસંગ?

વળી—

લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવા પણું, એ નય ગ્રહો,
વધવા પણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહો હો! એક પળ તમને હવો!
હું કોણ છું, ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારૂં ખરૂં!
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરૂં?
એના વિચાર વિવેક પૂર્વક શાંત ભાવે જો કર્યા.
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.

અર્થાત્—એક ક્ષણુવારને માટે ધારો કે વિશ્વની સમસ્ત લક્ષ્મી-વૈભવ અને સત્તા તમારા ચરણોમાં શીર્ષ નમાવે છે, પ્રત્યેક વસ્તુ તમારી ઇચ્છાનુકુળ વર્ત્તવા લાગે છે, પરંતુ તેથી યથાર્થમાં તમારા જીવનના આત્મિક વિકાસમાં શું સહાયતા મળી? સંસારનુંજ વધવાપણું કે એ સિવાય બીજું કાંઈ? પરંતુ તેમ કરી તમે તમારા નરદેહને હારી જાઓ છો, તેનો કદાપિ પણ તમે ખ્યાલ કર્યો છે? માત્ર શાંત અને સ્થિર ભાવે વિવેકપૂર્વક એટલો જ આત્મપ્રશ્ન કરો કે "હું કોણ છું, ક્યાંથી આવ્યો છું, અને મારૂં ખરૂં સ્વરૂપ શું છે," અને તે પછી વૃત્તિને અંતરાભિમુખ કરી ઉત્તર મેળવો. આથી તમને સહેજે આત્મિક જ્ઞાન-સર્વ સિદ્ધાંતો તમારા અનુભવમાં પરિણમશે. પૂર્વે પશ્ચિમને જે એક મહત્ત્વનો આત્મવાદ શીખવવાનો છે તે આ જ છે. આ મહાપુરૂષ **શ્રીમાન્ રાજચંદ્રનો** પણ વર્ત્તમાન પ્રજાને તથા પશ્ચિમને એજ સંદેશો છે કે "આત્મા અનાદિ કાળથી સંસારરૂપી લોહિથી મલીન થયો છે, મલિનતા રોમ રોમ ઉતરી ગઇ છે. એ મલિનતા આપણે સંસાર વડે ટાળવા ધારીએ તો ટળી શકે નહિ. લોહીથી જેમ લોહી ધોવાતું નથી તેમ શૃંગારથી કરીને વિષયજન્ય આત્મ મલિનતા ટળનાર નથી, એ જાણે નિશ્ચય રૂપ છે. તત્વજ્ઞાનની દષ્ટિએ આત્મા સંસારમાં વિષયાદિક મલિનતાથી પર્યટન કરે છે. તે મલિનતાનો ક્ષય વિશુદ્ધ ભાવજળથી હોવો

જોઇએ. આત્મવસ્ત્રને અર્હંતના કહેલાં તત્ત્વરૂપ સાબુ અને વૈરાગ્યરૂપી જળથી ઉત્તમ આચારરૂપ પથ્થરપર રાખીને ધોનાર તે નિર્ગ્રંથ ગુરૂ છે. આમાં જો વૈરાગ્ય ન હોય તો બધાં સાહિત્ય કાંઇ કરી શકતાં નથી. માટે વૈરાગ્યને ધર્મનું સ્વરૂપ કહી શકાય." તેમજ "દશલાખ સુભટોને જીતનાર કંઇંક પડયા છે, પરંતુ સ્વાત્માને જીતનારા બહુ દુર્લભ છે અને તે દશલાખ સુભટને જીતનાર કરતાં અત્યુત્તમ છે. ટુંકામાં આપણે મનથી-ઇંદ્રિયોથી દોરાવું નહીં, પણ આપણે એને દોરવું, અને દોરવું, તે પણ મોક્ષમાર્ગમાં. જીતેંદ્રિયતા વિના સર્વ પ્રકારની ઉપાધિ ઉભીજ રહી છે. માટે અભ્યાસે કરીને પણ મન ને જીભને સ્વાધીનતામાં લઇ અવશ્ય આત્મહિત કરવું."

હવે, હીંદી પ્રજા યોગ્ય, **શ્રીમાન્ રાજચંદ્ર**ના અક્ષર દેહમાંથી એક સંદેશો તારવીએ. આ સંદેશાઓ પ્રથમદષ્ટિએ કેટલાએકોને આશ્ચર્યકારક તથા લાંબા કાળના વાસિત વિચારોને ધ્રુજાવનારો લાગશે, પરંતુ **શ્રીમાન્**ના કથનને પુરેપુરો વિવેક બુદ્ધિમાં ઉતાર્યા પછી મને ખાત્રી છે કે અવશ્ય એ સંદેહ દૂર થશે. વર્ત્તમાન યુગમાં બીજા સર્વ સંદેશાઓ કરતાં આ સંદેશાને વધારે આવશ્યક અને મહત્ત્વનો ગણું છું. તેનો એક ખાસ હેતુ છે-જે હું આગળ ચાલતાં કહીશ. આર્યાવર્ત્તમાં અનેક ધર્મોપદેશકો અને સુધારકો ઉદ્ભવ્યા છે. આપણી ભૂમિ, ધર્મના ઉપદેશો અને તત્ત્વજ્ઞાનના રહસ્યો માટે સમસ્ત સૃષ્ટિમાં એક અદ્વિતીય સ્થાન મનાયું છે. આ ભૂમિમાં ધર્મના મૂળ બીજા કોઇપણ દેશની ભૂમિ કરતાં અધિક, સત્ત્વર અને ઉંડાં રોપાયાં છે-અને રોપાય છે. એટલા માટે યુરોપ અને અમેરીકાના ઉપદેશકોનાં મન પણ આ દેશે લલચાવ્યાં છે અને તેમને અહીં આકર્ષ્યા છે. આપણે, આ સઘળા ઉપદેશકોના ઉદ્દેશો જો ખરેખરજ ઉન્નત માર્ગ ભણી વળતા હોય તો, તેઓનો સત્કાર કરીશું, પરંતુ તેજ વખતે એક સખ્ત ફરીયાદ ઉભી થાય છે. ભિન્ન ભિન્ન ધર્મોએ અને ભિન્ન ભિન્ન ધર્મના સખ્ત ઉપદેશકોએ ધર્મના નામે કોઇ કોઈ વાર ક્લેશને અને આંતર વિગ્રહને એટલો બધે વિસ્તારી મૂકયો છે કે એ કદાગ્રહજન્ય મતભેદો માટે ક્રોધ કે તિરસ્કાર છૂટયાવિના રહેતો નથી. **શ્રીમાન્ રાજચંદ્ર** સરખા સંત પુરૂષના વિચાર પૃથક્કરણ કરવાના પ્રસંગે એવા તીવ્ર શબ્દો ઉચ્ચારવા, એ પણ જો કે **શ્રીમાન્**ના અક્ષરદેહનો દ્રોહ કરવા સમાન લેખાય, તથાપિ ભિન્ન ભિન્ન મતભેદોએ આપણી રાષ્ટ્રીય અને ઐક્યની ભાવનાને જે સખ્ત આઘાત પહોંચાડયો છે, તે પર જ્યારે વિચારશ્રેણિ લંબાય છે, ત્યારે હું મારી વૃત્તિને દાબેલી રાખી શકતો નથી. હું અત્ર જે સંદેશાને અતિ મહત્ત્વનો કહેવાને દોરાયો છું તેનો પણ એજ હેતુ છે કે, કેમે

કરતાંએ ક્ષુદ્ર–મતભેદોની દિવાલો–કે જે આપણને હમેશાં દૂર–દૂર રાખતી રહી છે, તે જમીનદોસ્ત થાય અને સર્વ પ્રજામાં વાસ્તવિક ભ્રાતૃભાવ–મૈત્રીભાવ ઉદ્દ્ભવે ! **શ્રી**માનનો આશ્ચર્યકારક સંદેશો આ પ્રમાણે છેઃ—

ભિન્ન ભિન્ન મત દેખીએ, ભેદ દૃષ્ટિનો એહ,
એક તત્ત્વના મુળમાં વ્યાપ્યા માનો તેહ;
તેહ તત્ત્વરૂપ વૃક્ષનું આત્મ ધર્મ છે મુળ,
સ્વભાવની સિદ્ધિ કરે, ધર્મ તેજ અનુકુળ.

હિંદમાં એવા અનેક ધર્મો–મતો–સંપ્રદાયો અને પંથો અસ્તિત્વ ધરાવે છે, કે જેની સીમાજ આંકવી મુશ્કેલ પડે. આમાં કેટલાએક આપણી દૃષ્ટિએ અત્યંત વિરૂદ્ધ પણ જોવામાં આવે છે એ માત્ર દૃષ્ટિનો ભેદ છે. યથાર્થમાંતો એ પ્રથક્ પ્રથક્ ભેદો એક મહાસાગરના જળબિંદુ સમાનજ છે. જેવી રીતે જુદી જુદી નદીઓ જુદા જુદા મૂળમાંથી ઉત્પન્ન થઈ અંતે એકજ મહાસાગરને મળે છે તેમ નિર નિરાળા નયવાદોને અવલંબી પ્રવર્તેલા મતો પણ અંતે એકજ સંપૂર્ણ દર્શનમાં આવી મળે છે. થોડાએક અપવાદોને બાદ કરતાં આપણા તરફથી વેદાંત–સાંખ્ય–દિગંબર કે સ્થાનકવાસી એ સર્વને "મિથ્યાત્વી" કે " નિન્હવ "નીજ સંપૂર્ણપણે મહોર મારવામાં આવી છે; અને એ રીતે આપણે આપણી ઐક્યની ભાવનાનો ભારે દ્રોહ કર્યો છે. સર્વ મતભેદોને સર્વથા મિથ્યાત્વી કે નિન્હવ ગણતાં, મને લાગે છે કે આપણે પોતાનાજ નયનિક્ષેપોને અન્યથા આકારમાં મુકીએ છીએ, તેની જાગૃતિ રહેતી નથી. **શ્રી**માન્ રાજચંદ્ર આ સઘળા મતભેદો ભણી કેવી દૃષ્ટિથી જુવે છે, તે અવગાહવું અત્ર ઉપકારક થઈ પડશેઃ—

" વેદાંતાદિ દર્શનોનું લક્ષ આત્મજ્ઞાન ભણી અને સંપૂર્ણ મોક્ષ પ્રત્યે જતું જોવામાં આવે છે, પણ તેનો યથાયોગ્ય નિર્ધાર સંપૂર્ણપણે તેમાં જણાતો નથી. અંશે જણાય છે અને કંઇ કંઇ તે પણ પર્યાય ફેર દેખાય છે. જોકે વેદાંતને વિષે ઠામ ઠામ આત્મચર્યાજ વિવેચી છે તથાપિ તે ચર્યા સ્પષ્ટપણે અવિરૂદ્ધ છે; એમ હજી સુધી લાગી શકતું નથી. * * * વેદાંત જે પ્રકારે આત્મસ્વરૂપ કહે છે તે પ્રકારે સર્વથા વેદાંત અવિરોધપણું પામી શકતું નથી; કેમકે તે કહે છે તેજ પ્રમાણે આત્મસ્વરૂપ નથી. કોઈ તેમાં મોટો ભેદ જોવામાં આવે છે. અને તે પ્રકારે સાંખ્યાદિ દર્શનોને વિષે પણ ભેદ જોવામાં આવે છે, અને તે પ્રકારે વેદવામાં આવે છે. સંપૂર્ણપણે અવિરોધી જીનનું કહેલું આત્મસ્વરૂપ હોવા યોગ્ય છે એમ લાગે છે." આ તો જૈનેતર દર્શનનો ભેદ તપાસ્યો. જૈન દર્શનમાં પણ જૂજવા

મતભેદો છે, અને તેનો આંતર વિગ્રહ પણ આપણને પરિચિત છે. શ્રીમાને આ સઘળા ભેદો પ્રત્યે ટેવી દૃષ્ટિથી વિચાર્યું છે, અને આપણને પણ વિચારવા પ્રેરણા કરી છે તે હું આપને જૈન પુનરૂદ્ધારના વિષયને સ્પર્શતી વેળા કહીશ, પરંતુ સઘળા દર્શનોનું મુળ એક છે એમ દર્શાવનારાઓ પ્રત્યે એક આક્ષેપ લાવવામાં આવે છે. મને ખેદ થાય છે કે શ્રીમાન રાજચંદ્ર પ્રત્યે પણ કેટલાક અજ્ઞાનીઓએ બળાત્કારથી એવો એક આક્ષેપ કર્યો છે. અહીં કહેવું જોઇએ કે શ્રીમાન્ રાજચંદ્રે કદાપિ કોઈ સ્થળે સર્વ ધર્મો તરફ એક જ પ્રકારની નજરથી જોવાનું કહ્યું નથી, છતાં જેઓ એવો આક્ષેપ મૂકે છે તેઓની અજ્ઞાનતા માટે દયા ખાધા સિવાય બીજો માર્ગ નથી. શ્રીમાન્ પોતેજ આવા આક્ષેપનો પરિહાર કરતાં જાણે કહેતા હોય તેમ એક સ્થળે ઉલ્લેખે છે કેઃ "ઉપર ઉપરથી કે કોઇ પ્રતિપક્ષીના કહેવાથી અમુક વસ્તુ સંબંધી અભિપ્રાય બાંધવો કે આપવો, એ વિવેકીનું કર્તવ્ય નથી. એક તળાવ સંપૂર્ણ ભર્યું હોય, તેનું જળ ઉપરથી સમાન લાગે છે, પણ જેમ જેમ આગળ ચાલીએ છીએ તેમ તેમ વધારે વધારે ઉંડાપણું આવતું જાય છે. છતાં ઉપર તો જળ સપાટજ રહે છે, તેમ જગતના સઘળા ધર્મમતો એક તળાવરૂપ છે. તેને ઉપરથી સામાન્ય સપાટી જોઇને સરખા કહી દેવા એ ઉચિત નથી. એમ કહેનારા તત્ત્વને પામેલા પણ નથી. જૈનના અકેકા પવિત્ર સિદ્ધાંતપર વિચાર કરતાં આયુષ્ય પૂર્ણ થાય તો પણ પાર પામીએ નહિ, તેમ રહ્યું છે." આમાં અભિગ્રહિક, અનભિગ્રહિક અથવા અભિનિવેશિક મિથ્યાત્વ કયાં રહેલું છે, તે જ્યાંસુધી કોઈ બતાવી શકે નહીં, ત્યાં સુધી આપણે એ પ્રકારના આક્ષેપને એક પ્રલાપ તરીકેજ લેખાશું. અભિગ્રહિક મિથ્યાત્વ એ કહેવાય છે કે વીતરાગ પ્રરૂપિત માર્ગ વિના અન્ય કપોળ કલ્પિત માર્ગને સત્ય કહેવો. શ્રીમાને આવું કોઈ પણ સ્થળે કહ્યું કે લખ્યું હોય તેમ તેઓના લેખ સમૂહ ઉપરથી ફલિત થતું નથી. વધારે ખરી રીતે કહીએ તે કયા કયા દર્શનો, જૈન દર્શનની અપેક્ષાએ વિરોધપણાને સેવે છે, તેજ તેઓએ અતિ કોમળ અને મૃદુ શૈલીમાં કહ્યું છે. અનભિગ્રહિક મિથ્યાત્વ એને કહે છે કે, બધાં દર્શન એક સરખી રીતે સાચાં છે એમ પ્રરૂપવું તે. શ્રીમાને આવો ઉલ્લેખ પણ કોઇ સ્થળે કર્યો હોય તેમ જણાતું નથી. તેઓ તો ઉલટું એમ કહે છે કે તળાવ ઉપરની જળની સપાટી જોઇને સર્વત્ર એક સખુંજ ઉંડાપણું હશે એમ માનવાનું નથી, તેમ ધર્મ વિચારમાં પણ એવી ભ્રાંતિ કર્તવ્ય નથી. અનભિનિવેશિક મિથ્યાત્વ એને કહે છે કે વીતરાગ દર્શનનો સર્વથા સ્વીકાર છતાં અન્ય

દર્શનનો આગ્રહ કરવો. આવો આગ્રહ **શ્રી**માન્‌ના કોઇ પણ વચનમાંથી નીકળવો યોગ્ય નથી, ઉલટું તેઓએ, **શ્રી**યુત ત્રીપાઠી સરખા પંડિત પુરૂષને એટલે સુધી લખ્યું છે કે "જૈન સંબંધી આપને કંઈપણ મારો આગ્રહ દર્શાવવાનો નથી. તેમ આત્મા જે રૂપે હો, તે રૂપે ગમે તેથી થાઓ એ સિવાય બીજી મારી અંતરંગ જીજ્ઞાસા નથી. એ કંઇ કારણથી કહી જઇ **જૈન પણ એક પવિત્ર દર્શન** છે એમ કહેવાની આજ્ઞા લઉંછું" આ ત્રણ પકારના મિથ્યાત્વમાં **શ્રી**માને કયા પ્રકારનું મિથ્યાત્વ કયા વચન કે ઉલ્લેખમાં સેવ્યું છે તે કોઇ બતાવી શકશે? સ્મૃતિમાં રહે કે મતભેદો કે સંપ્રદાયોનો મોહ માત્ર આત્મસ્વરૂપ પામવાનું સાધન નથી. સર્વ દર્શનના આત્મતત્ત્વ જુઓ. સ્વતંત્ર આત્મિક શક્તિએ જે યોગ્ય લાગે તે અંગીકાર કરો, અને તત્ત્વને વિચારો. **શ્રી**માન્ રાજચંદ્ર પણ અધિક અધિક સચોટતાથી એમજ કહે છે કેઃ—

"નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નિકળે,
પરવસ્તુમાં નહીં મુઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત દુઃખ તે સુખ નહીં."

તેમજ,

"કોઇપણ ધર્મ સંબંધી મતભેદ રાખવો છોડી દઇ એકાગ્રભાવથી સમ્યક્‌યોગે એજ માર્ગ સંશોધન કરવાનો છે. વિશેષ શું કહેવું? તે માર્ગ આત્મામાં રહ્યો છે. આત્મત્વ પ્રાપ્યપુરૂષ–નિર્ગ્રંથ આત્મા–જ્યારે યોગ્યતા ગણી તે આત્મત્વ અર્પશે,–ઉદય આવશે ત્યારેજ તે પ્રાપ્ત થશે—ત્યારેજ તેની વાટ મળશે—ત્યારેજ તે મતભેદાદિક જશે. મતભેદ રાખી કોઇ મોક્ષ પામ્યા નથી, વિચારીને જેણે મતભેદ ટાળ્યો, તે અંતવૃતિને પામી ક્રમે કરીને શાશ્વત મોક્ષને પામ્યા છે, પામે છે અને પામશે." **શ્રી**માન્‌નો તો પુનઃ પુનઃ આજ ઉપદેશ છે. ગમે તે સંપ્રદાયમાં કે મતમાં હો તથાપિ એ દિવ્ય શક્તિમાન્ આત્મા શીરીતે જંજીરોમાંથી છુટો થાય તેજ વિચારણા નિરંતર કર્ત્તવ્ય છે. **શ્રી**માન્‌નોજ આ ઉપદેશ છે અને તે નવીન છે, એમ કાંઇ નથી. શ્રી **હે**મચંદ્રાચાર્યે પણ, જયસિંહ રાજાને ચાર "સંજીવની"ના ન્યાયથી એવાજ ભાવનું કહ્યું હતું કે "ગમે તે એક દર્શન સત્ય છે, કોઈ પણ પ્રકારના મતાગ્રહ વિના સાચી જીજ્ઞાસાથી શોધી લ્યો." ટુંકામાં કહીએ તો જે જે પ્રાજ્ઞપુરૂષો ઉચ્ચ પ્રસાદે આત્મિક વિચારણાથી પહોંચ્યા છે, તેઓએ એવાજ પ્રકારની **ઉપદેશના પ્રસારી છે.** જ્યાં ત્યાંથી રાગ–દ્વેષ રહિત થવું, એજ

આપણો ધર્મ છે. આત્મભાવમાંજ સઘળું રાખવું. " આપણે કોઈ ગચ્છમાં નથી પણ આત્મામાં છીએ, એ એક ક્ષણ પણ વિસારવાનું નથી." વર્ત્તમાન યુગમાંથી હજી હમણાંજ પસાર થઈ ગયેલા સંતપુરૂષ શ્રી રામકૃષ્ણ પરમહંસનો પણ આર્યપ્રજાને એવોજ સંદેશો છે કે "કોઇ પણ સિદ્ધાંત મત કે સંપ્રદાય, તેમજ ચર્ચ કે દેવમંદિરનો તમારે લેશ પણ વિચાર કરવો નહીં. કારણ કે પ્રત્યેક મનુષ્યમાં આત્મિકતાનાં સત્યતત્ત્વનું જે સદોદિત અમર–અવિકાર અસ્તિત્વ રહેલું છે, તેની સાથે સરખાવતાં એ વસ્તુઓનું મહત્વ કાંઇ પણ નથી. અને જેમ જેમ મનુષ્યમાં એ આત્મજ્ઞાનનો પ્રકાશ વિશેષ અને વિશેષ પડતો જાય છે, તેમ તેમ તે વિશેષ શક્તિમાન્ અને વિશેષ સત્તાધારી બનતો જાય છે. માટે એજ પદાર્થ મેળવો, અને કોઇની પણ નિંદા કે ટીકા કરવાથી વિરક્ત રહો. કારણ કે સમસ્ત ભિન્ન ભિન્ન ધર્મો, અને તેમનાં સિદ્ધાંતોમાં કેટલીક સત્યતા તો રહેલી હોય છે જ. તમારા પોતાના ઉન્નત જીવનક્રમથી જગતને બતાવી દ્યો કે માત્ર બોલવામાં, નામોમાં કે સંપ્રદાયોમાંજ ધર્મ સમાયેલો નથી; કિન્તુ આત્માનો સાક્ષાત્કાર કરવો એજ ખરો નિર્વિકાર ધર્મ છે. જેમના મનમાં ધર્મ માટેની કાંઇ પણ ખરેખરી લાગણી હોય છે, તેઓજ એ તત્ત્વને સમજી શકે છે. અને જેમણે પોતે એ આત્મજ્ઞાનનો–સાક્ષાત્કારનો અનુભવ લીધેલો હોય છે, તેઓજ તે જ્ઞાન બીજાઓને આપી શકે છે. તેઓજ મનુષ્ય જાતિના મહાન્ આત્મિક શિક્ષકો થઇ શકે છે." સારાંશ એ છે કે જીવોને ધર્મ પમાડવા માટે વિગ્રહની અથવા મતાગ્રહની કાંઇજ અગત્ય નથી. બલ્કે એવા વિગ્રહોથી ધર્મ પામવાની સાચી જીજ્ઞાસાવાળાઓને પણ અધર્મ પમાડવાના નિમિત્ત ઉભાં કરીએ છીએ, જે આપણે ઘણીવાર નિરર્થક આગ્રહોની આડે જોઇ શકતાં નથી. ફરી ફરીને પણ શ્રીમાન્ રાજચંદ્રનું એજ કહેવું છે કે " જગતના સઘળા દર્શનોની–મતની શ્રદ્ધાને ભૂલી જજો. માત્ર તે (પાર્શ્વનાથાદિક) સત્પુરૂષોના અદ્‌ભુત યોગસ્ફુરિત ચરિત્રમાંજ ઉપયોગને પ્રેરશો. જ્યાં ત્યાંથી રાગદ્વેષ રહિત થવું એજ મારો ધર્મ છે. પરમ શાંતિપદને ઇચ્છીએ એજ આપણો સર્વ સમ્મત ધર્મ છે." શ્રીમાનનો આ પરમહિતાવહ પેગામ અખિલ આર્ય પ્રજાના કર્ણો પર્યંત પહોંચે અને જીવનમાં ઉતરે તો કેટલાબધા ધર્મ વિગ્રહો શાન્ત થાય ?

હવે જૈન પુનરૂદ્ધારના વિષયમાં શ્રીમાન્ રાજચંદ્રના શું વિચારો હતા તે સંબંધી હું કાંઇક સ્થૂલ વિવેચન કરવા ભણી વળીશ. અત્યારે જૈનદર્શનની સ્થિતિ કેવી મતમતાંતર–ભેદોપભેદવાળી અને જીર્ણપ્રાય બની ગઇ છે, તે

આપણે સઘળા સારી રીતે જોઇ શકીએ છીએ, તેથી તેના વિસ્તારની અહીં અગત્ય નથી, પરન્તુ આજથી ૨૫૦૦ વર્ષપર ભાખેલું ભવિષ્ય ક્યાં જાણે સત્ય થવા માગતું હોય તેમ ધર્મ ચાલણીની પેઠે ચળાવા લાગ્યો છે. નહીં તો જે રાષ્ટ્રિય ધર્મ થવાની યોગ્યતાવાળું વીતરાગ દર્શન તે વિશ્વના તો શું પણ હિંદના એક નાના વિભાગમાં જ સંકોચાઇ રહે, એ શું વિસ્મય પમાડનારૂં નથી? શું જૈનદર્શનમાં એવું સામર્થ્ય નથી? એક પાશ્ચાત્ય વિદ્વાન કહે છે કે બૌદ્ધ જેવા ધર્મને હીંદ છોડીને નાશી જવું પડયું અને જૈન ધર્મનું હીંદમાં હમેશને માટે જળવાઇ રહેવું એજ જૈનદર્શનનું ખરૂં મહત્વ અથવા સામર્થ્ય દર્શાવે છે. આ સામર્થ્યને ખરૂં પુછો તો આપણા પરસ્પરના મત–યુધ્ધોએ તથા નજીવી વાતમાં થતા શક્તિ–વીર્યના દુરૂપયોગે જ ગુમાવ્યું છે, એ સિવાય જૈનદર્શનના અવિસ્તારનું કાંઇ પણ બીજું કારણ હોય તેમ હું માનતો નથી. મૂલે આપણા જૈન સમાજનોજ મોટો ભાગ જ્યાં મૂળ પુરૂષના માર્ગથી દૂર દૂર જતો હોય તો પછી જૈન માર્ગના પુનરૂદ્ધારની આશાજ શી રીતે બાંધી શકાય? શ્રી **વીર** પ્રભુના શાસનની આવી સ્થિતિ, સમાજની દૃષ્ટિમાં લાવી, જૈન શાસનનો પુનરૂદ્ધાર કરવાની ભાવના પણ શ્રીમાન્‌ના જીવનની એક ઉગ્રતમ ભાવના હતી. આ વિકટ પ્રશ્ન હાથ ધરવામાં કઇ કઇ મુશ્કેલીઓ રહેલી છે, તે પણ તેઓએ વિચાર્યું હતું. પરન્તુ જ્યાંસુધી અભિન્ન એવું આત્મપદ પ્રાપ્ત ન થાય ત્યાંસુધી એ પુનરૂદ્ધાર પ્રત્યે ઉદાસીનજ રહ્યા હતા. છતાં પુનરૂદ્ધારની આંતરિક ભાવના તો હમેશાંજ તીવ્ર રૂપ પકડતી જતી હતી. માર્ગમાં પડેલા મહાન્ વિઘ્નોને અનુભવી છેવટે પુણ્યાત્માએ કંટાળીને એવી પણ નોંધ–પ્રાર્થના એક સ્થળે કરેલી દૃષ્ટિગત થઇ આવે છે. આ હતાશ અંતરની પ્રાર્થના આ પ્રમાણે છે:—

"હે નાથ! કાં ધર્મોન્નતિ કરવા રૂપ ઇચ્છા સહજપણે સમાવેશ પામે તેમ થાઓ; કાં તો તે ઇચ્છા અવશ્ય કાર્યરૂપ થાઓ, અવશ્ય કાર્યરૂપ થવી બહુ દુષ્કર દેખાય છે. કેમકે અલ્પ અલ્પ વાતમાં મતભેદ બહુ છે, અને તેના મૂળ ઘણાં ઉંડાં ગયેલાં છે. મૂળમાર્ગથી લોક લાખો ગાઉ દૂર છે. એટલુંજ નહીં પણ મૂળમાર્ગની જીજ્ઞાસા તેમને ઉત્પન્ન કરાવવી, તે પણ ઘણા કાળનો પરિચય થયે પણ થવી કઠણ પડે, એવી તેમની દુરાગ્રહાદિથી જડપ્રધાન દશા વર્તે છે!"

પુનરૂદ્ધારની આડે કયા કયા વિઘ્નો રહેલાં છે, તથા તે વિઘ્નોમાં કેવી પ્રબળતા છુપાયેલી છે, તે આ ઉપરથી સ્પષ્ટ થશે. એનું સ્પષ્ટ સ્વરૂપ પણ આપ્યું છે:—

(૧) આશ્ચર્યકારક ભેદ પડી ગયા છે.
(૨) ખંડિત છે.
(૩) સંપૂર્ણ કરવાનું સાધન દુર્ગમ્ય દેખાય છે.
(૪) તે પ્રભાવને વિષે મહત્ અંતરાય છે.
(૫) દેશકાલાદિ ઘણાં પ્રતિકૂળ છે.
(૬) વીતરાગોનો મત લોકપ્રતિકૂળ થઈ પડયો છે.
(૭) રૂઢીથી જે લોકો તેને માને છે, તેના લક્ષમાં પણ તે પ્રતીત જણાતો નથી; અથવા અન્યમતને વીતરાગનો મત સમજી પ્રવર્ત્યે જાય છે.
(૮) યથાર્થ વીતરાગોનો મત સમજવાની તેમનામાં ઘણી ખામી છે.
(૯) દૃષ્ટિરાગનું પ્રબળ રાજ્ય વર્ત્તે છે.
(૧૦) વેષાદિ વ્યવહારમાં મોટી વિટંબના કરી મોક્ષમાર્ગનો અંતરાય કરી બેઠા છે.
(૧૧) તુચ્છ પામર પુરૂષો વિરાધક વૃત્તિના ઘણી અગ્ર ભાગે વર્ત્તે છે.
(૧૨) કિંચિત્ સત્ય બહાર આવતાં તેમને પ્રાણઘાત તુલ્ય દુ:ખ લાગતું હોય એમ જણાય છે.

આ પ્રમાણે વિઘ્નોની પરંપરા અવલોક્યા પછી, આપણે એ પુનરૂદ્ધારના પ્રયત્નની દુર્ગમતા સહેલાઇથી સમજી શકીશું. છતાં એ જોવું અત્ર અવશ્યનું છે કે પુનરૂદ્ધારની ભાવના સાથે જોઈતું સામર્થ્ય પણ એમનામાં હતું કે નહીં? એટલું તો ચોક્કસ છે કે એ પ્રકારની ભાવનાની સ્ફુરણાજ કોઈ છુપી રીતે ભાવના ભાવનારની શક્તિનો પરિચય આપે છે. કારણ કે અમુક કાર્ય કરવાનો વિચારજ મનુષ્યને ત્યારે સ્ફુરે છે કે જ્યારે તે કાર્ય કોઇક અંશે પાર પાડવાની આત્મશ્રદ્ધા પોતાનામાં અનુભવાતી હોય. જો આમ છે તો પછી શ્રીમાન્ રાજચંદ્ર ધારત તો ઘણે અંશે જનસમૂહની વલણને મૂળ પુરૂષના ઉપદેશ ભણી વાળી શકત, પરંતુ જ્યારે તેઓએ જોયું કે પુનરૂદ્ધારનો પ્રયત્ન પોતાની આત્મદશાનો ઘાતક થાય તેમ છે, ત્યારેજ તેઓએ એ પ્રશ્નને તુર્તમાં હાથ ધરવાનું યોગ્ય વિચાર્યું નહીં હોય. છતાં તેઓએ એ પુનરૂદ્ધારના સંબંધમાં જે યોજના ઘડી કહાડી છે, તે તેમના વિચારબળને ખરેખરજ દીપાવનારી છે. જો કે તે ઘણી સૂત્રાત્મક અને આત્મજાગૃતિ માટેજ નોંધાયેલી રેષાઓ છે, તથાપિ એ સંતપુરૂષની અવિદ્યમાનતામાં તે સંબંધે વિચાર કેટલાએક મહત્ત્વના પડઘા પાડશે, તે હવે ક્રમાનુસાર વિચારપૂર્વક જોઇએ.

(૧) આશ્ચર્યકારક ભેદ પડી ગયા છે.

આ વાત પ્રત્યક્ષ–સ્વાનુભવ સિદ્ધ છે. શ્વેતાંબર, દિગંબરની સામે વિગ્રહ ઉભો કરે છે, તો દિગંબરો શ્વેતાંબરને એવોજ પ્રત્યાઘાત આપે છે. પરસ્પરના મુખ્ય વિગ્રહમાંથી હજી મુક્તિ નથી મળતી એવામાં અંદર અંદરના મતભેદોમાં પણ નજીવા કારણોથી રણુસ્તંભ રોપાય છે. આમાં શાંતિ કે **વીર**પ્રભુના શાસનને સમજવાનો અવકાશજ ક્યાં રહ્યો ? આટલાજ માટે **શ્રીમાન્** કહે છે કે મૂળમાર્ગથી લોકો લાખો ગાઉ દૂર જતાં જાય છે. જો કે મતભેદ એ મનુષ્યસ્વભાવનું બંધારણ જોતાં વસ્તુતઃ બુરા કહી ન શકાય, પરંતુ આ મતભેદ જ્યારે આશ્ચર્ય પમાડે એવી સ્થિતિએ પહોંચે, એટલે કે એક બીજાનો સખ્તાઇથી દ્રોહ કરવા જેવી સ્થિતિએ પહોંચે ત્યારે તો તે અવશ્ય કંટક સમાન થઈ પડે. **શ્રીમાન્ રાજચંદ્ર** તો આ એક સૂત્ર નોંધીનેજ અનંતતામાં ભળી ગયા છે, તથાપિ તે સંબંધે વ્યવહારિક ઉપાયો સૂચવવાનો પ્રસંગ લેવો નિરર્થક નહીં જાય. પ્રથમ હું આપને શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયોની સ્થિતિ સંબંધમાં તેઓનો શું અભિપ્રાય હતો તે જણાવીશ. શ્વેતાંબર અને દિગંબર એ બન્ને બાજુની સ્થિતિને લક્ષમાં લઇ, **શ્રીમાન્** એક પત્રમાં લખે છે કેઃ–"શરીરાદિ બળ ઘટવાથી સર્વ મનુષ્યોથી માત્ર દિગંબર વૃત્તિએ વર્ત્તીને ચારિત્રનો નિર્વાહ ન થઇ શકે તેથી જ્ઞાનીએ ઉપદેશેલી મર્યાદા પૂર્વક શ્વેતાંબરપણેથી વર્ત્તમાનકાળમાં ચરિત્રનો નિર્વાહ કરવાને અર્થે પ્રવૃત્તિ છે, તે નિષેધ કરવા યોગ્ય નથી. તેમજ વસ્ત્રનો આગ્રહ કરી દિગબંર વૃત્તિનો એકાંતે નિષેધ કરી વસ્ત્રમૂર્ચ્છાદિ કારણોથી ચારિત્રમાં શિથિલપણું પણ કર્ત્તવ્ય નથી. દિગંબરપણું અને શ્વેતાંબરપણું, દેશકાળ અધિકારી યોગે ઉપકારના હેતુ છે. એટલે જ્યાં જ્ઞાનીએ જેમ ઉપદેશ્યું તેમ પ્રવર્ત્તતા આત્માર્થજ છે.

"મોક્ષમાર્ગ પ્રકાશ" માં વર્ત્તમાન જીનાગમ કે જે શ્વેતાંબર સંપ્રદાયને માન્ય છે તેનો નિષેધ કર્યો છે, તે નિષેધ કર્તવ્ય નથી. વર્ત્તમાન આગમમાં અમુક સ્થળો વધારે સંદેહનાં સ્થાન છે, પરંતુ સત્પુરૂષની દ્દષ્ટિએ જોતાં તેનું નિરાકરણ થાય છે. માટે ઉપશમ દ્દષ્ટિએ તે આગમો અવલોકન કરવામાં સંશય કર્તવ્ય નથી." મને લાગે છે કે જો આવી રીતે ભિન્ન સંપ્રદાયો એક બીજા સંપ્રદાયની ઉત્પત્તિના ઐતિહાસિક અને દેશ કાલાદિ કારણોને લક્ષમાં લઇ જૈનના મૂળ સિદ્ધાંત ઉપર દ્દષ્ટિ રાખી પ્રવર્તે તો નિત્ય ઉદ્દભવતી કડવાશ તથા ફરીયાદ દૂર થયા વિના રહે નહીં. આમ થવા માટે સમાજના વિચારો ઐતિહાસિક તેમજ તાત્વિક નજરે કેળવવાની જરૂર છે.

જ્યાંસુધી મતાંતરસહિષ્ણુતા અને ઉદાર વિચારના સૂત્રોનો છુટે હાથે પ્રસાર નહીં થાય ત્યાંસુધી શ્રીમાન્ જેને આશ્ચર્યકારક મતભેદના નામથી સંબોધે છે એવો મતભેદ ટાળવાનો સંભવ નથી. અને જ્યાંસુધી કોઈ આકસ્મિક નિમિત્તો ઉદ્ભવે નહીં ત્યાંસુધી વિગ્રહના ત્રાસદાયક કઠોર ધ્વનિ સંભળાતા બંધ ન થાય એ પણ દેખીતુંજ છે.

+(૨) **ખંડિત છે.** એટલે શાસન કલેવરના કોઇ એકાદ અંગનો અભાવ છે. આ સ્થળે ખંડિત શબ્દથી ગ્રંથ સમૃદ્ધિની ન્યૂનતા અથવા શાસ્ત્રીય વિષયના કોઈ વિભાગના વર્ણનની ખામી સમજવી ઉપયુક્ત જણાતી નથી. અખંડપણું તો માત્ર કેવળીના જ્ઞાનમાંજ રહેલું છે. પ્રભુની વાણીમાં પણ તે કૈવલ્યભાવનું અખંડપણું ઉતરી શકતું ન હોવાથી, તે વાણી તે અપેક્ષાએ ખંડિત છે, તો પછી તે વાણી ઉપરથી તેના આધારે, પરંપરાએ ગુંથાએલા શાસ્ત્રોમાં અખંડપણાની આશા તો ક્યાંથીજ રાખી શકાય ? અને તે પ્રકારે ખંડિતપણું સ્વાભાવિક છે. તો પછી શ્રીમાને સાંપ્રત શાસનના ખંડિતપણા માટે શા સારૂ શોચ કર્યો હશે ? પરંતુ વિચાર કરતાં આ સ્થળે જે ખંડિતપણું કહેવામાં આવ્યું છે તે કોઇ બીજીજ અપેક્ષાએ હોવું ઘટે છે. શાસનને ખંડિતનું ઉપનામ આપી શ્રીમાન્ તેના કોઈ મુખ્ય અંગનો અભાવ અથવા ક્ષીણતા ભણી લક્ષ્ય કરે છે. અને તે આપણા ધર્મજીવનમાંથી પારમાર્થિક અંશનો અથવા નિશ્ચયમાર્ગના અંશનો અભાવ અને ક્ષીણતા છે. આપણી ધર્મ ભાવના આ કાળે અત્યંત સ્થૂળ અને વ્યવહારમય બની ગયેલી હોય તેમ દ્રષ્ટિગોચર થાય છે અને તેમાંથી રહસ્યનો મર્મયુક્ત વિભાગ પ્રતિદિન ઘટતો જતો પ્રતીત થાય છે. વ્યવહાર ક્રિયાકાંડ અને બાહ્ય ઉપચારોની ધમાલ પ્રતિસમય વધતી જાય છે. અને તેના મૂળભુત તત્ત્વોની ક્ષતિ થતી ચાલી શાસનને ખંડિત કરવામાં જાણે અજાણે પ્રવૃત્તિ થાય છે.

×(૩) **"સંપૂર્ણ કરવાનું સાધન દુર્ગમ્ય દેખાય છે."** સ્પષ્ટજ છે કે લગભગ અખિલ સમાજની જીવન ભાવનાને અગાઉ નહીં અનુભવાએલી કોઇ નવીન દિશામાં દોરી લઇ જવી એ અત્યંત દુષ્કર અને દુર્ગમ્ય છે. વળી શ્રીમાનની બાહ્યત્યાગ રહિત સ્થિતિમાં તે ખંડિત અંશને પુરી દેવા યોગ્ય પ્રવૃત્તિ બની શકે તેમ હતું નહીં. કારણ કે ગૃહસ્થ પર્યાયમાં નિર્ગ્રંથને છાજે એવો ઉપદેશ કરવો એ શાસન પદ્ધતિથી વિરોધવાળું છે. આ રીતે શાસનના ખંડિત અંશને સંપૂર્ણ કરવા માટે આવશ્યક પ્રભાવ અર્થાત્

× આ સ્થળે શ્રીમાન્ રાજચંદ્રનો આશય યથાર્થ રીતે આ લેખકના સમજવામાં આવ્યો હોય એમ લાગતું નથી.

તેમના સંબંધે બાહ્યત્યાગની ખામી હતી, એ વાતને ઉદ્દેશી પોતાની છતી શક્તિએ **શ્રી**માને સાધનની દુર્ગમ્યતા દર્શાવી હોય તેમ જણાય છે.

(૪) **"તે પ્રભાવને વિષે મહત્ અંતરાય છે."** તે પ્રભાવ એટલે બાહ્ય નિર્ગ્રંથ અવસ્થાની પ્રાપ્તિને વિષે **શ્રી**માને મહત્ અંતરાય કલ્પ્યો છે. જ્ઞાનની આવી પ્રગાઢ અવસ્થા છતાં **શ્રી**માને બાહ્યત્યાગ શા માટે અંગીકાર નહિ કર્યો હોય, તે વિષે અનેક કલ્પનાઓ અનેક સજ્જનો તરફથી થાય છે. જો **શ્રી**માન્‌ને અંતરાયનો ઉદય ન હોત તો ઉપરોક્ત ખંડિત પૂર્તિ કરવા **શ્રી**માન્ અવશ્ય પ્રેરાત, પરન્તુ તે અંતરાય કર્મથી અવરાએલા પ્રભાવના અભાવે તેમ કરતા અટકયા જણાય છે. જે નિર્ગ્રંથ અવસ્થામાં તેઓ અનેક મનુષ્યોનું કલ્યાણ કરવા શક્તિમાન્ થાત તે અવસ્થા દેખીતી રીતે આટલી સુલભ છતાં તેમણે શા માટે ગ્રહણ કરી નહી? આનો યથાર્થ ઉત્તર આપવો અત્યારે આપણી શક્તિની સીમા બહાર છે. તે છતાં એટલું તો ચોક્કસ છે કે તેમ હોવામાં **શ્રી**માન્‌નો હેતુ કોઇ અલૌકિકજ હતો. કોઇ સામાન્ય લૌકિક પ્રતિબંધથી આત્મપ્રતિબંધપણે **શ્રી**માન્ ગૃહવાસમાં રોકાઇ રહ્યા હોય એમ જણાતું નથી. તેમની બાહ્ય ત્યાગ પ્રત્યેની જ્વલંત ઇચ્છા, તે પ્રત્યેનો તેમના લેખોમાં પદે પદે ઉલ્લેખ, અને તેમના પત્રોમાં તેઓશ્રીને થતી વનવાસની યાદીથી ભાગ્યેજ કોઇ અજ્ઞાત હશે, છતાં તે અંગીકાર નથી કરી શકયા તેના કારણનો સ્પષ્ટ ખુલાસો ક્યાંઇ મળી આવતો નથી. "ઉદય રૂપ હોવાથી વ્યવહાર ત્યાગ્યો જતો નથી," "ઉદય વિભાવ ક્રિયાનો છે," વિગેરે ભાવનાં વાકયો તેમની નોંધપોથીમાં અનેક સ્થળે પ્રતીત થાય છે. પરંતુ એવા ખુલાસા ઇતર ઉદાસીન સજ્જનો કબુલ રાખે એ અસંભવિત છે. **શ્રી**માને બાહ્ય નિર્ગ્રંથપણું શા માટે નથી અંગીકાર કર્યું તેનું સમર્થ વિવરણ તેમના પ્રસંગમાં આવેલા કોઇ વિદ્વાનો કરી શકશે તો આપણને અત્યંત ઉપકારક થઇ પડશે.

(૫) **"દેશકાળાદિ ઘણા પ્રતિકૂળ છે."**—જે દેશમાં જીવન નિર્વાહ માટે અત્યંત પરિશ્રમ અને પ્રવૃત્તિ ઉઠાવવી પડતી હોય તે દેશના લોકોને ધર્મરૂચિ સ્વાભાવિક રીતે બહુ ન્યૂન હોય છે. તેમના સમયનો મોટો ભાગ તેમના નિર્વાહાદિક માટે આવશ્યક પ્રવૃત્તિમાંજ રોકાય છે. અને પરિણામે તેવી પ્રવૃત્તિને અનુરૂપ મતો, કલ્પનાઓ અને વિવિધ સંભાવનાઓ પ્રકટ થાય છે. આ કાળે પ્રવર્ત્તતો જડવાદ અને નાસ્તિકપણું પણ અત્યંત પ્રવૃત્તિમય સ્થિતિનુંજ પરિણામ છે. કારણ કે મનુષ્ય સ્વભાવ તેની પ્રવૃત્તિને અનુકૂળ અને બંધ બેસતી આવે એવી સંભાવનાઓ ઉપજાવી કાઢી ધર્મ-

ભાવનાનો બહુધા નિર્વાહ કરે છે. કોઇ પ્રકારનો ધર્મ તો જોઇએ. એટલે તેમણે જડવાદ, નાસ્તિકવાદ, પરિણામવાદ આદિ પ્રવૃત્તિ માર્ગના ફરજંદો ઉપજાવી કાઢયા. એમ કરીને ધર્મભાવનાને નિભાવી. હવે આવી પ્રવૃત્તિની ધમાલવાળા દેશમાં વીતરાગ પ્રણીત માર્ગ પ્રતિકૂળ થાય એવું શ્રીમાન્નું કથન તદ્દન સત્ય જણાય, એમાં શું સંશય છે ? તેમજ એવા દેશમાં નિવસતા લોકો પૈકી કોઈ વિરલનેજ વીતરાગ ધર્મ પરિણમે તે પણ એટલુંજ સત્ય છે.

કાળ પણ પ્રતિકૂળ છે. કોઈ કહેશે કે કાળ વસ્તુજ કયાં છે ? જો વસ્તુજ નથી તો પછી તેનું વીર્ય અને પ્રભાવ શાથી સંભવે ? યદ્યપિ કાળ સ્વયં વસ્તુ–દ્રવ્ય નથી, છતાં અન્ય દ્રવ્યોના પરિવર્ત્તનથી તેમાં અચિન્ત્ય વીર્ય પ્રતીત થાય છે. રાત્રિ અને દિવસ કાળના પ્રવાહની અપેક્ષાએ સમાન છતાં તે તે કાળે આપણા ભાવમાં અસાધારણ પરિવર્ત્તન થતું જોઇએ છીએ. રાત્રિએ આપણા મન ઉપર વિકારોનું બળ અધિક સત્તાથી પ્રવર્ત્તે છે અને દિવસે તેમ પ્રાયઃ નથી બનતું, તેનું કારણ તે તે સમયના કાળનોજ પ્રભાવ છે. આ પ્રમાણે કાળનું વીર્ય શાસ્ત્રકારોએ કબુલ રાખ્યું હોય તેમ જણાય છે. અને શાસનની ક્ષતિ થવામાં શ્રીમાને કાળવીર્યને પણ હેતુરૂપ ગણ્યું છે. સારાંશ કે તે ક્ષતિ સંપૂર્ણ કરવામાં કાળ પણ પ્રતિકૂળપણે વર્ત્તે છે.

(૬) **“વીતરાગનો માર્ગ લોક પ્રતિકૂળ થઇ પડયો છે.”** આ કાળે લોકમતની દિશાને અને નિરાગી મહાત્માઓએ પ્રતિપાદન કરેલા પંથની દિશાને કરોડો ગાઉનું અંતર છે. બન્નેનું વલણ અને સ્વભાવ એકમેકથી કેવળજ ઉલટા છે. લોકમતનું વલણ ઇન્દ્રિય વિષય સુખ ભણી અને તે સુખને જેમ બને તેટલા આવેશથી ભોગવવા ભણી છે. ત્યારે વીતરાગ મતનું વલણ ઐન્દ્રિય સુખથી વિમુખ થવા અને ઉદયવશાત્ તે પ્રાપ્ત હોય તેને અવિકાળપણે–ઉદય પરિણામપણે–અબંધપણે ભોગવવા ભણી છે. બન્નેમાં પૂર્વ અને પશ્ચિમ જેટલો અંતર છે. બન્ને સ્થિતિઓ એકમેકના તદ્દન અભાવ ભણી જ પ્રેરે છે. ત્યાં વીતરાગ મતનું પોષણ લોકમતને પ્રતિકૂળ થઈ પડે તેમ શાસન ઉન્નતિનું પ્રતિબંધક થઇ પડે, એ અબાધ્ય સત્ય અને સ્વાભાવિક છે.

સંપ્રદાયની પરંપરાથી અથવા કુળધર્મપણે જે મનુષ્ય “જૈન” ઉપનામને પામ્યા છે, તેમના લક્ષ્યમાં પણ વીતરાગ માર્ગનો પ્રભાવ જણાતો નથી, અર્થાત્ તે ઉપનામ ધારણ કરનારાઓ માંહેનો મોટો ભાગ માત્ર નામ નિક્ષેપેજ જૈન છે. પણ જીવનનું આંતર રહસ્ય સમજી, ભાવ જૈનના બિરૂદને ધરનારા નથી. માત્ર જૈન એવું અભિમાન ધરનારને શ્રીમાને મતાર્થીના લક્ષણથી અંકિત કર્યા છે. જે લોકો રૂઢીથી જૈન છે તેમને બહુધા તેમ

હોવાનું સામાન્યવત્ થઇ પડયું છે. મનુષ્યને કોઈ પણ પ્રકારની ધર્મ ભાવના જોઇએ છીએ, અને જૈન પરંપરાએ ચાલ્યો આવતો ધર્મ હોવાના કારણે તેને નિભાવવો જોઇએ એવાજ ખ્યાલથી તેનો નિર્વાહ કરતા આપણે મોટા ભાગે નિહાળીએ છીએ. હાલ જૈન હોવાના અભિમાનને ધરનારા મનુષ્યો, અન્ય કુળધર્મવાળા કુટુંબોમાં જન્મ્યા હોત તો તેઓ મારા, નમ્ર મત પ્રમાણે, પોતાના કુળધર્મનેજ પોષતા હોત–હાલની દસ લાખની સંખ્યા પૈકીમાંથી કયો વીર જૈન પોતાની અંતઃ પરીક્ષા કરી, છાતી ઠોકી કહી શકે એમ છે કે ગમે તે કુળધર્મમાં જન્મ્યો હોત તો જૈનધર્મનો અંગીકાર કરત? રૂઢીથીજ માત્ર ધર્મને નિર્વહનારાઓ તેના પ્રભાવને નિહાળી શકતા નથી; એવો શ્રીમાન્નો સંદશો આપણા હૃદયની એક નિગૂઢ ભાવનાને આપણી સંમુખ રજુ કરે છે અને પરોક્ષ રીતે સૂચવે છે કે આપણે રૂઢીએ જૈનપણું ત્યજી દઇ પરીક્ષાપ્રધાની જૈન હોવું ઘટે છે. અર્થાત્ તેના અંતર રહસ્યને લક્ષગત કરી તેના પ્રભાવને સમજી ભાવજૈન થવાની અગત્ય છે, અને તેમ ન થાય તો માત્ર નામે જૈન હોવાનું ખાલી અભિમાન પોષી મતાર્થીના લક્ષણુથી અંકિત થવા તુલ્ય છે.

(૮) **"યથાર્થ વીતરાગનો મત સમજવાની તેમનામાં ઘણી ખામી છે."**—Like attacks like—સમાન સમાનને આકર્ષે છે. હાલ આપણે જે પ્રકારે અવસ્થિત છીએ તેવા પ્રકારના સત્ત્વોને આપણે આપણા તરફ આકર્ષીએ છીએ. જે મનુષ્યોમાં રાગના—મોહના—ક્રોધના અને તે સિવાય અનેક વિકારના સત્ત્વો ઘર કરીને રહ્યા છે તેમના ભણી વીતરાગ માર્ગને અનુકૂળ સત્ત્વો ક્યાંથી આકર્ષાઇ આવે? રાગી મનુષ્યોને રાગના સત્ત્વો પોષાય તેવા સત્ત્વો ગમે છે, અને તે અનાયાસે પોતાભણી ખેંચી શકે છે. નિરાગી મહાત્માઓના સત્ત્વોને તે નિમંત્રી શકતો નથી. કેમકે નિરાગીપણાનું સત્ત્વ તેનામાં મુદ્દલ નથી. મનુષ્યો વીતરાગ પ્રભુના ગુણનું બહુ માન કરે, તેના પ્રત્યે બહુ બહુ પ્રકારે ભક્તિભાવ સીંચે તો જ તે નિરાગી પ્રભુના હાર્દને ઉકેલવા અને સમજવા શક્તિમાન્ થાય. વીતરાગ જેવો થવા પ્રયત્ન કરનાર જ વીતરાગનો મત સમજી શકે છે, અને જેટલે અંશે તે વીતરાગની સ્થિતિમાં પ્રવેશે છે તેટલે અંશે તેનું રહસ્ય તે લક્ષી શકે છે.

(૯) **"દૃષ્ટિ રાગનું પ્રબળ રાજ્ય વર્ત્તે છે."**—દૃષ્ટિરાગ એટલે ઘણા કાળના સંસ્કારોને લીધે ટેવના પ્રાબલ્યથી પરીક્ષા રહિત બંધાયેલો રાગ. આવા પ્રકારનો રાગ પ્રશસ્ત વસ્તુ પ્રત્યે હોય તો પણ તે અલક્ષપણે–બાળ-

બુદ્ધિપણે અને તેના પ્રભાવના જ્ઞાનરહિતપણે હોવાથી કાંઇપણ ઉત્તમ હિતને સાધી શકતો નથી. શ્રી જીન પ્રભુના દેહાદિ પ્રત્યેનો, તેમની બાહ્ય વિભૂતિઓ પ્રત્યેનો અને તેમના ઉત્તમોત્તમ પુણ્યોદયવશાત્ તેમને પ્રાપ્ત થતી અનેક રિદ્ધિઓ પ્રત્યેનો દ્રષ્ટિરાગ પણ કોઇ લોકોત્તર કલ્યાણનો સાધક નથી. કેમકે તેવો રાગ બંધાવામાં આપણું લક્ષ પ્રભુના આત્મિક ગુણો તરફ નથી. પરન્તુ માત્ર તેમના નામકર્મોદયવશ પ્રાપ્ત થતી બાહ્ય સંપત્તિમાંજ છે. આપણી રાગ દૃષ્ટિએ આપણે પ્રભુના સ્વગુણ બહુમાનને બદલે તેમને આવી મળેલી બાહ્ય સંપત્તિનું બહુ માન કરી બેસીએ છીએ અને રાગાંધ થઈ ભૂલીએ છીએ કે તે પ્રભુએ તો બાહ્ય સંપતિનો સદંતર ત્યાગ કર્યો છે. છતાં દષ્ટિરાગથી પ્રેરાયેલા આપણે તે ત્યજેલી સંપત્તિ સાથે પ્રભુને અવિનાભાવીપણે માનીએ છીએ. **શ્રીમાને** તે વાતનો ઉલ્લેખ કરતાં, મતાર્થીના લક્ષણોમાં કહ્યું છે કેઃ—

" જે જીનદેહ પ્રમાણને, સમવસરણાદિ સિદ્ધિ
વર્ણન સમજે જીનનું, રોકી રહે નિજ બુદ્ધિ. "

અર્થાત્—જે મનુષ્યો માત્ર જીનપ્રભુના દેહની વિભૂતિઓમાં અને સિદ્ધિઓમાંજ પોતાની બુદ્ધિને રોકી રાખી તેમના અંતર ગુણો ભણી લક્ષ કરતા નથી તે મતાર્થી છે. આવા દૃષ્ટિ રાગવાળા જીવોને જૈનધર્મનું અંતર રહસ્ય ક્યાંથી લક્ષગત થાય ? **શ્રીમાને** દષ્ટિરાગ ઉપર અનેક સ્થળે ભાર મુકીને આપણને ઉપદેશ્યું છે કે આપણે બાહ્યદષ્ટિ પરિત્યજી મર્મભાગમાં રહેલા ગુણોને ઓળખવા જોઇએ.

(૧૦) **" વેષાદિ વ્યવહારમાં મોટી વિટંબના કરી મોક્ષમાર્ગનો અંતરાય કરી બેઠા છે. "**—વેષ અને વ્યવહારના આચરણોમાંજ ધર્મનો આરોપ આકાળે બહુ ભાગે મનુષ્યો કરી બેઠા છે. બાહ્યવેષને અને આંતર ગુણોના વિકાસને કશો અનિવાર્ય સંબંધ નથી. માત્ર બાહ્ય સંયોગો આંતર ગુણોને અધિક સ્પષ્ટ કરવામાં હેતુરૂપ થાય છે. છતાં મનુષ્યો બાહ્ય વેષાદિ ઉપર જે અસાધારણ વજન મુકી તેમાંજ સર્વસ્વનું આરોપણ કરી બેઠા છે, તે પ્રત્યે **શ્રીમાન્**નું આ કથન હોય તેમ જણાય છે. વેષાદિ વ્યવહાર વસ્તુતઃ ભલે બૂરા ન હોય તો પણ જ્યારે તે મોક્ષમાર્ગની જીજ્ઞાસાવાળાઓના માર્ગમાં અંતરાય રૂપ થઇ પડે, ત્યારે તો અવશ્ય તિરસ્કાર ઉપજાવનારા થઈ પડે, એ અસ્વાભાવિક નથી. જે વેષ વિગેરેનો વ્યવહાર ખરૂં કહીએ તો મોક્ષમાર્ગમાં સહાયભૂત થઈ શકે તેવો હોવો જોઈએ તેજ વ્યવહાર જો ઉલટો અંતરાયભૂત થાય અને અધ્યાત્મબળ વડે આગળ ગતિ

કરનારાઓને વિઘ્ન કરનારો થઇ પડે તો આપણે તેને એક વિટંબનાનું રૂપ આપ્યા સિવાય બીજું શું કરી શકીએ ? વેષ પાસે મુકવામાં આવેલા આદિ શબ્દથી આપણે સમજી શકીએ છીએ કે વેષ સિવાય તેના જેવા એવા બીજા પણ કેટલાક વ્યવહારો છે કે જે મોક્ષમાર્ગમાં અંતરાય ભૂત થતાં હોય. આ વ્યવહારો ગમે તે હોય તોપણ તુચ્છ અને મહત્ત્વ વિનાનાજ હોવા જોઇએ, એમ સહેજે સમજી શકાય છે. આવા નિરર્થક વ્યવહારોએ જૈન સમાજનું જે અહિત સાધ્યું છે, અને યથાર્થ આચાર વિચારના ક્ષેત્રથી જે વિમુખતા રાખી છે તે વિષે જ્યારે વિચાર સંકલના લંબાય છે, ત્યારે શ્રીમાન્‌ના આ કથનનું તાત્પર્ય તેમના સામાજીક સૂક્ષ્મ નિરીક્ષણનું ભાન કરાવ્યા વિના રહેતું નથી. નાના પ્રકારના વિચાર કલહોએ અને તુચ્છ એવા મતાંતર ક્લેશોએ, સમાજના વિચારવીર્યનો અને આચાર બળનો ક્ષય કરી, જે શાસનના અનુયાયીઓનો વિચારપ્રવાહ સમુદ્ર સરખો ગંભીર અને વિશાળ હોવો જોઇએ, તેજ શાસનના અનુયાયીઓને એક નાના સરખા વ્યવહારના ખાબોચીયામાં રમતા કરી મૂક્યાં છે. આ સ્થિતિ અરે વિચાર પણ કેટલો વિષાદમય થઈ પડે છે ?

(૧૧) **"તુચ્છપામર પુરૂષો વિરાધક વૃત્તિના ધણી અગ્રભાગે વર્ત્તે છે,"** ઉપર કહી તેવી સ્થિતિ આવવાનું આ એક સબળ કારણ લેખાવું જોઇએ. **શ્રી**માન્‌નો આ ઉલ્લેખ જેના પ્રત્યે કરવામાં આવેલો આપણે સમજીએ છીએ તેનું આ સ્થળે વિવેચન કરવાથી અનેક **વિરાધકવૃત્તિના ધણી** તે આક્ષેપ પોતાની ઉપર થયો ગણી પોતાની વિરાધક વૃત્તિના બળને અધિક વેગથી સ્ફુરાવશે, એવા ભયથી તેમ કરવાથી હાલ તો નિવર્ત્તવું એજ યોગ્ય છે. વળી તેમ કરવાથી લાભ પણ શું છે ? વિરાધક વૃતિનું બળ કે જે મોટી સંખ્યામાં અને શ્રીમંતોના દૃષ્ટિ રાગના રેતીનાં પડો નીચે વહી રહ્યું છે તેને તેના ભીષણનાદપૂર્વક વહી જવા દેવું એજ વધારે શ્રેયસ્કર છે. મનુષ્યબળ કરતાં કાળબળનેજ એ સત્તા આપવી વધારે ઉચિત લાગે છે. છતાં શાસનના હિતના બ્હાના તળે અનેક પ્રપંચ કાર્યો આ કાળે ઉભરાઇ જતાં જ્યારે આપણે નિહાળીએ છીએ અને **શ્રી**માને કથેલા શાસન ક્ષતિના અનેક કારણો પૈકી આ પણ એક સબળ કારણ છે એમ જ્યારે પ્રત્યક્ષ રીતે જોઇએ છીએ ત્યારે દુઃખનો નિઃશ્વાસ નિસર્યા વિના રહેતો નથી. પ્રભુ જાણે આ વિરાધક વૃત્તિનું ચક્રવર્ત્તિપણું ક્યારે અવસાન પામી સામાજીક જીવોને આરાધકવૃત્તિમાં નિમગ્ન થતાં નિહાળી સંતોષ માનશે ? આ પ્રસંગ જો સૂક્ષ્મદર્શીઓને બહુ દુરનો લાગતો હોય તો પછી એકજ પ્રાર્થના કરવી

બાકી રહે છે અને તે એજ છે કે અગ્રભાગે વર્ત્તનારાઓને વિરાધકવૃત્તિનું અને આરાધક વૃત્તિનું તારતમ્ય સમજવાની સન્મતિ મળે.

(૧૨) "કિંચિત્ સત્ય બહાર આવતાં તેમને પ્રાણઘાત તુલ્ય દુઃખ લાગતું હોય તેમ જણાય છે."—ઉપર જણાવ્યા તેવા વિરાધકવૃત્તિના ધણી પ્રત્યે કાંઈક સત્ય વાર્તાને કથવાનો પ્રયત્ન કરવામાં આવતાં તેમને મરણતુલ્ય વેદના થતી હોય તેમ કકળી ઉઠે છે. તેમના ભેજામાં ઘર કરી ભરાઇ બેઠેલાં અનેક જાળાઓ દૂર કરવાનો પ્રયત્ન તેમને ગાંડા-ઘેલા બનાવી મુકે છે, તેમજ શાસન રક્ષણના બ્હાના તળે નહીં ધારેલું તોફાન ઉભું કરી હાલની કફોડી સ્થિતિ અધિકાધિક કફોડી કરી મુકે છે. કારણ સ્પષ્ટજ છે. અસુરોને સુરનું સંગ્રામબળ ભયાનક થઈ પડે તેમ અસત્ય અભિનિવેશને સત્યનું બળ પણ ધ્રુજાવનારૂં થઇ પડે, એટલા માટે સત્ય વિચારો કે સિદ્ધાંતોનું તેજ બહાર આવતાં તેને અસહ્ય ધારી કાકારવ કરી મુકે એ કુદરતીજ છે. આમ થવાથી આપણે ધારીને જોઇશું તો જણાશે કે સત્ય અને સ્વતંત્ર આલોચનાઓનું બળ હજી આપણામાં પ્રવેશી શકયું નથી. મુળ ફુટતાંજ જ્યારે તેના ઉપર કુઠારાઘાત થાય તો પછી વૃક્ષની આશા કેવી રીતે બાંધી શકાય? મનુષ્યના સ્વાર્થને જ્યારે કોઇ અંશે હાનિ થાય છે ત્યારેજ દુઃખ લાગે છે. એ સત્ય સાર્વજનિક છે. સત્યના પરિસ્ફોટનથી નાના પ્રકારના વાડા બાંધી બેસનારાઓને હાનિ પહોંચે અને તેથી તેમને પ્રાણઘાત તુલ્ય દુઃખ થાય એ કલ્પના બહુ કઠીન નથી. પરંતુ હવે એ પ્રાણઘાતતુલ્યની સ્વતંત્ર વિચારકોએ બહુ દરકાર રાખવી જોઇતી નથી, એમ કહ્યા વિના ચાલતું નથી. સત્ય ગમે ત્યારે બહાર આવશે અને જેને લાગે વળગે છે તેને અસહ્ય દુઃખ થશે, પણ તેનો પ્રવાહ કોઇથી રોકી શકાય તેમ નથી. તો પછી જે સત્ય કાલે બહાર આવવાનું હોય તે સત્ય જો અત્યારેજ પ્રતીત થતું હોય તો પછી તેને ભયથી રોકી રાખવું એ પ્રશસ્ત નથી.

આ પ્રમાણે શ્રીમાને શાસનક્ષતિના અનેક કારણો પૈકી મુખ્ય મુખ્ય કારણોનો ઉલ્લેખ કરી તેનાથી આપણું રક્ષણ કરવાની સાવચેતી આપી છે, અને તદનુસાર કર્ત્તવ્ય આપણા જીવનમાં ઉતારી આપણે તેઓશ્રી પ્રત્યેની બહુ માનની લાગણી દર્શાવી આપવી જોઇએ. મહાપુરૂષોની ભક્તિ તેમના પ્રત્યે દૃષ્ટિરાગ રાખવામાં નથી, એ આપણે ઉપર જાણી ગયા છીએ. તેમના ઉપદેશેલા માર્ગમાં પ્રવૃત્તિ એજ તેમના પ્રત્યેની ભક્તિની ઉચ્ચતમ કળા છે. આપણે મહા પુરૂષો પ્રત્યે જ્યારે બહુ માન કરવામાં પ્રેરાઇએ છીએ ત્યારે આપણે એક વાત લક્ષમાં રાખવી અત્યંત અગત્યની છે, અને તે એ કે

આપણો ભક્તિભાવ કોઇ અલક્ષ્ય માર્ગ ભણી નહિ ઢોળાવો જોઇએ. આપણો લક્ષ્ય, જે મહાપુરૂષો પ્રત્યે આપણને બહુમાન છે, તેમના જેવા થવાનો છે, અને તેમ થવામાં તે તે મહા પુરૂષોએ ઉપદેશેલું આચરણજ ઉપકારક છે. તેમજ તેમના પ્રત્યેની રાગદૃષ્ટિ ઉચ્ચ કલ્યાણ સાધવામાં ઉલટી પ્રતિબંધ રૂપ થાય છે એ પણ વિસરી જવું જોઈતું નથી. કારણ કે રાગ દૃષ્ટિમાં એક વાર પડયા પછી ત્યાંથી નિકળવું આ જીવને અત્યંત મુશ્કેલ થઇ પડે છે. તાત્પર્ય એજ છે કે જે મહા પુરૂષની જીવન વાર્તાનો આ પ્રસંગ છે તેમના ઉપદેશમાંથી આપણે આપણા જીવનમાં કશું નહીં ઉતારતાં માત્ર તે "મહાન્ હતા—જ્ઞાની હતા" વિગેરે ભાવનાકથનો કથવા જઇશું તો તે ભક્તિની અને બહુમાનની કિંમત બહુ ન્યૂન અંકાશે. તેમના પ્રત્યેની ખરી ભક્તિ તેમણે પ્રતિપાદન કરેલા માર્ગે ચાલવામાં જ છે, નહિં કે તેમના પ્રત્યે વિચાર મોહથી બંધાઇ રહેવામાં.

શ્રીમાન્‌ના અનેક દેશીય આત્મ જીવનમાંથી એકાદ અંશને અક્ષરાત્મક રૂપે ઉતારવાનો આ મંદ પ્રયત્ન તેમના ધર્મદેહને અલ્પ પણ ન્યાય આપી શકે તેમ નથી. તેમનું અગાધ જ્ઞાન, તત્ત્વદર્શિતા, જીવનનો અડગક્રમ, ઉચ્ચતમ કળાએ પહોંચેલો વૈરાગ્ય, લેખનની અપ્રતિમ પ્રાસાદિક ગંભીર શૈલી, અનુપમ કવિત્વ, અને અસાધારણ બુદ્ધિબળ વિગેરે અનેક ગુણો તરફ આપણે લક્ષ કરીએ છીએ, ત્યારે તેને વાણીમાં ઉતારવાના મારા આ નિર્બળ પ્રયત્નને હું વેંતભર દોરડાંથી પાસીફીક મહાસાગરનાં તળીઆંનો ભાગ લેવાના પ્રયત્ન તુલ્ય સમજું છું. મહા પુરૂષોના સંબંધમાં ઉપમા અને અલંકારો પણ વ્યર્થ વહી જતાં હોય તેમ જણાય છે. તેમનું જીવન અમુકના જેવું હતું તેમ કહેવામાં પણ ન્યૂનતા રહી જાય છે. તેમનું જીવન તેમના પોતાનાજ જેવું હતું, એમ છેવટે કહેવાઇ જાય છે; અને એવું પોતામાં પોતાનું ઉપમાન કરીનેજ મહા પુરૂષોના જીવનનો આપણે વ્યવહાર કરવો યોગ્ય છે એમ લાગી આવે છે.

જૈન દર્શનનો પુનરૂદ્ધાર કરવા પરત્વે શ્રીમાન્‌ની ઇચ્છા કેવી જ્વલંત હતી તથા તે માટે પોતાની શક્તિ ઉલ્લસિત કરવામાં શું શું અંતરાયો નડતા હતા તેની સમીક્ષા આપણે પૂર્વે કરી ગયા છીએ. જ્ઞાનની ઉચ્ચ અવસ્થામાં મહાત્માઓ જે અવર્ણનીય આત્મિક આનંદમાં નિમગ્ન હોય છે તે આનંદના અનુભવ કાળે, જગતના સર્વ જીવો પોતાના જેવા સ્વભાવ સુખનો અખંડ આનંદ અનુભવે, તેવી તેમના હૃદયમાં ઉત્કટ જીજ્ઞાસા હોય છે. આપણા પ્રાપંચિક—ઇંદ્રિયજન્ય આનંદની માફક સ્વરૂપ—અનુભૂતિજન્ય

આનંદ, સ્વાર્થ અને ભોક્તૃત્વની અલ્પ મર્યાદાવાળો હોતો નથી. અર્થાત્ તે આનંદનું ભોક્તૃત્વ મને એકલાનેજ પ્રાપ્ત હો અને ઇતર સર્વ તેથી વંચિત રહો એવી સ્વાર્થ ભાવનાનો પાશ આત્મિક સુખના અનુભવ કાળે હોતો નથી. તે કાળે તો સર્વ જીવો મારા જેવાજ અમર્યાદ સુખ અને આનંદના ભોક્તા થાય, અને તેની પ્રાપ્તિનાં સાધનો સર્વને સુલભ થાય એવી ઉગ્ર અભિલાષા તેમના અંતરને વિષે પ્રવર્તે છે, અને જે શાસનના પરિશીલનથી તે સુખ પ્રાપ્ત થવા યોગ્ય છે તે શાસનના રસજ્ઞ સર્વ કોઇને કરી દઉં એવી ભાવના પ્રબળપણે ઉદયમાન થાય છે. "સવી જીવ કરૂં શાસન રસી" એવી ભાવના ચિત્તની જે અવસ્થામાં થાય છે તે અવસ્થા જ્ઞાનની આરૂઢ ભૂમિકાએ હોવી સંભવે છે. શ્રીમાન્‌ની જ્ઞાનાવસ્થા, ચિત્તની જે અવસ્થામાં ઉપરોક્ત અભિલાષા પ્રકટવા યોગ્ય છે તેવી અને તેથી પણ અત્યંત ઉચ્ચતર કોટીની હતી એવો તેમના પ્રસંગમાં આવેલા અનેક બુદ્ધિમાન્ સજ્જનોનો પ્રત્યક્ષ અનુભવ છે, અને ઇતર પુરૂષોના અનુભવને પોતાના પરત્વે અપ્રમાણભૂત ગણુનાર પરીક્ષાપ્રધાની સજ્જન, તેમના અક્ષરાત્મક રૂપે રહેલા મનોભાવ ઉપરથી પણ જોઇ શકે તેમ છે. જ્ઞાનની જે તન્મય અવસ્થામાં "એક આત્મપરિણતિ સિવાયના બીજા જે વિષયો તેને વિષે ચિત્ત અવ્યવસ્થિતપણે વર્તે છે, અને તેનું અવ્યવસ્થિતપણું લોકવ્યવહારથી પ્રતિકૂળ હોવાથી લોકવ્યવહાર ભજવો ગમતો નથી. x x x ખાવાને વિષે, પીવાને વિષે, બોલવાને વિષે, શયનને વિષે, લખવાને વિષે કે બીજાં વ્યવહારિક કાર્યોને વિષે જોઇએ તેવા ભાવથી પ્રવર્તાતું નથી. x x x અચલિત આત્મ સ્વરૂપે રહેવાની સ્થિતિમાં જ ચિત્તેચ્છા રહે છે. x x એક આત્મપરિણતિ સિવાય સર્વ બીજાં પરિણામને વિષે ઉદાસીનપણું વર્તે છે." આવા ઉદ્‌ગારો નીકળે તે અવસ્થામાં આત્મપરિણામ કેવી ઉચ્ચ જ્ઞાનની ભૂમિકાના આશ્રયી હોવા ઘટે તે બુદ્ધિમાન વાંચકો સહેજે લક્ષી શકશે. આ સ્થળે તેવા જ ભાવના શ્રીમાન્‌ના અનેક લેખોનું અમે અવતરણ કરી શકીએ તેમ છીએ, પણ તેમ કરવાથી કયો હેતુ સફળ કર્યો ગણાશે, તે અમે સમજી શકતા નથી. જે કોઇ તેમની જ્ઞાનકળાને લક્ષગત કરી શકયા છે તેમના માટે અમારૂં કથન સિદ્ધ જ છે, એટલે સિદ્ધને સાધ્ય કરવાની જરૂર લાગતી નથી. બાકી જેમના હૃદયમાં શ્રીમાન્ પ્રત્યે વક્રીભાવ રૂપ અંધકાર પ્રવર્તે છે, ત્યાં પ્રકાશનાં કિરણો ફેંકવાના અમારા આ પ્રયત્નને અમે કાળરાત્રિના તિમિરનો, ખદ્યોતના ચમકારાથી વિલય કરવાના પ્રયત્ન તુલ્ય લેખીએ છીએ. અમે આ લેખકોને અર્થે લખાએ છીએ, તેનું પણ અમને જ્ઞાન નથી. કારણ કે જે પ્રમાણુની આગળ ઇતર સર્વ પ્રમાણો પોતાનું અભિમાન

મૂકી દે છે, એવો શ્રીમાન્‌ના આત્મજીવનનો પ્રત્યક્ષપ્રમાણજન્ય અનુભવ છે, તેઓને આ લેખ, તેમના ખરા સ્વરૂપને અલ્પાંશે પણ ન્યાય મળ્યો નથી, એવા રૂપે જ પ્રતીત થશે, એવો અમને ભય છે. અને તે ભય સાચો પણ છે. તેમના જીવનનો કિંચિત્ પણ સત્ય ભાવ અક્ષરાત્મક કરી શક્યાનું અમે જરા પણ સ્વીકારી શકતા નથી; એમ સર્વ અભિમાનના નિતાન્ત ત્યાગપૂર્વક અમે કબુલ કરીએ છીએ.

આવી જ્ઞાનમૂલક અવસ્થામાં શ્રીમાન્‌નો શાસન સમુદ્ધારનો પ્રયત્ન યશસ્વી થાત એમ સ્વીકાર્યા વિના ચાલતું નથી. તેમના ચિત્તને વિષે જૈન દર્શનનું અપૂર્વત્વ એવી સજ્જડ રીતે ભાસ્યું હતું, અને દ્રવ્યાનુયોગના સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગનું અંતર્ રહસ્ય એટલું તો સુજ્ઞાત હતું કે તે સંબંધમાં ગમે તેવા સૂક્ષ્મ તર્કનું પણ તેઓ અત્યુત્તમ પ્રકારે સમાધાન કરી શકતા. તેમની ઉપદેશ પદ્ધતિમાં એવું અનિવાર્ય સામર્થ્ય અને પ્રભાવ હતા કે સાંભળનાર ઉપર તેની સચોટ અસર તુર્ત જ થતી. જ્ઞાનની આરૂઢ સ્થિતિ, મતિ અને શ્રુતિજ્ઞાનનું આ કાળે ન સંભવી શકે એવું અગાધપણું, ઉપદેશવડે સામાના ઉપર ઈષ્ટ અસર ઉપજાવવાનો અતિશય પ્રભાવ, વિગેરે શાસનના પુનરૂદ્ધાર અર્થે આવશ્યક સામગ્રી તેમને સહજ સિદ્ધ હતી. તે અર્થે તો તેમનો નિશ્ચય પણ તેમના જીવનના અંતભાગ પર્યંત નિવર્ત્યો નહોતો. શાસનની આવી છિન્ન ભિન્ન અવસ્થા માટે તેમના દીલમાં અત્યંત શોચ પણ સર્વ કાળ થયા જ કરતો હતો. જગત્ ઉપરનું સર્વોપરી દર્શન (મત પરંપરાએ માનેલ દર્શનના મોહથી જૈન દર્શનનું સર્વોપરીપણું તેમણે ઇષ્ટ ગણ્યું નથી, પણ સર્વ દર્શનની સમીક્ષા કર્યા પછી સિદ્ધ કરેલ જૈન દર્શનનું સર્વોપરીપણું શ્રીમાન્‌ને ઇષ્ટ હતું એ લક્ષમાં રહે.) સંપ્રતિ આવી ભગ્ન સ્થિતિમાં નિહાળી તેમના હૃદયમાં શોક–ગ્લાનિ, અસ્વાસ્થ્ય અને ચિંતા થયા કરતી હતી. એવા ભાવના અનેક કથનો પણ અનેક સ્થળે તેમના લેખોમાં દૃષ્ટિગોચર થાય છે. એક સ્થળે લખે છે કેઃ—

" હે જ્ઞાતપુત્ર ભગવન્ ! કાળની બલીહારી છે. આ ભારતના હીનપુણ્યી મનુષ્યોને તારૂં સત્ય, અખંડ અને પૂર્વાપર અવિરોધ શાસન ક્યાંથી પ્રાપ્ત થાય ? થવામાં આવા વિઘ્નો ઉત્પન્ન થયાં. તારા બોધેલાં શાસ્ત્રો કલ્પિત અર્થથી વિરાધ્યાં, કેટલાંક સમૂળગા ખંડયાં; ધ્યાનનું કાર્ય, સ્વરૂપનું કારણ એ જે તારી પ્રતિમા તેથી કટાક્ષ દૃષ્ટિએ લાખો ગમે લોકો વળ્યા. તારા પછી પરંપરાએ જે આચાર્ય પુરૂષો થયા તેના વચનમાં અને તારા વચનમાં પણ શંકા નાંખી દીધી. એકાંત દઇ કુટી તારૂં શાસન નિંદાવ્યું. શાસન

દેવી ! એવી સહાયતા કાંઇ આપ કે જે વડે કલ્યાણનો માર્ગ હું બીજાને બોધી શકું, દર્શાવો શકું,–ખરા પુરૂષો દર્શાવી શકે. સર્વોત્તમ નિર્ગ્રંથપ્રવચનના બોધ ભણી વાળી આ આત્મવિરાધક પંથોથી પાછાં ખેંચવામાં સહાયતા આપ ! ! તારો ધર્મ છે કે, સમાધિ અને બોધિમાં સહાયતા આપવી.”

પરંતુ વિઘ્નો અને અંતરાયો પણ એવા પ્રકારના હતા કે તે ઉલ્લંઘી શકાય તેમ નહોતું. તે વિઘ્નોનો પરિહાર કરવા માટે તેમણે પ્રયત્ન કરવામાં ન્યૂનતા રાખી નથી. છતાં તે “ ઉદયરૂપ વ્યવહાર ” ત્યાગ્યો જતો નહોતો, અને તેમ છતાં પણ શાસનનો ઉદ્ધાર કરી જીવોને જ્ઞાનમાર્ગે દોરવાની જીજ્ઞાસા નિવૃત્તિ ભજતી નહોતી. આ સંબંધમાં વિચાર કરતાં તેમણે શાસનનો પુનરૂદ્ધાર કરવાના વિઘ્નોની જે નોંધ લખી છે, તેનું વિવેચન આપણે આગળ કરી ગયા છીએ. તે વિઘ્નો વિદ્યમાન છતાં પણ જ્યારે જીજ્ઞાસા નિવૃત્તિ નહિ, ત્યારે તેઓ લખે છે કે “ જો એમ છે તો પછી તમે શામાટે તે ધર્મનો ઉદ્ધાર કરવા ઇચ્છો છો ? ” ઉત્તર–“ પરમ કારૂણ્ય સ્વભાવથી, તે સદ્ધર્મ પ્રત્યેની પરમ ભક્તિથી. ” આ પ્રકારે અન્ય જીવો પ્રત્યેના કારૂણ્ય ભાવથી તથા જે સદ્ધર્મ વડે પોતે જ્ઞાનાવસ્થા પામ્યા તે પ્રત્યેના બહુમાનાર્થે તેમણે શાસનનો ઉદ્ધાર ગમે તેવા વિઘ્નોની પરંપરા છતાં છેવટ સુધી ઇચ્છિયો હતો. પરંતુ તેમણે જે પ્રકારે ધાર્યો હતો તે પ્રમાણે શાસનનો ઉદ્ધાર કરી શકયા નથી, એ આપણા દુર્ભાગ્યનો વિષય છે. તેમ છતાં તે દુર્ભાગ્યની સાથે સૌભાગ્યનું સંમેલન પણ અમે જોઇએ છીએ, અને તે એ કે પોતાનું આત્મકલ્યાણ ઇચ્છનાર માટે તેમણે દેશ કાળાનુસાર અપૂર્વ માર્ગ તેઓ પોતાના પત્રોમાં અને આભ્યંતર પરિણામ અવલોકન રૂપ નોંધપોથીમાં પ્રબોધી ગયા છે. આપણી આત્મ પ્રગતિને તે સ્થળે સ્થળે માર્ગદર્શક—પ્રકાશ રૂપે સહાય આપે છે અને આપણા કાર્યક્રમને સુવ્યવસ્થિત રાખવા અર્થે, તેમજ ગચ્છ, મત, સંપ્રદાય, રૂઢી અને વાડાથી સાવચેત રહેવાની ભલામણ પણ પદે પદે આપ્યા કરી છે. પુનરૂદ્ધારમાં તેમણે જે જે વિઘ્નો દર્શાવ્યાં છે તેજ આપણને પરોક્ષ રીતે શું નથી સૂચવતા કે પોતાનું શ્રેય ઇચ્છનારે તે વિઘ્નોને પોતાના માર્ગના પ્રતિબંધક થવા ન દેવા ? કદી પોતે દર્શનનો સમુદ્ધાર કર્યો હોત તોપણ આપણા કલ્યાણ અર્થે તો જે કાંઇ આવશ્યક છે તેમાં કશી ન્યૂનાધિકતા સંભવતી નહોતી. અર્થાત્ પોતાનું કલ્યાણ ઇચ્છનારને માટે જે ક્રમ તેમણે દર્શનના ઉદ્ધાર કાળે પ્રબોધ્યો હોત તેજ ક્રમ આ કાળે પણ છેજ. ફકત ફેર એટલો કે દર્શનના ઉદ્ધાર કાળ પછી કલ્યાણના ભાગી અનેક જીવો બની શકત, અને તેમ ન

થવા પામ્યું તેથી માત્ર જેઓ પોતાનું હિતાહિત સમજવા સશક્ત છે, તેજ જીવો શ્રીમાન્‌ના લેખો ઉપરથી આચરણમાં મૂકી કલ્યાણ પામી શકશે. દર્શનનો સમુદ્ધાર કરીને પણ શ્રીમાન્‌ને જે સંભવ ઇષ્ટ હતો તે એજ હતો કે તેમણે અનુભવેલા આત્મસ્વરૂપને, અને તે પ્રાપ્ત કરવાના ક્રમને સવિશેષ બહોળા તથા ઉદાર સ્વરૂપમાં જગત્ સંમુખ મૂકવો; અને જન સમાજની તે પ્રત્યે રૂચિ ઉપજાવવી, પણ તેમ થવામાં વિઘ્નપરંપરા કેવી હતી તે આપણે જોયું છે. હવે જનસમાજની ધર્મભાવનાને જે દિશામાં વાળવી શ્રીમાન્‌ને ઇષ્ટ હતી તે દિશાનું રેખાદર્શન સ્પષ્ટ પ્રકારે તેમના લેખોમાં તેઓશ્રી કરી ગયા છે. જેથી આત્મ કલ્યાણના ઇચ્છકોને તો શ્રીમાને દર્શનનો સમુદ્ધાર કર્યો કે ન કર્યો તે સમાનજ છે. જેઓ પોતાનું શ્રેયઃ ઇચ્છે છે તેમના અર્થે શાસનનો સમુદ્ધાર તેમના લેખોમાં પ્રત્યક્ષજ છે, અને જે કાંઈ પ્રત્યક્ષ છે તે સિવાય તેમને માટે તો શ્રીમાન્ કશું વધારે કરી શકત એમ અમે માની શકતા નથી. શ્રીમાન્ પોતાના અંતર્‌ની સર્વ ભાવનાઓને અને વીતરાગ માર્ગના હાર્દને પોતાના પત્રોમાં તથા આભ્યંતર અવલોકનમાં આપી ગયા છે. શાસન સમુદ્ધારમાં તેઓ જે કાંઇ સવિશેષ કરત, એમ આપણે માનીએ છીએ, તે એટલુંજ કે તદંતર્ગત વિચારોને, દેશકાળની ભાવનાને અને વિચાર પદ્ધતિને અનુરૂપ આકારમાં સર્વ ગ્રાહ્ય સ્વરૂપે રજુ કરત.

આપણા સમાજનો સ્થિતિચુસ્ત વર્ગ (conservative class) આ શાસન સમુદ્ધારની બીના સાંભળી કકળી ઉઠશે કે-" શ્રીમાન, પુનરૂદ્ધાર દ્વારા વળી કયા નવીન તત્ત્વને વીરપ્રભુ પ્રતિપાદિત માર્ગમાં ઉમેરવાના હતા ? વીરપ્રભુએ જે કાંઈ પ્રબોધ્યું છે તે તો સૂત્રો અને ગ્રંથોદ્વારા પ્રચલિતજ છે. કદી કહેશો કે અધ્યાત્મ માર્ગનું રહસ્ય અને શાસ્ત્રકારનો મર્મ તેઓ અમને સમજાવવાના હતા, તો અમે કહીશું કે તેમના જેવા અનેક રત્નો શ્રીમાન્ આનંદઘનજી, ચિદાનંદજી વિગેરે થઇ ગયાં છે અને તેમના લેખોમાં તે વાત મુકતા ગયાં છે, છતાં તેમણે તો કાંઈ શાસનના પુનરૂદ્ધારનો ફાંકો રાખ્યો નહોતો." આ શંકા વાજબી અને ઉપયુક્ત હોવા છતાં, તેને માટે વિસ્તૃત વિવેચનની આવશ્યકતા કોઇ રીતે દૂર કરી શકાતી નથી. અમને એમ લાગે છે કે શાસન પુનરૂદ્ધારનો અર્થ જે પ્રકારે સામાન્યતઃ શ્રીમાન્‌ના પ્રશંસકોમાં સમજાય છે તેથી તે કોઇ જૂદેજ પ્રકારે હોવો સંભવે છે.

અમારા દિલને વિષે, આ લેખને શરૂ કરતાં પ્રથમજ એક પ્રતિજ્ઞા અમે સ્વીકારી હતી અને તે શરૂઆતમાંજ અમારે પ્રગટ કરવી જોઇતી હતી,

એમ અત્યારે શોચીએ છીએ; તે એજ કે લેખનો ઉપક્રમ, અમે શ્રીમાન પ્રત્યે રાગ દૃષ્ટિથી તેમજ મોહભાવવડે પ્રેરાઇને કર્યો નથી. જમાનો સ્વાતંત્ર્યપ્રિયતાનો છે, અને સ્વતંત્ર સમાલોચના જ સમાજના આદરને પાત્ર થાય છે, એમ અમે માનીએ છીએ. તેમના અક્ષરાત્મક થયેલા ભાવ ઉપરથી તેમજ તેમાં ગુપ્તપણે પ્રતીત થતી વીર્યવતી ચેતનાનો નિષ્કર્ષ કરીનેજ અમે આ આલોચના લખી છે. મતપ્રિયતા અને રાગદૃષ્ટિના અમે બહુ કાળથી દુશ્મન છીએ અને તેવી રાગાંધતાનો વિલય થાય તેજ અર્થે પ્રયત્ન કરવામાં અમારા જીવનનું સાફલ્ય અમે કલ્પ્યું છે. શ્રીમાન્ પ્રત્યે અમને જો કોઇ પ્રકારનો પણ રાગ હોય તો તે એવા પ્રકારનો અને એટલા માટેજ છે કે તેમણે, અમને જે મતાધીનતા અનિષ્ટ છે તેને તોડવાનો સબળ પ્રયત્ન સેવ્યો હતો. અમારો તે રાગ સપ્રયોજન અને બુદ્ધિ પુરઃસર હોઈ તે રાગનું સત્યપ્રિયતામાં રૂપાંતર થયેલું અમે લેખીએ છીએ. રાગાંધપણામાં બુદ્ધિ અને સ્વતંત્ર વિચારનો મુદ્દલ અવકાશ રહેતો નથી. સત્યપ્રિયતાનો આત્માજ વિવેક અને બુદ્ધિ છે. અને તે વડે પ્રેરાયેલા અમે શ્રીમાન્ પ્રત્યે કોઇપણ રીતના રાગથી બંધાયેલા હોવાનો સ્પષ્ટ ઇનકાર કરીએ છીએ. રાગાંધતા, મતપ્રિયતા, રૂઢિસંરક્ષકત્વ, ગચ્છાનુસારિત્વ, વિગરેએ આપણા સમાજને આ કાળે છેક નિકૃષ્ટ અવસ્થામાં મુકી દીધો છે. અમે બહુ કાળ સુધી આવી મતપ્રિયતાને સેવી હતી, પણ તેને પ્રગતિની અનુરોધક સમજી ત્યજી છે. શું અમે પુનઃ અન્ય પ્રકારની રાગાંધતામાં પડશું ? કદિ નહી. શ્રીમાન્ રાજચંદ્ર પ્રત્યે અમને કોઇ પણ પ્રકારનો રાગ ભાવ નથી. કોઈ પ્રકારની મોહ વ્યાકુળતા નથી. તેથી અમે જે કાંઈ આલોચીશું તે સ્વતંત્ર દૃષ્ટિથીજ—અને વિવેકના પ્રકાશમાં ઉપયુક્ત જણાશે તે પ્રકારેજ.—મનુષ્યની ધર્મ ભાવના ઉપર, પ્રચલિત દેશકાળની, પ્રવૃત્તિમયતાની, નિવૃત્તિમયતાની, રાજકીય સ્થિતિની ઇતર દેશના વિદ્વાનો સાથેના સંસર્ગની, તે દેશોના સાહિત્ય પ્રચારની અને તે સિવાય નાના પ્રકારની અનેક દેશીય અસરો થાય છે અને તેવી વિવિધ અસરોથી સમુચ્ચયે જે પરિણામ આવવું જોઇએ તે મનુષ્યની ધર્મ ભાવનામાં પ્રતિબિંબ પામતું જોવામાં આવે છે. મનુષ્યોના અંતઃકરણ આ નૂતન સાહિત્ય વડે પોષણ પામી વિકસિત થાય છે અને સ્વતંત્ર રીતે સત્યાન્વેષણની જીજ્ઞાસા વધતી જાય છે, પરંતુ આવા પ્રગતિશીલ જમાનાની અસર જેમ એકપક્ષે પ્રશસ્ત અને હિતકર છે, તેમ અન્ય પક્ષે તેટલીજ અપ્રશસ્ત અને હાનિકર પણ પ્રતીત થાય છે. મનુષ્યોમાં જેમ જેમ સ્વાતંત્ર્ય પ્રિયતા પ્રકટે છે તેમ તેમ દરેક વિષયમાં અન્યના ઉપર

આધાર રાખવાની કુટેવ તેનામાં ઘટતી જાયછે. પણ તે સાથે ચિત્તની સ્થિતિ એવી અવ્યવસ્થિત, શંકાશીલ અને અસ્થિર થાય છે કે કોઈ પણ નિશ્ચય ઉપર તે નિર્ભર રહેતો નથી. આજે જે નિશ્ચય બંધાયો હોય છે, અને વસ્તુસ્વરૂપ જે પ્રકારે નિર્ધારિત કર્યું છે તે બીજે દિવસે અન્ય વિદ્વાનની પ્રબળ દલીલોથી લુપ્ત થઈ ત્યાં કોઇ નવીન નિશ્ચયનો અભિષેક થાય છે. આ પ્રમાણે પ્રગતિશીલતા સાથે ચંચળતા અને અદ્રઢપણું ઉપસ્થિત થતું અનુભવાય છે. સ્વાતંત્ર્યપ્રિયતા, મનુષ્યને એક નિશ્ચય સાથે વળગી રહેવાની ના પાડે છે, અને અધિક સત્યાન્વેષણ પ્રતિ પ્રબળ વેગે પ્રેરે છે. હવે આવા સંયોગોમાં સર્વજ્ઞ પ્રતિપાદિત વસ્તુ સ્વરૂપ યથાતથ્ય પ્રકારે, અને જે જે શંકા ઉદ્ભવે તે સર્વના પરિહારપૂર્વક કોઈ વીરનર પ્રબોધી શકે તો અમે માનીએ છીએ કે જૈન દર્શનના પુનરૂદ્ધારનું પુણ્ય મુહુર્ત નજીકજ હોવું જોઇએ. પરંતુ તેવા સમર્થ જ્ઞાનીઓની આપણા મધ્યમાં હમણાં તો શૂન્યતા જ છે. જેની બુદ્ધિ જગત ઉપરના સર્વ દર્શનોના હાર્દને લક્ષગત કરી, પરમાણુના સંયોગથી જીવાદિકની ઉત્પત્તિ માનનાર **સ્પેન્સર, હક્સ્લી, ડારવીન, ટીડાંલ,** જેવા પ્રખર નાસ્તિકવાદી વિદ્વાનોએ પ્રસારેલી માયા જાળને તોડી નાંખી શકે તેજ આ કાળે દર્શન સમુદ્ધારને માટે યોગ્ય પુરૂષ ગણાવા યોગ્ય છે, પરન્તુ તેને માટે કેવળ બુદ્ધિમતા, તત્વદર્શિતા કે પ્રતિપાદન કરવાની સચોટ શૈલી જ બસ નથી. તે સિવાય એક બીજી પણ આવશ્યકતા અમને જણાય છે, અને તે એ કે દ્રવ્ય શ્રુતની સાથે ભાવ શ્રુતજ્ઞાનનો પુણ્ય સંયોગ હોવો જોઇએ. ભાવ શ્રુતનો અર્થ અનુભવજ્ઞાન, શાસ્ત્રકારે પ્રકાશેલા રહસ્યનો પ્રત્યક્ષાનુભવ. વિદ્વાનોની પણ એવી માનીનતા છે કે એકલા બુદ્ધિવૈભવથી જન સમાજ ઉપર સ્થાયી અસર થઇ શકતી નથી. પણ તે સાથે આંતર પ્રજ્ઞા, સ્વરૂપાનુભવ અને પ્રતિપાદ્ય વિષયનું પ્રત્યક્ષજ્ઞાન તેટલુંજ અને તેથી પણ વિશેષ આવશ્યક છે. જ્યાં બુદ્ધિબળ અસર ઉપજાવવા અસમર્થ નિવડે છે ત્યાં પ્રત્યક્ષ જ્ઞાન ઇષ્ટ અસર ઉપજાવી શકે છે. કારણ કે કેટલાક શાસ્ત્રીય વિષયોમાં બુદ્ધિની સત્તા ગતિ કરી શકતી નથી, તેવા વિષયોની શ્રદ્ધા કરાવવા માટે પ્રતિપાદક પુરૂષનું અનુભવ જ્ઞાન અને પ્રત્યક્ષાનુભવજ ઉપયોગી થાય છે.

વળી, જેમ જેમ સંયોગો બદલાતા ચાલે છે અને નવિન સાહિત્યનો યુગ પ્રકાશતો જાય છે, તેમ તેમ મનુષ્યોની વિચાર પદ્ધતિ પણ બદલાતી જાય છે. અર્થાત્ એકજ પ્રકારનું સત્ય અમુક પ્રકારે અમુક શૈલીમાં અને મનુષ્યોની સાંપ્રત વિચાર પદ્ધતિને અનુરૂપ એવા અમુકજ પ્રકારે પ્રતિપાદન

કરવામાં આવે તો જ તે ગ્રાહ્ય થાય છે. સત્ય તો અખંડ અને એકજ રહે છે. છતાં તે સત્યને મનુષ્યોના અંતરમાં પ્રવેશ કરાવવા માટે જે અંતર્ દ્વાર ઉઘાડવાં પડે છે તે ઉઘાડવાની ક્રિયામાં દેશ કાળ અનુસાર ફેરફાર થતો જાય છે. જે પ્રકાર વડે અમુક મનુષ્યના અંતર્ દ્વારો ખોલવા યોગ્ય છે તે ફક્ત જ્ઞાની પુરૂષો જ લક્ષી શકે છે. અને તેનાં આંતર નિદાન અને ચિકિત્સાપૂર્વક તેની શંકાઓનું સમાધાન કરી માર્ગોન્મુખ કરી શકે છે. આપણા હૃદયના પ્રધાન ભાવ જાણનારા અને આપણા દિલ ઉપર જે પ્રકારે અસર ઉપજવા યોગ્ય છે તે પ્રકારે પ્રતિબોધનાર જ આપણને સત્યાભિમુખ કરી શકવા સમર્થ છે, અને તે રીતે જનસમાજના ઉંડા ભાવોને સમજનાર, તથા તે ભાવોના સ્થાને અન્ય યોગ્ય ભાવોને બોધ વડે સ્થાપી શકનાર જ સમાજના ચિત્તની સ્થિતિને યોગ્ય દિશામાં વાળી શકવા શક્તિમાન્ થાય છે. સમાજની નિગૂઢ ભાવનાઓ જ્ઞાની પુરૂષોવડેજ સમજી શકાવા યોગ્ય છે, એવો બુદ્ધિમાનોનો નિર્ણય છે. આ પ્રકારની શક્તિ, તેમજ ગમે તેવી તર્કજન્ય શંકાનું પરિહાર કરવાનું સામર્થ્ય **શ્રી**માન્ **રાજ**ચંદ્રમાં **સહેજ** પ્રતીત થતું હતું અને તેટલાજ માટે તેઓ શાસનનો સમુદ્ધાર કરવા સશક્ત થયા હોત, એમ અમે માનીએ છીએ. જેઓ સમુદ્ધારના સંબંધે **શ્રી**માન્માં એવો અભિપ્રાય આરોપે છે કે તેઓએ તે અર્થે ગ્રંથ સમૃદ્ધિ વિસ્તારી હોત અથવા કોઇ લુપ્ત ગ્રંથને પુનઃસજીવનતા અર્પી હોત, તેઓના મતને અમે તો અસંભવિત ગણીએ છીએ. કદાચિત્ **શ્રી**માન્ કોઇ ગ્રંથ લખત તો પણ જે અસંખ્ય ગ્રંથો મોજુદ છે તેથી જૂદું કાંઇ નવું જ લખત, એવું અમે ધારી શકતા નથી. તેમજ શાસ્ત્રમાં કોઇ ઘસાઇ-ભુંસાઈ ગયેલી વાતને તાજી કરત એમ પણ માની શકતા નથી. કદી તેમ કરત તો પણ તે કાર્યને દર્શન સમુદ્ધારનું અભિધાન તો ન જ આપી શકાય. કોઇ નવી વાત ઉપર પ્રકાશ પાડવો અથવા લુપ્ત વાતને સજીવન કરવી તેથી કાંઇ સમુદ્ધારકનું બીરૂદ, આજકાલ જેમ અન્યાન્ય પદવીઓ વેચાય છે તેમ પ્રાપ્ત થવા યોગ્ય અમે માનતા નથી. જ્યારે આખા સમાજના ચિત્તની દિશાને પરમ માર્ગ ભણી વાળી શકાય અને તેમના અંતર્દ્વારને હડસેલી તેમાં શાસ્ત્રકારના મર્મનો પ્રકાશ છંટાય ત્યારે જ દર્શનનો ઉદ્ધાર કર્યો ગણાય. દર્શનનો સમુદ્ધાર ગ્રંથોના સમુદ્ધારમાં અથવા શોધકશીલતામાં સમાતો નથી. તે તો દર્શનના આશ્રયભૂત એવા મનુષ્યના આત્માની દશાને કોઇ અપૂર્વ અભિપ્રાય પ્રત્યે દોરી જઇ તેમને માર્ગ ભણી વાળવામાં જ છે. જેથી **શ્રી**માન્ જે પ્રકારે સમુદ્ધાર કરી શક્યા હોત તે આ પ્રકારે જ હોત, એમ અમે માનીએ છીએ.

શ્રીમાન્‌માં જમાનાને નિર્ધારિત માર્ગમાં વાળવાનું અચિંત્ય વીર્ય હતું. તેમનો બુદ્ધિપ્રભાવ, દ્રવ્ય અને ભાવશ્રુતનો મધુર સંયોગ, પ્રત્યેક મનુષ્યની ઉંડામાં ઉંડી ભાવનાને ઉકેલવાની તેમજ તેમને માર્ગ પામવામાં આવતા પ્રતિબંધોનો પરિહાર કરવાની સહજ શક્તિ હતી. ગમે તેવી શંકાનું સમાધાન તત્ક્ષણ પરોક્ષ તેમજ પ્રત્યક્ષ પ્રમાણના આધારો વડે કરવાનું સામર્થ્ય તેમનામાં ઉભરાતું હતું, અને તે સિવાય આ સ્થળે અકથનીય એવું અદ્દ્ભુત ઐશ્વર્ય ભાસ્યમાન થતું હતું દર્શનનો સમુદ્ધાર કરવામાં જે જે સામગ્રીની આવશ્યક્તા છે તે સર્વનો સુસંયોગ શ્રીમાન્‌માં યથાપ્રમાણમાં પ્રતીત થતો હતો. **પૂર્વના આરાધકપણાથી** આ કાળે આ સર્વ પ્રભાવ તેમને સહજ અને અનાયાસે જ પ્રાપ્ત હતો. સમાજનું દુર્ભાગ્ય કે શ્રીમાન્‌ના બાહ્ય વેષ્ટનો, નિર્ગંથને છાજે એવા બોધ માટે, વ્યવહારે બાંધેલી મર્યાદાથી વિરૂદ્ધ હતાં. તેમજ " ઉપાધિરૂપ ઉદય " તે વેષ્ટનો ત્યજવામાં અંતરાયભૂત હતો. નિર્ગ્રંથનો બોધ વિસ્તારવા માટે યોગ્ય પરિવેષ શ્રીમાને સ્વીકાર્યો હોત તો આજે આ દર્શનનું સ્વરૂપ કાંઇક જુદું જ દેખાત ! પરંતુ " હીનપુણ્ય મનુષ્યોને... સત્ય–અખંડ અને પૂર્વાપર અવિરોધ શાસન ક્યાંથી પ્રાપ્ત થાય ? " શ્રીમાન્! આપ સત્ય કહોછો. અમે અને અમારો લગભગ અખિલ સમાજ હીનપુણ્ય છીએ; અને તમારા અંતઃસ્થિત ઉચ્ચતમ સત્યોને પામવાને નિતાંત અયોગ્ય તેમજ અનધિકારી છીએ. તેમ ન હોય તો અમારી મધ્યમાં એક કાળે આપ સરખા પરમ પુરૂષનો આવિર્ભાવ થયો હતો, છતાં તદ્દન બેનસીબ શાના રહીએ? ખરેખર અમે હીનપુણ્ય છીએ–સહસ્રવાર હીનપુણ્ય છીએ!!

શાસ્ત્રકારે આ કાળને દુઃસમ કાળનું ઉપનામ આપ્યું છે. દુઃસમનો અર્થ શ્રીમાને " દુઃખે કરીને પ્રાપ્ત થવા યોગ્ય " એવો કહ્યો છે. અર્થાત્ જે કાળે ધર્મના પારમાર્થિક અંશોનું દુર્લભપણું અને માત્ર વ્યવહારિક કિંવા સાંપ્રદાયિક અંશોનું મુખ્યપણું હોય તે કાળને દુઃસમ કહેવાય છે. છતાં દુઃખે કરીને પણ પારમાર્થિક તત્ત્વ પ્રાપ્ત થવા યોગ્ય છે, એ વિસરવું જોઇતું નથી. દુઃસમપણું માત્ર અધિક પ્રયત્નની અપેક્ષાને અભિલક્ષે છે, અને સંપ્રદાયપ્રદ્ધત્તિના ઉંડા કીચડમાં જેના વિવેકરૂપી રથનાં ચક્રો ખુંચ્યાં નથી, તેવા પુરૂષો પુરૂષાર્થ વડે તે માર્ગ પામી શકે; તેવી શ્રીમાન્‌ની માનીનતા હતી. શ્રી જીન પ્રભુએ પ્રતિપાદેલા સૂક્ષ્મ રહસ્યો વાડામાં–ગચ્છમાં–કે સંઘાડામાં હોવાની આશા વ્યર્થજ છે. જે કોઈ માર્ગને પામ્યા છે તે વાડાની સંકુચિત મર્યાદાની પારના અનંત ક્ષેત્રમાં ઉડ્ડયન કરવાથીજ પામી શક્યા છે. પાંજરામાં રહેલા પોપટની ઉડ્ડયન શક્તિનો, જેમ પાંજરાની સાંકડી મર્યાદાથી,

હ્રાસ થાય છે તેમ આપણી આત્મિક શક્તિની પણ વાડામાં પુરાવાથી તેવી જ વલે થાય છે. જેના ભ્રાન્તિના અને અજ્ઞાનતાનાં પડલ ખસી જઈ વિવેકના ચક્ષુ કાર્યક્ષમ થયાં છે તેમને આથી ઇતર પ્રકારે ભાગ્યેજ ભાસશે. આથી અમે સાંપ્રદાયિક પ્રદ્ધત્તિને છેક ઉતારી પાડવા માંગતા નથી. તે પણ યોગ્ય સ્થળે અને તેના કાર્ય પ્રદેશમાં ઉપયોગી કાર્ય બજાવી શકે તેમ છે. પણ તેની રચનાનું સ્વરૂપ જે રૂપે જોઇએ તે રૂપે ન હોય તો લાભ કરતાં હાનિ વધારે કરે છે. તે રચનાનો પ્રકાર કેવો જોઇએ તે અમે કોઇ અન્ય પ્રસંગે અમારી સમજ પ્રમાણે ચર્ચીશું, પરંતુ તેમાંથી ગમે તેટલી ઉપયોગીતા કાઢવા આપણે મથીશું તો પણ પારમાર્થિક કલ્યાણ માટે તેનું સાક્ષાત્ ઉપયોગીપણું તો સિદ્ધ થઇ શકે તેમ નથી. કારણકે **શ્રી**માન્ કહે છે તેમ "તેની (પારમાર્થિક કલ્યાણની) રચનાનું સાંપ્રદાયિક સ્વરૂપ થવું કઠણ છે."

ઉપર કહી તેવી સાંપ્રદાયિક બુદ્ધિના સાંકડા ક્ષેત્રમાંથી મુક્ત થયા પછી આ કાળનું લગભગ અરધું દુઃસમપણું તો નીકળી જવાનું એમ અમે ધારીએ છીએ. કેમકે વિવેક અને સત્યાન્વેષણની જીજ્ઞાસા ઉદયમાન થાય, ત્યારે જ સંપ્રદાય બદ્ધતાથી છૂટાય, અને જે ગુણો વડે તેમાંથી છૂટાય તેજ ગુણો લગભગ બાકીનો માર્ગ સરળ કરી આપશે. હવે તે સિવાયના શેષ વિઘ્નો શું શું છે, અને ઉપર જણાવ્યું તેમ અરધું દુઃસમપણું વીત્યા પછી બાકીના દુઃસમપણાંની ઘટનામાં કયા કયા વિઘ્નોનો સમાવેશ થાય છે, તે પણ **શ્રી**માને બહુ રૂડા પ્રકારે એક સ્થળે સમજાવ્યું છે. જો પ્રત્યેક મનુષ્ય આ સ્વરૂપને લક્ષમાં લેઈ તેને આચારમાં મૂકે તો તેમને માટે આ કાળનું દુઃસમપણું લગભગ નહિવત્ થવાનું. કાળને પોતાનું સ્વતંત્ર વીર્ય છે, છતાં આજકાલ જે એકલા કાળને દુઃસમ દુઃસમ કુટી બેસાર્યો છે; તેને તો અમે મિથ્યા પ્રલાપજ માનીએ છીએ. અનેક વિઘ્નોનો અને અંતરાયોનો ઉપચારપૂર્વક કાળમાં આરોપ કરી, તેને બીચારાને સર્વની વતી જવાબદાર ઠરાવ્યો છે તે વિઘ્નો પણ અનિવાર્ય નથી. પ્રયત્ન અને પુરૂષાર્થ વડે પરિહાર થઇ શકે તેમ છે. તો પછી ખરી રીતે કાળને દુઃસમ દુઃસમ કહેવાને બદલે પોતાના પ્રયત્નની મંદતાને અને વીર્યહીનતાને દુઃસમ કહેવી એ અધિક ઉપયુક્ત ગણવા યોગ્ય છે.

વિઘ્નો જાણ્યા પછી તેનો પરિહાર કરવો સુગમ થાય છે. કહેવત પણ છે કે To know where danger lies is half the way to safety —અર્થાત્ ભય ક્યાં છે તે જાણ્યા પછી અરધો અરધ નિર્ભય થઈ જવાય છે. તેમ અહીં પણ વિઘ્નો શું અને ક્યાં છે તે જાણ્યા પછી તે વિઘ્નોની અર્ધી સત્તા તો સ્વતઃ હીન થઈ જાય છે. પછી માત્ર તેને

આચારમાં મુકવાનુંજ રહે છે. કદિ ચારિત્રમોહિની કર્મના ઉદયવડે આચારમાં ન મુકાય તો પણ કશું ચિંતા જેવું નથી. કારણ કે નિશ્ચય થયા પછી વ્હેલો મ્હોડો આચાર ઘસડાતો ઘસડાતો આવે જ છે. જેમ ચંદ્રનો ઉદય થયા પછી કદી તેનો પ્રકાશ કોઇ વૃક્ષાદિકના આવરણથી રોકાઈ રહેલો હોય, તોપણ ઘડી પછી તે પ્રકાશ આપણા ઉપર રેલાવાનોજ. તેજ પ્રકારે અહીં પણ સત્યનો નિશ્ચય થયા પછી કાળાંતરે તે વિચાર આચારબદ્ધ થવાનોજ. વિચાર સજ્જડ થયા પછી આચાર આવેજ છે. દર્શનમોહના ક્ષય અથવા ઉપશાંતિ પછી ચારિત્રને ઘસડતાં આવવુંજ પડે છે.

આ કાળે માર્ગની પ્રાપ્તિનું દુર્લભપણું હોવાના કારણો દર્શાવતાં પ્રથમ કારણ શ્રીમાન્ એવું જણાવે છે કેઃ—

"ઘણું કરીને આ ક્ષેત્રે વર્ત્તમાન કાળમાં પૂર્વે જેણે પરમાર્થમાર્ગ આરાધ્યો છે, તે દેહ ધારણ ન કરે; જો તેવા જીવનો સમૂહ દેહધારીપણે આ ક્ષેત્રે વર્ત્તતો હોત તો તેમને તથા તેમના સમાગમમાં આવનારા એવા ઘણા જીવોને પરમાર્થની પ્રાપ્તિ સુખે કરીને થઈ શકતી હોત. અને તેથી આ કાળને દુઃસમ કહેવાનું કારણ રહેત નહીં."

જૈન દર્શનના અધઃપતનનું, અને તેના અલૌકિક સિદ્ધાંત પરત્વે વ્યાપેલા અજ્ઞાનાંધકારનું, મુખ્ય કારણ આથી સ્પષ્ટ થવા યોગ્ય છે. આ અપૂર્વ ખુલાસાથી, કોઈ પણ બુદ્ધિમાનને એમ માન્યા સિવાય ચાલે તેમ નથી કે શ્રીમાને જૈન દર્શનની ક્ષતિ થવાના નિદાનોની મર્મયુક્ત અને તલસ્પર્શી મીમાંસા કરી હોવી જોઇએ. જૈન દર્શનની અવનતિ થવામાં આવું કારણ કોઈ અન્ય સ્થળે ભાગ્યેજ કોઇના વાંચવામાં કે સાંભળવામાં આવ્યું હશે, એમ અમે માનીએ છીએ. જે જે વિદ્વાનોએ તેનાં કારણો આપ્યાં છે, તેમાં તેમણે પ્રાયઃ આપણા સાંસારિક રીવાજોને, બાળલગ્નને, ધર્માભ્યાસ પ્રત્યેની ઉપેક્ષાને અને કેટલાક ખટપટી સાધુઓએ શ્રાવક વર્ગમાં ઉપજાવેલા ખળભળાટનાં કાર્યને જવાબદાર ઠરાવ્યા છે, પરંતુ તે સર્વ ખુલાસાઓ એકદેશીય છે, અને તે તેમની બુદ્ધિનું સામાન્યપણું અને પ્રાપંચિક વ્યવહારની પારના અદષ્ટ કારણોને લક્ષ્ય કરવાનું અસામર્થ્ય સૂચવનાર છે. શ્રીમાનનો ઉપર કહ્યો તે ખુલાસો આપણને સાંપ્રત ખેદજનક સ્થિતિના મૂળરૂપ અને અદષ્ટ કારણનું ભાન કરાવનારો છે. આ કાળે પૂર્વના આરાધક પુરૂષવર્યોનો લગભગ અભાવ છે. "ઘણું કરીને" એ શબ્દથી તેનો છેક અભાવ સૂચવાયો નથી. કોઈ કોઈ સ્થળે તેવા પુરૂષો વર્ત્તમાનકાળે દેહધારીપણે વિચરતા પણ હશે, એવું દર્શાવે છે. પરંતુ મ્હોટા ભાગે તેવા પુરૂષોની પ્રાયઃ

અવિદ્યમાનતાજ છે. જો તેવા પુરૂષો વિચરતા હોત તો છેક આવી અધમ દશાએ **વીર**પ્રભુના દર્શનનું પતન થાત નહીં. તેવા પુરૂષોના સમાગમથી અનેક જીવોને શાસ્ત્રોના સાંકેતિક રહસ્યોનું ભાન થવા સંભવ રહેત અને માર્ગનું સુલભપણું સહેજે પ્રાપ્ત થાત. આજે જૈનદર્શનના ધાર્મિક મંડળોમાં જે રસહીનતા, શુષ્કતા અને નિર્વેદ દ્રષ્ટિગોચર થાય છે તે શાનો અભિલક્ષ કરાવે છે? આજે જૈનદર્શનીઓનો મ્હોટો ભાગ માત્ર વ્યવહારના બંધનથી ફરજ સમજીને ઇચ્છાએ કે અનિચ્છાએ તેમના 'ધર્મને" નિર્વહે છે, અને અનુપયોગે-લાગણીરહિતપણે માત્ર કૂલાચાર સાચવવાના હેતુથી જ તેમના "શ્રાદ્ધધર્મની" વેઠ ઉતારે છે, તે શું સૂચવે છે? એજ કે આપણી મધ્યમાં જેણે પૂર્વ કાળે પરમાર્થ માર્ગનું આરાધન કર્યું છે તેવા પુરૂષોનો અનાવિર્ભાવ છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ રત્નત્રયીની, જેમણે હસ્તામલકવત્ સંપ્રાપ્તિ કરી છે, તેજ પુરૂષો પોતાની આસપાસના મનુષ્યોમાં ધર્મ પ્રત્યેની રસજ્ઞતા અને સહજ બોધી પ્રકટાવી શકે છે.

બુદ્ધિમાનોનો એવો અભિમત છે કે જે જે ક્રિયાઓ તેના આંતર રહસ્યને સમજ્યા વિના, બળાત્કારે રોજની ટેવના પ્રાબલ્યથી, નિત્ય કર્મના પ્રવાહ રૂપે સેવવામાં આવે, તેનું ફળ અત્યંત સ્તોક હોય છે. તેમજ જે ક્રિયાઓ અસહજપણે પ્રાપ્તવ્ય વસ્તુના અભિમાન સિવાય કરવામાં આવે તે પણ લગભગ નિષ્ફળ જ છે. શોચનીય છે કે આજે અમારા સમાજમાં ક્રિયા માર્ગની લગભગ ઉપરોક્ત સ્થિતિ જ અનુભવાય છે. કુળધર્મને નિર્વહવાનું અભિમાન જ, તેમની પાસે લગભગ સર્વ ધાર્મિક ગણાતી ક્રિયાઓને સેવાવે છે; અને તે વડે શું સાધ્ય છે તેનો તેમને ભાગ્યેજ કશો ખ્યાલ હોય છે. કદિ આ સંબંધે તેમને પુછવામાં આવે તો તેઓ ઉત્તર આપશે કે તેઓ "મોક્ષ" નામની વસ્તુ અથવા કોઇ અવસ્થા વિશેષને ઢુંઢે છે, અને કહે છે કે તેમના માનવા મુજબ આ સર્વ ક્રિયાઓથી તે તેમને મળનાર હોય તો મળી પણ જાય. પરંતુ મોક્ષની વ્યાખ્યા સંબંધે તેમને તે અત્યંત સુખમય સ્થિતિ હશે, એ સિવાય કાંઈ ખ્યાલ હોતો નથી. તેના વાસ્તવિક સ્વરૂપના જ્ઞાન સંબંધે, પ્રિય વાંચક! આપ જેને ક્રિયામાર્ગના "મોવડી" યાને નેતા ગણો છો, તેઓ લગભગ બાળક જેવા જ છે. જે મનુષ્યો પૂર્વારાધક પુરૂષોના સમાગમમાં આવ્યા નથી અથવા અન્ય પ્રકારે જેમણે દર્શનમોહનું આવરણ **ક્ષાયિકભાવે** નિવાર્યું નથી, તે સર્વનો લગભગ ઉપરોકત કોટીમાં સમાવેશ થઇ શકે. જેમણે સ્વરૂપ વિવેકનો, શાસ્ત્રદ્રષ્ટિએ યથાર્થ નિર્ણય કર્યો છે અને પૂર્વના અભ્યાસથી તે જેમને સહજ સિદ્ધ છે

તેજ પુરૂષો અન્યને તે સ્વરૂપ સમજાવવા યોગ્ય છે, અને સાચી પ્રતીતિ પણ તેવા જ પુરૂષો વડે થવા યોગ્ય છે. જે સ્વરૂપને પોતે સમજી શક્યા નથી, તે અન્યને કેવા પ્રકારે સમજાવવા સમર્થ થઇ શકે ? જેને પોતાને તરતાં આવડતું નથી તે અન્યને કેવી રીતે તારી શકે ? જેણે સ્વયં આત્મસિદ્ધિ કરી નથી તે અન્યને કેવા પ્રકારે સિદ્ધ કરી આપી શકે ? અર્થાત્ જેમને પૂર્વારાધકપણું પ્રાપ્ત છે તે જ પુરૂષવર્ય અન્યને માર્ગ દર્શાવવા સર્વ રીતે યોગ્ય છે. તદિતર સર્વ ઉપાય, દુષ્કાળના સમયમાં જેમ જાનવરોને ઘાસના અભાવે કાંટાવાળા થોર વિગેરે ખવરાવી નિભાવવામાં આવે છે, તેના જેવા છે.

શ્રીમાન્‌માં ઉપરોક્ત પ્રકારનું પૂર્વારાધકપણું પ્રથમ દૃષ્ટિએ સહજ પ્રતીત થતું હતું. જેમ આજે ઉપાર્જન કરેલી વિદ્યા, રાત્રે નિદ્રા લીધા પછી બીજી સવારે આપણને અનાયાસે સિદ્ધ ગણાવા યોગ્ય છે, તેમ **શ્રી**માન્‌ના સંબંધે તેમણે પૂર્વભવમાં પ્રાપ્ત કરેલ સ્વરૂપાવસ્થા આ ભવમાં તેમને અનાયાસે સિદ્ધ અને સહજ ઉદિત હતી. જ્ઞાનની જે આશ્ચર્યકારક ઉપલબ્ધિ તેમનામાં ભાસતી હતી, તે સામાન્ય પ્રયાસથી સાધ્ય હોય એમ કોઈ બુદ્ધિમાન માની શકે તેમ નથી. સર્વ પ્રકારના શાસ્ત્રીય વિષયની તેમને માત્ર, પરીક્ષા પૂર્વે--થોડા સમયે વિદ્યાર્થીઓ કરે છે તેમ, પુનરાવૃત્તિજ કરવાની હતી. માત્ર પોતાના સ્વરૂપાનુભવને, શાસ્ત્ર દૃષ્ટિ સાથે, સરખાવવાનુંજ શેષ હોય તેવા પ્રકારનું તેમનું શાસ્ત્રીય અવગાહન જણાતું હતું. તેઓ પોતેજ લખે છે અને આગળ આપણે જોઈ ગયા છીએ કે અતિ અભ્યાસ વડે થવા ઘટતા સંસ્કાર, વિના પરિશ્રમે તેમને થયાં હતાં.

શ્રીમાન્‌નું પૂર્વારાધકપણું સિદ્ધ કરવા માટે અમારી પાસે અનેક સબળ દલીલો છે. પરંતુ પ્રસ્તુત ઉપક્રમ પરમાર્થ માર્ગના દુર્લભપણાના કારણોની મીમાંસાનો હોઈ, તેને પડતો મૂકી, પૂર્વોક્ત સિદ્ધ કરવા બેસવું-તેમાં વિષયાંતરનો ભય અમને જણાયાથી હાલ તો તેમ કરવાથી વિરમીશું.

હવે પરમાર્થ માર્ગ જે આ કાળે અપ્રાપ્યવત્ છે તેનું અન્ય કારણ **શ્રી**માન્ એવું દર્શાવે છે કે:-"તેવું આરાધકપણું નહિ તેને લીધે વર્તમાન દેહે તે આરાધક માર્ગની રીતિ પણ પ્રથમ સમજવામાં ન હોય; તેથી અનારાધક માર્ગને આરાધક માર્ગ માની લેઈ જીવે પ્રવૃત્તિ કરી છે." * *

પરમાર્થ આત્મા માત્ર સત્પુરૂષને વિષેજ હોવા યોગ્ય છે. શાસ્ત્રાદિકને વિષે માત્ર તેની પ્રાપ્તિના ક્રમ દર્શાવવામાં આવે છે. પરંતુ એકલા શાસ્ત્રની સહાયથી માર્ગનું પામવું અત્યંત દુષ્કર છે. તેની અનેક દેશીય ઘટનામાંથી તત્ત્વાર્થનું તારણ, સામાન્ય જીવોથી થવું અસંભવિતજ છે. પ્રમાણ, નય,

નિક્ષેપ, અને ભંગાદિની જાળમાં પરમાર્થ આત્મા જીવે કયે ઠેકાણે શોધવો તેનું ભાન સરખું પણ તેને રહેતું નથી. કથાનુયોગમાં માત્ર તેને આશ્ચર્યથી ચકિત કરી નાંખે તેવી કથાઓ, કરણાનુયોગમાં કર્મની સ્થિતિ, પ્રકૃતિ, પ્રદેશ અને અનુભાગબંધની ગહન રચના, તેમજ ભેજું તોડી નાંખનારી ગણિતાનુયોગની પ્રક્રિયા, ચરણાનુયોગમાં વ્રત, તપ, જપ, ઉપવાસાદિ બાહ્ય કરણી અને દ્રવ્યાનુયોગમાં દ્રવ્યના ગુણપર્યાયના શુષ્ક તર્ક સિવાય તેને કશું હસ્તગત થતું નથી. આ સર્વમાં આત્માને શાશ્વત શાંતિ આપનારી, નૈસર્ગિક સુખનું આસ્વાદન કરાવનારી અને જીવના વાસ્તવિક સ્વરૂપ ભણી દોરનારી તત્ત્વઘટના જીવને નજરે પડતી નથી. તેની પ્રાપ્તિના ક્રમો પદસ્થ, પિંડસ્થ આદિ ધ્યાન વડે સિદ્ધ થવા યોગ્ય છે, છતાં તે પણ સત્પુરૂષના અભિપ્રાયે જ પુરૂષાર્થ કરવાથી થવા યોગ્ય છે. તેમ ન હોય તો તેવી ક્રિયા કરતો જીવ પ્રાયઃ સ્વચ્છંદના ઉદયને જ વેદે છે, એમ જ્ઞાનીઓનો અભિમત છે. જેણે સ્વ-સ્વરૂપને શાસ્ત્રદષ્ટિએ યથાર્થ અનુભવ્યું છે, તેવા પુરૂષોની સહાય વિના જીવને માર્ગની પ્રાપ્તિ કદી સંભવતી નથી. જીવની આત્મ-ચિકિત્સા કરી, કયા ઔષધ વડે તેનો ભવરોગ નિવૃત્ત થવા યોગ્ય છે, તે સત્પુરૂષ ન દર્શાવે ત્યાં સુધી જીવ જે જે વ્રત-તપ-સંયમ આદિ ક્રિયાઓ કરે છે, તે પ્રાયઃ પારમાર્થિક હેતુની સાધક થતી નથી. શ્રી જીનનો આશય માત્ર સત્પુરૂષોના હૃદયમાં જ નિવસે છે, અને તેમની દર્શાવેલી પ્રક્રિયા તેમજ તેમના નિશ્વાસથી પ્રકટેલો બોધ જ જીવને પરમાર્થ માર્ગ ભણી વાળે છે. ઉંડા જળમાં પડયા પછી હાથ-પગ હલાવવાથી તરી શકાય છે, એવું માત્ર ગ્રંથમાં વાંચી જોઈ, તરીયા પુરૂષની સહાય અથવા અભિપ્રાય વિના અજ્ઞાન મનુષ્ય પાધરો ઉંડા પાણીમાં ઝુકાવે અને હાથ-પગ હલાવે, તેથી જેમ તરીને પેલે પાર તેનાથી પહોંચી શકાતું નથી, તેમ અમુક અમુક પ્રકારે ધ્યાન, ચિંતન, ધારણાદિક કરવાથી, વ્રત-તપાદિકના પરિશીલનથી, અને નિત્ય વિહિત ક્રમના સેવનથી ભવસાગર તરી શકાતો નથી. ઉપરોક્ત સાધન નિષ્ફળ છે, એમ કહેવાનો મુદ્દલ આશય નથી. તે સર્વ પોત-પોતાના સ્થાને ઉપયોગી અને સત્પુરૂષના અભિપ્રાયે પારમાર્થિક હિતના સાધક છે. તેનું ઉત્થાપન કરનાર શ્રી જીનના માર્ગથી તદ્દન અજ્ઞાન હોવો ઘટે છે. આટલું કહી જે ફલિત કરવાનું છે તે એજ કે જેણે પોતાના સ્વરૂપની નિષ્પત્તિ કરી નથી, તે માર્ગ દર્શાવવાને યોગ્ય નથી. અને તેવા જીવોને માર્ગ દર્શાવવાપણું, બાહ્ય વેશાદિકની સામગ્રી વડે પ્રાપ્ત થાય, તો તે જીનના આશયને ન્યાય આપવા અસમર્થ નીવડે છે. કેમકે "આરાધક માર્ગની રીતિ પણ તેમના સમજવામાં

ન હોય" તેથી પરિણામ એ આવે છે કે શ્રી જીનના પ્રગટ આશયનું પ્રતિબોધિત્વ કોઈ જીવને ઉપલબ્ધ થતું નથી અને તેમ નથી થતું તેથી તદિતર જે કાંઈ થવા યોગ્ય શેષ રહે છે તે એ જ કે "અનારાધક માર્ગને આરાધક માર્ગ માની લઈ જીવ પ્રવૃત્તિ કરે છે."

આ સ્થળે પુનરૂક્તિના દોષને વ્હોરી લઇને પણ અમે એક વાત સવિશેષ સ્પષ્ટ કરવા માંગીએ છીએ. આરાધક અને અનારાધક એવા બે ભિન્ન ભિન્ન વિરૂદ્ધ માર્ગ નથી. પરંતુ જેનું પરિશીલન, સત્પુરૂષના સમાગમની ઉપાસના વિના, સ્વચ્છંદે નિશ્ચય કરીને, અથવા જેણે સ્વરૂપને વેધું નથી એવા પુરૂષના અભિપ્રાયે કરવામાં આવે તે, યદ્યપિ ગમે તેવો ઉત્તમ માર્ગ હોય તોપણ તે પરમાર્થે હેતુભૂત નહિ હોવાથી તેમજ આત્મ ચિકિત્સા રહિતપણે સેવાતો હોવાથી અનારાધક માર્ગજ ગણવા યોગ્ય છે, પરંતુ તેવા આચારને પણ મુમુક્ષપણે પરમાર્થની જીજ્ઞાસાથી સરળતાપૂર્વક, શલ્ય રહિત સેવવામાં આવે તો તે જીવો પણ પરંપરાએ સાચો માર્ગ પામશે; એવો સત્ પુરૂષોનો મત છે. કેમકે શાસ્ત્રમાં પ્રબોધેલી સંપ્રદાય–વ્યવહાર પદ્ધતિ બે પ્રકારની છે. એક વ્યવહાર હેતુભૂત વ્યવહાર અને પરમાર્થ હેતુભૂત વ્યવહાર. ત્યાં જે વ્યવહાર, મતિ કલ્પનાએ, માત્ર કુળાચારને નિર્વહવા માટેજ સેવવામાં આવે તેનો હેતુ પરમાર્થ દ્દષ્ટિએ નિષ્ફળવતજ છે. અને જ્યાં શમ–સંવેગ–નિર્વેદાદિ પૂર્વક, પરમાર્થ જીજ્ઞાસાપૂર્વક સેવવામાં આવે તે પરમાર્થહેતુભૂત વ્યવહાર છે. આ વ્યવહાર પરંપરાએ પરમાર્થનો સાધક હોવાથી તેનો નિષેધ કોઇ પણ બુદ્ધિમાને કરવો કર્તવ્ય નથી. યદ્યપિ ત્યાં પણ તે સાક્ષાત્ પરમાર્થ પ્રાપ્તિના હેતુભૂત નથી તોપણ તેને સેવનાર જીવ પરંપરાએ માર્ગ પામશે એવો જ્ઞાનીઓનો અને શાસ્ત્રનો આશય જોવામાં આવે છે કેમકે મુમુક્ષુત્વ અને સાચી જીજ્ઞાસા, સ્વરૂપ પ્રાપ્તિના ક્રમના મૂળાધાર રૂપ છે, અને સત્પુરૂષ તો જે જે માર્ગ દર્શાવે છે તે પરમાર્થના સાક્ષાત્ હેતુભૂતજ હોય છે. તેમના તરફથી જીવને પ્રબોધાતો માર્ગ ગમે તેવો તુચ્છ હોય, શાસ્ત્રના આશયથી વિરૂદ્ધ જેવો દેખાતો હોય, તોપણ તે સાચો માર્ગજ છે. **યોગ કે ભોગ સત્પુરૂષના અભિપ્રાયે સમાન ફળને ઉપજાવનારા છે.** તેમનો પ્રબોધેલો માર્ગ એ જીવની આત્મચિકિત્સા કરીનેજ પ્રબોધાયેલો હોવાથી તે સર્વથા નિઃસંશય સેવ્ય છે–અનુસરવા યોગ્ય છે–આરાધવા યોગ્ય છે.

આ પ્રકારે એકજ માર્ગ ભિન્ન ભિન્ન પાત્રો તરફથી પ્રગટવા વડે, આરાધક અને અનારાધક એવા બે વિભાગમાં વહેંચાઇ જાય છે. જે પરમ

ભાગ્યવંત પુરૂષ **શ્રી જીન**ના અંતરમાં રહેલો પરમાર્થ આત્મ અનુભવપૂર્વક જાણે છે-વેદે છે, તેજ પુરૂષ સાચો માર્ગ દર્શાવવા યોગ્ય છે. અને જીવનું કલ્યાણ કોઇ પણ નિમિત્તે કદિ થવા યોગ્ય હોય તો તે આવા સત્પુરૂષ વડેજ થવા યોગ્ય છે એ સૂત્ર દસ હજાર વાર પ્રતિદિન પ્રત્યેક મુમુક્ષુએ સ્મરવા યોગ્ય છે. અને જેણે સ્વરૂપને વેદ્યું નથી એવા, પરંતુ વેષાદિક સામગ્રીના બળથી વ્યવહાર દૃષ્ટિએ જેમને શ્રીજીનના આશયનું ઉપદેશકત્વ પ્રાપ્ત છે, તે પુરૂષો યદ્યપિ દેશે ન્યૂન દશપૂર્વનું શ્રુતજ્ઞાન ધરાવતા હોય તોપણ તેમનો ઉપદેશ જીવને પરમાર્થ સંમુખ કરી શકતો નથી. જેણે જે દિશાજ જોઇ નથી, અનુભવી નથી, વેદી નથી તે પુરૂષ અન્યને દેખાડી, અનુભવાવી કે વેદાવી શકે એ વાત શાસ્ત્રથી અસંમત અને બુદ્ધિ સામે બળવો ઉઠાવનારી છે. જેની પાસે દ્રવ્યમાં કોડી સરખી પણ નથી, તે તમને અનર્ગળ દ્રવ્યના અધિપતિ કેવા પ્રકારે બનાવી શકે તેમ છે ? તેમ છતાં અમારા ધર્મબંધુઓ કાંઇક આવાજ પ્રકારે આત્મરૂપ દ્રવ્યની પ્રાપ્તિની એષણા રાખી શ્વાસભર દોડતા હોય તેમ જણાય છે. પરિણામ એ આવે છે કે, તેવા કોઈ મનુષ્યને પરમાર્થ આત્માની પ્રાપ્તિ થતી નથી. ફક્ત ‘ અમે શ્રી મહાવીરના કેડાયત છીએ ’ એવું મિથ્યાભિમાન તેમના મગજમાં ભરાય છે.

પરમાર્થ માર્ગની પ્રાપ્તિ સત્પુરૂષ વિના કદી થવાની નથી, એ વાત કોઇ પણ કાળે પોતાનું શ્રેય ઇચ્છનારે વિસરવા યોગ્ય નથી, બાહ્ય પરિવેષની સામગ્રી ધરાવનાર પુરૂષજ તે માર્ગ યથાર્થ પ્રબોધી શકે છે, એ વાત વે તમારે માટે છેક ભૂલી જવા જેવી છે. લિંગ કે વેષાદિકની સામગ્રી આત્મામાં કોઈ પ્રકારની નવી લાયકાત કે યોગ્યતા પ્રકટાવી શકતી નથી, તેમજ ત્યાગી પુરૂષને પ્રાયોગ્ય વસ્ત્રના સ્પર્શથી તેમને કાંઇ નવું જ્ઞાન પણ ઉપજતું નથી. આઠ કર્મની ૧૫૮ પ્રકૃતિઓ પૈકી એકે પ્રકૃતિ વસ્ત્રાદિકના સ્પર્શથી ક્ષય પામતી હોય એવું કોઇ સ્થળે શાસ્ત્રમાં જડતું નથી. તો પછી જ્ઞાન સર્વસ્વનો, બાહ્ય લિંગ માત્રમાંજ આરોપ કરવો અને તે સિવાય સર્વ આંતર ગુણનો અલક્ષ કરવો એ બુદ્ધિની બાલીશતા સૂચવનાર આપને નથી જણાતું ? પ્રિય વાંચક ! હવે આપ આંતર ગુણની પરીક્ષાપૂર્વક પ્રવૃત્તિને ક્યારે આરંભશો ? બાહ્ય વેષમાંજ સર્વસ્વ આરોપવાનો આપનો ભ્રમ ગમે તેટલો જુનો હોય-અને તે કારણે પ્રિય પણ હોય, તોપણ હવે તે પ્રત્યેના જુના સ્નેહ માટે આંખમાં અશ્રુ લાવીને પણ તે પરિત્યાગવા યોગ્ય છે, એમ આપને નથી લાગતું ? ઘણા કાળના પરિચય વડે કુલપરંપરાના વ્યામોહથી પોતાનો માનેલો તમારો પ્રિય માર્ગ, જો તમારા કલ્યાણનો સાધક

ન રહ્યો હોય અને ઉલટો બાધક થતો હોય તો તે તિલાંજલી આપવા યોગ્ય છે, એમ આપને નથી ભાસતું? વર્ષોના વર્ષો સુધી ઉપાશ્રય અને ચૈત્યાલયનાં પગથીઆં પગરવ વડે ઘસી નાંખ્યા પછી પણ, જે ગુણો નિશ્ચય-સમકિતિ પુરૂષને પ્રગટવા યોગ્ય છે તે ન પ્રગટે-કોઈ અપૂર્વ શાંતિ અને સુખનું આત્મામાં ભાન સરખું પણ ન આવે, તો પછી તમારા આ સર્વ પ્રયત્નનું ફળ ક્યારે મળવાનું? આ સર્વ વાત આપને બહુ બહુ પ્રકારે વિચારવા યોગ્ય છે. કલ્યાણના શોધકે પોતાના પ્રિય મત ઉપર ફટકો પડવાથી બાંયો ચડાવી લડવા તૈયાર થવાનું નથી. તેવી પ્રવૃત્તિ તો જીવ અનંત કાળથી કરતો આવ્યો છે, છતાં તેથી તે કશું જ પ્રાપ્ત કરી શક્યો નથી. હવે તો જે કર્તવ્ય અત્યારે પ્રાપ્ત થાય છે તે એ જ કે સત્પુરૂષને શોધવા. લક્ષણ વડે તેમનું ઓળખાણ કરવું અને તેમના શરણમાં વિરમવું.

સત્પુરૂષોનું લક્ષણ શું? એ પ્રશ્ન ઘણા મનુષ્યોને આથી ઉપસ્થિત થવા યોગ્ય છે. અમે નમ્રપણે તેની વ્યાખ્યા આ પ્રકારે બાંધીએ છીએ. અને તે લક્ષણમાં લિંગાદિક સામગ્રી તમને ન જડે તો એકદમ ગભરાઇ જવાનું કારણ નથી. ક્રમ વડે સર્વ સ્પષ્ટ થશે.

સત્પુરૂષ અથવા સદ્ગુરૂના, લક્ષણની શ્રીમાન્ નીચે મુજબ વ્યાખ્યા આપે છે:—

> સ્વરૂપસ્થિત, ઇચ્છા રહિત, વિચરે પૂર્વ પ્રયોગ;
> અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્ગુરૂ લક્ષણ યોગ્ય.

આત્મ સ્વરૂપને વિષે જેની સ્થિતિ છે, માન-પૂજાદિના અનુલોભનથી અવંચિત હોવાથી ઇચ્છા રહિત છે, અને મન વચન કાયાના યોગ માત્ર પૂર્વ કર્મના પ્રયોગથી પ્રવર્તે છે. સામાન્ય જીવોના યોગ પ્રવર્તનનો હેતુ જ્યારે ઇચ્છા હોય છે ત્યારે સત્પુરૂષના પ્રવર્તનનો હેતુ માત્ર પૂર્વ પ્રયોગજ હોય છે. જેમ કુંભકાર વડે ગતિમાં મુકાએલું ચક્ર ગતિ અપાતી બંધ થયા પછી કેટલોક સમય પૂર્વપ્રયોગવડે ગતિમાન્ રહે છે, તેમ જ્ઞાનીઓના યોગ ફલાભિમુખ થયેલા ઉદય કર્મના પૂર્વપ્રયોગ વડેજ ગતિમાન થાય છે. અર્થાત્ ઇચ્છા અને અનુરંજનનો ત્યાં અભાવ હોય છે. વળી જેમની વાણી અપૂર્વ છે એટલે જેનો ઉપદેશ પ્રત્યક્ષ સ્વાનુભવજન્ય હોવાથી સામાન્ય ઉપદેશકો કરતાં છેક જુદો પડે છે, અને જેના વચનો પૂર્વાપર સળંગ અવિરોધી છે પરમશ્રુત એટલે ષડ્દર્શનનું યથાસ્થિત જેને જાણપણું છે અને ગમે તેવી શંકાનું નિવારણ શ્રુતબળથી કરવા સમર્થ છે, તે સદ્ગુરૂનાં લક્ષણ જાણવાં.

આવા લક્ષણના ધારક સત્પુરૂષ સદ્ગુરૂ થવાને સર્વ પ્રકારે યોગ્ય છે. અને જીવનું કલ્યાણ તેવા પુરૂષ વડેજ થવા યોગ્ય છે. વેષાદિક સામગ્રી ઉપરોક્ત ગુણોને વિશેષપણે સ્પષ્ટ કરે છે. મનુષ્યોની સંપ્રદાય બુદ્ધિનું વેષાદિક પ્રત્યે પક્ષપાતપણું હોવાથી ત્યાં તે અધિક બળથી આકર્ષાય છે, અને તેથી વેષાદીક સામગ્રીનો યોગ પામેલ ઉપરોક્ત આંતર્ગુણ અનેક જીવોનું કલ્યાણ સુગમતાથી કરી શકે છે. તેમ છતાં આંતર્ગુણને બાહ્ય સામગ્રી સાથે કશો અનિવાર્ય સંબંધ નથી—એ લક્ષમાં રાખવું ઘટે છે. મૂલ્યવાન રત્નને ચીંથરામાં વીંટવાથી જેમ તેની કીંમત ન્યૂન થતી નથી તેમ જ્ઞાની પુરૂષના આંતર્ગુણને યોગ્ય પરિવેશના અભાવે કશી હાનિ થવી સંભવતી નથી. આંતર્ગુણ એજ સત્પુરૂષનું સર્વસ્વ છે. બાહ્ય સામગ્રી માત્ર અન્ય જીવોને ઉપકારક થાય છે.

આ સ્થળે અમારો હેતુ બાહ્ય સામગ્રીને ઉતારી પાડવાનો છે એમ મુદ્દલ સમજવાનું નથી તેની આવશ્યકતા શ્રીમાન્ રાજચંદ્રે પદે પદે સ્વીકારી છે. અનેક સ્થળે તેમણે પુનઃ પુનઃ કહ્યું છે કે "ક્યારેય પણ બાહ્ય ક્રિયાનો અમારા તરફથી નિષેધ કરવામાં આવ્યો નથી. અમારા આત્માને વિષે સ્વપ્નેય પણ તેવો ભાવ કોઇ દિવસ ઉત્પન્ન થાય તેમ છે નહિ." અને શ્રીમાન્‌ને તે બાહ્ય પરિવેશનું તે બાધક કર્મ ઉદયમાન હોવાથી તેમણે પોતાની નિત્ય નોંધમાં—આત્મનિંદા પણ કરી જેવામાં આવે છે. અમારો આશય એજ કહેવાનો છે કે, ગુણજ સર્વથા વંદનીય છે. બાહ્ય વેશ સામાન્ય જીવો માટે આંતર્ગુણની માત્ર ઉદ્દીપક સામગ્રી છે, અને જ્ઞાનીઓના માટે આંતર્ગુણને સ્પષ્ટ કરનારી સામગ્રી છે. આ પ્રકારે જ્ઞાની અને અજ્ઞાની ઉભયને બાહ્ય વેશ અત્યંત ઉપકારક છે એ અમે ભૂલી ગયા છીએ એમ માનવાનું નથી. પણ એક વિષયને પ્રાધાન્ય આપવા માટે અન્ય વિષયોને ગૌણ કરવાનો લેખકોનો શિષ્ટ સંપ્રદાય સાચવવા માટે આ સ્થળે બાહ્ય પરિવેશને અમે ગૌણતા આપી હોય તો તે ક્ષંતવ્ય છે.

હવે આ કાળે ધર્મની પ્રાપ્તિની દુઃસમતાનું ત્રીજું કારણ દર્શાવતાં શ્રીમાન્ રાજચંદ્ર કહે છે કેઃ—

"ઘણું કરીને કયાંક સત્સમાગમ અથવા સદ્ગુરૂનો યોગ બને અને તે ક્વચિત્ બને."

ઉપર જણાવ્યા તેવા લક્ષણના ધારક આત્મ પુરૂષનો યોગ આ કાળે ક્વચિતજ બને છે. કાળનું વીર્ય, મનુષ્યોની પ્રચલિત ભાવનાને ઉચિત પુરૂષોનેજ જન્મ આપે છે. અર્થાત્ મનુષ્યોના ચિત્તની સાંપ્રત દિશાને અનુકુળ

પડે તેવા જીવોજ તે તે ક્ષેત્રમાં દેહધારીપણે વર્તે છે. જ્યાં જેવું હોય ત્યાં તેવુંજ આકર્ષાય છે એ નિયમને અનુસરી આ કાળે આ ક્ષેત્રે મનુષ્ય પર્યાયને ધારણ કરનારા જીવો બહુધા ભાગે દેશ કાળની પ્રચલિત ભાવનાઓને અનુરૂપ વર્તન કરવાવાળાજ હોય છે. આ કાળે આપણા સમાજની ધર્મભાવના કેવી ક્ષતિ પામતી ચાલે છે એ વાત દીવા જેવી સ્પષ્ટ છે. અને તેવા કાળમાં બહુધા જે જીવો દેહધારીપણે હોય તે સામાજીક ધર્મ ભાવનાના પ્રતિધ્વનિ રૂપજ હોય; તે પણ તેટલુંજ સ્પષ્ટ છે. સ્વરૂપ પ્રાપ્ત પુરૂષોના અવતરણ માટે આ ક્ષેત્ર અને કાળનું વીર્ય છેક વિષમ બની ગયું છે. જો કે ક્ષેત્ર અને કાળ નિર્જીવ દ્રવ્ય હોવાથી તેને સ્વવીર્ય જેવું કશુંજ નથી તોપણ મનુષ્યોની જીવનભાવના વડે તેમાં ચેતનમયતા અર્પાયેલી મનાય છે, અને ક્ષેત્ર કાળના વીર્યનો નિર્ધાર તે તે ક્ષેત્ર કાળમાં વર્તતા મનુષ્યોના જીવનની વિવિધ ભાવનાથી થતો શાસ્ત્રકારોએ લેખ્યો છે.

આ પ્રકારે સત્પુરૂષો આ ક્ષેત્રે આ કાળે દેહધારીપણે ન પ્રગટે તો પછી તેવા પુરૂષોનો યોગ પણ ન જ બને એ વાત સ્હેલાઇથી સમજી શકાય તેમ છે. અને તેમ છતાં "કવચિત્" શબ્દથી તેવા પુરૂષોના છેક અભાવનો વ્યતિરેક સુચવાયો છે. અનેક મનુષ્યોના શુભ અદ્રષ્ટ વિશેષના યોગથી તેમજ કર્મના ગહન નિયમોના કોઇ અચિંત્ય પ્રયોગ વિશેષ વડે તેવા ચિત્તિ નિષ્પન્ન પુરૂષો પણ આ ક્ષેત્ર–કાળે દેહધારીપણે અવતરે છે. જો તેવા પુરૂષોનો છેકજ અભાવ હોત તો આ કાળે બોધીત્વનું દુઃસમપણું નહિ પણ અસંભવીતપણુંજ હોત. પરંતુ તેવા પુરૂષોના કોઇ કોઈ કાળે અવતરણથીજ દુઃસમપણાથી વિશિષ્ટ થઇને પણ બોધીત્વ હજી ટકી શકયું છે. બોધીત્વના સુસમપણાનો કે દુઃસમપણાનો આધાર તેવા આત્મ પુરૂષોના ભાવાભાવ ઉપરજ રહેલો છે. અર્થાત્ તેવા પુરૂષો જે કાળે વિશેષ સંખ્યામાં દેહધારીપણે વિચરતા હોય તે કાળ સુસમજ છે, અને તેવા પુરૂષોના અભાવ કાળે અથવા કવચિત્પણાના કાળે દુઃસમ છે. તેમ છતાં આ કાળે તેવા પુરૂષો હોય તોપણ પૂર્વ કર્મના અંતરાય વડે તેમનો જોગ કવચિત્ જ બનવા યોગ્ય છે એમ શ્રીમાન્ કહે છે. એક તો તેવા પુરૂષોની લગભગ અભાવ જેવી સ્થિતિ અને તેમાં પણ તેવા પુરૂષોનો યોગ કવચિતજ બને તે વાત આ કાળના ધર્મ બોધીત્વની દુઃસમતામાં સવિશેષ ખેદજનક ઉમેરો કરનારી છે. તેવા પુરૂષોનો યોગ થવો એ પણ મહદ્ પુણ્યોદયનુંજ કાર્ય છે. તેમમા આંતરગુણની પરીક્ષા થવી, અને તેમના ખરા સ્વરૂપની ઓળખાણ થવી એ વાત બાજુ રાખતાં તેવા

પુરૂષોનો જાણે કે અજાણે યોગ થવો તે પણ કોઈ અપુર્વ હીતની દિશાનું સુચક ચિન્હ છે.

આ ઉપરથી આપણ સર્વને એટલુંજ ઇષ્ટ છે કે સાચા પુરૂષની ખોળ તનમનથી કરવાની પ્રથમ અગત્ય છે. તેમનો યોગ થતાં અને તેમના સ્વરૂપની ઓળખાણ થતાં, આપણે માટે આ કાળનું દુઃસમપણું અર્થહીન બની જાય છે. અર્થાત્ જેના અભાવે આપણા માટે કાળનું દુઃસમપણું હતું તેનો સદ્‌ભાવ થતાં તે દુઃસમપણું આપણા માટે વિલય પામી જાય છે. વૃષ્ટિના અભાવે પ્રતીત થતો દુકાળ વૃષ્ટિના સદ્‌ભાવ કાળે વિલય થાય છે; તેમ સત્પુરૂષના અભાવે પ્રતીત થતું દુઃસમપણું તેવા પુરૂષોના સદ્‌ભાવ કાળે અને તેમના આંતર્ સ્વરૂપની પીછાન કાળે વિલય પામી જવા યોગ્ય છે.

હૃદયના સાચા ભાવે સત્પુરૂષની ઓળખાણ કરવા ઉદ્યમશીલ થવું; તેવા પુરૂષોની પ્રીતિ સંપાદન કરવા માટે આપણામાં યોગ્ય સદ્‌ગુણો કેળવવા, શમ, સંવેગ, નિર્વેદ અનુકંપાદિક, સ્વરૂપ પ્રાપ્તિના પ્રાથમિક ધોરણોનો અભ્યાસ શાસ્ત્ર દૃષ્ટિએ સિદ્ધ કરવો, એ આદિ પ્રયોગો સત્પુરૂષના યોગની અને તેમની નિર્હેતુક કૃપાની પ્રાપ્તિ કરવા માટે અત્યંત આવશ્યક છે. અને જે કોઈ સાચાભાવે તેમના યોગને પ્રબળપણે ઈચ્છે છે, તેવા નિકટભવી મનુષ્યને આ દુઃસમ ગણાતા કાળે પણ આવા પુરૂષનો યોગ સુલભજ છે. સત્પુરૂષનો યોગ કવચિતજ બને તે વ્યતિકરમાં, દોષ તો આપણો પોતાનો છે. જીવને તેવા પુરૂષના યોગની અને તદ્દ્વારા પોતાના કલ્યાણની મુદ્દલ સાચી ઇચ્છા નથી. જો તેમ હોય તો આ કાળે પણ એવા અનેક સત્પુરૂષોનો આપણી મધ્યમાં આવિર્ભાવ થવો સંભવે " Law of demand and supply" અર્થાત્ " માગો અને મળશે "નો અબાધ્ય નિયમ હજી પણ પૂર્ણ વેગથી પ્રવર્તે છે. દિલના સાચા ભાવે જે કોઇ સત્પરૂષની કૃપાને ઇચ્છશે તેને માટે ઉપરોક્ત અખંડ સત્ય નિયમ ફળદાયી થયા વિના રહેશે નહિ.

શ્રીમાન્ રાજ્યચંદ્ર સત્પુરૂષ હતા, એમ તેમના અક્ષરાત્મક જીવન ઉપરથી આપણે જોઇ શકીએ તેમ છીએ. સત્પુરૂષની અને અસત્પુરૂષની વાણીમાં તેમજ આશયમાં દિવસ અને રાત્રીના જેટલો અંતર હોય છે. જે મહાત્માને વિષે પ્રકટ બોધીબીજપણું વર્તે છે અને અનુભવ સહિત હોવાથી જેનો ઉપદેશ અન્ય જીવોને સતત જાગૃતિ આપનાર છે, તેવા સત્પુરૂષમાં અને પુસ્તકોમાંથી ગોખીને જ્ઞાનીના જેવો ઉપદેશ કરનારમાં, આશયની સમાનતા ક્યાંથી હોઈ શકે ? અજ્ઞાનીની વાણી ઠામ ઠામ કલ્પનાથી યુક્ત હોય છે, અને તેઓ જે કાંઇ કહે છે તે પરોક્ષ અને અનુભવ રહિતપણેજ કહે છે.

મંદ દશાવાન-સામાન્ય અને બાળ જીવોને જ્ઞાની અને અજ્ઞાનીની વાણીમાં ભેદનું તારતમ્ય લક્ષગત થવું અસંભવિત છે. પરંતુ ઉત્કૃષ્ટ મુમુક્ષુઓને અને વિશેષ પ્રજ્ઞાવંત જીવોને આવા પ્રકારની ભ્રાંતીનો સંભવ નથી. આવા જીવો જ્ઞાનીની વાણીના બળવાનપણાને સ્હેજે લક્ષી શકે છે, અને ઉભયના આશયના અમળતાપણાને, સ્થૂલ વાણીના બાહ્ય પટને ભેદી, નીરખી શકે છે. શ્રીમાનના સ્વરૂપને લક્ષવા માટે પણ આ યોગ્યતાની જરૂર છે, કેમકે જ્ઞાનીના આશયને સમજવા માટે તેમજ અજ્ઞાનીની વાણીથી તેમનું પૃથક્પણું ઓળખવા માટે પણ આપણને ઉત્કૃષ્ટ મુમુક્ષતાની અને પ્રજ્ઞા વિશેષની આવશ્યકતા છે. તેના અભાવે ઉભયનો આશય આપણને સમાન જણાવા યોગ્યજ છે. જ્ઞાનીની વાણીનું અપૂર્વપણું ઓળખવા માટે આપણામાં તેવી યોગ્યતા કેળવાય તોજ તે ઓળખી શકાય છે. નહીંતર શબ્દોના સરખાપણાને લઇ તેમના આશયનું પણ સરખાપણું માની લેવાની ભારે ભૂલ થઇ જવા સંભવ છે. આ કાળે શ્રીમાનને તેમના વાસ્તવિક સ્વરૂપમાં આપણો સમાજ નથી ઓળખી શકયો તેમાં પણ આજ હેતુ છે. પરીક્ષા કરવાની યોગ્યતાના અભાવે અમે આજે "ગોળ અને ખોળ" ને સરખા ગણી અમારૂં કામ નિભાવીએ છીએ. કેમકે બાહ્ય સ્વરૂપમાં તેઓનું લગભગ મળતાપણું છે. ઉભયના આભ્યંતર સ્વરૂપને ઓળખવાની અમને થોડીજ પરવા છે. નાટકની રંગભૂમિ ઉપર સ્ત્રી શોભન વસ્ત્રાલંકાર સજી, મન્મથોદ્દીપક અભિનય કરનાર પુરૂષ પ્રતિ જેમ અજ્ઞાન પ્રેક્ષક વર્ગની રતિનો સમુલ્લાસ થાય છે અને સુંદરી ઉચિત ચેષ્ટા કરનાર તે વ્યક્તિ ખરા સ્વરૂપે પુરૂષ છે, એવું તેમને ભાન સરખું પણ રહેતું નથી, તેમ જ્ઞાનીના જેવી ચેષ્ટા કરનાર પ્રતિ અમારી ધર્મભાવનાનો સમુલ્લાસ થતો આ કાળે અમે અનુભવીએ છીએ, અને તેઓ ખરા સ્વરૂપે કેવા છે તેનો નિર્ધાર કરવા અમે ઓછીજ દરકાર કરીએ છીએ. કેમકે માત્ર બાહ્ય સામગ્રીજ અમને હાલ તો પ્રસન્ન કરી શકે છે અમારી મોહથી વ્યાકુળ, ભ્રાન્તિ વિમુગ્ધ, ધર્મભાવનાને નિભાવે છે.

બહુધા પ્રતીત થતી આવી શોચનીય અવસ્થામાં શ્રીમાનના ખરા સ્વરૂપની પ્રતીતિ સર્વ કોઇને થવી અસંભવીત છે. દલીલ, પ્રમાણ, યુક્તિ, તકરાર કે તર્ક વડે સત્પુરૂષનું સત્પુરૂષપણું સિદ્ધ કરી શકાતું નથી. તેની પ્રતીતિ થવા માટે ઉપર જણાવી તેવા પ્રકારની યોગ્યતાનીજ જરૂર છે. અને તે પ્રગટ થતાં શ્રીમાનનું વાસ્તવિક જ્ઞાનસ્વરૂપ લક્ષગત થવા યોગ્ય છે. તેમના આભ્યંતર પરિણામનું અવલોકન અને તેમના પત્રોના સંચયનું પ્રસિદ્ધ સાહિત્ય, આત્મ દૃષ્ટિએ નિરીક્ષવામાં આવે તો ઉપરોક્ત નિર્ણય ઉપર આવ્યા

સિવાય ચાલે તેમ નથીજ. તેમના વચનોનું પૂર્વાપર અવિરોધપણું, તેમની વાણીનું અપૂર્વપણું અને સામાના અંતર ઉપર ઉંડી અસર કરવાની શક્તિ તો પ્રત્યેક દૃષ્ટિરાગરહીત મનુષ્યને સહજ પ્રતીત થાય તેમ છે. અને જેમ જેમ વાંચનારનો અધિકાર અને યોગ્યતા વધતી જાય છે તેમ તેમ આત્મારાધક જીવોને અનેક અમુલ્ય અનુભવ રત્નો તેમાંથી મળી આવે તેમ છે.

સત્પુરૂષનાં એવાં કોઈ બાહ્ય લક્ષણો નથી કે જે વડે તે અજ્ઞાન જીવોથી પણ ઓળખી શકાય. અને તેથી શ્રીમાન્‌ના વાસ્તવિક સ્વરૂપને સમજાવવાનો પ્રયત્ન કરનાર અમે, હવે આટલેથી મુંઝાઇએ છીએ. જે પ્રમાણ અને લક્ષણ વડે જગત્ ઉપરની બધી ચીજો ઓળખાય છે તે પ્રમાણ અને લક્ષણો જ્ઞાનીઓ અને સત્પુરૂષોની લક્ષણા કરાવવા અસમર્થ નિવડે છે. જેથી અમે શ્રીમાન્ રાજચંદ્રનું સત્પુરૂષપણું સિદ્ધ કરવાનું અભિમાન છોડી દઇ, જે સાધન વડે તે પ્રતીત થવા યોગ્ય છે તે સાધન–અર્થાત્ યોગ્યતા–પ્રાપ્ત કરવા ઉપર ભાર મુકી, આ કાળની બોધિ દુર્લભતાના શ્રીમાન્ કથિત ચોથા કારણની મીમાંસા ઉપર આવીએ છીએ.

"અસત્સંગ આદિ કારણોથી જીવને સદ્‌ગુર્વાદિકનું ઓળખાણ થવું પણ દુષ્કર વર્તે છે, અને ઘણું કરીને અસદ્‌ગુર્વાદિને વિષે સત્ય પ્રતીતિ માની જીવ ત્યાંજ રોકાઈ રહે છે." સત્ અને અસતનું ઓળખાણ થાય તો અવશ્ય જીવ સતનો ઉપાસક થાય અને અસતનો ત્યાગ કરે. પણ તે ઓળખાણ થવું શ્રીમદ્ કહે છે તેમ "દુષ્કર વર્તે છે." જ્યાં બાહ્ય વેષનો અને પરિકરથીજ સદસતની ઓળખાણ કરવાના આગ્રહયુક્ત, મંદદશાવાળા જીવો બહુધા વર્તતા હોય ત્યાં આંતર પરીક્ષાને મુદ્દલ અવકાશ નથી. બાહ્ય લક્ષણો અને લિંગાદિક સામગ્રીજ તેમનું નિત્યનું ધોરણ હોય છે. દેવોએ રચેલા સમવસરણાદિકની સામગ્રીથી પરિવેષ્ટિત અને બાહ્ય અતિશયના ચમત્કારોથી શોભતા પુરૂષ વિશેષને તેઓ તીર્થંકર માને છે. પરંતુ તેઓ ભાગ્યેજ સમજતા હોય છે કે તેવી બાહ્ય સામગ્રી તો કોઇ માયાના પ્રયોગથી દેવાદિકની સહાય વડે પણ ઉપજાવી શકાય તેમ છે. તેવીજ રીતે આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ, વીગેરેના લક્ષણોનું ધોરણ આવા જીવો માટે માત્ર તે ગુણધારીઓના બાહ્ય વેષ્ટનોજ હોય છે. આંતર્‌ગુણને નિરખવાની તેમને દૃષ્ટિ ખુલી નથી તેથી શાસ્ત્રકારે તેમને પ્રબોધવા માટે આ બાહ્ય સામગ્રીના ધોરણે વિધાન કર્યું છે. પરંતુ તે બાહ્ય લક્ષણો, તેમના ખરા સ્વરૂપના માત્ર એક ગૌણ પ્રદેશનેજ સુચવનારા છે. તેમનું ખરૂં સ્વરૂપ તો તેમના અંતઃપ્રદેશમાં જ છે. અને તેને લક્ષ્ય કરી શકનાર જીવોનેજ તેમના ખરા સ્વરૂપનું ભાન થાય છે.

બાહ્ય સામગ્રી સોએ નવાણું બાબતમાં છેતરનારીજ નીવડે છે. કીમતી વેષ્ટનમાં ગોપવેલા કાંકરાને, તેના વેષ્ટનના શોભાયમાનપણાથી વિમુગ્ધ થઇ કોઈ બુદ્ધિમાન્ ઝવેરી, કાંકરાની કીમત કોડી પણ આંકતો નથી. કેમકે બાહ્ય વેષ્ટન અથવા સામગ્રીને અંતઃસ્થિત વસ્તુના લક્ષણ તરીકે તેઓ સ્વીકારતા નથી. પણ જે મનુષ્ય ઝવેરી નથી તેમના માટે હીરાનું લક્ષણ તેનું બાહ્ય વેષ્ટનજ હોય છે. અને તેવા બાળ જીવો માટે વેષ્ટનજ અંતઃસ્થિત વસ્તુની કીમતનું ધોરણ હોય છે. સત્ અસત્‌ની ઓળખાણમાં પણ આજ પ્રમાણે છે. જે આત્મ-ઝવેરીઓ સત્‌ને ઓળખી શકે છે તેઓ, બાહ્ય સામગ્રી, યદ્યપિ ગમે તેટલી શોભાયમાન હોય તોપણ તેને સત્‌ના લક્ષણ તરીકે સ્વીકારતા નથી, તેમની નજર સરખી પણ ત્યાં જતી નથી. તેમની દૃષ્ટિ પરભારી અંતઃસ્થિત વાસ્તવિક સર્વરૂપ ભણીજ પડે છે. પણ જે તેવી પરીક્ષા કરવા અસમર્થ છે, તેમને માટે તો બાહ્ય સામગ્રીજ સર્વસ્વ છે. સત્‌ના લક્ષણ તરીકે લિંગાદિક સામગ્રી તેમને અનિવાર્ય જણાય છે. તેઓ છાતી ઠોકીને કહેશે કે જો હીરો સાચોજ હોય તો શા માટે તેનું બાહ્ય વેષ્ટન આવું અનાપૂર્વક હોય ? ટુંકામાં તેઓ માત્ર વેષ્ટન ઉપરજ સર્વ આધાર રાખી તેમણે કલ્પેલા "ધર્મ" માર્ગમાં પ્રવર્તે છે.

યદ્યપિ સત્ય છે કે કીમતી હીરાને બહુધા ઉત્તમ વેષ્ટનજ હોય છે, પરંતુ તે ઉપરથી કયો બુદ્ધિમાન ઝવેરી વેષ્ટનને હીરાના લક્ષણ તરીકે સ્વીકારે તેમ છે ? એ કદી કોઇ સ્થળે વેષ્ટનને તેના લક્ષણ તરીકે ગણાયું જોવામાં આવે તોપણ ત્યાં તે લક્ષણ અજ્ઞાન મનુષ્યોને ઉદ્દેશીનેજ કથાએલું હોવું જોઇએ એમ કોણ ના કહી શકે તેમ છે ? તેવીજ રીતે સત્પુરૂષને માટે શાસ્ત્રકારોએ જે ઉચિત બાહ્ય લિંગાદીક સામગ્રી વિહિત ગણી છે તેમના લક્ષણ તરીકે શાસ્ત્રોએ તેમને માટે ગણેલી ઉચિત સામગ્રીથીજ પરિવેષ્ટિત જોવામાં આવે છે. પરંતુ તેના અભાવે કાંઇ સત્પુરૂષપણાનો અભાવ થતો નથી. **(તેમ સત્પુરૂષનું સત્પુરૂષપણું પણ બાહ્ય સામગ્રી ઉપર નિર્ભય નથી.) (જેમ હીરાનું હીરાપણું તેના વેષ્ટન ઉપર આધાર રાખતું નથી.)** તે તો તેના આંતર્ સ્વરૂપ ઉપરજ આધાર રાખે છે.

આ પ્રમાણે સત્ અસત્‌ની જ્યાં આવી ભ્રાન્તિ મૂલક માન્યતા વર્તત્તી હોય ત્યાં "જીવને સદ્‌ગુર્વાદીકનું ઓળખાણ થવું પણ દુષ્કર વર્તે" તેમાં શું આશ્ચર્ય છે ? એ પુરૂષનું એવું કોઈ પણ બાહ્ય લક્ષણ હોતે કે જેનાવડે બધા જીવો તેમને સહેલાઇથી ઓળખી શકે, જો તેમ હતે તો આજે મોક્ષ માર્ગની સડક ઉપર કમરપુર કીચડ ચડી ગયો ન હોત, અને બધા જીવો

સુખથી તે ચીલે સહેજે પ્રવર્ત્યા હતે. પણ દુર્ભાગ્ય કે તેવું એક બાહ્ય લક્ષણ નથી. અને ઘણી નાની સંખ્યા સિવાય લગભગ બધોજ સમાજ બાહ્ય લક્ષણ વડેજ સત્પુરૂષને ઓળખવાની હઠ લઈ બેઠેલો છે, અને પરિણામ એ આવ્યું કે "બાહ્ય સામગ્રીને સર્વસ્વ માની અને તેમાંજ વ્યામોહ પામી તેને ધારણ કરનાર અંતઃસ્વરૂપે ગમે તેવો હોય તોપણ તેને વિષે સત્ય પ્રતીતિ માની જીવ ત્યાંજ રોકાઈ રહે છે." બાહ્ય સામગ્રીના ધારક પુરૂષ સત્ હોય છે તો તેમના અનુવર્તી જીવોનું કલ્યાણ થવામાં કશો બાદ નડતો નથી. કેમકે તેઓ ક્રમે ક્રમે બાહ્યાંતર સ્વરૂપની ઓળખાણ તેમને કરાવે છે. પણ આ કાળે તેવા ભાવલિંગી મુનિઓનું, અમારા દુર્ભાગ્યે લગભગ નહીવત્પણુંજ વર્તે છે. આવા પુરૂષો અમારા શાસનનું દીવ્ય ભૂષણ છે, અને બાહ્યાંતર સામગ્રીથી ઉપયુક્ત તેઓ અનેક ભવીજનોનું પારમાર્થીક કલ્યાણ સહેજે સાધી શકે છે. પણ તે માંગલીક દૃશ્ય સ્થૂળ રૂપે તો ક્યાંઈ પ્રતીત થતો નથી. કલ્યાણના ઉત્કટ જીજ્ઞાસાવાળા જીવોની દૃષ્ટિ તો ક્યાંઈ ઠરેલી નથી. અને કાળનું દુઃસમપણું તો સર્વે કરતાં તેમનેજ ખટકે છે. અન્ય જીવોને તો તે દુઃસમપણું માત્ર કહેવા રૂપેજ છે. અને હાલતાં ચાલતાં જરૂર વખતે તેને આડું ધરવામાં ઉપયોગમાં લેવાય છે. બાહ્યાંતર્ સામગ્રીથી વિશિષ્ટ સત્પુરૂષોનો આવિર્ભાવ આ કાળે સર્વથી અધિક ઇચ્છવા યોગ્ય છે, કેમકે બાહ્ય સામગ્રીથી અનેક જીવો ત્યાં આકર્ષાય છે. અને તેમના સામીપ્યમાં આવતા જીવો ક્રમે કરીને આંતર સ્વરૂપને લક્ષ્ય કરતા ચાલે છે અને છેવટે સત્‌ની વાસ્તવીક ઓળખાણ થાય છે. એકલી આંતર્ સામગ્રી બહુ મનુષ્યોના હીતની સાધક થતી નથી, પરંતુ તે કારણે તેની અંતઃકીમત ન્યૂન અંકાવા યોગ્ય નથી. પરંતુ બાહ્ય સામગ્રીના ધારક પુરૂષ જો અસત્ હોય છે તો સત્‌ના લક્ષણ તરીકે તેમના અનુવર્તી જીવોને, તેઓ બાહ્ય સામગ્રીજ મનાવે છે. બાળ જીવો આ લક્ષણને મૂળથીજ સત્‌ના લક્ષણ તરીકે સ્વીકારતા આવ્યા હોય છે. તેમાં વળી આ મજબુત ટેકો મળતાં તેઓ તેને દ્વિગુણ બળથી સ્વીકારે છે, અને જ્યાં જ્યાં તે સામગ્રીનો અર્થાત્ લિંગાદીકનો અભાવ જોવામાં આવે, ત્યાં ત્યાં તેઓ સત્‌ની છાંટ હોવાનો પણ મુદ્દલ ઇન્કાર કરે છે. તેઓ ફરીયાદ ઉઠાવે છે કે, જો તેઓ સાચાજ હોય તો, શામાટે બાહ્ય લિંગાદીને ધરતા નથી? આંતર્ ગુણને બાહ્ય વેષનો સાથેનો કેવા પ્રકારનો સંબંધ છે, તેની આલોચના તેમને માટે તદ્દન વ્યર્થજ છે. આ પ્રકારે તેમને સત્ અસત્‌ની ઓળખાણનું કશું સાધન નહિ હોવાથી તેમને જે એક લક્ષણ શીખવવામાં આવ્યું હોય છે, તેનો ઉપયોગ કરીનેજ તે સત્ અસ-

તની કસોટી કરે છે. બાહ્ય વેષ્ટનજ તેમનું સદસત્ સંબંધે નિર્ણાયક ધોરણ છે. તેના સદ્‌ભાવમાં સત્‌નો સદ્‌ભાવ અને તેના અભાવમાં સત્‌નો પણ અભાવ તેઓ માની લે છે. આ પ્રમાણે સત્પુરૂષને અસત્ પુરૂષ અને અસત્ પુરૂષને સત્પુરૂષ માની લેવાની ભુલ જીવ કરતો ચાલે છે.

આ કાળે માર્ગના દુરારાધ્યપણાનું પાંચમું કારણ જણાવતાં શ્રીમાન્ કથે છે કેઃ—" ક્વચિત્ સત્સમાગમાદિનો યોગ બને, તોપણ બળવીર્યાદિનું એવું શિથિલપણું છે કે જીવ તથારૂપ માર્ગ ગ્રહણ ન કરી શકે, અથવા ન સમજી શકે, અથવા અસત્સમાગમાદિ કે પોતાની કલ્પનાથી મિથ્યાને વિષે સત્યપણે પ્રતીતિ કરી હોય."

આ જીવને અનંતકાળથી સત્‌નો વિરહજ વર્તે છે. જ્યાં સુધી સત્‌ને સત્ રૂપે જાણીને ગ્રહણ ન કરે ત્યાં સુધી સત્‌નો સમાગમ પણ તેને કોઈ પારમાર્થિક કાર્યની સિદ્ધિમાં સહાયક થતો નથી. કેમકે જ્યાં સુધી સત્ અને અસત્‌માં તેને ભેદબુદ્ધિ જણાતી નથી—તે બન્નેમાંથી એકમાં કોઇ સવિશેષત્વ પ્રતીત થતું નથી, અને સત્‌ને વિષે કોઇ લાક્ષણિક ભેદક તત્ત્વનું દર્શન થતું નથી ત્યાં સુધી જીવની દૃષ્ટિએ સત્ અને અસત્ સમાન રૂપે જ પ્રતીત થાય છે. કદાચ તેમાં કોઇ ભેદક તત્ત્વનો નિશ્ચય કર્યો હોય, તોપણ તે મતિ-કલ્પનાએ, રૂઢ બુદ્ધિવડે અથવા સાંપ્રદાયિક દૃષ્ટિવડે થયેલો હોવાથી તેમાં અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ આદિ દોષોનું સંક્રમણ થાય છે. દૃષ્ટાંતથી આ વાતને સ્પષ્ટ કરીએઃ—

કોઇ જીવ સંસાર પ્રત્યેથી ઉદાસીન બની સામાયક, પ્રતિક્રમણ, પૌષધ, તપશ્ચરણ, વાંચન, મનન, શુશ્રૂષા, શુદ્ધ—અચિત્ત આહાર, આદિ અનેક—શાસ્ત્રો-પદિષ્ટ પ્રક્રિયાઓ કરે, તે જીવને બહુધા સત્‌નું અભિધાન લગાડવામાં આવે છે, પરંતુ આ ક્રિયાઓ કાંઇ સત્‌નું લાક્ષણિક ભેદક તત્ત્વ અથવા વિશિષ્ટતા-સૂચક ચિન્હ નથી. તે સર્વે અભવ્યોને વિષે પણ પ્રતીત થાય છે, એમ શાસ્ત્રકાર કહે છે. સત્‌નું એકે એવું બાહ્ય લક્ષણ નથી કે જે વડે જીવો તેની તુર્ત—પ્રથમ દર્શનેજ પરીક્ષા કરી લે. સત્‌ને સત્પણે જાણવું, તે સત્‌ને પામ્યા બરાબરજ છે. આત્માની જે અવસ્થા વિશેષમાં સત્‌ની પ્રતીતિ થાય છે, તે અવસ્થાજ સત્‌ની પ્રાપ્તિની નિર્ણાયક છે. જીવ જે જે અવસ્થાઓનો લક્ષ્ય કરી શકે છે, તેતે અવસ્થારૂપે જ પોતે બની જાય છે; સમ્યકત્વના સ્વરૂપની અભિલક્ષણા કરનાર જીવ સમ્યકત્વ રૂપજ બને છે. અપ્રમત્ત ભાવની લક્ષણા કરનાર અપ્રમત્ત અવસ્થાને પામે છે, કૈવલ્ય ભાવની લક્ષણા કરનાર જીવ કેવલ્ય સ્વરૂપનેજ પામે છે. આ પ્રમાણે હોઇ જીવને સત્‌ની પીછાન

હોય છે, તો તેને સત્ અસત્‌ની પ્રતીતિ સહેજે આવી બને છે. પરંતુ બહુધા ભાવે તેવી ભેદકબુદ્ધિ જીવોને હોતી નથી. અને તેથી તે સત્–અસત્ ઉભયના સમાગમમાં કશું વિશિષ્ટત્વ લક્ષ્ય કરી શકતો નથી.

વસ્તુસ્થિતિ જ્યાં આવા પ્રકારની હોય ત્યાં સત્‌નો યોગ કદી બની આવે તોપણ તેની તેવા રૂપે પ્રતીતિ થયા વિના "બળ વીર્યાદિનું એવું શિથલપણું હોય કે જીવ તથારૂપ માર્ગ ગ્રહણ ન કરી શકે." તેમાં શું આશ્ચર્ય છે? દર્શનમોહના વ્યતીત થવા વડે જે બોધનો ઉદય થાય છે તે સમ્યગ્ બોધને સત્‌ની સંજ્ઞા અમો આ સ્થળે આપીએ છીએ. તે સત્‌ના અભાવે જીવ સત્‌ને સત્‌રૂપે ઓળખી શકતો નથી, તેથી જ તેને માર્ગનો આગ્રહ સૂચવાયો છે. અર્થાત તેવા જીવોને સત્‌નો સમાગમ થયા છતાં પણ તે માર્ગને ગ્રહણ કરવા જેટલું વીર્ય તેમનામાં હોતું નથી. સત્–અસત્‌માં તેને ભેદનો ઉદય નહીં હોવાથી, અથવા કદિ હોય તોપણ તે અસત્ય અને અન્યથા હોવાથા સત્‌ના સમાગમ કાળે પણ તે જેવો ને તેવો શિથિલ જ રહે છે. સત્યનું જે અભિવ્યંજક તત્ત્વ સ્વમતિવડે જીવે કલ્પ્યું હોય તેનો સત્પુરૂષમાં અભાવ જોવામાં આવતાં ત્યાંથી તે વળી નીકળે છે, અને તેના નિર્ધારિત તત્વનો જ્યા સદ્ભાવ જોવામાં આવે ત્યાં તે સત્‌નો સમારોપ કરી, તે જીવ તેની માનેલી સત્‌ની ભાવનાને નિભાવી લે છે.

સત્‌નું ભેદક તત્ત્વ એ માત્ર આત્માની અવસ્થા વિશેષ, અને તે કારણે અવાચ્ય હોવાથી તેના સ્વરૂપનો યથાર્થ પ્રબોધ કોઈ પાના–પુસ્તકમાં સ્પષ્ટ જોવામાં આવતો નથી. કેમકે તે ભાવને અક્ષરાત્મક કરતાં ઇષ્ટ ભાવની સોએ નવાણું ટકા ક્ષતિ થાય છે. તેથી માત્ર ભાંગ્યા તૂટયા શબ્દોમાં જ તેની લક્ષણા કરાવી છે, અને બાળ જીવો માટે સત્‌ના આંતર્ સ્વરૂપના બાહ્ય લક્ષણો દર્શાવી, તેમાં સત્‌નો ઉપચાર કરી નિભાવી લીધેલું જણાય છે. તેથી જ્યાં જ્યાં સત્‌ના લક્ષણો તરીકે બાહ્ય સામગ્રીનું સૂચન થયું હોય છે ત્યાં ત્યાં તે માત્ર ઉપચારથીજ કરેલું માનવાનું છે. જો સત્‌નું એકે બાહ્ય લક્ષણ હોય તો જીવને મોક્ષમાર્ગ તદ્દન સુલભ બની ગયો હોત.

જીવને સત્‌ની પ્રતીતિ કેવા રૂપે થાય, તે સંબંધી વિચાર **શ્રીમાન્** રાજચંદ્રે દેશ–કાળ અનુસારે બહુ ઉત્તમ પ્રકારે કર્યા હતા. તેમના લેખોમાં સત્ સંબંધે જેટલું વિવેચન છે, તેટલું અન્ય વિષય સંબંધે ભાગ્યે જ તેમાં જોવામાં આવશે. સમ્યકત્વની પ્રાપ્તિ અર્થે તેમણે જેવા સ્પષ્ટ, બોધક અને સાંપ્રત દેશ–કાળની વિચાર પદ્ધત્તિને અનુરૂપ ઉપાય દર્શાવ્યા છે, તેવા અન્ય

સ્થળે ક્વચિત્ જ જોવામાં આવશે. સમ્યક્ત્વ અથવા સત્ શું છે. તે દર્શાવતાં તેઓ કહે છે કેઃ—

"નિજ સ્વભાવ-જ્ઞાનમાં કેવળ ઉપયોગે તન્મયાકાર સહજ સ્વભાવે નિર્વિકલ્પપણે આત્મા પરિણમે તે સમ્યક્ત્વ છે."

આવા અચિંત્ય-અવિકલ્પ્ય અને અરૂપી ભાવને બાહ્ય સ્વરૂપમાં સ્ફુટ કરવાનું કેમ બની શકે? એટલા માટે શાસ્ત્રકારે તે સ્વરૂપનો જો કોઇ બાહ્ય સ્વરૂપમાં આરોપ કર્યો હોય તો તે માત્ર ઉપચારથી જ છે એમ માન્યા સિવાય ચાલે તેમ નથી. ઉપરોક્ત પ્રકારના સત્‌ને પ્રાપ્ત એવા સત્પુરૂષનો યોગ જીવને બની આવે તો પણ તે લક્ષણની પરીક્ષાના અભાવે તેને પારમાર્થિક ફળથી તો વંચિતજ રહેવું પડે છે. તેથી જ શ્રીમાને ઉપરોક્ત પાંચમું કારણ દર્શાવતાં "તે જીવ તથારૂપ માર્ગ ગ્રહણ ન કરી શકે" એમ સૂચવ્યું છે.

સત્‌ની ઓળખાણ જીવોને કરાવવા શ્રીમાને સત્‌ના લક્ષણો ભિન્ન ભિન્ન સજ્જનો આશ્રયી ભિન્ન ભિન્ન પ્રકારે-તે તે સજ્જનની બુદ્ધિમાં ઉતરે તેવી રીતે અનેક સ્થળે દર્શાવ્યા છે. આસપાસના જીવોનું પારમાર્થિક કલ્યાણ થાય તેવા ઉત્તમ હેતુથી તેમણે પોતાના પત્રોમાં, સમાજદષ્ટિ જેને "આત્મપ્રશંસા" કહે છે, તે દોષ પણ પોતાના શિરે વ્હોરી લીધો છે અને તેમ કરીને સત્‌ના લક્ષણના ધારક તરીકે શ્રીમાને અનેક સ્થળે પોતાને ઓળખાવ્યા છે. શ્રીમાન્ જાણતા હતા કે "અમે સત્પુરૂષ છીએ, અમે તમારા કલ્યાણના હેતુરૂપ છીએ, અમે બોધસ્વરૂપ છીએ, આ કાળે જો કોઈ પુરૂષથી કલ્યાણનો સંભવ હોય તો તે અમારાથીજ છે." એવા ભાવના વચનો લખવાથી પ્રાકૃત સમાજની સંપ્રદાય બુદ્ધિ એકદમ બળવો ઉઠાવશે, એને પોતાને ગુમાની, આત્મપ્રશંસક, અને અન્ય જીવોને જાળમાં ફસાવનાર તરીકે માની લેશે; પરંતુ થોડા જીવોને પણ તે પ્રકારે પોતાના વાસ્તવ સ્વરૂપના પ્રાકટ્યથી, કલ્યાણનું નિમિત્ત બની આવશે, એવા ઉત્કૃષ્ટ લક્ષ્યથી, તેમણે તે સર્વ વ્હોરી લીધું છે. તેથી આજે અનેક મુગ્ધ તેમજ પંડિતંમન્ય પુરૂષોના કટાક્ષનો વિષય બન્યા છે. શ્રીમાન્ રાજચંદ્રના લેખોમાંથી આવા "આત્મપ્રશંસા" ના વાક્યોના ભરતીયા કેટલાક "ખંતીલા" જનો તરફથી થયેલા અમોએ સાંભળ્યાં તેમજ વાંચ્યા છે. એક સજ્જન, બરાબર ૨૫ સ્થળે આવી ભૂલ શ્રીમાન્ તરફથી થયેલી માને છે. આથી વધતા વધતા કોઈ કોઇએ બરાબર ૧૦૮ તો કોઇએ ૧૨૫ સુધીનો "આત્મપ્રશંસી" નો ખરડો તૈયાર કર્યો છે. આ વાતની સાથે અમારે અહીં કાંઈ

સંબંધ નથી. માત્ર પ્રાસ્તાવિક રૂપેજ તેનો ઉલ્લેખ કરી અમો સંતોષ માનીએ છીએ, કેમકે આ લેખમાં અમે ખંડન-મંડનની દુર્ગંધનો પ્રસાર ન થવા દેવાનો સંકલ્પ રાખ્યો છે. ફલિતાર્થ એ છે કે શ્રીમાન્ જેવા મહા વિચક્ષણ પુરૂષ, આવો આત્મપ્રશંસાનો દોષ પોતાને શિરે વ્હોરવાનું સાહસ કરે ત્યાં કોઇ અલૌકિક હેતુ હોવો જોઇએ, એમ સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી. અને તે હેતુ એજ હતો કે આસપાસના જીવોને સત્નું સાક્ષાત દર્શન કરાવવું. "અમે સત્રૂપ છીએ, બોધરૂપ છીએ, પરમાર્થને પ્રાપ્ત છીએ," એ ભાવના વાક્યોમાં સમાજની રૂઢ બુદ્ધિ "કુલણુપણું કે પતરાજી" માની લે તે સ્વાભાવિક છે. પરંતુ જ્ઞાનીઓની પ્રકાશમય સૃષ્ટિ આપણી અંધકારમય વિભાવસૃષ્ટિથી છેક જ જૂદી હોય છે. તે સૃષ્ટિના આશ્રમોમાં દૃષ્ટિના ધોરણો પણ ફરી જાય છે. જગત્ના અભિપ્રાયો જ્ઞાનીઓની કૃતિયોને બંધનકર્ત્તા હોતા નથી. જગત્ને સત્નો વિરહ છે, એમ શ્રીમાન્ જાણતા હતા, અને પાંચ-પચીસ માણસો પોતાને મગરૂર-બડાઇખોર કે આત્મશ્લાઘા કરનાર માનો લે તેની અવગણના કરીને પણ શ્રીમાને સત્ની પ્રતીતિ કરાવવાનો નિશ્ચય કર્યો હતો. એક તો જીવને સત્ની ઓળખાણ નહિ હોવાથી ગમે ત્યાં તે સત્નો સમારોપ કરે છે. તેમાં વળી જગત્ જે બાહ્ય લક્ષણ વડે સતને ઓળખે છે, તેનો પોતાને અનુદય હોવાથી તેમના સત્ સમાગમનો લાભ કોઇને મળી શકશે નહિ, એમ જોઇ અન્ય જીવોનું કલ્યાણ કરવાના ઉત્તમ હેતુથી પ્રેરાયેલા શ્રીમાને પોતાને 'બોધસ્વરૂપ' એવી સંજ્ઞાથી ઓળખાવી પ્રાકૃત જીવો જેને 'આત્મશ્લાઘા' કહે છે તે વ્હોરી લીધી છે. વસ્તુતઃ તે આત્મશ્લાઘા છેજ નહીં. પોતે આત્માની જે અવસ્થાને અનુભવતા હોય તે આસપાસના મનુષ્યોને જણાવવાથી કાંઈ મગરૂરી કરી કહેવાતી નથી. પોતાની ખરી અવસ્થા જાહેર કરવાથી આ જમાનો ભલે તેને મગરૂરી માની લે, તોપણ જ્ઞાનીઓ તેને તે રૂપે સ્વીકારતા નથી. શ્રી વીર પ્રભુએ પોતાને કૈવલ્ય-જ્ઞાનના ધારક જણાવ્યા તેથી શું, આપણે તેમને પતરાજીખોર માની લેવાની ભૂલ કરીશું? "હું જગત્ને પ્રિય છું, જગત્નો નાથ છું," એવા શ્રી વીર પ્રભુના વિશ્વાસથી પ્રકટેલા વાક્યો શાસ્ત્રમાં દૃષ્ટિગોચર થાય છે, ત્યાં આપણે શું આત્મશ્લાઘાનું દર્શન કરીશું? આપણી વ્યવહારિક સૃષ્ટિમાં પણ કોઈ ક્રોડાધિપતિ કરોડો દ્રવ્યના માલિક તરીકે પોતાને ઓળખાવે તો આપણે તે વાતને બડાઇ કે શેખી તરીકે માનીશું? જર્મનીનો શહેનશાહ "હું જર્મનીનો નૃપતિ છું" એમ કહે તો તેને આપણે કુલણજીની સંજ્ઞાથી વધાવી લેઇશું? જો નહિ, તો પછી પોતાને સત્રૂપે ઓળખનાર અને અનુભવનાર એવા શ્રીમાન્

અન્ય જીવોને સત્‌ની પ્રતીતિ કરાવવાના ઉચ્ચતમ હેતુથી પ્રેરાઇને પોતાને સત્પુરૂષ તરીકે ઓળખાવે તો તેમાં આપણે તેમને બડાઇખોર કે ગર્વિષ્ઠ માની લેવાની અણુઘટતી ભૂલ કરવી શું ઉપયુક્ત ગણાશે? નહીંજ. છતાં કેટલાક અસહનશીલ અને બુદ્ધિમાન ગણાવા યોગ્ય સજ્જનો તરફથી આ કહેવાતી આત્મપ્રશંસા માટે શ્રીમાન્ ઉપર દોષનો આરોપ થાય છે. પરંતુ વાસ્તવમાં તો તે દોષ છેજ નહીં. જ્યાં હેતુ અથવા અભિપ્રાય દોષયુક્ત હોય ત્યાંજ કૃતિ દોષરૂપ લેખાવી ઘટે છે; અને દોષની વિષમય દૃષ્ટિ ફરી જતાં પ્રથમ દોષરૂપ જણાયેલ કૃતિ ગુણમય પ્રતીત થાય છે. દૃષ્ટિમાંથી વિષ કાઢી નાંખીએ તોજ વાસ્તવરૂપે પદાર્થનું દર્શન થાય છે. દોષદૃષ્ટિ, હજારો ઉ-ત્તમ ગુણોની ઉપેક્ષા કરી એકાદા કહેવાતા દોષ ઉપરજ ચોંટે છે. જેમ મક્ષિકા સર્વાંગ સુંદર–ઉત્તમ શરીરના સર્વ અવયવોનો અલક્ષ કરી એકાદ આળા ભાગ ઉપર જ ઠરી બેસે છે, અને પછી આખું શરીર આવું જ હશે, એમ માની લે છે, તેમ વિષદૃષ્ટિ જીવો પણ એકાદ કહેવાતા દોષની ઉપર ઠરી બેસી, અખીલ અંગની તુલના તે ભાગ ઉપરથી કરે છે. આમાં દોષ માત્ર દૃષ્ટિનો જ છે, વસ્તુનો નહીં. શ્રીમાન્‌માં આવા કહેવાતા ક્ષુદ્ર દોષનું દર્શન કોઇને થતું હોય તો તે ઉપરોક્ત દૃષ્ટાંતમાં જણાવ્યા પ્રમાણેનુંજ હોવું ઘટે છે. તેમની સદ્ભૂત જ્ઞાનદશા અને બોધી સ્વરૂપનો અલક્ષ કરી " કહેવાતી આ-ત્મપ્રશંસાને " જ જે મનુષ્યો વળગી રહે છે તેમને પોતાની દૃષ્ટિને એકવાર ફરીથી નિષ્પક્ષપાતપણે અને ગુણબુદ્ધિ વડે તપાસી જવા માટે વિનવવામાં આવે છે.

પાંચમા કારણના ઉત્તર ભાગમાં શ્રીમાન્ કહે છે કે "અસતસમાગાદિ કે પોતાની કલ્પનાથી મિથ્યાને વિષે સત્યપણે પ્રતીતિ કરી હોય," તેથી જીવને માર્ગનું અનારાધ્યપણું હોય છે.

સત્ શું છે? તેની વિધિ વ્યાખ્યા કરતાં, સત્ શું નથી! એવી નિ-ષેધાત્મક વ્યાખ્યા જીવના કલ્યાણાર્થે વિશેષ ઉપકારક છે. આત્મસ્વરૂપનો પ્રબોધ વિધિ પદ્ધત્તિ વડે કોઇ કરી શક્યું નથી. અને જ્યાં જ્યાં કરેલો છે, ત્યાં ત્યાં દુર્ગમ્ય અને દુર્બોધ્ય પ્રતીત થાય છે. વેદાંત દર્શનકારે "**नेति नेति**" શબ્દવડે બ્રહ્મનો પ્રબોધ કર્યો છે, ત્યાં પણ એજ હેતુ હોવો સંભવે છે. આત્મા જે સત્ છે, તે શું છે તેના કરતાં તે શું નથી એ નિષેધસૂચક પદ્ધત્તિ જ્ઞાનીઓને બહુ માન્ય થઇ પડી છે. કેમકે તે પદ્ધત્તિવડે સત્‌નાં જેટલાં જેટલાં આવરણો હોય છે તે સર્વમાં અસત્‌બુદ્ધિ પ્રકટવાથી છેવટે બાકી રહેલા તત્ત્વમાં સત્‌નું દર્શન સુલભપણે થાય છે.

જીવ, સતને મૂળથી જ ઓળખતો નથી; અને તેનું એક લક્ષણ તેણે કદી અનુભવ્યું નથી, માટે તેને ઓળખવાનો પ્રયત્ન પણ લગભગ નિષ્ફળ જાય છે. પરંતુ અસતનો તો જીવને અનાદિકાળથી બહુ જ નિકટપણે સંબંધ હોવાથી તેને સારી રીતે ઓળખે છે. એટલે અસતને અસત્‌પણે ઓળખાવવાથી અને તેમ કહીને તેના હાથમાંથી તે છોડી લેવાથી બાકી અવશેષ રહેલા સત્‌નું તેને તુર્ત દર્શન થશે, એમ ધારી જ્ઞાનીઓ પ્રથમ અસતને અસતપણે ઓળખાવવાનો પ્રયત્ન કરે છે. તેઓ એમ માની લે છે કે, તેમ થયા પછી સતને ઓળખાવવાની જરૂર રહેશે નહીં. તેથી આ સ્થળે અમે સત્‌ શું છે તે સંબંધી વિવેચનમાં નહીં ઉતરતાં અસત્‌ શું છે તેના વિસ્તૃત વિવેચનમાં ઉતરવા માંગીએ છીએ. અસતને અસત્‌રૂપ ગણી ત્યજવાથી અવશેષ સત્‌-જે પોતે આત્મા જ છે તે અનુભવાશે. પ્રિય વાંચક! અસત્‌માં જીવે જ્યાં જ્યાં સત્‌ની ભ્રાંતિ કરી છે, તે દર્શાવવાના આ સ્થળે કરેલા પ્રયત્નને આપ ધૈર્યથી-નિર્મળ બુદ્ધિવડે તપાસી જોજો. તેમાં કોઈ કોઈ સ્થળે આપની સંપ્રદાય બુદ્ધિને જરા આંચકો લાગે, અથવા કોઈ ઉંડી જડ ઘાલી બેઠેલા વિચારને ફેરવવો પડે તો જરા પણ વ્યગ્ર થશો નહીં. ધૈર્યપૂર્વક ગંભીર વિચારવડે સત્‌-અસત્‌ની તુલના કરી વિવેકના પ્રકાશમાં ઉપયુક્ત જણાય તેમ કરવા આપ મુખત્યાર છો.

જૈન દર્શનમાં સમ્યગ્‌ દર્શન, સમ્યગ્‌ જ્ઞાન અને સમ્યગ્‌ ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે. ત્યાં સમ્યગ્‌ દર્શન એ મોક્ષ-માર્ગનું બીજ છે, દર્શનની પ્રાપ્તિ સાથે જ્ઞાનની પ્રાપ્તિનું યુગપતપણું શાસ્ત્રકારે સ્વીકાર્યું છે, અને તે પછી કાળક્રમે ચારિત્રમોહનીય કર્મનો ક્ષય થયે ચારિત્રની પ્રાપ્તિ પણ થવા યોગ્ય છે. વક્તવ્ય એજ છે કે, સમ્યગ્‌ દર્શનનું યથાર્થ સ્વરૂપ સમજાયાથી અને તદંતર્ગત ભાવની સમ્યગ્‌ પ્રતીતિ થયાથી, ઉપરના બે માર્ગ (જ્ઞાન અને ચારિત્ર) સુલભપણે પ્રાપ્ત થવા યોગ્ય છે. સમ્યગ્‌ દર્શનનું જે યથાર્થ સ્વરૂપ શાસ્ત્રકારને ઇષ્ટ છે, તેની પ્રતીતિનું આ કાળે દુર્લભપણું હોવાથી અને તેનું સ્વરૂપ અન્યથા સમજાયેલું હોવાથી આ કાળે અલ્પ સંખ્યામાંજ જીવોને ઉપલબ્ધ છે, એમ **શ્રી**માન્‌ અનેક સ્થળે કથે છે. મનુષ્યોની ધર્મબુદ્ધિ જેમ જેમ હ્રાસ પામતી જાય છે તેમ તેમ વસ્તુના યથાર્થ સ્વરૂપનો ઉપચારપૂર્વક અન્યમાં આરોપ થતો ચાલે છે. આ કાળે બહુધા સમ્યગ્‌ દર્શન અથવા સતના સ્વરૂપનો ઉપચાર વ્યાવહારિક ક્રિયાઓમાં થતો જોવામાં આવે છે, અને તેને Ritualism, ceremonialism, conventionalism આદિ નામોથી ઓળખવામાં આવે છે, તેમાંજ તે પર્યવસિત થતું જોવામાં આવે

છે: આથી તેના પ્રાંત ભાગમાં રહેલો નિશ્ચય-યથાર્થ વસ્તુનું અદર્શનજ રહે છે.

દેવ, ગુરૂ અને ધર્મની સાચી ઓળખાણને સામાન્ય રીતે સમ્યગ્ દર્શન કહેવામાં આવે છે. આપણે તેની પરીક્ષાની મીમાંસામાં જરા ઉતરીએ. વીતરાગદેવનાં અસાધારણ લક્ષણો અથવા તેમના અંતરંગ સ્વરૂપના અ-લક્ષપૂર્વક ઘણા જીવો તેમનાં લક્ષણને આવા રૂપે સ્વીકારે છે કે, તેઓશ્રી ઇંદ્રાદિકો વડે પૂજ્ય છે, અનેક અતિશયે કરીને યુક્ત છે, શરીરની દ્યુતી સૂર્ય સરખી છે, સંસારના વૈભવો-સ્ત્રી આદિ રહિત છે, સમવસરણમાં બીરાજી અનેક અતિશય સહિત મોક્ષ માર્ગને પ્રતિબોધે છે, વિગેરે. હવે આ અને આ સિવાય તેવાજ પ્રકારના અન્ય લક્ષણોમાં પ્રભુનું અસાધારણપણું ક્યાં આવ્યું ? આમાં ઘણાંક લક્ષણો તો પુદ્ગલ આશ્રયી અને કેટલાક જીવ આશ્રયી છે. તેમાં પરમાત્મ દશાની સૂચક વ્યાખ્યા અથવા તો પ્રભુનું અ-સાધારણ લક્ષણ તો ક્યાંઇ જણાતુંજ નથી. પ્રભુની આવી ઓળખાણને, શ્રીમાને મતાર્થીના લક્ષણોમાં ગણાવી તેમને મિથ્યાદર્શન હોવાનું ગણેલ છે. તેઓ કહે છે કે:—

> જે જીનદેહ પ્રમાણને સમવસરણાદિ સિદ્ધિ,
> વર્ણન સમજે જીનનું રોકી રહે નિજબુદ્ધિ.

અર્થાત્—જે શ્રીજીનના દેહાદિનું વર્ણન છે તેને શ્રીજીનનું વર્ણન સમજે છે અને માત્ર પોતાના કુળધર્મના દેવ છે તેથી મારાપણાના કલ્પિત રાગે સમવસરણાદિ માહાત્મ્ય ગાયા કરે છે.—તેમાં પોતાની બુદ્ધિને રોકી રાખે છે, એટલે કે પરમાર્થ હેતુ સ્વરૂપ એવું જે શ્રીજીનનું અંતરંગ સ્વરૂપ જાણવા યોગ્ય છે, તે જાણતાં નથી, તથા તે જાણવાનો પ્રયત્ન કરતાં નથી, માત્ર સમવસરણાદિમાંજ શ્રીજીનનું સ્વરૂપ કહી મતાર્થમાં રહે છે; (સમવસરણા-દિને પ્રભુના લક્ષણ તરીકે નહીંજ સ્વીકારવા જોઇએ, એમ કહેવાનો અમારો મુદ્દલ આશય નથી, પણ ત્યાં પ્રભુના અંતરંગ સ્વરૂપનો ઉલ્લેખ થતો નથી. અને માત્ર તેમના બાહ્ય-અને તેથી અપરમાર્થ-સ્વરૂપનુંજ દર્શન થાય છે; કે જે મોક્ષમાર્ગ પ્રતિ જીવને વાળી શકતું નથી.) પ્રભુના સ્વરૂપની પરમાર્થ વ્યાખ્યા સમજ્યા વિના અને તે ભાવને આત્મામાં ભાવસ્વરૂપે અનુભવ્યા વિના સમ્યગ્ દર્શનની આશા તે માત્ર નિરાશાજ છે.

વળી કેટલાએક મનુષ્યો પ્રભુના સ્વરૂપની વ્યાખ્યા બાંધતાં કહે છે કે, તે પ્રભુ સ્વર્ગ અને મોક્ષના દાતા-દીનદયાળુ, અધમ ઉદ્ધારક, પતિત પાવન. સંકટના ટાળક, પ્રણતના પાળક વિગેરે છે. પરંતુ વસ્તુતઃ તેવું કશું જોવામાં આવતું નથી. તેથી તે રૂપે એકાંતપણે પ્રભુના સ્વરૂપને ગણવું તે મિથ્યા

દષ્ટિજ છે. યથાર્થ રીતે જોતાં તે નિરાગી પ્રભુમાં આવાં લક્ષણોનો આરોપ કરી આપણે તેમને રાગી બનાવવા પ્રયત્ન કરીએ છીએ. જેવી રીતે વેદાદિક શાસ્ત્રો તેમના માનેલા ઇશ્વરમાં કર્તૃત્વનો આરોપ કરી તેને જીવની કૃતિના નિયામક–ચાલક–પ્રેરક આદિરૂપે જણાવે છે તે રીતે આપણે શ્રી વીતરાગ દેવને પણ કરવા મથીએ છીએ. પરંતુ મિથ્યાદષ્ટિના પડળથી આપણે ભૂલી જઇએ છીએ કે તે નિરાગી પ્રભુને કોઇના ઉપર દયા, રાગ કે અનુકંપા નથી. જો તેમ હોત તો **શ્રી નેમિનાથ** પ્રભુ પોતાના બંધુ **શ્રી કૃષ્ણને** શા માટે મોક્ષમાં ન લઇ જાય ? અને તેમને નર્કમાં જતાં કેમ ન અટકાવે ? પણ તે વાત પ્રભુની સત્તામાં નથી. જીવ જે જે અવસ્થાને પામે છે, ત્યાં ત્યાં તે તે અવસ્થાના નિર્ણાયક અને નિયામક તરીકે તેના પરિણામજ છે. પ્રભુ માત્ર તો નિમિત્ત–તટસ્થ રૂપજ છે. અલબત નિમિત્તમાં ઉપચારપૂર્વક કર્તાનો આરોપ કરી જગત્માં આપણે અનેક વ્યવહારોને નિભાવીએ છીએ. પરંતુ સમ્યગ્ દષ્ટિ જીવ જ્યાં ઉપચાર હોય ત્યાં તેને તેવા રૂપેજ ગણે છે, તે કદી તેવામાં ભૂલથાપ ખાતો નથી. કેમકે તેની દષ્ટિ હંમેશાં પારમાર્થિક લક્ષણો ભણીજ રહે છે. ઉપરોક્ત વિશેષણો પ્રભુમાં ઉપચારથીજ સંભવે છે. શાસ્ત્રમાં જ્યાં જ્યાં **શ્રી અરિહંત** ભગવાનના નામ માત્રથીજ સ્વર્ગાદિકની પ્રાપ્તિ થયાનું વર્ણન છે, ત્યાં ત્યાં તે વ્યતિકરનો આરોપ ઉપચારથીજ થયો માનવાનો છે. તે તે કાર્યમાં હેતુ તો જીવનાં પરિણામ અથવા ભાવજ છે. દ્રવ્યાદિકની સિદ્ધિ અર્થે અથવા ઇષ્ટફળની પ્રાપ્તિ અર્થે જેઓ પ્રભુની ભક્તિ કરે છે ત્યાં કદી તેને ફળની પ્રાપ્તિ થયેલી જાણવામાં આવે તો ત્યાં કારણરૂપ પૂર્વ કર્મનેજ સ્વીકારવા યોગ્ય છે. કેમકે આકાંક્ષાપૂર્વક અને અમુક અભિપ્રાય સહિત જ્યાં સેવનાદિક કરવામાં આવે ત્યાં ફળસિદ્ધિ તો દૂર રહી પણ ઉલટો પાપનો બંધ થાય છે. અને જ્યાં તેવી સેવનાદિકથી ફળ મળ્યાની વાત કહેલી હોય ત્યાં ફળાનુસંધાનપૂર્વક ક્રિયાનો અભાવ હોય છે. વસ્તુતઃ તેવી સેવનાદિક વડે રાગાદિ મોળા પડવાથી પાપ પ્રકૃતિનું પુણ્યઃ પ્રકૃતિમાં સંક્રમણ થઈ પુણ્યનો અનુભાગ રસ વધી જાય છે. અને તેથીજ ઇષ્ટ ફળ સિદ્ધ થયાનું સ્વીકારવું યોગ્ય છે. અર્થાત્ સર્વ સ્થળે સર્વ પ્રકારની પ્રાપ્તિમાં જીવના પરિણામજ કારણરૂપ છે. અરિહંત પ્રભુ તો માત્ર નિમિત્તજ છે અને તેમના સ્વરૂપમાં સંયમકાળે રાગાદિક મંદભાવ પામતા હોવાથી તેમનામાં કર્તાનો ઉપચારપૂર્વક આરોપ થયેલો માનવાનો છે. પ્રભુનું સ્વરૂપ સમજ્યા વિના કેવળ તેમના બાહ્ય સ્વરૂપની ભક્તિ કોઇ પારમાર્થિક કાર્યમાં હેતુભૂત થતી નથી. તેવી ભક્તિના સંબંધે

પંચાસ્તિકાયમાં સ્પષ્ટ રૂપે કહ્યું છે કે **इयं भक्तिः केवलं भक्तिः प्रधानस्याज्ञानिनो भवति** અર્થાત્—(સ્વરૂપના જ્ઞાન વિનાની) કેવળ ભક્તિ જેમને પ્રધાન છે, તે અજ્ઞાની જ છે. જ્યાં પ્રભુના સ્વરૂપનું આવું અજ્ઞાન હોય ત્યાં દેવતત્વની યથાર્થ પ્રતીતિ થઇ કેમ ગણાય ? પછી જીવ સ્વકલ્પનાએ પ્રભુનું ગમે તેવું સ્વરૂપ માની લે, પરંતુ શાસ્ત્રદષ્ટિએ તો તે અસંમત જ લેખાય. તે નિરાગી પ્રભુનું સ્વરૂપ તો અત્યંત અલૌકિક છે. બાળ જીવો તેમને યાચે છે કે " હે પ્રભો ! અમને સુખી રાખો, દ્રવ્ય આપો, સંસારમાં અમારી ચડતી કરો, અમારા બાળ-બચ્ચાં-સ્ત્રી-બંધુ-ભગિની આદિને કુશળ રાખો, અમને નીરોગી રાખો, અને મૃત્યુ પછી સ્વર્ગાદિનાં ઇન્દ્રિય સુખ-વિલાસો આપો." આવી સ્તુતિના વખતે, જો પ્રભુ રાગાદિ રહિત ન હોય તો તેમને આ અજ્ઞાન જીવો માટે અનુકંપા યુક્ત હાસ્ય પ્રકટયા વિના રહેજ નહીં. જે પ્રભુએ ઉપરોક્ત સર્વ વૈભવોનો નિતાંત ત્યાગ કર્યો છે, જે અકિંચન છે, માત્ર-આત્મ વિભૂતીના ધારક છે, તે આ સર્વ કયાંથી લાવીને તમને આપવાના હતા ? પ્રભુની પાસે જે કાંઇ છે તે યાચો અને તે તમને મળશે. જે વસ્તુ પ્રભુની પાસે નથી તેની યાચના કરવી એ પ્રભુની મશ્કરી કરવા તુલ્ય જ છે. જર્મનીના નૃપતી પાસે સ્વરૂપ પ્રાપ્તિની કરેલી યાચના જેમ નિષ્ફળ જાય છે, તેમ શ્રી વીર પ્રભુની પાસે દ્રવ્યાદિની યાચના કરવી તે પણ તેટલીજ નિષ્ફળ છે; કેમકે ઉભયની પાસે યાચેલી વસ્તુનો છેક અભાવ જ છે. દ્રવ્યાદિની પ્રાપ્તિ પુણ્ય-બંધના ઉદયરૂપ છે, ત્યારે પ્રભુની સાચી સેવા તો તે પુણ્યની પણ નિર્જરા કરનારી હોય છે. અને જે પરિશીલનમાં પુણ્યનો બંધ થાય છે, ત્યાં પ્રભુની યથાર્થ ભક્તિનો અભાવ સૂચવાય છે. પ્રભુની ભક્તિ સર્વ સાંસારિક ભાવના ક્ષય માટે જ હોવી ઘટે છે. શ્રીમાન્ એક એક સ્થળે આ વિષયને સ્પષ્ટ કરતાં કહે છે કેઃ—

" જીનાગમ છે તે ઉપશમ સ્વરૂપ છે. ઉપશમ સ્વરૂપ એવા પુરૂષોએ ઉપશમને અર્થે જ તે પ્રરૂપ્યા છે—ઉપદેશ્યા છે. તે ઉપશમ આત્માર્થે છે. અન્ય કોઇ પ્રયોજન અર્થે નથી. આત્માર્થમાં જો તેનું આરાધન કરવામાં ન આવ્યું તો તે જીનાગમનું શ્રવણ-વાંચન નિષ્ફળ રૂપ છે." અર્થાત્ જીનનું અને જીનના આગમનું પરિશીલન આત્માર્થે જ કરવાનું છે. તદંતર સર્વ પ્રકારના ફળના અનુસંધાનપૂર્વક થયેલા પરિશીલન નિષ્ફળ છે.

જેવી રીતે દેવના સ્વરૂપ વિષે અજ્ઞાન જીવો અનેક ભ્રાન્તિવશ છે, તેમ ગુરૂના સ્વરૂપ વિષે પણ છે. સદ્ગુરૂના સ્વરૂપ સંબંધે તેઓ એમ માને છે કે " જે વેશાદિકના ધારક છે, કેશનો લોચ કરાવે છે, દયા પાળે છે, શીલના

ધારક છે, દ્રવ્યાદિથી રહિત છે, ઉપવાસાદિક તપ કરે છે, ક્ષુધા વિગેરે અનેક પરિસહોને સહન કરે છે, ક્રોધાદિ કષાય કરતા નથી, અન્યને ઉપદેશ આપી ધર્મમાં જોડે છે, પાંચ સમિતી અને ત્રણુ ગુપ્તિઓને પાળે છે; તે યથાર્થ મુનિ છે." પરંતુ આ સર્વ ગુણો તો મિથ્યા દૃષ્ટિઓ અને અન્યમતીઓમાં પણ શું નથી ? વેદાદિ સંપ્રદાયના પરમહંસો ઉપરોક્ત ગુણોને ધરનારા જોવામાં આવે છે. તો એમને શા માટે મુનિનું અભિધાન ન આપી શકાય ? આ રીતે જોતાં આ ગુણોમાં અતિવ્યાપ્તિ દોષનો સંભવ રહેતો હોવાથી, ઉપરોક્ત ગુણોને, મુનિના અસાધારણ લક્ષણ તરીકે તો ન જ ગણી શકાય. જ્યાંસુધી સત્‌ની ઓળખાણ જીવને થતી નથી ત્યાંસુધી સત્‌ના ધારક અને દર્શન-જ્ઞાન-ચારિત્રના વહનારૂ સાચા મુનિની યથાર્થ પ્રતીતિ થતી નથી. માત્ર બાહ્ય લક્ષણોની ઓળખાણ સાથે સત્‌ને કશો સંબંધ જ નથી. સ્વ અને પરની સાચી સમજણ એ મુનિપણાનું અસાધારણ લક્ષણ છે. "જ્યાં આત્મા ત્યાં મુનિપણું" તેમ શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે. સ્વ અને પર ચતુષ્ટયના કાર્ય અને કારણના ભેદ એક બીજામાં સેળભેળપણે ન જોતાં ઉભયને પોતપોતાના સ્વરૂપમાં જોનાર અને તદનુસાર ચારિત્રપણે વર્તન કરનાર મુનિના અભિધાનને યોગ્ય છે. સ્વ-પરનો ભેદ, વસ્તુનું તે વસ્તુરૂપે જ શ્રદ્ધાન, તે તે ભાવનું તે તે ભાવમાં જ ભાસન-કોઈના અંશનું અન્યના અંશમાં મીલાવવું ન થાય એ તત્ત્વાર્થ શ્રદ્ધાન છે. આવા તત્ત્વાર્થ-નિશ્ચય વિનાની અહિંસા-દયા-શીલ આદિ માત્ર પુણ્યબંધના જ હેતુ છે-પારમાર્થિક કલ્યાણના તો નહીં. હું અમુક જીવની હિંસા ન કરૂં એવા અધ્યવસાયથી, મુનિ પુણ્યનો બંધ કરે છે. અહિંસા વડે રક્ષા કરવાની ગમે તેવી ઉગ્ર બુદ્ધિથી પણ સામા જીવનું આયુષ્ય ન હોય તો તે બચી શકે નહીં. છતાં તેના પ્રત્યે અનુકંપાના પ્રશસ્ત પરિણામથી, મુનિ પ્રશસ્ત પુણ્યબંધનો આશ્રય કરે છે. પરંતુ મુનિને તો તે ત્યજવા યોગ્ય જ છે. તેમણે તો માત્ર વીતરાગપણે જ્ઞાતા-દ્રષ્ટારૂપ નિર્બંધ પરિણામે વર્ત્તવું-વર્ત્તવાનો પ્રયત્ન કરવો યોગ્ય છે. જ્યાં સુધી તેમ ન થાય ત્યાં સુધી તે પ્રશસ્ત રાગ છે, અને તેથી પ્રશસ્ત પુણ્યના બંધનો હેતુ છે. કદી સાચા મુનિ તેવું આચરણ કરે તો પણ તેમની તત્ત્વાર્થ દૃષ્ટિ અવરિત થતી નથી. અર્થાત્ આ કાર્યથી પુણ્યનો બંધ છે અને આત્મકલ્યાણનો હેતુ નથી એમ તે સ્પષ્ટપણે જાણતા હોય છે. અને ભેદવિજ્ઞાન વડે બંધત્વ અને અબંધત્વના સ્વરૂપને લક્ષમાં રાખી પ્રવર્ત્તે છે, પરંતુ ઉભયને સેળભેળ થવા દેતાં નથી. કોઇ પણ પરિણામ વિશેષમાં બંધનું તત્ત્વ કેટલું છે, સંવરનું તત્ત્વ કેટલું છે, નિર્જ-

રાનું કેટલું છે, મિશ્રપણાના અંશો કેટલા છે, તે સર્વને તેઓ મેઘ ધનુષ્યના રંગની માફક પૃથક્કરણ પૂર્વક જોઇ શકે છે. પુણ્યાશ્રવને તેઓ સંવર અથવા નિર્જરા માની લેવાની ભૂલો કરતાં નથી. અર્થાત્ જેઓ યથાર્થ મુનિ છે તે કદી એક તત્ત્વને અન્ય માની લેવાની ભૂલ ખાતા નથી–હીરાને કાચ કે કાચને હીરા રૂપે માની છેતરાયા નથી. કદાચિત્ તેઓની ભાવ રૂપ ત્રીજોરીમાં કાચ અને હીરા ઉભયનો સંગ્રહ હોય તો પણ સાચા મુનિ તે ઉભયને તેમની વાજબી કીંમતે જ આંકે છે. માટીમાં મિશ્ર થયેલી સુવર્ણની ભૂકીને તેઓ છેક જૂદીજ નિહાળે છે. તેઓ, શ્રીમદ્ કહે છે તેમ " પાકા વાણીઆ છે." બક્ષીસ લાખની પણ હિસાબ તો કોડીનો પણ રાખનાર છે!

સંવર એ આત્મભાવમાં પ્રવિષ્ટ સ્થિતિને સૂચવનાર તત્ત્વ છે. અને આત્મભાવ એજ મુનિપણું હોવાથી સાચા મુન તેના સ્વરૂપને યથાર્થ પીછનારા હોય છે. સિદ્ધાંતમાં જ્યાં ગુપ્તી, સમીતિ, ધર્માનુપ્રેક્ષા, પરિસહ, જપ તપ–ચારિત્ર એ આદિ વડે સંવર થાય છે એમ કહેલું હોય છે, ત્યાં તેના આંતર સ્વરૂપને લક્ષીનેજ સંવર હોવાનું સાચા મુનિઓ સ્વીકારે છે. બાહ્ય સ્વરૂપમાં સંવર જેવું કશુંજ હોતું નથી. માત્ર ઉપચારથી જ સંવરનો આરોપ તેમાં કરેલો હોય છે. સાચી ગુપ્તિ, મન–વચન–કાયાના યોગને પ્રશસ્ત ભાવમાં પ્રવર્ત્તાવવાથી થતી નથી. અથવા મનને ભક્તિ આદિના પ્રશસ્ત રાગાદિક નાના વિકલ્પમાં જોડવાથી પણ મનોગુપ્તિ બની આવતી નથી. વીતરાગ ભાવ યુક્ત નિર્બંધપણે જ્યાં મનોયોગનો નિરોધ સધાય ત્યાં જ ભાવગુપ્તિ આદિનો સંચાર છે. તેજ પ્રમાણે યત્નાચારપૂર્વક પ્રવૃત્તિને અજ્ઞાની જીવો સમિતિ માને છે, પણ તે યથાર્થ નથી. રક્ષાના પરિણામપૂર્વક થતી સર્વ ક્રિયાઓ પુણ્યબંધનુંજ કારણ છે, સાચી સમીતિનું લક્ષણ આવું છે:—

" કોઇ પણ ક્રિયામાં આસક્તિપૂર્વક કે પ્રમાદ સહિત પ્રવૃત્તિ ન હોવી. અન્ય જીવોને દુઃખી કરી ગણનાદિક પ્રયોજન ન સાધવું, અને શુભાશુભ પરિણામ રહિત અબંધપણે શરીરાદિના નિર્વાહ કાર્યમાં યોજાવું, તે સાચી સમીતિ છે." શરીરાદિના અનિત્યત્વના ચિંતવન વડે તેને અહિતકારી સમજી તેનાથી ઉદાસીનભાવ રાખવો તેને સામાન્યતઃ અનુપ્રેક્ષા મનાય છે, પણ સાચા મુનિઓ અનુપ્રેક્ષા સ્વરૂપને જૂદા પ્રકારેજ સમજે છે. શરીરાદિકથી ઉદાસીન થવું, સંસારના પદાર્થોથી નાસતા ભાગતા ફરવું, તેને તેઓ માત્ર કામચલાઉ અનુપ્રેક્ષા માને છે. શરીરાદિ સર્વ અનાત્મ દ્રવ્યો પોતપોતાના સ્વભાવમાં પરિણમે છે. હું મારા સ્વભાવમાંછું. મારે તે પ્રત્યે દ્વેષબુદ્ધિ રાખવી ઘટતી નથી. કેમકે અન્ય ઇતર દ્રવ્યના દ્રવ્યભાવને પામી શકતું જ નથી. આવા અબંધ પરિ-

ણામને તેઓ સાચી અનુપ્રેક્ષા સમજે છે. પરિસહના સ્વરૂપને બાળજીવો, ઉપવાસાદિનું સેવન કરવું, ક્ષુધા સહવી, વિગેરે રૂપે સમજે છે. પરંતુ યથાર્થ જ્ઞાનીઓ તો સર્વે અવસ્થાઓમાં સમભાવને ભજવારૂપ પરિણામનેજ પરિસહ કહે છે. તેવીજ રીતે ચારિત્ર અને પંચ મહાવ્રત્તમાં આશ્રવની છાંટ સરખી પણ તેઓ આવવા દેતા નથી. અથવા શુભોપયોગરૂપ કાર્યના સાધક તરીકે ચારિત્ર પ્રવૃત્તિને તેઓ સ્વીકારતા નથી. જ્યાં અલ્પ પણ શુભાશ્રવ હોય ત્યાં તેઓ ચારિત્રનો સંચાર કે સંભવ માનતાં નથી. ટુંકામાં ચારિત્રની વ્યાખ્યા તેઓ આ પ્રમાણે બાંધે છે કે "સકળ કષાય રહિત ઉદાસીન ભાવપણે આત્મોપયોગ." સિદ્ધાંતમાં નાના પ્રકારના ચારિત્રના ભેદોપભેદ છે. તે સર્વે વ્યવહાર અથવા ઉપચારથી છે. યથાર્થ અને નિશ્ચયપણે તો નિઃકષાય ભાવ તેજ સાચું ચારિત્ર છે. અલબત્ત નિઃકષાય ભાવ તો કેવળીને વિષેજ હોવો સંભવે છે અને મુનિઓના વિષે ચારિત્ર મોહના દેશઘાતી સ્પર્દ્ધકના ઉદય બળથી મંદ કષાય તો હોયજ છે. અત્ર કાથતાશય એજ છે કે "કષાયને તેઓ કષાયરૂપે અને ચારિત્રને ચારિત્રરૂપે જુવે છે." તેજ પ્રમાણે તપના સ્વરૂપ સંબંધે પણ ભ્રાન્તિ ઓછી નથી. તપનું ફળ વર્ણવતાં તત્વાર્થ સૂત્રકાર કહે છે કે **तपसा निर्जरा**- તપથી નિર્જરા થાય છે. ત્યારે તે તપનું ખરૂં સ્વરૂપ શું છે? **इच्छा निरोधस्तपः**- ઇચ્છાનો નિરોધ તપ છે, ઇચ્છાનો નિરોધ ક્યારે થાય? માત્ર શુદ્ધોપયોગમાં આત્માકાર વૃત્તિ થાય ત્યારે. અને એ શુદ્ધોપયોગથીજ કર્મની નિર્જરા થવી સંભવે છે. ક્ષુધાદિક પરિસહથી તો નહીંજ. તેમાં તો માત્ર ઉપચારથી તપનો આરોપ કરાયેલો છે. શુદ્ધોપયોગને અર્થેજ તપનું વિધાન છે. પરંતુ જો તેમ કરવાથી-અર્થાત્ ક્ષુધાદિકના પરિસહથી પરિણામનું આર્ત્ત અથવા રૌદ્રપણું થતું હોય તો તે ઉલટું હાનિકર છે. શુદ્ધોપયોગના હેતુથીજ કરાયેલું તપ પારમાર્થિક ફળને આપે છે. અને જે તપ શુદ્ધોપયોગને નથી વધારતો તે નામ માત્રે કરીને તપ છે-વસ્તુતઃ તો નથીજ. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય અને ત્યાગ-ધ્યાન, જેને અંતરંગ તપ કહેવામાં આવે છે તે પણ શુદ્ધોપયોગના સવિશેષ હેતુરૂપ હોવાથીજ તે અભિધાનને યોગ્ય છે. તે તે પ્રવર્ત્તનથી જે જે અંશે પરિણામની વિશુદ્ધતા સધાય છે, તે તે અંશે તે યથાર્થ તપ છે. તે સિવાય બાકીના અંશો શુભ ભાવના અને તેથી શુભ પ્રકૃતિના બંધના હેતુ રૂપ છે. અર્થાત્ મિશ્ર ભાવવડે શુભ બંધ અને નિર્જરા ઉભય તત્ત્વનું સંચલન હોય છે, તેવા મિશ્રભાવમાં સાચા મુનિ નિર્જરા અને શુભ બંધના જેટલા જેટલા અંશો હોય છે તેને તે રૂપેજ જુએ છે, અને પૂર્વને

ઉપાદેય તથા પાછળનાને હેય ગણે છે. અનશનાદિક બાહ્ય અને પ્રાયશ્ચિત્તાદિક અંતરંગ તપને ઉપચારથીજ તપ-સંજ્ઞા અપાયેલી છે. વાસ્તવમાં તો શુધ્ધોપયોગ એજ તપ છે. વિશેષ શું કહીએ ? સાચા પુરુષો નિશ્ચય ધર્મનેજ વીતરાગ-ધર્મ કહે છે. અને વ્યવહાર તેમજ ઉપચાર વિધિને કામચલાઉ અથવા સાધન તરીકે માને છે. આ રહસ્યથી અજ્ઞાન જીવો નિર્જરા અને સંવરના સાચા સ્વરૂપને સમજી શકતા નથી જે પ્રક્રિયાથી શુદ્ધોપયોગની વૃદ્ધિ થાય છે તેને જ પરમ પુરુષોએ ઉત્કૃષ્ટ સાધન માન્યા છે, અને તેમ ન થાય તો તેજ સાધનો ઉલટા બંધન રૂપ બને છે. જો ઉપવાસાદિ તપશ્ચરણો શુદ્ધોપયોગી નિરપેક્ષપણે નિર્જરાના હેતુ હોય તો શ્રી અજીતનાથાદિક તેવીસ તીર્થંકરો દીક્ષા ગ્રહણ કરી માત્ર બે ઉપવાસ જ શા માટે ગ્રહણ કરે ? તેમનામાં શું વિશેષ તપ કરવાની શક્તિનો અભાવ હતો ? નહીંજ. વસ્તુતઃ એમ હતું કે તેઓ સાધનથી બંધાયા નહોતા. માત્ર જે વડે શુદ્ધોપયોગની વૃદ્ધિ તેમને જણાઈ તેમાં જ પ્રવર્ત્યા હતા.

જેમ સંવર, નિર્જરા, બંધાદિ તત્વોમાં જીવોનું ખેદકારક અજ્ઞાન છે, તેમ મોક્ષ તત્વના સંબંધે પણ છે. તેઓ મોક્ષને એક અત્યંત સુખમય અવસ્થા ગણે છે. મોક્ષને પ્રાપ્ત થયેલ આત્મા લોકત્રયવડે પૂજ્ય થાય છે, અને સર્વેથી અધિક મહિમાવાન ગણાય છે, એમ તેઓ માને છે. આવા જીવો મોક્ષના સુખને સ્વર્ગાદિકમાં પ્રાપ્ત થતાં સુખની જાતિથી ભિન્ન ગણતાં નથી. ઉભયને એક જાતિનાજ લેખે છે. અને ઇન્દ્રાદિના સુખથી અનંતગુણ સુખ, સિદ્ધના જીવોને હોવાનું માને છે. ઉભયના કારણ રૂપ તેઓ એકજ ક્રિયાને માને છે. એટલે કે જે કારણ વડે ઈન્દ્રત્વ અને તે પદને આનુસંગિક સુખ પ્રાપ્ત થાય છે, તેજ કારણનો સવિશેષ પ્રકર્ષ સિદ્ધ પદની પ્રાપ્તિમાં હેતુરૂપ તેઓ માને છે. આથી ખેદકારક બીજું કયું અજ્ઞાન સંભવે ? ઉભયની સિદ્ધિનાં કારણો ભિન્ન અને પરસ્પરથી છેક વિરોધી છે. સિદ્ધ પદમાં જે સુખનો આવિર્ભાવ થતો મનાય છે, તે સુખાવસ્થાને "સુખ" સંજ્ઞામાત્ર બાળ જીવોને રાજી કરવા માટે જ ઉપચારથી આપી છે. સિદ્ધ પદમાં સર્વ પ્રકારના દ્વંદ્વો (Corelatives) નો નિતાંત અભાવ હોય છે.

વસ્તુતઃ સુઃખ શું છે ? દુઃખની સાપેક્ષ અવસ્થા વિશેષ. અર્થાત્ જ્યાં દુઃખનો સંભવ ઘટે છે ત્યાં સુખનો સંભવ પણ ઘટે છે. શૈત્ય અને ઉષ્ણુતા એ ઉભયમાંથી એકે અન્યના સદ્ભાવ વિના જેમ સંભવતા નથી— એટલે કે સત્ય એ ઉષ્ણુતાની સાપેક્ષ સ્થિતિ છે તેમ સુખ પણ દુઃખને સૂચવેજ છે. કેમકે તે દ્વંદ્વ છે. Science નો પ્રાથમિક સિદ્ધાંત એ છે કે

Co-relatives imply each other-દ્વંદ્વો પરસ્પરના સહભાવને સૂચવે છે. મોક્ષમાં જો સુખ માનીએ તો તે સુખની સાથે દ્વંદ્વીભાવપણે જોડાયેલ દુઃખને પણ માનવુંજ જોઇએ. સંકોચ-વિસ્તાર, હાસ્ય-રૂદન, ઉત્સાહ-ગ્લાનિ એ સર્વે દ્વંદ્વો છે. તેમાંથી જ્યાં એક હોય ત્યાં અન્યનો સંકેત સ્વયં ફલિત થાય છે. તેજ પ્રમાણે સુખનું પણ સમજવું જોઇએ. ત્યારે શું મોક્ષમાં સુખ નથી ? પ્રિયતમ, આપ માનો છો તે પ્રકારે નથીજ. સુખનો આરોપ મોક્ષમાં ઉપચારથીજ છે. જ્ઞાનીઓ પોતાના આંતરૂભાવને અને પોતે જે પ્રકારે વસ્તુસ્વરૂપ જોયું હોય તે પ્રકારે અન્યજીવોને પ્રતીત કરાવવાને બહુજ મુંઝાયા હોય તેમ જણાયછે. શ્રીમદ્ કહે છે તેમઃ—

" જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં
" કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન્ જો,
" તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
" અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. "

દયારામ કવિ કહે છે તેમ જ્ઞાનીઓને પણ થયું હતું કે " મુંગે સાકર ખાધીરે, ગુંગાને સ્વપ્ન થયું. " અકથ્ય, અવાચ્ય, વાણી અને મનથી પર એવી આત્માની સમવસ્થિત દશાને જ્ઞાનીઓ કેવા પ્રકારે જણાવી શકે ? છેવટે તેમણે તે અવસ્થાને અત્યંત-ભારે સુખમય અવસ્થા તરીકે જાહેર કરી પણ ખરી રીતે તે આત્માની સ્વાભાવિક પરિણામિક સ્થિતિ છે. તેને ગમે તે સંજ્ઞાથી પછી પ્રબોધો. સુખ એ આકુળતામય અવસ્થા છે. ત્યારે મોક્ષની અવસ્થા નિરાકુળ છે. સુખમય તેને માત્ર ઉપચાર વડેજ કહી છે, અને ઇન્દ્રાદિકના સુખની ઉપમા બાળજીવોને સમજાવવા માટેજ આપી છે. વસ્તુતઃ તે ઉભય અવસ્થાઓના કાર્ય કારણો પરસ્પરથી અત્યંત વિરોધી છે. જ્યાં કારણ વિરોધ હોય ત્યાં કાર્ય એક સરખું કેમ હોય ? બાળજીવો ઉભયની જાત-કાર્ય અને કારણને એક રૂપ ગણે છે. પરંતુ ઇંદ્રાદિકનું સુખ ઔપાધિક છે, વિભાવયુક્ત છે, કષાયસહિત છે, વ્યાકુળતામય છે, ત્યારે સિદ્ધનું સુખ (તેને સુખ વડે વિશિષ્ટ ગણાય તો) નિરૂપાધિક, સ્વાભાવિક. નિઃકષાય અને નિરાકુળ છે. તેથી ઉભયની જાત, કારણ અને કાર્ય ભિન્ન છે. **સ્વામી રામતીર્થ** કહે છે તેમ તે Balanced state સમતોલ-સમભાવ-સ્થિતિ છે. કેટલાએક મહાપુરૂષો તેને Self abidance-આત્મ-સ્થિરતા કહે છે. ત્યાં કોઇ પ્રકારના દ્વંદ્વનો સંચાર સંભવતો નથી.

આ પ્રકારે સતના વિરહ વડે જીવ વસ્તુના યથાર્થ સ્વરૂપને કદી લક્ષી શકતો નથી. વિપર્યય અને ભ્રાંતિમૂલક અવસ્થામાં

કાંઇનું કાંઇ માની લે છે, અને ધર્મ ભાવનાને નિર્વહનો ચાલે છે. સમ્યક્ત્વનું યથાર્થ સ્વરૂપ તો હજારમાંથી ભાગ્યેજ એકાદ નિકટભવી પુરૂષ જાણતો હશે. આ કાળ ખરેખર દુઃસમ છે. બોધીબીજની પ્રાપ્તિ આ કાળે થવી એ પૂર્વના શુભ કર્મનો કોઇ અત્યંત પ્રકર્ષજ સૂચવે છે. બોધીબીજ ! સમ્યક્ત્વ ! આ નામોનું શ્રવણ કરતાં જ અમને સુખના રોમાંચ થઈ આવે છે. તેના યથાર્થ સ્વરૂપને ભાવપણે વેદનાર સત્પુરૂષોનો આ કાળે લગભગ વિરહજ વર્ત્તે છે. અને જે કોઈ છે તે કાળના વીર્યને લક્ષમાં લઇ ગુપ્તપણે જ પોતાનુ કલ્યાણ સાધે છે. તેના યથાર્થ સ્વરૂપને પ્રકટ કરનારા મહાભાગ પુરૂષો પ્રતિ આ જમાનો માત્ર પથરાજ ફેંકી શકે તેમ છે. ટુંકામાં મૌનજ સેવ્ય છે. બોધીબીજ ! તમારા વાસ્તવ સ્વરૂપને પ્રકટ કરવાથી, આ કાળે જ્ઞાનીઓને, દેશ–કાળના પ્રધાન ભાવ વિરોધી હોવાથી વિરમવું પડયું છે. કેમકે, તેમ કરવાથી જીવો ઉભયભ્રષ્ટ થશે એવી સંભવના જ્ઞાનીઓને જણાઇ હશે. આ કાળે જીવોનું પ્રવર્તન બહુધા કાંતો ક્રિયાજડત્વમાં અને કાં તો શુષ્ક જ્ઞાન પ્રતિ છે, એમ શ્રીમાન્‌ને જણાયું હતું. કોઇ રીતે ક્રિયા અને જ્ઞાનનું સમતોલપણું સચવાય એવો રસ્તો શ્રીમાન્‌ને આ જમાનામાં જડયો નહોતો. લગભગ તમામનું વલણ તે બેમાંથી એક છેડા પ્રતિ તેમને જણાયું હતું. ઉભયનું સાફલ્ય જણાવવા તેમણે ઘણો પ્રયત્ન સેવ્યો જણાય છે. પરંતુ બોધી જેમને દુર્લભ છે એવા મનુષ્યો શ્રીમાન્‌ના આશયને સમજી શકયા નહિ, અને તેથીજ શ્રીમાને ગુપ્ત આવાસને પસંદ કર્યો જણાય છે. જેઓને કલ્યાણની સાચી ઇચ્છા હોય તેજ તેમના પ્રતિ આકર્ષાઇ આવે અને પોતે જાતે કોઇને બોધ કરવા ન જવું એવા શ્રીમાન્‌ના પ્રવર્તનમાં પણ એજ હેતુ હોવો ઘટે છે. કોઇ રહસ્યની વાતને પણ લોકો અવળા અર્થમાં લેશે અને તેથી તે ઉલટું કલ્યાણના માર્ગમાં તેમને પ્રતિબંધક થશે એવા આશયથી તેમણે પ્રશસ્ત મૌન સેવ્યું જણાય છે. તેમના સંબંધમાં આવનાર સર્વ સજ્જનો પ્રતિ પણ તેવોજ વાક્ સંયમ રાખવાનું અનેક સ્થળે સૂચવ્યું છે. એક અત્યંત ભાવિક આત્મ પરાયણ સજ્જનને તેઓશ્રી લખે છે કેઃ—

" જનમંડળના કલ્યાણનો વિચાર કરતાં તેવો વિષય ચર્ચવાથી તમારે દૂર રહેવું યોગ્ય છે. **અવસર પણ તેવો જ છે.** માટે તમારે એ × × × × ચર્ચામાં શાંત રહેવું. + × × × જ્યાં પરમાર્થ જીજ્ઞાસુ પુરૂષોનું મંડળ હોય ત્યાં શાસ્ત્ર–પ્રમાણાદિક ચર્ચવા યોગ્ય છે. નહીં તો ઘણું કરી તેમાંથી શ્રેય થતું નથી. " પોતાના સંબંધે પણ વધારે પડતી વાત

કોઇ આગળ ન કરવા તેમના પ્રત્યેક ભાવિક સજ્જનો પ્રતિ તેઓ વારંવાર કહેતા. અને લખતા, તેઓ સમજતા હતા કે, જીવો સત્‌ને ઓળખતા નથી તેથી તેમને ઉદયમાન બાહ્ય વેશાદિના અભાવે તેઓ અંદેશામાં પડી જશે, અને ઉલટા સત્‌ના વિરોધી બનશે; આથી ગુપ્તપણેજ તેમણે જીવોનું કલ્યાણ કરવાનો ઉદ્દેશ રાખ્યો હતો. કલ્યાણનો માર્ગ પણ તેવો જ ગુપ્ત હોવો ઘટે છે. જેમ પ્રવૃત્તિના નાયકો આસપાસના મનુષ્યોથી ઉંચા આસન ઉપર ચઢી, બુમો મારે છે કે, "Come on, people! here I stand. લોકો ! અહીં આવો, હું અહીં ઉભો છું." તેમ જ્ઞાનીઓ કરતા નથી. તેમની આચરણા ગુપ્ત અને ખળભળાટ રહિત જ હોવા યોગ્ય છે. તેઓ પાણીની મસક ભરીને ઘરે ઘરે લોકોની તરસ મટાડવા અને આગ્રહથી પાણી પાવા ફરતા નથી. તેઓ માને છે કે, જેને તૃષા લાગશે તે સ્વયં જળ માટે દોડી આવશે, માત્ર તેમનામાં જ્ઞાનની તૃષા ઉત્પન્ન કરવાના પ્રયત્નને જ્ઞાનીઓ સેવ છે, અને તે પણ પરોક્ષ રીતેજ.

ઉપસંહાર.

આ પ્રમાણે **શ્રી**માને આ કાળે ધર્મની પ્રાપ્તિના જે જે વિઘ્નો જણાવ્યા છે, તેનું અમે અમારી પ્રજ્ઞાનુસાર વિવેચન કર્યું છે. તે સર્વ એકાન્તપણે છે, એમ માનવાની ભુલ કરવી યોગ્ય નથી. પ્રકરણયોગે જ્ઞાન માર્ગ ઉપર ભાર મૂકી કહેવામાં આવે ત્યાં વ્યવહાર માર્ગપ્રિય મનુષ્યોએ બાંયો ચઢાવી લડવા તૈયાર થવાનું નથી. તેમજ સંપ્રદાય–માર્ગનું ઝરણ સતત વહતું ચાલે તે અર્થે તેના પરિપોષક એવા વ્યવહાર માર્ગનું બહુલપણું જણાવવામાં આવે ત્યાં જ્ઞાન–માર્ગપ્રિય સજ્જનોએ તિરસ્કાર યુક્ત હાસ્ય કરવાનું પણ પ્રયોજન નથી. જ્ઞાન અને ક્રિયા–ઉભય એક રથના ચક્રો છે. એકનું પણ પ્રયોજન અલ્પ આંકવાનું નથી. પરંતુ જે કાળે બેમાંથી એકનું પ્રધાનપણું અને અન્યની લઘુતા થાય ત્યાં તે તે કાળના જ્ઞાની પુરૂષો ઉભયનું સમતોલપણું કરવા માટે ગૌણતાને પામેલા માર્ગ ઉપર વધારે વજન મૂકે છે. આ લેખમાં અમે જ્ઞાન માર્ગ ઉપર વિશેષ ભાર મૂકી વિવેચન કરેલું કોઇ સજ્જનને જણાય તો તે માત્ર પ્રકરણ વિશેજ વડેજ, અર્થાત–આપણી મધ્યમાં ક્રિયાજડત્વ કેટલે દરજ્જે વ્યાપી ગયું છે તે પ્રતિ લક્ષ કરાવવા અર્થેજ છે. બાહ્ય આચરણ અથવા વ્યવહાર માર્ગની કીમત અમે ન્યૂન આંકવા માગીએ છીએ, એમ આ વિષય ઉપરથી કોઇ તારણ કાઢશે તો તેવા અભિપ્રાય માટે વાચક પોતેજ જવાબદાર છે. અમારો આશય એ પ્રકારનો નથી. બાહ્ય આચ-

રણુના પ્રાંત ભાગમાં કયું તત્વ હોવું જોઇએ, એ દર્શાવવા અર્થેજ આ અમારો પામર પ્રયત્ન છે. શ્રીમાન્‌ના અક્ષરાત્મક આત્મામાંથી અમે જે સાર ખેંચી આપની આગળ રજુ કર્યો છે, તે પણ અમારી નિર્બળ મત્યનુસારજ છે. એક મનુષ્ય તેથી અધિક શું કરી શકે તેમ છે? તેની બુદ્ધિમાં જે કાંઇ વાસ્તવિક અને તુલનાના પરિણામે ઉપયુક્ત જણાય તેજ ખેંચી સમાજ આગળ રજુ કરે, બાકી શ્રીમાન્‌ના ગંભીર આશયને ન્યાય આપવાનું અમે અભિમાન રાખીએ તો તે હાસ્યાસ્પદજ છે. તે પુરૂષના વિસ્તીર્ણ જ્ઞાન વારિધિમાંથી અમે માત્ર ચંચુપાત કરી સાશ્ચર્ય મુગ્ધ અંતઃકરણે ભાંગી તુટી વાક્ય રચનામાં, આશય માત્રનું વર્ણન કર્યું છે. જ્યારે તે સત્પુરૂષના આત્માના અગાધ—અનંત ઊંડાણમાં એમે દૃષ્ટિપાત કરીએ છીએ, ત્યારે ત્યાં અમને જે કાંઇ પ્રતીત થાય છે, તેથી અમે અંજાઇ ગયા વિના રહેતાં નથી. અનંત કાળના યોગી આત્મન્! તારી સંભાવ્યતા આટલી વિશાળ હશે, એવું ભાન તો અમને શ્રીમાન્‌ના આત્માના સંબંધમાં આવ્યા પછીજ થયું. તારા વારસાની કીંમત અમે કેમ આંકી શકીએ? સત્ પુરૂષો જગતના ભૂષણરૂપ છે, અને તેવા પુરૂષોનો આ દેશમાં કોઈકોઈ કાળે આવિર્ભાવ થતો આવે છે, તેથીજ આ ભૂમિ દેવોને પણ પ્રિય ગણાયેલ હશે! આ દેશના લોકો આર્યશાસ્ત્રની દૃષ્ટિએ ગમે તેટલા નિર્ધન હોય પરંતુ પરમ પુરૂષોના આવિર્ભાવથી અમારો આર્યદેશ ઉજ્જવલ છે, સધન છે, સાર્થક છે. સદ્‌ગત શ્રીમાન્ રાજચંદ્રના યશોદેહમાંથી અમારા સ્વધર્મ બંધુ, સ્વદેશ બંધુઓ બલ્કે કલ્યાણની ઇચ્છા રાખનારાઓ સર્વે અનંત લાભ મેળવી શકે તેમ છે. એક પરમ પુરૂષના આત્મામાં પ્રકટેલા જ્ઞાનની જ્વાળા અન્યને પણ ઝડપતી ચાલે છે. અને મનુષ્યો જો તેને હેતુપુરઃસર ઓલવી ન નાંખે તો આખી સૃષ્ટિને વિંટલાઈ વળી સર્વ અશુદ્ધિઓને ભસ્મીભૂત કરતી ચાલે છે. અમેરિકાનો યોગી એમર્સન ખરૂંજ કહે છે કે—

"It is a fire that kindling its first embers in the narrow nook of a private bosom, caught from a wandering spark out of another private heart, glares and enlarges until it warms and beams upon multitudes of men and women, upon the universal heart of all, and so lights up the whole world and all nature with its generous flames." *

---

* "કોઇ એક વ્યક્તિના હૃદયથી ઉડતા તણખાને યોગે કોઇ અન્ય હૃદયમાં પ્રકટ થયેલો તે એવો અગ્નિ છે કે જે અધિકાધિક પ્રાપ્ત થતા

આવો જ્ઞાનાગ્નિ **શ્રી**માન્‌ના હૃદયમાં પ્રકટ્યો હતો. પરંતુ આપણી ઉપેક્ષા બુદ્ધિવડે આપણે તે જ્ઞાનની જ્વાળાને આપણા હૃદયમાં ઉતારી શક્યા નથી; એ આપણું દુર્ભાગ્ય છે. પરંતુ હજી કાંઇ મોડું થયું નથી. **શ્રી**માન્‌નો અક્ષરાત્મક દેહ વિદ્યમાનજ છે, તેમાંથી આપણે આપણા કલ્યાણનાં સાધનો મેળવી શકીએ તેમ છીએ. અને આ કાળે કલ્યાણ-માર્ગના જે જે વિઘ્નો છે તેનો પણ પરિહાર કરી શકી, ઇષ્ટસ્વરૂપની પ્રાપ્તિનો માર્ગ ગ્રહી શકીએ તેમ છીએ. માત્ર આ કાળે **શ્રી**માન્ સંબંધી જે વાસિતમત અથવા દુરાગ્રહયુક્ત વક્રિભાવ હોય તે તે દૂર કરવાની જરૂર છે. અમે ખાત્રીથી કહીએ છીએ કે એવા પ્રકારનો જ્યાં જ્યા દુરાગ્રહ પ્રતીત થાય છે તે બહુધા સ્વતંત્ર વિચારણાથી બંધાયેલો નથી; પણ માત્ર કોઇનો ઉછીનો લીધેલોજ હોય છે. એટલે કે અમુક લાગતા-વળગતાઓએ વિષમભાવે-શલ્યસહિતપણે બાંધેલા અભિપ્રાયનોજ જ્યાં ત્યાં પ્રસાર થયેલો છે. એવા અસદ્ અભિપ્રાય ઉપર વિજય મેળવવાનું જેમનામાં સામર્થ્ય નથી, તેઓ **શ્રી**માન્‌ના આશ્રયથી વંચિતજ રહે એમાં શું આશ્ચર્ય ?

શ્રીમાન્ આપણે ત્યાં અધુરા કાળના મોંઘા મહેમાન હતા. માત્ર તેમણે ૩૨ વર્ષનું અલ્પ આયુષ્ય ભોગવ્યું હતું. આથી તેટલા ટુંકા કાળમાં તેઓશ્રી પોતાના હાથે ધાર્મિક વિષયનું વિસ્તીર્ણ સાહિત્ય આપણને આપી શકયા નથી. વિસ્તાર અને ગ્રંથોના વજનથી જેઓ સાહિત્યની કીમત આંકવાના આગ્રહવાળા છે. તેમને **શ્રી**માન્‌ના લેખો પરત્વે કદાચ નિરાશ થવું પડશે. કેમકે **શ્રી**માન્ ઝાઝું લખી શકયા નથી-ખરૂં કહીએ તો તેમણે દીલ દઇને લખવાની પ્રવૃત્તિ ઉપર મુદ્દલજ ધ્યાન આપ્યું નથી. " **મોક્ષમાળા** " નામનો એક લઘુ ગ્રંથ જે અવસ્થામાં આપણે શિક્ષણ પ્રત્યેની બેદરકારીથી શિક્ષકોના હાથનો માર ખાતા હોઇએ છીએ, તે અવસ્થામાં **શ્રી**માને લખ્યો છે. તેમનો આત્મ વિકાસ કેવી ત્વરાથી થતો હતો તેનું **ઉક્ત ગ્રંથ એક** સૂચક ચિન્હ છે. ૧૬ વર્ષની વયમાં સામાન્ય મનુષ્યોને ધર્મ વિષયક કશું ભાન સરખું પણ હોતું નથી, તે વયમાં **શ્રી**માને આ ગ્રંથ લખ્યો છે. તે પણ બાળજીવોના અવબોધને માટે લખાયેલો હોવાથી તેને "બાળાવબોધ" એવું **શ્રી**માને ઉપનામ આપ્યું છે. ત્યાર પછી " પ્રજ્ઞાવબોધ " લખવાની પણ તેજ ગ્રંથમાં પ્રતિજ્ઞા કરી છે. બાળજીવોના અવબોધ માટે આવો

થતા, વૃદ્ધિ પામતા પામતા, અસંખ્ય પુરૂષો અને અસંખ્ય સ્ત્રીઓને પ્રકાશ તથા આનંદ ઉપજાવે છે, સર્વના હૃદયને પ્રકાશિત અને આનંદિત કરે છે. અને એમ સમગ્ર વિશ્વબ્રહ્માંડ માત્રને પોતાના પ્રકાશમાં ઉતારી લે છે.

અત્યુત્તમ જ્ઞાનનો પ્રકર્ષ સૂચવનારો ગ્રંથ તેઓશ્રીએ લખ્યો છે, તો પ્રાજ્ઞ પુરૂષો માટે શ્રીમાન્ કેવું લખત, એ કલ્પના પણ આપણને હર્ષથી રોમાંચિત કરવાને બસ છે. પરંતુ તે વય પછી શ્રીમાને સર્વ પ્રકારની જાહેર લેખન-પ્રવૃત્તિ સદંતર ત્યજેલીજ જણાય છે. જેમ જેમ શ્રીમાન્નું વય વધતું ગયું અને જ્ઞાનના ભારથી તેમનો આત્મા નમતો ગયો તેમ તેમ તેમણે સર્વ પ્રકારની જાહેર પ્રવૃત્તિ છોડવા માંડી જણાય છે. બુદ્ધિની અદ્દભુતતા સૂચક અવધાનના પરાક્રમો પણ તેમણે દર્શાવવા બંધ કર્યા હતા, અને માત્ર કલ્યાણના માર્ગનેજ એકાંતપણે સ્વીકાર્યો હતો. સર્વ પ્રકારની લેખન-પ્રવૃત્તિ તેમને રૂચતી નહોતી અને કેટલીક વાર તો પત્રોના ઉત્તર સરખા પણ લાંબા કાળે અને સંક્ષેપમાં આપતા હતા. "આત્મસિદ્ધિ" શાસ્ત્ર તેમણે માત્ર અમુક મુમુક્ષુ માટેજ લખ્યો હતો. કોના માટે શ્રીમાન્ તે લખવા પ્રવૃત્તિ થયા હતા, તે તેમણે ઉક્ત ગ્રંથના પ્રથમ કે અંત્ય શ્લોકમાં જણાવ્યું હતું. પણ ત્યાર પછી મુદ્રણકાળે તે શ્લોક પ્રકટકર્ત્તાઓએ, વ્યક્તિ પરત્વે યોજાયેલો ગણી કાઢી નાંખ્યો જણાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે "આત્મ. સિદ્ધિ શાસ્ત્ર" પણ તેમણે પ્રકટ કરવાના આશયથી લખ્યો નથી. માત્ર કલ્યાણના ઇચ્છક ચોક્કસ મનુષ્યની માગણીથીજ તેમણે તે લખ્યો હતો. શ્રીમાને કશું સંકલનાબદ્ધ લખ્યું હોય તો તે માત્ર ઉપરોક્ત બે લઘુ ગ્રંથોમાંજ સમાય છે. એટલે જથ્થા (Quantity) ના અભિલાષીઓને તો નિરાશજ થવું પડે તેમ છે, પરંતુ જેઓ રહસ્ય અને તત્ત્વાર્થના જીજ્ઞાસુઓ છે, તેમને શ્રીમાનના ઉપરોક્ત બે ગ્રંથોની અને તેઓશ્રીએ પ્રેરેલા વિવિધ સજ્જનો ઉપરના પત્રોની કીમત નિરવધિ અને અમૂલ્ય જણાયા વિના રહેશે નહીં. તેમના લેખોની પ્રશંસામાં ઉતરવાનુ સાહસ અમે કરી શકીએ તેમ નથી. કેમકે સાક્ષાત્ પ્રશંસા ઉલટી વીપરીત હેતુ ભણી દોરે છે, એમ ઘણીવાર જોવામાં આવે છે.

કલ્યાણના સર્વ જીજ્ઞાસુઓને શ્રીમાનના અંતરાત્મક આત્માને ધ્યાનપૂર્વક અવલોકવા અમે વિનંતી કરીનેજ વિરમવું યોગ્ય સમજીએ છીએ. ખરૂં છે કે શ્રીમાને બહુજ અલ્પ લખ્યું છે, અને તેમાં પણ ઉપરોક્ત બે ગ્રંથો સિવાય સંકલનાબદ્ધ કશું નથી. પરંતુ લખાણનું અલ્પત્વ, જે કાંઇ તેઓશ્રીએ લખ્યું છે, તેની વાસ્તવિક કીંમતમાં કશીજ ન્યૂનતા કરનારૂં નથી. લખાણનો જથ્થો ગ્રંથોનું વજન અને વિસ્તાર એ કીમતનું સાચું ધોરણ નથી. મનુષ્ય એકજ ગ્રન્થ એકજ પ્રકરણ કે એકજ શ્લોકથી અમર થઇ શકે છે. કવિ જયદેવે ઘણું અલ્પ લખ્યું છે, અને તેના "ગીત-

ગોવિંદ" ના શ્લોકોની સંખ્યા બહુજ જૂજ છે, છતાં વિદ્વાનો કહે છે કે તેણે બીજું કશું પણ ન લખ્યું હોત તો કેવળ "ગીત-ગોવિંદ" જ જયદેવને મનુષ્યનો દેવ કરવાને પુરતું હતું. કાલિદાસ "શાકુન્તલ" લખીનેજ બેસી રહ્યો હોત તો પણ તેના આત્માની સુંદરતા જગતને આજે જેવી પ્રતીત છે, તેવીજ પ્રતીત કરાવી શકયો હોત. ખરી કીંમત શ્લોકની કે તેની સંખ્યાની હોતી નથી. પણ તેમાં સંચાર પામેલા લેખકના આત્માનીજ છે. અને તે એકજ શ્લોકમાં-એકજ વાક્યમાં પણ આવી શકે છે. એમર્સન ક્યાં બહુ લખી શકયો છે? અને તેણે જે લખ્યું છે તેમાં સંકલના જેવું પણ ક્યાં છે? ચોક્કસ વિષય પરત્વે લખતાં તેનો દિવ્ય આત્મા ગંભીરતા પૂર્વક કોઈ એક વિષયને વળગી રહી શકતો નથી. પણ બ્રહ્માંડના ચારે ખુણામાં ફરી વળે છે. આજે વિદ્વાનો કહે છે કે એમર્સનના તો માત્ર flashes-ચમકારાજ છે! અને તેમાં રહેલી ત્રુટીઓને connecting links થી સાંધવામાં ન આવે તો કશું તેમાં સમજાય તેવું રહેતું નથી. છતાં એમર્સન આજે દુનિયાના દેવ તરીકે પૂજાય છે. કારણ કે વિદ્વાનો, લેખમાં ચળકતા આત્માનીજ કીમત કરનારા હોય છે. તેના બાહ્ય સ્વરૂપની નહીં. ખરેખરા મહાપુરૂષો બહુ લખી કે બોલી શકતાજ નથી, એમ જગતનો ઇતિહાસ જોતાં આપણને અનેક પ્રમાણો મળી આવે છે. લખવા કરતાં ઘણી ઉપયોગી કૃતિઓ તેમને કરવાની હોય છે, એમ તેઓ સમજે છે. શ્રીમાન્ સંબંધે પણ તેમજ થયેલું જણાય છે. આ દેહમાં તેમને માત્ર અલ્પ કાળ જ વસવાનું હતું, એમ શ્રીમાન્ સમજતા હતા. "**ઘણી ત્વરાથી પ્રયાસ પુરો કરવાનો હતો.**" એટલે જેમ બને તેમ તેનો માત્ર સદુપયોગ કરવા ભણીજ શ્રીમાન્‌નું લક્ષ રહેલું જણાય છે. પરંતુ જે કાંઇ તેમણે લખ્યું છે તેમાં પદે પદે તેમનો દિવ્ય આત્મન્ ભભૂકી ઉઠે છે અને તેમના વિહારની ભવ્ય ભૂમિનું દર્શન કરાવે છે. તેમની વીર્યવતી ચેતનામાંથી ઉદ્ભવેલું એકજ વાક્ય સૂક્ષ્મતાથી અવલોકવામાં આવે તો આપણને આ દ્રશ્ય પ્રપંચની પર વિરાજતા તત્ત્વની ઝાંખી કરાવી શકે તેમ છે.

શ્રીમાન્‌ના શબ્દો તેમની પ્રતિભાના રંગથી રંગાયેલાં છે. તેમનું પ્રત્યેક વાક્ય પ્રત્યેક શબ્દ તેમના આત્માની ઉંડાણુમાંથી નિકળતાં હોય તેવાં ભાસે છે. એક પણ વાકય કે શબ્દ, ક્ષુલ્લક નીરસ કે નિરૂપયોગી હોય એવું જડી આવવું દુર્લભ છે-અશકય છે, તેના અવલોકન કાળે આપણી વૃત્તિને તે કોઇ ભવ્ય-ઉચ્ચ અને દિવ્ય લક્ષ ભણી વાળે છે, અને ત્યાં ઘડીભર આપણને કોઇ અનિર્વચનીય સુખાનભવ કરાવે છે.

પ્રિયવાચક! **શ્રીમાન્**ના અક્ષરાત્મક આત્માની આપ સ્વતંત્ર કસોટી કરી તેના પ્રભાવને અનુભવો. જગતના મત ઉપર આધાર રાખી તમારી બુદ્ધિનું અદાક્ષિણ્ય દર્શાવશો નહીં. આ જમાનો ભલે **શ્રીમાન્**ની પ્રતિભાને પરાસ્ત થયેલી ગણે, પણ કાળ ગતિ તેને પોતાનું સ્થાન પુનઃ પ્રાપ્ત કરાવશે. જગત્ તેના મહા પુરૂષોને ક્યારે ઓળખી શક્યું છે ? તેનો સામાન્ય મત સર્વદા તેવા પૂજ્ય નરોને અવમાનતો જ ચાલ્યો જાય છે. સાચા પુરૂષો પ્રતિ જગતનું વલણ બહુજ અલ્પ પ્રમાણમાં હોય છે. કેમકે જગત્માં સત્નો અંશ પણ ન્યૂન હોય છે. શ્રી મહાવીર પ્રભુના કાળમાં પણ ગોશાળાના અનુયાયીઓની સંખ્યા, શ્રી પ્રભુના અનુયાયીઓ કરતાં ઘણા મોટા પ્રમાણમાં હતી તે શું સૂચવે છે ? મહાત્મા જેસસને વિના મ્હોતે મરવું પડયું તે શા ભણી આપણા લક્ષ્યને ખેંચે છે ? શંકર ભગવાન્ની માતાના અવસાન કાળે કોઇ પણ માણસ તેમને મરણોત્તર ક્રિયામાં સહાય કરવા આવ્યું નહીં તે શું દર્શાવે છે ? એજ કે જગત્ની તેવા મહા પુરૂષો પ્રતિ ઉપેક્ષા બુદ્ધિ છે. સાચા પુરૂષોને જગત્ બહુ અલ્પ સંખ્યામાં જ ઓળખી શક્યું છે. **શ્રીમાન્** પણ આ કોટી પૈકીના એક છે. આપણા સમાજનો સાધારણ ભાગ તેના પ્રત્યે કટાક્ષથી જોતો આવ્યો છે; પરંતુ તેમાં કાળ બળજ હેતુરૂપ છે. કહેવાનો આશય એ છે કે કલ્યાણના ઇચ્છકે જગત્ના અભિપ્રાય ઉપર ભરૂસો રાખવો યોગ્ય નથી. કેમકે બહુ મત હમેશાં અસદ્ અભિપ્રાય ભણી જ હોય છે. એક ગાંડાની ઇસ્પીતાલમાં પુરેલા એક દીવાનાને કોઇએ પૂછયું કે–" તું જણાય છે તો ડાહ્યા જેવો. છતાં, તને આંહી કેમ પુર્યો છે ?" તેણે ઉત્તર આપ્યો કેઃ–" ભાઇ ! ડાહ્યો કે ગાંડો એ બધો સવાલ બહુ મતનો છે. હું તો સમજું છું કે હું ડાહ્યો છું, પણ મને ગાંડો ગણનારાઓની સંખ્યા જગત્માં વધી પડી એટલે જખ મારીને મારે ગાંડા થવું પડયું. વળી, મને ગાંડો કરી કૂટનારા છુટા છે અને મને અહીં પૂર્યો. એટલે હું શી રીતે મહેનત કરીને પણ મારી જાતને ડાહી પુરવાર કરી શકું ? તેમજ જે કોઇ અહીંઆ આવે છે તે જગત્ના અભિપ્રાય ઉપર આધાર રાખી હું ડાહ્યો છું કે ગાંડો છું, તેની તપાસ કર્યા વિના ઉપેક્ષા કરીને ચાલ્યા જાય છે." મહાપુરૂષોના સંબંધમાં પણ મોટે ભાગે જગતનું વલણ આવા પ્રકારે જ હોય છે. બેવકૂફોના મતોએ પસાર કર્યું કે સંસારી બાળજીવો તેને ઉછીનું લઇ પોતાની ધર્મભાવનાને નિભાવ્યે જાય છે, અને આવી રીતે એક પૂજ્ય પુરૂષ પ્રતિ પથરાના ઘા કરતા ચાલ્યા જાય છે, ભોળા બિચારા વિવેકહીન મનુષ્યો !

પ્રિયતમ ! આપ પોતે આ કોટીના એક ન હો એ તમારે માટે અત્યંત ઇચ્છવા યોગ્ય છે. તમે વિવેકચક્ષુ રહિત, સ્વતંત્ર બુદ્ધિહિન, અને જગતની સેહમાં દબાવ એવા નથી, એવું તમારા અંતરાત્મા પાસે કહેવડાવો. જગત્ તેવા મહાપુરૂષોને ઓળખી શકતું નથી, એ ઉક્તિ તમારા સંબંધે અર્થહીન છે, એમ પુરવાર કરો.

શ્રીમાન્ ! આપે અમારા ઉપર અનેક ઉપકારો કર્યા છે. પ્રત્યેક જમાનો તેના મહાપુરૂષો રહિત નથી હોતો, એ આપે અમને દર્શાવ્યું છે, તમારા વડે અમારૂં જીવન સફળ છે. અને તેથી—

So round thy memory we our thanks entwine,
Men are be-tter for these songs of thine.

અંત.

શ્રીમદ્ રાજચંદ્ર.

શ્રીમદ્ રાજચંદ્રના વિચારોના આ સંગ્રહની પ્રથમાવૃત્તિ કે જેનું મૂલ્ય પોસ્ટેજ સાથે રૂ. ૮-૦-૦ હતું તે પ્રતો બધી વેચાઇ ગઈ.

પ્રજાની અંદર આ ગ્રંથે એટલી બધી પ્રિયતા મેળવી કે કેટલાક પુસ્તક વેચનારા (બુકસેલરો) તેની રૂ. ૨૦-૦-૦ ની કીંમત ઉપજાવી શક્યા.

પ્રજાની આવી ઉત્સુક્તાને સંતોષવા અર્થે બીજી આવૃત્તિ સસ્તી કીંમતે આપવા માટે ગોઠવણ થવીજ જોઇએ એવો સર્વસામાન્ય અભિપ્રાય થયો.

આ ઉપરથી બીજી આવૃત્તિ ગુજરાતી ટાઇપમાં તૈયાર કરાવી છે.

અને તેની અંદર શ્રીમદ્ રાજચંદ્રનાં અપ્રકટ લખાણો પણ દાખલ કરવામાં આવ્યાં છે.

આ બીજી આવૃત્તિના ગ્રાહકો અગાઉથી ઘણી મોટી સંખ્યામાં થઈ ગયા હોવાથી વેચાણને માટે થોડી પ્રતો બાકી રહે તેમ છે.

આ કારણથી જાહેર કરવાનું કે, જેઓએ આ ગ્રંથની પ્રતો જોઇતી હોય તેઓએ તરતજ પોતાના નામો નીચેના શીરનામે નોંધાવવા મેહેરબાની કરવીઃ—

શાહ પુંજાભાઇ હીરાચંદ,
માણેકચોક—અમદાવાદ.

આ ગ્રંથ કાર્તિક શુદ પૂર્ણિમાને રોજ બહાર પડશે.

મૂલ્ય રૂ. ૩-૦-૦ પોસ્ટેજ રૂ. ૩-૮-૦.

મનસુખલાલ રવજીભાઇ મેહતા.